વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
જુન - ૨૦૧૬
અંક : ૪૫૭

મંગલ મંદિર ● જૂન-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૧૧૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



જળ એ જીવન છે
બહેતર ભવિષ્ય માટે
પાણી બચાવીએ



: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org



YOUVA
ART of being SMART
NOTE BOOKS
LONG BOOKS
SCRAP BOOKS
PRACTICAL BOOKS
DRAWING BOOKS
WAX CRAYONS
COLOUR PENCIL
NAVNEET EDUCATION LIMITED
Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad - 380 052. India.
Phone : 079 6630 5004 • email : stationery.ahd@navneet.com • Website : www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

# ભારતીય ભાષાઓમાંથી અનૂદિત સાહિત્ય

## આત્મકથાઓ તથા જીવનચરિત્રો

| | | |
|---|---|---|
| મારી આત્મકથા (ચાર્લી ચેપ્લિન) | અનુ. રવીન્દ્ર ઠાકોર | 220 |
| બરાક ઓબામા | સંજય આવટે, અનુ. ગીતા ગૌડ | 300 |
| પ્રકાશની પગદંડીઓ | ડૉ. પ્રકાશ આમટે, અનુ. સંજય શ્રીપાદ ભાવે | 200 |
| પરમાપ્રકૃતિ શ્રીશ્રી સારદામણિ | અનુ. મોહનદાસ પટેલ | 100 |
| વિરલ વિજ્ઞાન મનીષીઓ | અનુ. પૂર્ણિમા દવે | 160 |
| વંદનીય વિચાર મનીષીઓ | અનુ. પૂર્ણિમા દવે | 155 |
| અનોખા અધ્યાત્મ મનીષીઓ | અનુ. પૂર્ણિમા દવે | 140 |
| ગાંધી એક અસંભવ સંભાવના | સુધીરચંદ્ર, અનુ. પદ્મા ભાવસાર, છાયા ત્રિવેદી | 140 |

## નવલકથાઓ


| | | |
|---|---|---|
| અણવીત્યો અતીત (મરાઠી, હિન્દી) | કમલેશ્વર, અનુ. સુરેન્દ્ર દોશી, હર્ષદ રાણા | 125 |
| દાઝેલાં હૈયાં (મરાઠી) | વિ. સ. ખાંડેકર, અનુ. ગોપાળરાવ વિદ્વાંસ | 170 |
| ક્રૌંચવધ (મરાઠી) | વિ. સ. ખાંડેકર, અનુ. ગોપાળરાવ વિદ્વાંસ | 250 |
| સુલભા (મરાઠી) | વિ. સ. ખાંડેકર, અનુ. ગોપાળરાવ વિદ્વાંસ | 200 |
| યયાતિ (મરાઠી) | વિ. સ. ખાંડેકર, અનુ. ગોપાળરાવ વિદ્વાંસ | 300 |
| સ્વામી (મરાઠી) | રણજિત દેસાઈ, અનુ. કિશોર ગૌડ | 200 |
| શ્યામની મા (મરાઠી) | સાને ગુરુજી, અનુ. નટવરલાલ દવે | 220 |
| ત્વમસિ મમ્ (બંગાળી) | કમલદાસ, અનુ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 47 |
| અમૃતસ્ય પુત્રી (બંગાળી) | કમલદાસ, અનુ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 80 |
| રક્ત (બંગાળી) | અનુ. લિપિ કોઠારી | 70 |
| ઇન્દિરા (બંગાળી) | બંકિમબાબુ, અનુ. શ્રીકાંત ત્રિવેદી | 19 |
| શામ્બ (બંગાળી) | સમરેશ બસુ અનુ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 70 |
| બંગલાની સાધના (બંગાળી) | ક્ષિતિમોહન સેન, અનુ. મોહનદાસ પટેલ | 60 |
| ચિરકુમારસભા (બંગાળી) | રવીન્દ્રનાથ ટાગોર, રમણલાલ સોની | 70 |
| નાગમણિ (પંજાબી) | અમૃતા પ્રીતમ, અનુ. ભદ્રાયુ વછરાજાની | 80 |
| અકિંચન સંબંધો (પંજાબી) | હરબન્સ ભલ્લા, અનુ. એન. એ. વોરા | 39 |
| ચંદ્રકાન્તા : 1-7 | દેવકીનંદન ખત્રી, અનુ. થાનકી, જાની | 600 |
| સાચા સરનામે (હિન્દી) | સૂરજ પ્રકાશ, અનુ. રાજેન્દ્ર જોશી | 67 |
| કુલી બેરિસ્ટર (હિન્દી) | રાજમોહન ભટનાગર, અનુ. છાયા ત્રિવેદી | 300 |
| સરદાર (હિન્દી) | રાજમોહન ભટનાગર, અનુ. છાયા ત્રિવેદી | 430 |
| અજ્ઞાતવાસનો યાત્રી | અનુ. હરેશ ધોળકિયા | 325 |

## નવલિકાસંગ્રહો

| | | |
|---|---|---|
| પ્રાચીન કથાધન (પ્રાકૃત) | અનુ. હસુ યાજ્ઞિક | 40 |
| આંધી શરદની (કાશ્મીરી) | રૂપકૃષ્ણ ભટ્ટ, અનુ. અનુરાધા મલ્લ | 90 |
| શ્રેષ્ઠ ઉડિયા વાર્તાઓ (ઉડિયા) (ઇનામી) | અનુ. રેણુકા સોની | 100 |
| પ્રાંતિક (બંગાળી) | રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. નગીનદાસ પારેખ | 45 |

## જીવનપ્રેરક પુસ્તકો

| | | |
|---|---|---|
| દિલની વાણી બોલો | લે. માર્શલ બી. રોઝન બર્ગ, દિલીપ સોની, રેમંડ પરમાર | 200 |
| જીવનપરિવર્તનનું રહસ્ય (ઇનામી) | રોહિત મહેતા, અનુ. યોગેશ દેસાઈ | 56 |
| સંચય (બંગાળી) | રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. સુરેશ હ. જોશી | 75 |
| કબીર | ક્ષિતિમોહન સેન, અનુ. મોહનદાસ પટેલ | 150 |
| કાર્યશૈલી (મરાઠી) | અનિલ શિદોરે, અનુ. કિશોર ગૌડ | 100 |
| જીવન જીવવાની કળા | શ્રી લલિતપ્રભ, અનુ. હિરેન્દ્ર લાડ | 160 |
| જીવનમાં સફળતા મેળવો 100% | શ્રી ચંદ્રપ્રભ, અનુ. હીરેન્દ્ર લાડ | 150 |
| તીર્થસલિલ (વિભૂતિઓ સાથેના વાર્તાલાપ) | દિલીપકુમાર રાય, અનુ. નગીનદાસ પારેખ | 200 |




## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ – 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સાર્થક જળ વ્યવસ્થાપન જરૂરી ........ **પ્રતાપ નારાણજી દંડ** ...... ૭
- શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલાના પરિવારજનોને એમના નવા સાહસ માટે અભિનંદન ........ ૯
- અભિનંદન અને અનુમોદના પ્રભુ શાસન સમર્પિત ઉદારદિલ દાનવીર શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (આરતી ફાઉન્ડેશન) ........ ૧૧

**લેખ વિભાગ**

**કચ્છ વિશેષ**

- કચ્છના નારીરત્નો : સોનલપરી ........ **માર્કંડરાય મહેતા** .... ૧૨
- લોક સાહિત્ય, ચારણી સાહિત્ય અને સંત સાહિત્યના અનન્ય ઉપાસક : ટપુદાનભાઈ આપાભાઈ ગઢવી ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૧૫
- પ્રસિદ્ધિના મોહ વિનાનું ઋજુ વ્યક્તિત્વ ધરાવતા કચ્છના શબ્દ આરાધક : શ્રી બાબુલાલભાઈ ગોર ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૧૬
- સ્વામી વિવેકાનંદ કચ્છમાં : નવું સંશોધન ........ **હરેશ ધોળકિયા** .... ૧૭

**સમાજ ચિંતન**

- મહિલા સશક્તીકરણ : સમગ્ર માનવ સમુદાય માટે ચિંતનનો વિષય ........ **ડૉ. કિશોર સાધુ** .... ૧૯
- નામ પાડ્યા વગરના સંબંધો ........ **રતિલાલ 'અનિલ'** .... ૨૧
- હે જિંદગી! ........ **સુરેશ - અલકા પ્રજાપતિ** .... ૨૨
- સાંધ્યવેળાએ – (૨) ........ **રશ્મિ શાહ** .... ૨૩
- સંબંધોના સથવારે – મહેકતી મિત્રતા ........ **ઇલા કે. શાહ** .... ૨૮
- માતૃદિન નિમિત્તે 'મા'ની વાત ........ **અમિત ચૌહાણ** .... ૨૯
- કોઈ માણસને સ્વજનો પડતો મૂકે ત્યારે ........ **આશુ પટેલ** .... ૩૧

**વાર્તા**

- ઊંડા અંધારેથી ........ **સુરેશ ગઢવી** .... ૩૩
- ધૂળ પડી ........ **ગોરધન ભેંસાણિયા** .... ૩૬
- 'શેવાળછાયા વારિ' લાંછન ........ **ઇશ્વર અંચેલીકર** .... ૩૮
- પિયાનો ........ **ડૉ. નવીન વિભાકર** .... ૪૦
- મારે છેડો નથી ફાડવો ........ **ડૉ. ચંદ્રકાંત મહેતા** .... ૪૨

**ધર્મ**

- મહાવીર વંદના ........ **ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૪૮
- અધ્યાત્મ પ્રસાદ ........ **ડૉ. કિશોર સાધુ** .... ૫૦
- પોપ ફ્રાન્સિસ – માનવતાની મહેક ........ **ફાધર વર્ગીસ પોલ** .... ૫૨
- ઈશ્વર અને ઈશ્વરકૃપા ........ **સાભાર : 'ચેતનાનું ચિંતવન'** .... ૫૪

**પ્રતિભા વિશેષ**

- ગાંધીકથાના ઉદ્‌ગાતા : નારાયણ દેસાઈ ........ **ભદ્રાયુ વચ્છરાજાની** .... ૫૬
- સાવરકર – એક યુગ પ્રવર્તક ચેતના ........ **વિવેક કાણે 'સહજ'** .... ૫૮

**પ્રેરણા**

- ડ્રગ બેંક દ્વારા માનવ સેવાનું અભિયાન ........ **કુલીનકાંત ચાંપશી લુઠિયા** .... ૬૧
- પ્રતિ વર્ષ રૂપિયા એક કરોડની દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરતી ડ્રગ બેંક ........ **સૌજન્ય : 'પંગુમિત્ર'** .... ૬૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## આરોગ્ય


- આત્મહત્યા (Suicide) ...... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા)** ..... ૬૪
- આયુર્વેદ એ પાંચમો વેદ મનાય છે ...... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૬૬


## ચિંતન


- સોનાની તોય બેડી ...... **મનસુખ સલ્લા** .... ૬૭


## લોક સાહિત્ય


- લઈ લ્યો, પાણીયારી ગામ પાછું! ...... **શિવદાન ગઢવી** .... ૬૮


## નવલકથા અંશ


- ધર્મરાજ ...... **કેશુભાઈ દેસાઈ** .... ૭૦


## શિક્ષણ ચિંતન


- નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ...... **ડૉ. મફતલાલ પટેલ** .... ૭૩


## સંસ્કૃતિ


- પાંડવો સાથે જોડાયેલ - પાટણ વાવ ગામ
  જ્યાં ઓસમ ડુંગર પર માત્રી માતા બિરાજે છે ...... **જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ'** .... ૭૫


## કેળવણી


- જીવનલક્ષી શિક્ષણના ઉપદેશક શ્રીકૃષ્ણ ...... **ડૉ. લીલાબેન મહેન્દ્રકુમાર સ્વામી** .... ૭૬


## કોયડો


- પીપ્પર તે પ્યો ને સા ઉડી વ્યો ...... **જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ'** .... ૭૮


## બાળ વાર્તા


- વેરઝેર ભૂલાઈ ગયા... ખાધું પીધું ને રાજ કીધું ...... **સૌજન્ય : ગુજરાતધારા** .... ૭૯


## માહિતી


- દાલ-રોટી ખાઓ : પ્રભુ કે ગુણ ગાઓ ...... **સંજય પી. ઠાકર** .... ૮૧
- પૃથ્વીના અદ્‌ભુત રહસ્યો ...... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૮૩
- JNUનો ઘટનાક્રમ શું સાબિત કરે છે? ...... **મહેન્દ્ર સા. દોશી** ... ૮૪


## હાસ્યની ક્ષણોમાં


- મેરેજની બસ ચૂકી જવાય તો...? ...... **મધુસૂદન પારેખ** .... ૮૬
- તમે ડૉક્ટર થઈને...?! ...... **ડૉ. નલિની ગણાત્રા** .... ૮૭
- સાસરીમાં ધામા! ...... **ચિત્રસેન શાહ** .... ૮૮
- બાલુડેં જ્યું ગાલિયું ...... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૮૯


## નિયમિત વિભાગો


- અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૯૦
- આંજો કાગર ...... ૯૨
- *Nano Nine* શબ્દ રમત-૧૧૭ ...... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૪) ...... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૫
- જાણવા જેવું ...... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૬
- વલોવતન ...... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૯૭
- સમાજ દર્પણ ...... ૧૦૫
- સંસ્થા સમાચાર ...... ૧૦૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ...... ૧૧૦
- ઊડતી નજરે ...... ૧૧૨


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## સાર્થક જળવ્યવસ્થાપન જરૂરી

*– પ્રતાપ નારાણજી દંડ*

ધોમધખતો વૈશાખ વીતી ગયો છે અને ઉનાળાની પરાકાષ્ઠા તથા ચોમાસાના પૂર્વાભાસ જેવો જેઠ ચાલી રહ્યો છે. ગુજરાતમાં સામાન્ય રીતે પંદરમી જૂન આસપાસ ચોમાસું બેસી જતું હોય છે. આ વખતે ગરમીએ બધા રેકોર્ડ તોડી નાખ્યા છે. 'ગ્રીન સિટી' તરીકેની પ્રતિષ્ઠા ધરાવતા પાટનગર ગાંધીનગરને અમુક તબક્કે રાજ્યના સૌથી ગરમ શહેરનું છોગું સાંપડ્યું છે! આટલાં બધાં વૃક્ષો પણ પારાને ૪૭-૪૮ ડિગ્રી સુધી ફંગોળાતો અટકાવી ન શકે ત્યારે એને કુદરતનો કોપ જ ગણવો રહ્યો. કચ્છ અને બનાસકાંઠા સહિત રાજ્યના કેટલાક વિસ્તારોને રાજ્ય સરકારે અછતગ્રસ્ત જાહેર કરવા પડ્યા છે.

ગ્લોબલ વૉર્મિંગની સમસ્યાથી ઘેરાયેલી દુનિયામાં ભારતના ભાગે સૌથી વધારે સહન કરવાનું આવે એવી શક્યતા નકારી શકાય નહીં. એક તરફ સખત ગરમી, બીજી તરફ પાણી માટેનાં વલખાં. છેલ્લા મહિનાઓ દરમિયાન દેશનાં અનેક રાજ્યો દુષ્કાળના સકંજામાં આવી ગયાં છે. મહારાષ્ટ્ર, તેલંગાણા અને ઓડિશા ઉપરાંત ઉત્તર પ્રદેશના બુંદેલખંડમાં લોકો એક એક ટીપા પાણી માટે તરસી રહ્યા હોવાના સમાચારો મીડિયા છલકાવતું રહે છે. સરકાર પાણી માટેની સ્પેશિયલ ટ્રેનો દોડાવે છે, ટૅન્કરો મારફત અંતરિયાળ વિસ્તારો સુધી પાણી પહોંચાડવાના પ્રયાસો હાથ ધરાય છે, છતાં જ્યાં સુધી 'ધરતીનો ધણી મેહુલો' મન મૂકીને નહીં વરસે ત્યાં સુધી આ સમસ્યા પૂરેપૂરી હલ થવાની નથી, તે પણ આપણે જાણીએ છીએ. ક્યારેક આ જ વિસ્તારોમાં પૂરતો વરસાદ પડતો હતો. જળાશયો અને નદીઓમાં અઢળક પાણી રહેતું. છેલ્લાં પચાસેક વરસ દરમિયાન વાતાવરણમાં પલટો આવ્યો છે. બીજા પ્રદેશોની ક્યાં વાત કરવી? કચ્છમાં વચ્ચે એક એવો તબક્કો આવી ગયો જ્યારે એમ જ લાગવા માંડેલું કે થોડાં જ વર્ષોમાં એ હરિયાળું બની જશે. લાગલગાટ છ વરસ સારાં ગયાં પણ છેલ્લાં બે-ત્રણ વરસથી પાછી પાણીની અછત ઊભી થઈ ગઈ છે. ઉત્તર ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં નદીઓ સૂકી ભઠ્ઠ થઈ ગઇ છે. ખેડૂતોએ સરકારે મૂકેલી મર્યાદાનું ઉલ્લંઘન કરીને ધરતીના પેટાળમાં પડેલાં પાણી ઉલેચી લીધાં છે. હવે હજાર ફૂટ ઊંડો બોર કરવા છતાં પાણી નજરે પડતું નથી. અગાઉ સો-બસ્સો ફૂટે મબલક પાણી મળી રહેતું હતું. પાણી જીવનની સૌથી મોટી જરૂરિયાત છે. કવિ રહીમ કહે છે :

*રહિમન પાની રાખિયે બિન પાની સબ સૂન,*
*પાની ગયે ના ઊપજે મોતી, માનુષ, ચૂન.*

રહીમ, 'અબ્દુલ રહીમ ખાનખાના' અકબરના સરસેનાપતિ હતા. આજથી પાંચ સૈકા પહેલાં એમણે પાણીની મહત્તા વિશે આવો દોહરો લખ્યો હતો. આજે આપણે એકવીસમી સદીનાં અદ્યતન વૈજ્ઞાનિક ઉપકરણો અને સંસાધનો છતાં પાણી વગર ટળવળતા વિશાળ વિસ્તારની પ્રજાની તરસ છિપાવી શકતા નથી, ત્યાં બિચારાં અબોલ પશુ પંખીઓનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો? જૂના જમાનામાં શ્રેષ્ઠી મહાજનો અને રાજા-રજવાડાં વટેમાર્ગુઓ માટે રસ્તાઓમાં નિશ્ચિત અંતરે વાવો ખોદાવતા, કૂવા ગળાવતા અને પરબો મંડાવતા. પોતાની પોઠી મારફત આંતરદેશીય વેપારને વેગ આપનારા વણજારા પણ આવું પુણ્ય રળી લેવાની તક ઝડપી લેતા. 'વણજારી વાવ' એનું જાજરમાન દૃષ્ટાંત છે. પાણી પીને વટેમાર્ગુ હાશ અનુભવતો. પંખીઓ માટે ઘેર ઘેર પાણીનાં પરબ રહેતાં અને પશુઓ માટે હવાડા બંધાવવામાં આવતા. પ્રગતિની ઉંદરદોડમાં આ બધું ધીમે ધીમે વિસરાતું જાય છે. બીજી તરફ જ્યાં જરૂર ન હોય ત્યાં પાણીનો બેફામ દુરુપયોગ થતો રહે છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જનારા રાજનેતાઓનાં હેલિકોપ્ટરોનાં ઉતરાણ માટે હજારો-

લાખો લિટર પાણીનો છંટકાવ કરી, ધૂળ ન ઊડે એની તકેદારી રખાય છે. જ્યારે એ જ વિસ્તારની મહિલાઓ માઈલોના માઈલો ચાલીને ગંદા ખાબોચિયા જેવી બની ગયેલી નદી કે તળાવમાંથી માથે ઊંચકીને એકાદ-બે ઘડા પાણી લઈ આવે છે, જે રોગનાં જીવાણુઓથી ખદબદતું હોય છે. કુદરત રૂઠે ત્યારે કાળા માથાનો માનવી લાચાર બની જતો હોય છે. આપણા પ્રશિષ્ટ નવલકથાકાર પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ ઍવોર્ડ વિજેતા કૃતિ 'માનવીની ભવાઈ'માં છપ્પનિયા દુકાળનું દારુણ ચિત્ર ઝિલાયું છે. એનો નાયક કકળતી આંતરડી સાથે ઈશ્વરને શાપ આપે છે : 'દુકાળના પાડનારા, તારું નખ્ખોદ જજો!'

નર્મદા યોજના જેવી મહત્ત્વાકાંક્ષી યોજના પછી પણ હજી ગુજરાત તરસ્યું રહેતું હોય તો એથી મોટી કમનસીબી બીજી કઈ હોઈ શકે? આપણે જળવ્યવસ્થાપન ક્ષેત્રે હજી ઘણું ગંભીર ચિંતન કરવું પડશે એમ નથી લાગતું?

દરમિયાન જૈન સમાજ માટે હરખાવા જેવા સમાચાર છે : ગુજરાત સરકારે જૈનોને લઘુમતીનો દરજ્જો આપતું જાહેરનામું બહાર પાડી દીધું છે. અગાઉના અંકોમાં લઘુમતીનો દરજ્જો મળતાં સમાજના યુવાવર્ગને, સવિશેષ શિક્ષણ અને વ્યવસાય ક્ષેત્રે મળવાપાત્ર લાભોની સવિસ્તર ચર્ચા કરેલી જ છે. સૌને શુભેચ્છા.

*૬, મુદ્રા ઍપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

*પુષ્પ એની સુગંધ પરથી પરખાય.*
*ફળ એના સ્વાદ પરથી પરખાય.*
*માણસ એની ખાનદાની પરથી પરખાય.*

*શમા પરવાને કો જલના સિખાતી હૈ,*
*સંધ્યા સૂરજ કો ઢલના સિખાતી હૈ,*
*ઠોકરેં ઈન્સાન કો ચલના સિખાતી હૈ.*


# JETHABHAI DOONGARSHI TRANSPORT Co.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલાના પરિવારજનોને એમના નવા સાહસ માટે અભિનંદન

*તેલ અને ગેસ ઉત્પાદનમાં ગુજરાતની પ્રથમ કક્ષાની અગ્રણી કંપની "દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ" કે જે 'એર' અને 'નેચરલ ગેસ' કોમ્પ્રેસરની સેવા છેલ્લા પચ્ચીસ વર્ષથી આપી રહી છે. આ કંપનીની 'રજત જયંતિ' નિમિત્તે આ કંપનીના નવ-યુવાન સુકાનીઓએ 'ડ્રીલિંગ રીગ' મૂકીને નવલું નજરાણું આપી, કચ્છનું ગૌરવ વધાર્યું છે.*

*તેલ અને ગેસની સતત વધતી જતી માંગને સેવા પ્રદાન કરવાના પ્રાથમિક ઉદ્દેશથી આ કંપનીની શરૂઆત સ્વ. કાંતિલાલ વેલજી સાવલા તેમજ તેમના મિત્ર શ્રી શાંતિલાલ મુળજી સાવલાએ કરેલ હતી અને દિન પ્રતિદિન કંપનીની સેવામાં નિષ્ઠા અને પ્રાવિણ્યને કારણે તેમના વારસો શ્રી પારસભાઈ સાવલા (ચેરમેન - એમ.ડી.), શ્રી રૂપેશભાઈ સાવલા (એમ.ડી.) અને શ્રી ધરેનભાઈ સાવલા (ડાયરેક્ટર)ના સંયુક્ત સાહસથી તા. ૨૩-૪-૨૦૧૬ના રોજ સ્ટેટ ઓફ ધી આર્ટ એવી ૧૦૦૦ એચ.પી. ડ્રીલિંગ રીગ સેવા માટે મૂકી અને નવી સેવાનો આરંભ કર્યો. આ સેવાનું ઉદ્‌ઘાટન ઓ.એન.જી.સી.ના ડાયરેક્ટર શ્રી વી.પી. માહાવરના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. આ સેવાએ તેલ અને ઉદ્યોગમાં કચ્છનું અને 'કચ્છીયત'નું ગૌરવ વધાર્યું છે.*

*દીપ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના સ્થાપક સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલા તથા શ્રી શાંતિલાલ મુળજીભાઈ સાવલા હતા, જેઓ સાહસિક કચ્છી ઉદ્યોગપતિ હતા. સ્વ. શ્રી કાંતિભાઈ વેલજી સાવલાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કર્મનિષ્ઠ કાયમી ટ્રસ્ટી અને ઉપપ્રમુખ તરીકેની દીર્ઘ સમય સુધી સક્રિય સેવા બજાવેલ હતી. હાલમાં તેમના વારસ શ્રી રૂપેશભાઈ સાવલા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાયમી ટ્રસ્ટી તરીકેની સેવા આપી રહ્યા છે અને શ્રી શાંતિલાલ મુળજી સાવલા હાલમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ તરીકે બિરાજમાન છે. કચ્છનું ગૌરવ વધારનાર આ કચ્છી ઉદ્યોગપતિના વારસદારો શ્રી પારસભાઈ સાવલા, શ્રી ધરેનભાઈ સાવલા અને શ્રી રૂપેશભાઈ સાવલાને તેઓના નવા સાહસ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શત્ શત્ અભિનંદન પાઠવીએ છીએ.*

**પ્રમુખશ્રી / મંત્રી શ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

'દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ'ની સ્થાપના વર્ષ ૧૯૯૧માં થઈ. આરંભથી જ 'દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ' એર એન્ડ નેચરલ ગેસ કોમ્પ્રેસર જેવા વિવિધ સેગમેન્ટમાં કિંમતી મશીનરી હાયરિંગ (Hiring)ની સેવા પ્રદાન કરી રહી છે. આ પ્રકારના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કામ કરનાર ભારતની અગ્રણી કંપનીમાંથી એક છે. કંપનીનું સંપૂર્ણ સંચાલન તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (B.O.D.) શ્રી પારસ સાવલા (Chairman & M.D.), શ્રી રૂપેશ સાવલા (M.D.) અને શ્રી ધરેન સાવલા (Director)ના હસ્તક છે. હાલમાં જ જાન્યુઆરી-૨૦૧૬માં 'દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ' એ સફળતાના ૨૫ વર્ષ પૂરા થયાનો રજત જયંતી સમારોહ ઉજવ્યો છે.

વર્ષ ૨૦૦૬માં કંપની સફળતાપૂર્વક Workover અને Drilling સેવા પ્રદાન કરવામાં વૈવિધ્યકૃત થઈ હતી. હાલમાં કંપની ૧૫૦ એચ.પી. થી ૧૦૦૦ એચ.પી. સુધાના ઑનશોર વર્કઓવર અને ૩૫૦ એચ.પી.થી ૧૫૦૦ એચ.પી. સુધીની ડ્રીલિંગ રીગનો મજબૂત કાફલો ધરાવે છે. આ ઉપરાંત એક સેવા પ્રદાતા તરીકે શરૂ થયેલી 'દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ' એ સફળતાપૂર્વક પોતે એક્સ્પ્લોરેશન અને ઉત્પાદન સેગમેન્ટમાં પદાર્પણ કરવાની સાથે એન.ઇ.એલ.પી. અને સી.બી.એમ.ની બોલીના વિવિધ રાઉન્ડ હેઠળ ઑનશોર ઓઈલ એન્ડ નેચરલ ગેસ બ્લોક્સ, કોલ બેડ મિથેન બ્લોક્સ એનાયત થયા છે. ભારતમાં એક્સ્પ્લોરેશન અને ઉત્પાદનના સફળ બિઝનેસ પછી 'દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ'ને ઈન્ડોનેશિયામાં પણ એક ઑનશોર કોલ બેડ મિથેન (સી.બી.એમ.) બ્લોક એનાયત કરવામાં આવ્યો છે.

ગયા વર્ષ અંતર્ગત કંપનીએ ડિહાઈડ્રેશનના નવા ક્ષેત્રમાં પદાર્પણ કર્યું અને આંધ્રપ્રદેશમાં પાંચ ડિહાઈડ્રેશન યુનિટ ઈન્સ્ટોલ કર્યા. ડીહાઈડ્રેશનની પ્રક્રિયા ગેસમાં રહેલા Water Vapour ને દૂર કરવા માટે કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી ગેસની પાઈપ લાઈનમાં કાટ લાગતો અટકે છે.

વર્કઓવર અને ડ્રીલિંગ ક્ષેત્રમાં કંપની Air Drilling, Slim Hole Coring, Casing Retrieval, Wall stimulation, Critical Well ના રીહેબિલિટેશન માટેના

Service Programme, Designing અને Execution work fishing milling, cement plug drilling, Coil tubing, Gas lift valve વગેરે ક્ષેત્રમાં કાર્યરત છે. અત્યાર સુધીમાં કંપનીએ ભારતના અગ્રણી ઓઇલ ગેસ ઑપરેટરો સાથે વર્કઓવર અને ડ્રીલિંગ ક્ષેત્રમાં વિવિધ નોંધપાત્ર કરારો સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. 'દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ'એ ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ ડ્રીલિંગ કોન્ટ્રાક્ટર્સ (આઈ.એ.ડી.સી.) હેઠળ માન્યતા ધરાવે છે અને આરોગ્ય સલામતી અને પર્યાવરણ ક્ષેત્રમાં નોંધપાત્ર પૃષ્ઠભૂમિ ધરાવે છે.

તાજેતરમાં જ સ્ટેટ ઑફ ધ આર્ટ કહી શકાય એવી






૧૦૦૦ એચ.પી.ની ડ્રીલિંગ રીગનો ઉદ્‌ઘાટન સમારોહ ૨૩ એપ્રિલે ONGC ના ઑનશોર ડાયરેક્ટર શ્રી વી.પી. મહાવરના વરદ્ હસ્તે થઈ ગયો. ૧૦૦૦ એચ.પી.ની ક્ષમતાની રીગ ૩૫૦૦ મીટર (૩.૫ કિ.મી.) Vertical & Directional Drill કરી શકે છે. આ રીગનું ડ્રીલિંગ ૨૪ x ૭ ચાલે છે. ૩૫૦૦ મીટરનો એક વેલ ડ્રીલ કરવામાં આશરે ૧ મહિના જેટલો સમય લાગે છે અને એક મહિના પછી આખી રીગના બધા જ ઈક્વીપમેન્ટ ડીસમેન્ટલ કરીને બીજા વેલ પર એકત્રિત કરવામાં આવે છે. એક રીગના બીજા વેલ પર લઈ જવા માટે આશરે ૫૦ ટ્રેલર્સ અને ૫ ક્રેનની જરૂર પડે છે. ■



# અભિનંદન! અનુમોદના!!



## પ્રભુ શાસન સમર્પિત ઉદારદિલ દાનવીર
## શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (આરતી ફાઉન્ડેશન)ને

**મહારાષ્ટ્રના દુષ્કાળ રાહત કાર્યમાં દાનની ગંગા વહાવીને
સમસ્ત મહાજનના માધ્યમથી ૨ કરોડ રૂપિયાનું દાન દઈને
જૂના તળાવોમાંથી માટી ખોદાવવાનું જે ભગીરથ કાર્ય શરૂ કર્યું
એવા દાનવીરને શત્ શત્ પ્રણામ.**

*૨૦૧૪ તથા ૨૦૧૫ ના વર્ષોમાં સતત બે વર્ષ દેશમાં ચોમાસું અનિયમિત અને નબળું રહેતાં આ વર્ષે દેશના વિવિધ રાજ્યોમાં દુકાળની તીવ્ર અસર દેખાઈ છે. આ રાજ્યો પૈકી ખાસ કરીને મહારાષ્ટ્રમાં જળસંકટ વધુ ઘેરું બનતાં મહારાષ્ટ્રમાં વિવિધ વિસ્તારોમાં રાહત કાર્યએ ગતિ પકડી છે. લાતુર તથા બીડ વિસ્તારમાં પાણીની સમસ્યાનો લાંબાગાળાનો ઉકેલ લાવવા સમસ્ત મહાજન દ્વારા વ્યાપક પ્રયત્નો શરૂ થયા છે.*

*લાતુર તથા બીડ વિસ્તારોમાં કેનાલ નહેરો બનાવીને તથા ચેકડૅમો અને તળાવો રચીને આ કેનાલ નહેરોને ચેકડૅમો તળાવો સાથે જોડવાનું ભગીરથ કામ શરૂ કરવામાં આવ્યું છે. ઘરઆંગણે બનેલા જાણીતી કંપનીના આશરે ૧૦ જેટલા જેસીબી મશીનો આ માટે લેવામાં આવ્યા છે.*

*આ એક મશીનની કિંમત આશરે પચ્ચીસ લાખ જેટલી થાય છે. હજી વધુ મશીનો ખરીદવાની યોજના છે. આ મશીનો લાતુર તથા બીડ ખાતે કેનાલ-નહેરો બનાવવા માટે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. સમસ્ત મહાજનના ગિરીશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ આ ભગીરથ કાર્ય આરંભાયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.*

*આ કાર્ય આરંભાયા પૂર્વે ઈજનેરોની મદદથી વિવિધ વિસ્તારોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું એવું કમિટી સભ્ય મહેશ કોઠારીએ જણાવ્યું હતું. રાજ્ય સરકારને પણ આ કાર્યમાં સાંકળવા તથા જાગૃતિ વિકસાવવા આ વિસ્તારના કલેક્ટર સાથે પણ મુલાકાત કરાઈ હતી, આ ભગીરથ કામગીરી ઉપરાંત જળસંકટ ઘેરું હોય એવા વિસ્તારોમાં હજારો લીટર પાણી ટેન્કરો દ્વારા રોજેરોજ પૂરું પાડવામાં આવી રહ્યાનું સૂત્રોએ જણાવ્યું હતું.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સમસ્ત ટ્રસ્ટીગણ,
દાનવીર શેઠ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીને એમના આ ભગીરથ કાર્ય માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.**

કચ્છ વિશેષ

# સોનલપરી

• માર્કંડરાય મહેતા •

કચ્છના અબડાસા તાલુકામાં નાનું એક ગામ હતું. એ ગામમાં કુડધર નામનો એક રબારી રહેતો હતો. તે ગાયો-ભેંસો રાખતો અને તેમનાં લાલન-પાલનમાં આખો દિવસ વ્યસ્ત રહેતો. એનું કામ વહેલી સવારથી શરૂ થાય તે ઠેઠ રાત સુધી ચાલ્યા જ કરે. એને પોતાનાં પશુઓ તરફ ખૂબ પ્રેમ હતો એટલે તે દરેકની સારસંભાળ ખૂબ જ ભાવથી કરતો. તેની પત્ની પણ પોતાના પતિને ખૂબ જ સાથ આપતી અને ગાયોની દોવાઈ, દૂધની સાચવણી અને તેનું વિતરણ દૂધમાંથી દહીં અને તેને વલોવીને વહેલી સવારે માખણનો પીંડો ઉતારતી અને તેનું સુંદર, સુવાસિત ઘી બનાવતી. મેઘબાઈનું ઘી એટલે ગામમાં પહેલા નંબરનું. એટલે ગામલોકો તેમજ બહાર ગામના પણ તેમનું ઘી ખરીદવા તત્પર રહેતા. આમ, કુડધરનો સંસાર સુખમય હતો. બન્ને પતિ-પત્ની પોતાનું જીવન આનંદમાં વિતાવતાં પરંતુ તેમને એક વાતની ખોટ હતી, તેમને કોઈ બાળક ન હતું. મેઘબાઈએ તે માટેના ઘણા પ્રયત્નો કર્યા - વ્રતો રાખ્યાં, તપ કર્યાં અને દોરાધાગા પણ કરી જોયા. ગામમાં આવતા સંન્યાસીઓ, બાવાઓ તમામની સેવા કરી અને આશીર્વાદ મેળવ્યા પણ તેમના પર ઈશ્વરની કૃપા ન જ થઈ તે ન જ થઈ. આમ સંતાનસુખ વગર દંપતી મનમાં અસંતોષ અનુભવતું. પણ કરે શું? એમાં તેમનું કાંઈ ચાલે તેમ ન હતું, એટલે પડોશનાં બાળકોને રમાડી, ખુશ કરી - સંતોષ માનતા.

એક વાર કુડધર પોતાની ગાયો-ભેંસો લઈને ચરાવવા સીમમાં દૂર દૂર નીકળી ગયો. તેણે સાંભળ્યું હતું કે, ચારેક માઈલ દૂર એક શંકરનું મંદિર છે અને તેની આજુબાજુ પુષ્કળ લીલું ઘાસ છવાયેલું છે એટલે આજે તે દિશા તરફ ચાલી નીકળ્યો અને તે મહાદેવના મંદિરના પાસે આવી પહોંચ્યો. ખરેખર ત્યાં પુષ્કળ ઘાસ હતું એટલે તેની ગાયો-ભેંસો ચરવા લાગી ગઈ. મંદિર પાસે એક તળાવ હતું. તળાવની પાળ પર એક વડનું વિશાળ વૃક્ષ હતું. કુડધર ત્યાં વિસામો ખાવા બેઠો અને બપોરા કરવા ઘેરથી લાવેલા રોટલાની સાથે એકાદ ભેંસ દોહીને દૂધ સાથે ખાવા બેઠો. એ નિરાંતે ખાતો હતો ત્યાં તેણે મહાદેવના મંદિરમાંથી કોઈ નાના બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. તેને આશ્ચર્ય થયું કે આવા જંગલમાં બાળક ક્યાંથી? છતાં તેણે માન્યું કે મંદિરનો પૂજારી નાનાં બાળકો લાવ્યો હશે, પરંતુ બાળકના રડવાનો અવાજ ચાલુ જ રહ્યો એટલે ખાવાનું જેમ તેમ પૂરું કરી પોટલી બાંધી મંદિર તરફ ગયો. મંદિર કાંઈ બહુ મોટું ન હતું, પરંતુ તેની ચોતરફ ઊંચી દીવાલ હતી. એટલે તે મંદિરના બારણાથી દાખલ થયો ત્યાં તેણે જોયું બહાર એક નાનું અતિસુંદર બાળક, ખીલેલા ફૂલ જેવું, હાથપગ હલાવ્યા કરતું હતું અને રડ્યા કરતું હતું. કુડધરે ત્યાં જઈ બાળકને તેડી લીધું પણ બાળક રડતું રહ્યું. કુડધરને થયું કે તે કદાચ ભૂખ્યું હશે એટલે તે પોતાની શ્રેષ્ઠ ગાય પાસે બાળકને લઈ જઈ તેના આંચળમાંથી શેડ કાઢી બાળકના મોંમાં નાખી. ખરેખર બાળક ભૂખ્યું હતું એટલે તે દૂધ પીવા લાગ્યું અને કુડધરે પણ દૂધની શેડ ચાલુ રાખી. રોવાનું તો ક્યારનુંય બંધ થઈ ગયું હતું એટલે હસવા લાગ્યું. કુડધરે વિચાર્યું કે આવું ફૂલ જેવું કોમળ, અતિશય રૂપાળું આ બાળક કોનું હશે. વળી તેણે જોયું તો તે બાળક એક કન્યા હતી અને જે કપડાં ઉપર તે બાળકી સૂતી હતી તે કપડું કુડધરે તપાસ્યું તો તે કોઈ અતિ કિંમતી શાલ હતી. હવે કુડધર મૂંઝાયો. તેણે આ બાળકનાં મા-બાપ ક્યાંય હોય તો તેની તપાસ કરવા લાગ્યો. આમ-તેમ ફર્યો, ખૂબ બૂમો પાડી પણ કંઈ જવાબ ન મળ્યો. હવે આ બાળકનું મારે શું કરવું? આવી સુંદર પરી જેવી આ બાલિકા કોની હશે? એને કોણ મૂકી ગયું હશે? અરેરે! આવાં નિર્દોષ બાળકને ભગવાનને ભરોસે મૂકતાં તેની માતાનું દિલ કેમ ચાલ્યું હશે? તે કેવી ક્રૂર હશે કે જે આવી સુંદર બાલિકાને મૂકીને ચાલી ગઈ! થોડીક વાર મૂંઝવણમાંને મૂંઝવણમાં તે આમ-તેમ ફર્યો પણ તેને કંઈ સૂઝ્યું નહીં. કલાકો વીતી ગયા, સાંજ પડી ગઈ. હવે મારે તો ઘેર પહોંચવું છે. શું કરવું? જેવી ભગવાનની મરજી. કુડધરે તો પોતાની ગાયો-ભેંસો એકઠી કરી ઘર તરફ રવાના થયો. રસ્તામાં તેને વિચાર આવ્યો, ‘આહાહા...અમારે કોઈ સંતાન નથી અને મહાદેવ ભગવાને આવી સુંદર પરી જેવી સુંદર કન્યા મને આપી દીધી. હવે હું તેને મારી દીકરીની જેમ ઉછેરીને મોટી કરીશ.’ તે ઘેર પહોંચ્યો અને ઝટપટ ઘરમાં જઈ મેઘબાઈના ખોળામાં બાળકીને મૂકી દીધી અને કહ્યું : ‘લે ભગવાને આપણને આ પરી જેવી બાળકી આપી છે’ અને પછી મેઘબાઈ પાસે પોતાને આ બાળકી કેમ મળી તે વાત કરી. મેઘબાઈ તો રાજીની રેડ થઈ ગઈ અને તે બાળકી જાણે પોતાની જ હોય તેમ તેને ઉછેરવા લાગી.

દિવસે દિવસે તે બાળકી મોટી થવા લાગી. હવે તો તેણી ઘરમાં આમ-તેમ ફરતી. કાલાઘેલા શબ્દો બોલતી અને મેઘબાઈને મા મા કહીને બોલાવતી. મેઘબાઈને આ બાળકીના શબ્દો મા મા સાંભળી જાણે સ્વર્ગ મળ્યું હોય તેવો આનંદ થતો. કુડધર પણ ઘણો જ ખુશ હતો અને દિવસમાં કલાકો સુધી તે બાળકીને રમાડ્યા કરતો. એક વાર મેઘબાઈએ કુડધરને પૂછ્યું, આપણે એનું નામ શું રાખશું? કુડધર જાણે આ પ્રશ્નની રાહ જોતો હોય તેમ તરત જ બોલી ઊઠ્યો, ‘સોનલ.’ સોનલ નામ સાંભળી

મેઘબાઈ પણ ખુશ ખુશ થઈ ગઈ. ત્યાર પછી સોનલ સોનલ કહીને આખા ઘરને ભરી મૂક્યું.

દિવસે દિવસે સોનલનું સૌંદર્ય ખીલવા લાગ્યું. બધા કુડધરને પૂછતા કે આ તારી દીકરી છે? આવી રૂપાળી દીકરી તું ક્યાંથી લઈ આવ્યો? કુડધર જવાબ આપતો એ તો ભગવાનની દીધેલી છે અને ભગવાને દીધી હોય પછી તો અપ્સરા જેવી જ હોય ને! ત્યાર પછી બધા લોકો એમ માનવા લાગ્યા કે કોઈ અપ્સરાએ પૃથ્વી પર જન્મ લીધો લાગે છે. કુડધરે પોતાની આ વહાલી દીકરીને ખૂબ લાડથી ઉછેરી અને તેને ક્યારે પણ કાંઈ પણ દુઃખ ન થાય એવો પ્રયત્નો કરતો રહેતો અને મેઘબાઈ તેને જોઈને તો ગાંડી થઈ જતી.

વર્ષો વીત્યાં. સોનલ હવે પોતાના પિતાને મદદ કરતી અને ગાયો-ભેંસોને ચરાવવા પણ સીમમાં લઈ જતી. તેની ગાયો-ભેંસો સોનલ પર એટલી બધી હળી ગઈ હતી કે સોનલ બૂમ પાડે કે બધી તરત જ જ્યાં હોય ત્યાંથી દોડી આવતી. ગામના લોકો વિચારતા કે આવી સૌંદર્યવાન, સદ્ગુણી દીકરીને કુડધર ક્યાં વરાવશે? કુડધર પણ એ જ વિચાર કર્યા કરતો હતો. પરંતુ કુદરતની કરામત કાંઈ ઓર જ હતી. એક વાર કચ્છનો રાજવી ફૂલ તે ગામમાં શિકાર માટે આવ્યો કારણ કે ગામની સીમમાં ચિત્તાનો ત્રાસ હતો અને ગામની કેટલીક સારી ગાયોને તે ચિત્તાએ મારી નાખી હતી એટલે ગામલોકો ત્રાસી ગયા હતા. કોઈ સીમમાં જતું જ નહીં. રાજા જામફૂલે ગામના દરબારી ઉતારામાં મુકામ કર્યો હતો અને દરરોજ શિકાર કરવા નીકળી પડતો પરંતુ ચિત્તો હાથ લાગતો ન હતો. ફૂલને થયું, ‘અરે! હું રાજા અને મારી રૈયતને આ ચિત્તાના ત્રાસમાંથી છોડાવી પણ શકતો નથી, ધિક્કાર છે મને! અને તેણે નિર્ણય કર્યો કે આવતીકાલે જ્યાં સુધી આ ચિત્તો મરે નહીં, ત્યાં સુધી હું આ ગામમાં પ્રવેશ નહીં કરું. બીજે દિવસે પોતાના શિકારીઓ સાથે જામફૂલ ચિત્તાને ઠાર કરવા નીકળી પડ્યો અને કલાકો સુધી સીમમાં અહીંથી તહીં રખડ્યો. બપોર થઈ ગઈ. શિકારીઓ પણ થાક્યા હતા. બધાને એમ હતું કે, હવે થોડો આરામ કરીએ પણ આજે જામફૂલ ખૂબ ગુસ્સામાં હતો અને તેણે આરામ કરવાનો વિચાર ન કર્યો પણ પોતાના શિકારીઓને બોલાવીને કહ્યું કે, આજે આપણે જ્યાં સુધી ચિત્તાને ન મારી શકીએ ત્યાં સુધી ખાવાનું, આરામ કરવાનું, બધું બંધ. શિકારીઓ પણ સમજ્યા કે આજ રાજાનો મિજાજ ઓર છે, એટલે એક પાકટ શિકારીએ કહ્યું, ‘બાવા, આપણે ભીમસર તળાવે જઈએ, ત્યાં ચિત્તો જરૂર પાણી પીવા આવશે,’ અને બન્યું પણ તેમજ. બધા શિકારીઓ અને રાજા સંતાઈને ચિત્તાની રાહ જોતા હતા અને ચિત્તો પણ પોતાની હંમેશની ટેવ મુજબ ભીમસરમાં પાણી પીવા આવ્યો. બધા શિકારીઓ બંદૂકોથી તૈયાર થઈ ગયા અને જેવો રાજાનો હુકમ થયો કે ફટાફટ ગોળીઓ છૂટી અને તેમાંય રાજા ફૂલની ગોળી ચિત્તાના શરીરની આરપાર નીકળી ગઈ અને આઠ-દસ ગોળીઓથી વીંધાયેલો ચિત્તો ત્યાં ને ત્યાં ઢળી પડ્યો. રાજા ખુશ હતો. ભૂખ્યો પણ હતો એટલે પોતાને ઉતારે જલદીથી પહોંચી ગયો.

સાંજ પડવા આવી હતી. રાજાના ઉતારાની સામે જ એક વિચિત્ર દૃશ્ય જામફૂલે જોયું. બે ભેંસો જોરથી દોડતી આવી રહી હતી અને માણસો બધા ભાગો ભાગો કરી રહ્યા હતા. સામેથી સોનલ પણ આવતી હતી. તેણીએ જોયું કે કોઈ બાળક વચ્ચે ઊભું છે. જો તેને બચાવવામાં ન આવે તો ભેંસો તેને કચડી નાખશે. સોનલના એક હાથમાં તેની વાછડી કૂદકા મારી રહી હતી. સોનલ તરત જ દોડી. એક હાથે છોકરીને તેડી લીધી. પગ નીચે વાછડીની રાશ પણ દબાવી દીધી અને સામે આવતી ભેંસોને અટકાવવા પોતે ઊભી રહી ગઈ. કોને ખબર કેમ પણ બન્ને ભેંસો સોનલ પાસે આવી શાંત પડી ગઈ. એટલે સોનલે તરત જ બન્નેના રાંઢવાં પકડી લીધાં. પોતાના ઉતારામાંથી જોઈ રહેલો ફૂલ આવી સૌંદર્યવાન અને બલિષ્ઠ સ્ત્રીને જોઈ અને તેણે કરેલા પરાક્રમનું પ્રત્યક્ષ દર્શન કરી આભો જ બની ગયો. આ બધો બનાવ પલકવારમાં બની ગયો. સોનલ તો પોતાને રસ્તે પોતાની વાછડીને કુદાવતી કુદાવતી ઘેર ચાલી ગઈ પરંતુ જામફૂલની શાંતિ હણાઈ ગઈ હતી. તેણે પોતાના વિશ્વાસુ માણસને બોલાવીને પૂછ્યું કે આ સ્ત્રી કોણ છે? પેલાએ કહ્યું, ‘બાવા, એનું નામ સોનલ છે. એ કુડધર રબારીની પાલક પુત્રી છે. બધા કહે છે કે સ્વર્ગની અપ્સરા અહીં પૃથ્વી પર ઊતરી આવી છે.’ જામફૂલ પણ બોલી ઊઠ્યો કે ખરેખર એ અપ્સરા છે.

બીજે દિવસે જામફૂલ પોતાની રાજધાની તરફ ચાલી નીકળ્યો. પરંતુ તેના મનમાં તો સોનલ કોતરાઈ ગઈ હતી અને તેણીને કેમ પ્રાપ્ત કરવી તે વિચારવા લાગ્યો. એણે પોતાના મંત્રી મારફતે કુડધરને તેના ગામથી તેડાવ્યો. પહેલાં તો કુડધર ગભરાયો. તેને થયું રાજાએ મને શા માટે બોલાવ્યો હશે? મેં રાજ્યનો કાંઈ પણ ગુનો કર્યો નથી. પણ કુડધર ત્યાં પહોંચ્યો ત્યારે રાજાએ સામે ચાલીને તેને આવકાર્યો અને પોતાની પાસે જ એક મોટા આસન પર બેસવા કહ્યું. પછી રાજાએ કુડધર સાથે ઘણી વાતો કરી એ પણ પૂછી લીધું કે સોનલ કોણ છે અને તે તેને ક્યાંથી મળી વગેરે બધી માહિતી પણ મેળવી લીધી અને છેવટે પોતે સોનલ સાથે લગ્ન કરવા માગે છે એવી પોતાની ઈચ્છા જાહેર કરી. આવા ઓચિંતા પ્રસ્તાવથી કુડધર મૂંઝાયો. હું એક ગરીબ રબારી અને આ તો એક રાજા. અમારા બેની સરખામણી ક્યાં? પણ પછી તેને લાગ્યું કે ખરેખર સોનલ રાજરાણી થવા લાયક છે એટલે તેણે રાજાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો.

કુડધરે ઘેર આવી આ વાત સોનલ પાસે કરી ત્યારે સોનલે પોતાના પાલક પિતાને કહ્યું કે, હું ફૂલને વરવા તૈયાર છું પણ મારી એક શરત છે. જે દિવસે ફૂલ બીજી રાણી લાવશે તે દિવસે સોનલ આ દુનિયામાં નહીં હોય. કુડધરને આ વાત યોગ્ય લાગી અને તેણે રાજાના મંત્રીને સોનલની આ શરત માન્ય હોય તો

સંબંધ કબૂલ રહેશે એમ જણાવ્યું. ફૂલે આ વાત ઘણી ખુશીથી સ્વીકારી અને લગ્નની તૈયારી થવા લાગી. રાજા ફૂલ ઘણો શોખીન હતો. તેથી આ લગ્નમાં ખૂબ ધામધૂમ કરવા પોતાના મંત્રીઓ, સેવકો અને ભાયાતોને પોતાની ઈચ્છા બતાવી. આ લગ્ન એટલું બધું ભવ્ય બન્યું કે આજુબાજુના રાજાઓ પણ જેઓ લગ્નમાં આવ્યા હતા તે ચકિત થઈ ગયા અને વળી સોનલ જેવી સૌંદર્યવાન પત્ની ફૂલને મળી તેથી તેના ભાગ્યની અદેખાઈ કરવા લાગ્યા.

લગ્ન બાદ ફૂલનો આનંદ સમાતો ન હતો. તે સોનલ સાથે એટલો બધો આનંદમાં રહેતો કે જાણે તેનું જીવન જ પલટાઈ ગયું અને સોનલ પણ પોતાના પતિને ખુશ રાખવા પોતાથી બનતું બધું કરતી અને ચાંદની રાતે પોતાના મહેલની અટારી ઉપર તેણી જ્યારે ફૂલ પાસે પોતાના મીઠા રાગથી સંગીત જમાવતી ત્યારે ફૂલ હર્ષ વિભોર થઈ જતો.

આવા આનંદ વચ્ચે આ દંપતી સુખ-ચેનથી જિંદગી ગુજારવા લાગ્યું અને એક વિશેષ આનંદનો દિવસ આવ્યો જ્યારે સોનલે એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. આ પુત્ર તે લાખો ફુલાણી. આ બાળક જન્મથી જ તેજસ્વી તેમજ સ્વરૂપવાન હતો. કચ્છના ઈતિહાસમાં આ લાખો ફુલાણી એક અતિ પરાક્રમી, બહાદુર, વીરપુરુષ તરીકે વિખ્યાત છે. તેના વિષે કવિઓએ કેટલાંય કાવ્યો લખ્યાં છે. આવા તેજસ્વી બાળકના પિતા થવાથી ફૂલનો ગર્વ સમાતો ન હતો. તે કલાકો સુધી પોતાના પુત્રને રમાડ્યા કરતો.

હવે આપણી આ કથાનો એક કરુણ પ્રસંગ આવે છે. રાજાનું જીવન એ પોતાના અંગત જીવન કરતાં પોતાના રાજ્ય માટેનું વધારે હોય છે. એટલે એક મોટા પાડોશી રાજાએ પોતાની રાજકુમારીને ફૂલ સાથે પરણાવવા માગું નાખ્યું અને એમ કહેવાય છે કે જેવો ફૂલ બીજી રાણીને પરણીને પોતાની રાજધાનીમાં આવ્યો કે તેણે પોતાના મહેલમાં સોનલને ન જોઈ. તેણે સોનલની ખૂબ તપાસ કરાવી પણ ક્યાંય તેનો પત્તો ન લાગ્યો એટલે તેને સોનલની શરત યાદ આવી અને અફસોસ કરતો રહ્યો. તેની નવી રાણી પણ શાંત અને સૌંદર્યવાન હતી પણ ફૂલનું જીવન સોનલ વગર જીવનપર્યંત બેચેન જ રહ્યું.

હવે લાખો પણ ખૂબ મોટો થઈ ગયો હતો. આ વાર્તા પૂરી કરતાં પહેલાં આપણે લાખા વિષે થોડીક વાતો જાણી લઈએ. એક કવિ લખે છે કે :

*લાખા પુત્ર સમુદ્ર કા, ફૂલ ઘરે અવતાર;*
*પારેવા મોતી ચુગે, લાખા રે દરબાર.*

આ દોહામાં કવિએ લાખાને સમુદ્રનો પુત્ર એટલે કે મેઘનો અવતાર કહ્યો છે અને તે એટલો બધો સમૃદ્ધ હતો કે તેના આંગણે પક્ષીઓ મોતી ચણતાં હતાં. એક બીજા કવિ લખે છે કે :

*પચ્છમ હિંદરો પાતસા, લાખો ફુલાણી.*

આ કાવ્યમાં કવિ લાખાને પશ્ચિમ હિંદુસ્તાનનો બાદશાહ ગણાવે છે. એમ કહેવાય છે કે લાખાના તાબા હેઠળ કચ્છ અને રાજસ્થાનના છ પ્રમુખ ગઢ હતા.

લાખાએ અત્યારના કેરા ગામ પાસે એક મોટું શહેર બંધાવેલું અને એક મોટો કિલ્લો કપીલકોટ ચણાવેલો અને એક મહાદેવનું મંદિર લાખેશ્વર બંધાવેલું. આ મંદિર આજે પણ શ્રેષ્ઠ વાસ્તુકલાના નમૂના તરીકે કેરા ગામની પાસે જર્જરિત અવસ્થામાં પણ એક ઉત્તમ નમૂના તરીકે આપણને લાખાની જાહોજલાલીનું દર્શન કરાવે છે.

***સૌજન્ય : "કચ્છનાં નારીરત્નો"***

## ટપુદાનભાઈ આપાભાઈ ગઢવી

**(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

વાતોના તેઓ હાલતાચાલતા ખજાના સમાન હતા! રાપરના શિક્ષક-લેખક સૂર્યશંકર ગોરને એક વખત ટપુભાઈએ કહેલું : 'મારી સાચી મૂડી આ સાહિત્ય તો છે જ; પણ દુલેરાય કારાણી (૧૮૯૬-૧૯૮૯), રામનારાયણ ના. પાઠક (૧૯૦૫-૮૮), ઠાકરશી કંસારા (૧૯૦૮-૯૬), કંચનપ્રસાદ છાયા (૧૯૦૮ - ૯૮), શંભુપ્રસાદ દેસાઈ (૧૯૦૮-૨૦૦૦), શંભુદાન ગઢવી (૧૯૧૦-૮૪), જયમલ્લ પરમાર (૧૯૧૦-૯૧) જેવા અનેક વિદ્વાનોના મારા પર લખાયેલા પત્રો પણ મારી મૂડી છે.'

રવિશંકર મહારાજ (૧૮૮૪-૧૯૮૪) ના શબ્દોમાં કહીએ તો ટપુદાનજી 'ઘસાઈને ઊજળા થનાર' માયાળુ માનવી હતા. સમગ્ર જીવન મા શારદા અને સાહિત્યની ઉપાસનામાં જ પસાર કર્યું. સ્ફૂર્તિલું શરીર, પ્રભાવક છતાં વિવેકી વાણી અને અદ્‌ભુત યાદશક્તિ છેવટ લગી જળવાઈ રહેલાં. આવા ઉજળા હૈયાના દેવીપુત્ર અને ઉમદા ગુણીજન એવા ટપુદાનભાઈ ગઢવીનું તારીખ ૨૧મી જૂન, ૨૦૦૩ અને સંવત ૨૦૫૯ ના જેઠ વદ-૭ (શનિવાર) ના અવસાન થયું. ૯૦મી જન્મજયંતીએ યાદાંજલિ....

***'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,***
***વૈશાલી સિનેમા રોડ,***
***અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૦૯૪૨૭૨૨૨૩૧૫૦***

**Corporate Office :**
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

લોકસાહિત્ય, ચારણી સાહિત્ય અને સંત સાહિત્યના અનન્ય ઉપાસક

# ટપુદાનભાઈ આપાભાઈ ગઢવી

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

*૯૨મી જન્મજયંતિ અને*
*૧૩મી પુણ્યતિથિ નિમિત્તે સ્મરણાંજલિ...*
*જન્મ : ૧૧મી જૂન, ૧૯૨૪*
*નિધન : ૨૧મી જૂન, ૨૦૦૩*

આ મહિને કચ્છના સાહિત્યોપાસક, સૌરાષ્ટ્ર-કચ્છના ઈતિહાસના અભ્યાસુ અને ભાતીગળ લોકસંસ્કૃતિના મર્મી એવા ટપુદાનભાઈ ગઢવીની ૯૨મી જન્મજયંતી (૧૧/૬) અને ૧૩મી સંવત્સરી (૨૧/૬) ના બેવડા અવસરે એમના પ્રેરક જીવનકવનની અહીં આછેરી રૂપરેખા ઉપસાવી છે...

**• સેના અને પોલીસમાં ફરજ :**

સમાજમાં આદરથી 'ટપુભાબાપુ' તરીકે ઓળખાતા ટપુભાઈ ગઢવી મા સરસ્વતીના ઉપાસક, ચારણી અને લોકસાહિત્યના મરમી, ઈતિહાસરસિક અને સંસ્કારી સાહિત્યના પ્રસારક હતા. પૂર્વાર્ધે કચ્છ સ્ટેટ ફોર્સમાં અને ઉત્તરાર્ધે પોલીસ ખાતામાં નોકરી કરનાર ટપુભાઈ ખુદ પણ શિસ્તભર્યું જીવન જીવ્યા અને શિસ્તાગ્રહી પણ રહ્યા. નિરાભિમાની છતાં સ્વમાની, સરળ હૃદયી, પરોપકારી, નિજાનંદી અને પ્રકૃતિપ્રેમી હતા.

આમ તો એમના પૂર્વજોનું મૂળ વતન બોરાણા (તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર) હતું. એમના પિતાજીએ સ્થળાંતર કરી કચ્છમાં વાગડ ખાતે વસવાટ આરંભેલો. પિતા આપાભાઈ (ઉર્ફે દાદાભા) રામભાઈ રાબા અને માતા રાધાબાના મોટા પુત્ર તરીકે ટપુભાઈનો જન્મ તારીખ ૧૧મી જૂન, ૧૯૨૪ (બુધવાર) અને સંવત ૧૯૮૦ ના જેઠ સુદ-૧૧ (ભીમ અગિયારસ, નિર્જળા એકાદશી, ગાયત્રી જયંતી) ના પવિત્ર દિવસે થયો હતો. સંતાનોમાં એમના પછી બે ભાઈઓ બાલુભા અને નારાણભાઈ હતા. ઉછેર સુખપર (શારદાનગર), તા. ભચાઉ ખાતે થયેલો.

લગભગ ૧૯૪૩માં તેઓ કચ્છરાજના લશ્કરમાં જોડાયા. ભાગલા પછી પોલીસ ખાતાના બિનતારી સંદેશાવ્યવહાર વિભાગમા જોડાયા અને ૧૯૮૨માં પોલીસ સબ ઈન્સ્પેક્ટર પદેથી નિવૃત્ત થયા. પોલીસ ખાતાની સેવા દરમ્યાન ખાવડા સરહદ, આધોઈ અને છેલ્લે રાપર ફરજ બજાવેલી. ૧૯૭૧ ના યુદ્ધ સમયે તેઓ આધોઈ પોલીસ મથકમાં વાયરલેસ ઑપરેટર હતા. ત્યારે એમની પરિશ્રમભરી કામગીરી બદલ જિલ્લા પોલીસ વડા તરફથી 'ગુડ સર્વિસ ટિકિટ' (૧૯૭૨) એનાયત થઈ હતી.

**• સાહિત્યપ્રેમ અને સેવા :**

પોલીસ ખાતા સાથે સંકળાયેલ વ્યક્તિ સાહિત્યપ્રિય પણ હોય એવું ઓછું બનતું હોય છે. ટપુભાઈ આવા એક અપવાદ હતા. સદ્ભાગ્યે શાંતિભર્યા વાયરલેસ વિભાગમાં નોકરી કરી. તેથી સાહિત્યના લગાવને થોડી મોકળાશ મળી હતી. સાહિત્યપ્રેમના કારણે ઈતિહાસ અને લોકસાહિત્યના વિદ્વાનોના અનેક દુર્લભ ગ્રંથો એમણે વસાવ્યા, વાંચ્યા અને પચાવ્યા પણ ખરા! વળી, કઈ માહિતી કયા સંદર્ભમાં મળશે તે પણ બરાબર યાદ રાખે. પાંચ-છ દાયકાથી વસાવાતું રહેલું સાહિત્ય એમણે જીવની જેમ જાળવ્યું.

તે સાથે સાહિત્ય જગતની સેવા પણ કરતા રહેલા. ચારણી, શિષ્ટ અને લોકસાહિત્ય તથા ઈતિહાસનાં ઉત્તમ પુસ્તકોના ઉપાર્જન સાથે સંવર્ધન પણ કરતા. પોતાની પાસેના જ્ઞાનભંડારમાંથી જરૂરી માહિતીઓ કેટલાય સંશોધકો અને જિજ્ઞાસુઓને ઘરબેઠાં ટપાલથી પહોંચાડ્યાના અનેક દાખલા છે! ઉપરાંત, પાત્ર વ્યક્તિઓને અમુક પુસ્તકો ભેટ સ્વરૂપે પણ આપતા. ખાસ કરીને ભક્તકવિ ઈસરદાનજી (૧૫મી સદી) કૃત હરિરસ અને દેવિયાણ, રણકાંઠાના રક્ષક રવેચી જેવા સદ્ગ્રંથોની અનેક પ્રતો જિજ્ઞાસુ જીવોને આપેલી. તો, 'કચ્છ તારી અસ્મિતા' (૧૯૯૬) ગ્રંથની નકલો બૃહદ કચ્છના સાક્ષરોને પહોંચાડી હતી.

છેલ્લે રાપરમાંથી નિવૃત્ત થયા પછી રાપરને જ એમણે નિવાસભૂમિ બનાવી હતી. ત્યાંના ગેલીવાડી વિસ્તારમાં તેઓ રહેતા. આજીવન અપરિણીત રહેલા આ દેવીપુત્ર પોતાની મસ્તી અને સાહિત્યરસમાં રત રહેતા. સાથે એવા જ વૃક્ષપ્રેમી પણ હતા. ફરજપાલનનાં સ્થળોએ ચોમાસામાં જાતમહેનતે વૃક્ષો વાવતા અને ઉછેરતા. વાર્ધક્ય અને એકલજીવનના કારણે ૨૦૦૦થી તેઓ અંજારમાં પોતાના ભત્રીજા (ભરત બાલુભા ગઢવી) ને ત્યાં કાયમી રહેવા આવ્યા.

**• જ્ઞાનના ચલિત ભંડાર :**

તે સાથે મારો એમની સાથે પરિચય શરૂ થયો અને વધ્યો. લોકસાહિત્યનું અગાધ જ્ઞાન ધરાવતા આ સરસ્વતીપુત્ર પાસે બેસી એમને સાંભળવા એ પણ લહાવો હતો, જે મને અનેક વખત પરસ્પરના ઘેર મળતો રહેલો. ઉપરાંત, ૨૦૦૨માં યોજિત સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદના ૧૪મા અધિવેશન (વઢવાણ) તથા ૧૩મા જ્ઞાનસત્ર (ભુજોડી-કચ્છ) માં એમના સાહચર્ય અને વક્તવ્યનો લાભ મને મળેલો.

સાહિત્ય, ઈતિહાસ અને ધર્મગ્રંથોની

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪ ઉપર)

## પ્રસિદ્ધિના મોહ વિનાનું ઋજુ વ્યક્તિત્વ ધરાવતા
# કચ્છના શબ્દ આરાધક : શ્રી બાબુલાલભાઈ ગોર

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

વાણી, વસ્ત્રો અને વર્તન જેમની વિનમ્રતા, નિખાલસતા, નિર્મળતાની પ્રથમ મુલાકાતે જ પ્રતીતિ કરાવે, એવા કચ્છના સુવિખ્યાત સાહિત્યસર્જક સાહિત્યપ્રેમી એટલે શ્રી બાબુલાલભાઈ શંકરલાલભાઈ ગોર. છેલ્લા લગભગ સાડા ચાર દાયકાથી તેમની કલમનો લાભ વાચકોને મૂલ્યવાન સામયિકો - દૈનિકો દ્વારા પ્રાપ્ત થઈ રહ્યો છે. માતા સાકરબેનની કૂખે તેમનો જન્મ તા. ૨૮-૧૦-૧૯૪૨ના થયો. ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં નોન મેટ્રિક સુધીનો અભ્યાસ. મારા પ્રિય વિદ્યાર્થી. હું તેમની પ્રતિભા નીરખી શકતો. આગલી બેંચ પર બેસવા કહેતો, તે બાબુભાઈ યાદ કરી બતાવે છે, ગૌરવ અપાવે છે.

યોગાનુયોગ તેમના ઍવોર્ડ વિજેતા પુસ્તક અક્ષરયાત્રાની પ્રસ્તાવના લખનાર વિખ્યાત લેખક અને ચિંતક ભાઈ શ્રી હરેશભાઈ ધોળકિયા, ભુજની લાલન કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયના મારા વિદ્યાર્થી હતા. એ સમયની તેમની સાહિત્યિક શક્તિ, ચિંતન, વિદ્યાર્થી મિત્રો માટેના વોલપેપર્સ, 'ઓજસ' મેગેઝિનમાં તેમની કૃતિઓનો લહાવો મને પ્રાપ્ત થયો છે. બાબુલાલભાઈ ભુજની મહારાવશ્રી વિજયરાજજી લાઈબ્રેરીના ગ્રંથપાલ તરીકે દીર્ઘકાલીન સેવા અર્પી તાજેતરમાં જ નિવૃત્ત થયા છે. આજે ૭૩ વર્ષની જૈફ વયે સતત કાર્યરત છે.

### • ભૂકંપમાં અવદશા :

ભુજના ધમધમતા વ્યવસાયિક વિસ્તાર ખત્રી ચકલામાં તેમનું મકાન હતું. તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ ને શુક્રવારે ભાનુશાલી નગરમાં નવા મકાનમાં રહેવા જવાનું હતું. તેમનો માલસામાન પેક થઈ ગયેલો. અચાનક ધરતી ધ્રૂજવા લાગી. તેમાં પરિવાર ધરતીમાં ધરબાયો. નસીબજોગે, ઈશ્વરની કૃપાથી અલ્પ સમયમાં જ પરિવારજનોને બહાર કાઢી લીધા. સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા. ભૂકંપ પીડિતોની સેવા અર્થે પ્રમુખ સ્વામિ મહારાજ, તેમના સંતો, શિષ્યો પધાર્યા. બાબુલાલભાઈના ભાનુશાલી નગરના નિવાસ સ્થાને સગવડ માંગી, તે ખુશીથી આપી. પૂ. સ્વામિજીએ આશીર્વાદ પાઠવ્યા.

### • સાહિત્યકારો સાથે પિતાશ્રીનો સંબંધ :

કચ્છના પીઢ અને લોક હૃદયે વસેલા સાહિત્યકાર ડૉ. શ્રી જયંત ખત્રી, બકુલેશજી આદિ શ્રી શંકરલાલભાઈના પરમ મિત્રો. ભુજ આવે ત્યારે માંડવીમાં બનેલી ઘટનાઓ, વાર્તાના પ્લૉટ, અન્ય મિત્રોની સુખ-દુઃખની વાતો શંકરભાઈને ત્યાં વાગોળે. કલાકો પસાર થઈ જાય. બાબુલાલભાઈ લખે છે કે ડૉ. જયંતભાઈ ખત્રીએ પિતાશ્રીને લખેલા પત્રો મેં જીવની જેમ જાળવેલા. જેને આ ભૂકંપ ભરખી ગયાનું ભારોભાર દુઃખ છે.

### • કચ્છી સાહિત્યની સેવા :

'કચ્છ મિત્ર' દૈનિકમાં કચ્છી કોલમ 'ધિલજી ગાલ્યું'ના કટાર લેખક કવિવર શ્રી જયંતીભાઈ જોષી 'શબાબ' કે જેઓ આકાશવાણી - ભુજના વરિષ્ઠ કેન્દ્ર નિયામકપદેથી નિવૃત્ત થયા, તેમણે શ્રી બાબુલાલભાઈ ગોરનો વિસ્તૃત પરિચય 'અખરેં જો ઉજારો' પુસ્તકમાં 'બાબુબાપા જીયો! જીયો' એ શીર્ષક હેઠળ નખશિખ આપ્યો છે. આકાશવાણી ભુજમાં 'ગામજો ચૉરો' નામક તથા 'બાબીડેંજા બોલ' નામના કચ્છી કાર્યક્રમોમાં બાબુલાલભાઈએ અનેક કચ્છી વાર્તાલાપો આપ્યા છે. ધિલજી ગાલ્યુંમાં બાબુભાઈની નવલિકા પ્રગટ થતી રહે છે. કચ્છી ભાષામાં લખવા તેઓ નવોદિતોને પ્રેરણા પૂરી પાડે છે. નવોદિતોના લખાણોને સુધારી સક્ષમ બનાવવા તેઓ જહેમત ઉઠાવતા રહે છે. ઈ.સ. ૨૦૧૦માં 'કચ્છ સાહિત્ય ઍકેડેમિ' ગાંધીનગર દ્વારા 'અખરેં જો ઉજારો' પુસ્તકને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું — આ પુસ્તકને મુંબઈ મધ્યે ગાલા પુરસ્કાર મળ્યો.

### • સાહિત્ય ક્ષેત્રે અનેક ઍવોર્ડ :

શ્રી બાબુલાલભાઈ ગોરને અનેક ઍવોર્ડ પ્રાપ્ત થયા છે. તેમને ગુરુ ગરિમા ઍવોર્ડ શ્રી મહાલક્ષ્મી ધામ તરફથી તથા ગુરુ વંદના ઍવોર્ડ શ્રી સંસ્કાર ભારતી - ભુજ દ્વારા અર્પણ થયા છે. કચ્છી સાહિત્ય ઉત્કર્ષ બદલ સિનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા તેમનું સન્માન કરાયું. સ્ટુડન્ટ જનરલ નર્સિંગ સ્કૂલના 'સ્નેહ સ્પર્શ' અંકમાં સાહિત્ય કૃતિઓ બદલ મોમેન્ટો અપાયા. શ્રી કચ્છ સાહિત્ય કલા સંઘ દ્વારા સન્માનપત્ર ધિલજી ગાલ્યુંના રજત જયંતિ પર્વ પર પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત સ્ત્રી, મંગલ મંદિર, અભિયાન તથા કચ્છ રચના માસિકોએ પણ સન્માન્યા છે.

### • વિશેષ પદ પ્રાપ્તિ :

કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા બાબુલાલભાઈ ગોરને સેમિનારોમાં અવારનવાર અધ્યક્ષપદ - સંયોજકના પદ પણ અપાતાં રહ્યાં છે. શ્રી રામસિંહજી રાઠોડ સ્મૃતિ ગ્રંથમાં તેમના લેખો પ્રગટ થયેલા છે. તેમની સંસ્થાનું મંત્રીપદ સંભાળે છે. 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' એ શ્રી રામસિંહજીભાઈ રાઠોડનું એક આગવું પુસ્તક છે. ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત 'કચ્છ વિકાસ વાટિકા'માં સંપાદક સહયોગ અર્પ્યો છે. 'કચ્છમિત્ર' દૈનિકમાં 'સ્વીકાર

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

# સ્વામી વિવેકાનંદ કચ્છમાં : નવું સંશોધન

• હરેશ ધોળકિયા •

સ્વામી વિવેકાનંદનું જીવન તે પ્રસિદ્ધ થયા ત્યારથી સંશોધકો માટે રસપ્રદ રહ્યું છે. તેમાં તે અમેરિકા જવા સ્ટીમરમાં બેઠા ત્યારથી તો, મોટા ભાગે, નોંધાયેલ રહ્યું છે, પણ ગુરુ રામકૃષ્ણના મૃત્યુ પછી તેમણે ભારતમાં જે ભ્રમણ કર્યું છે તે બાબતે સતત સંશોધન થતું રહ્યું છે. તેનું કારણ એ છે કે તે એક અજ્ઞાત સાધુ તરીકે દેશમાં ઘૂમતા રહ્યા છે. વારંવાર તેમણે પોતાનાં નામ પણ બદલાવ્યાં છે. તે પોતે પણ પ્રસિદ્ધિથી દૂર રહ્યા છે. તેથી આ સમય (જુલાઈ - ૧૮૯૦ થી મે ૧૮૯૨) લગભગ વણનોંધાયેલો રહ્યો છે. આ દરમ્યાન તેમણે પત્રો પણ ઓછા લખ્યા છે. તેથી પણ ઓછી માહિતી મળે છે. ૧૯૯૨માં આ બાબતની શતાબ્દી આવી હતી, ત્યારે આ બાબતે સંશોધન થવું શરૂ થયું હતું. ત્યારે વિવેકાનંદની કચ્છની મુલાકાત સંદર્ભે સ્વામી નિખિલેશ્વરાનંદજી ભુજમાં આવેલા. તેમની સાથે રહી બકુલેશ ધોળકિયા તથા આ લખનારને પણ તે જ્યાં ઉતર્યા હશે તે સંભવિત સ્થળો જોવાની તક મળેલ. આ સંદર્ભે શ્રી હિંમતસિંહજીને પણ મળેલ. પણ બધી જ માહિતી અસ્પષ્ટ મળે. તેના પરથી અંદાજ કરેલ કે આ સ્થળોએ રહ્યા હશે. પણ કોઈ ચોક્કસ માહિતી એકઠી ન થઈ શકેલ. ત્યારે વડોદરાનાં કેન્દ્રે આ માહિતી પોતાની સ્મરણિકામાં પ્રગટ કરેલ.

પણ રામકૃષ્ણ મિશને તંત ન મૂક્યો અને આ બાબતે સંશોધન ચાલુ રાખ્યું. રામકૃષ્ણ મિશનની એક પેટા સંસ્થા "રામકૃષ્ણ મિશન ઈન્સ્ટિટ્યૂટ ઑફ કલ્ચર" કલકતામાં આવેલ છે. તેના દ્વારા આ સંશોધન ચાલુ રહ્યું. ૨૦૧૨માં તેમણે ડૉ. શ્યામલી ચૌધરી નામનાં એક મહિલા વિદુષીને આ કામ સોંપ્યું. તેમણે ત્રણ વર્ષ પુષ્કળ મહેનત કરી આ સમયને ચોક્કસ ઘાટ આપવાનો પ્રયાસ કર્યો. તેના પરિણામે તાજેતરમાં આ સંદર્ભે ઇન્સ્ટિટ્યૂટે એક પુસ્તક પ્રકાશિત કર્યું - "ક્રોનોલોજિકલ એકાઉન્ટ ઓફ ધ ઈવેન્ટસ ઈન ધ પરિવ્રાજક લાઈફ ઓફ સ્વામી વિવેકાનંદ (જુલાઈ ૧૮૯૨ - મે ૧૮૯૩)."

આ પુસ્તકનું મહત્ત્વ એટલા માટે છે કે તેમાં પૂર્ણ ચોકસાઈ રાખવાનો પ્રયાસ થયો છે. તેમાં ૧ જૂન, ૧૮૯૦ થી લઈ ૩૧ મે, ૧૮૯૩ સુધી તારીખવાર સ્વામીજીના પ્રવાસ અને સ્થાનોની માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે. એટલે દિવસ વાર સ્વામીજી ક્યાં હતા, શું કરતા હતા - તે બધી જ માહિતી આપી છે. આ જોઈએ ત્યારે સંશોધક પર આદરભાવ થાય કે તેમણે આત્યંતિક મહેનત કરી સમગ્ર પુસ્તક તૈયાર કરેલ છે.

આમ તો જિજ્ઞાસુએ સમગ્ર પુસ્તક ઝીણવટથી વાંચવા જેવું છે, પણ અહીં આપણે સ્વામીજી કચ્છમાં ક્યારે આવ્યા, શું કર્યું તે જાણવાનો પ્રયાસ કરીએ. આગળ પણ તેના પર લેખ લખાઈ ગયેલ છે, પણ સંભવ છે, આ વર્તમાન માહિતી વધારે પ્રમાણભૂત છે.

સ્વામીજી કચ્છમાં બે વાર આવ્યા છે. પ્રથમ પ્રવાસ તેમણે ૨૩ જાન્યુઆરી, ૧૮૯૨ થી ૬ ફેબ્રુઆરી, ૯૨ દરમ્યાન કર્યો છે. કુલ ચૌદ દિવસ! આ ચૌદ દિવસમાંથી પ્રથમ અગિયાર દિવસમાં તેમણે જૂનાગઢથી ભુજ સુધી પગપાળા પ્રવાસ કર્યો છે. તે રણ માર્ગે થઈ આવ્યા છે. તેમના અમેરિકાનાં પ્રવચનોમાં જે રણનો ઉલ્લેખ આવે છે, તે કચ્છના રણનો છે જે તેમણે આ પ્રવાસ દરમ્યાન અનુભવેલો. ખાસ કરીને તે માયાના સંદર્ભમાં રણમાં થતાં મૃગજળનો ઉલ્લેખ વારંવાર કરે છે.

સ્વામીજી ૩ થી ૬ ફેબ્રુઆરી, ૯૨ દરમ્યાન ભુજમાં રહે છે. આ દરમ્યાન તે કચ્છના તત્કાલીન દિવાન મોતીચંદ લાલચંદના મહેમાન બને છે. આ દિવાન જૂનાગઢના દિવાન હરિદાસ દેસાઈના મિત્ર હતા. તેમણે જ તેમના પર ભલામણ ચિઠ્ઠી લખી આપી હતી. દિવાને જ સ્વામીજીનો પરિચય કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજા સાથે પરિચય કરાવ્યો. બંને, સ્વામીજીની પ્રતિભાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમના સાથે ધર્મ અને અધ્યાત્મ તથા વિવિધ વિષયો બાબતે પુષ્કળ ચર્ચાઓ કરી હતી. આ ઉપરાંત સ્વામીજી ભુજમાં સ્થાનિક બૌદ્ધિકોને પણ મળ્યા હતા એમ જણાવે છે. તેમની સાથે પણ વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. તેમાં ખાસ તો સામાન્ય લોકોને શિક્ષણ આપવું જોઈએ એ મુખ્ય વિષય હતો. આ સમય દરમ્યાન સ્વામીજી ભુજ આસપાસનાં મહત્ત્વનાં સ્થળો પણ જોવા ગયા હતા. તા. ૭ ફેબ્રુઆરીના સ્વામીજી ફરી જૂનાગઢ તરફ જવા રવાના થયા. પણ આ વખતે રણ રસ્તે ન જતાં દરિયાઈ માર્ગે ગયા હતા.

સ્વામી વિવેકાનંદ બીજી વાર કચ્છમાં ૨૩ માર્ચ, ૧૮૯૨ થી ૪ એપ્રિલ, ૧૮૯૨ દરમ્યાન આવે છે. આ વખતે તેમને કચ્છના રાજા તરફથી જ આમંત્રણ મળેલ છે એટલે આવે છે. એટલે આ વખતે તે સીધા દરિયાઈ માર્ગે જ આવે છે અને નારાયણ સરોવર ઊતરે છે. તે રાજવી કુટુંબ સાથે ૨૩ માર્ચના નારાયણ સરોવર અને કોટેશ્વરનાં દર્શન કરે છે. ૨૪ માર્ચના તે માતાના મઢ જાય છે. ૨૫ માર્ચે ત્યાંથી માંડવી જાય છે અને ૨૬ અને ૨૭ માર્ચ માંડવીમાં રહે છે. ૨૮ માર્ચના ભુજ આવે છે. ફરી ૨૯ માર્ચના માંડવી જવા રવાના થાય છે. ૩૦ માર્ચથી ૩ એપ્રિલ સુધી માંડવીમાં નિવાસ કરે છે. ૪ એપ્રિલના માંડવીથી પોરબંદર જવા રવાના થાય છે. આ વખતે પણ તે માંડવીથી દરિયા માર્ગે

જ રવાના થાય છે. આમ આ વખતે વિવેકાનંદ કચ્છમાં કુલ બાર દિવસ રહે છે જેમાંથી આઠ દિવસ માંડવીમાં જ રહે છે.

આ પ્રવાસ દરમ્યાન વિવેકાનંદ રાજવી કુટુંબ સાથે નારાયણ સરોવર અને કોટેશ્વર તથા માતાના મઢની મુલાકાત લે છે. માંડવીમાં કોઈ એક ભાટિયા સાથે રહે છે. અહીં તેમને ગુરુ ભાઈ અખંડાનંદજી મળે છે. પાછા ભુજમાં પણ મળે છે. ત્યારે તેમને વિવેકાનંદ કહે છે કે તે બન્નેએ ભુજ તરત છોડી દેવાની જરૂર છે, કારણ કે તેઓ કચ્છના રાજવીના પ્રિય પાત્ર થવાથી દરબારીમાં ઈર્ષ્યા જન્મી હતી અને થોડા વખત પહેલાં આ જ રીતે એક આનંદ આશ્રમના બંગાળી સાધુ પણ આ રાજવીને પ્રિય થયા હતા, ત્યારે દરબારીઓએ ઈર્ષ્યાથી તેમની હત્યા કરી નાખી હતી. એટલે બન્ને ઝડપથી ભુજ છોડી માંડવી પાછા આવી ગયા.

આ વખતે માંડવીમાં કોઈ વૃદ્ધ શેટ્ટી મહિલા સાથે આઠ દિવસ રહ્યા હતા તેમ સંશોધન જણાવે છે. કદાચ શેટ્ટી ભૂલ લાગે છે. "શેઠ" હશે. કોઈ જૈન મહિલા હોવાં જોઈએ. આ આઠ દિવસો દરમ્યાન સ્વામીજી માંડવીના બુદ્ધિનિષ્ઠ લોકોને મળ્યા છે અને વિવિધ વિષયો પર ચર્ચા કરી છે. પછી ચાલ્યા ગયા છે.

આ સંશોધનમાં એક ત્રીજો ઉલ્લેખ પણ છે. પરિવ્રાજન દરમ્યાન સ્વામીજી ૧૩ નવેમ્બર, ૧૮૯૧ થી ૨૫ નવેમ્બર સુધી અજમેરમાં રહ્યા છે. આ દરમ્યાન કચ્છના શ્રી શ્યામજી કૃષ્ણવર્મા અજમેરમાં છે. કદાચ દિવાન હોવા જોઈએ. તેમનાં પાંડિત્ય બાબતે સ્વામીજીને જાણ કરવામાં આવે છે. સ્વામીજી તેમને મળવા ઉત્સુક હોય છે. પણ આ સમય દરમ્યાન કૃષ્ણવર્મા કોઈ કામસર મુંબઈ ગયા હતા. તેથી બન્ને મળી શક્યા નહીં. વિવેકાનંદ ૨૫ નવેમ્બરના અજમેરથી બીવર ગયા. તે દરમ્યાન કૃષ્ણવર્મા મુંબઈથી પાછા આવ્યા અને તેમને સમાચાર મળ્યા કે સ્વામીજી અજમેર આવ્યા હતા અને હવે બીવર ગયા છે. લાગે છે કે તેમણે પણ સ્વામીજી વિશે વાતો સાંભળી હશે, તેથી તે પણ તેમને મળવા ઉત્સુક હતા. તેથી તે આવ્યા સાથે જ બીજા દિવસે તેમને મળવા બીવર ગયા છે. તે તેમને પાછા અજમેર લઈ આવ્યા. તેમના વચ્ચે ખૂબ ચર્ચાઓ થઈ હતી. સંભવ છે, કૃષ્ણવર્મા સ્વામીની દેશપ્રેમની વાતો સાંભળી પ્રોત્સાહિત થયા હશે અને પાછળથી જે તે તીવ્ર દેશભક્ત બન્યા, તેનાં મૂળિયાં અહીં નખાયાં હશે. પણ આ બે વિદ્વાનો અને દેશભક્ત મળ્યા હતા તે બહુ મોટી વાત હતી.

આ સંશોધન અને ૧૯૯૨ દરમ્યાન સ્થાનિકે તપાસ કરવામાં આવી હતી, તેમાં બે વાત રહી ગઈ હોય એવું લાગે છે. અમે જ્યારે તપાસ કરી હતી ત્યારે તેમના માંડવીના નિવાસ દરમ્યાન બે ઘટનાઓની જાણ થઈ હતી. માંડવીમાં સ્વામીજીએ કોઈ સંગીતકારને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારે તેમને કહેવામાં આવેલ કે એક બહેન દ્રુપદમાં સારાં ગાયિકા છે. સ્વામીજી સામેથી તેમને મળવા ગયા હતા અને બન્નેએ સાથે દ્રુપદ ગાયન ગાયું હતું. બીજું, માંડવીમાં સ્વામીજી કોઈ એક મઠમાં રહ્યા હતા એવું પણ સાંભળવા મળેલ. પણ બન્નેમાં આ બહેન કોણ અને મઠ કયો તે બાબતે કોઈ જ માહિતી મળી ન હતી. ભાટિયા પણ કોણ હતા તે પણ ખ્યાલ આવ્યો ન હતો. તેનું કારણ એ હતું કે સ્વામીજી અજ્ઞાત સાધુ હતા. તેથી એક સારા અને વિદ્વાન સાધુ તરીકે મનાયા હશે અને તેની કોઈ નોંધ થઈ નહીં હોય.

ભુજમાં પણ ક્યાં ઊતર્યા હતા તે બાબતે પણ વિવિધ મત છે. સંશોધન કહે છે કે દિવાનને ત્યાં ઉતર્યા હતા. પણ અહીં તપાસ કરેલ ત્યારે, શ્રી હિંમતસિંહજીના મતે, તે રાજ્યનાં ગેસ્ટ હાઉસમાં ઉતર્યા હશે. એટલે કાં તો હાટકેશ્વર સામે આવેલ રાજપૂત છાત્રાલય-જે ત્યારે સ્ટેટ ગેસ્ટ હાઉસ હતું - તેમાં ઊતર્યા હશે, અથવા આશાપુરા મંદિર પાછળ આવેલ કેરાના ઉતારામાં ઊતર્યા હશે (બંને આજે નથી.) એક અભિપ્રાય એવો પણ હતો કે તે સીટી પોલીસ સ્ટેશન પાસે આવેલ સોનીની ધર્મશાળામાં ઉતર્યા હતા. કારણ કે ૧૯૨૫ માં ગાંધીજી આવ્યા ત્યારે તેમને વિવેકાનંદ રહેલ તે સ્થળે જ ઉતારવા એમ વિચારાયેલ અને ત્યારે આ સોનીની ધર્મશાળાનો વિચાર થયેલ. સંશોધન પુસ્તકમાં જે ફોટો આપ્યો છે, તે નાનીબા પાઠશાળાનો લાગે છે. તો સંભવ છે, ત્યાં ઉતર્યા હોય. પણ એ તો નક્કી કે એક વાર સ્વામીજી દિવાનને મળ્યા હશે પછી તે રાજ્યના જ મહેમાન થયા હશે અને સ્ટેટ ગેસ્ટ હાઉસમાં જ ઉતર્યા હશે. એક અભિપ્રાય પ્રમાણે ભુજના વડીલો કે.કે. છાયા અને મણિભાઈ ધોળકિયાના પિતાશ્રીઓ ડાયરી લખતા તેમાં કદાચ ઉલ્લેખ હતો, પણ તપાસ કરતાં કોઈ ડાયરી ન મળી. તેથી વાત અટકી ગઈ હતી.

જે હોય તે, પણ આ બાબતે સંશોધન ચાલુ છે તે અગત્યનું છે. આપણે ત્યાં પણ મેકણ, કૃષ્ણવર્મા અને કે.ટી. શાહ બાબતે પણ આવું સંશોધન જરૂરી છે. તેમના જીવનની શરૂઆત પણ કચ્છમાં થઈ હતી. તો ક્યાં રહ્યા, ક્યાં ભણ્યા, ક્યારે ગયા — આ બધી બાબતોનું સંશોધન થાય તો ગૌરવપ્રદ ઈતિહાસ જળવાઈ રહે. આપણે ઈતિહાસ બાબતે ઝનૂની છીએ, પણ પ્રેમી નથી. સંશોધન અને જાળવણી બાબતે જબરા ઉદાસીન છીએ! ■

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

સમાજ ચિંતન

# મહિલા સશક્તીકરણ : સમગ્ર માનવ સમુદાય માટે ચિંતનનો વિષય

• ડૉ. કિશોર સાધુ •

*'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા.'*

બીજા એક વેદમંત્રમાં પણ કહેવાયું છે કે, 'હે સ્ત્રી, તું અજેય છે, તું વિજેતા છે, તું શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરનાર છે, તું હજારો પ્રકારનાં પરાક્રમ દાખવી શકે છે એટલે તું સહસ્રવીર્યા છે. તું મને શક્તિ પ્રદાન કર.'

આપણાં શાસ્ત્રો મહિલા આદરકથાઓ અને સશક્તીકરણની કથાઓથી ભરેલાં છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિએ નારીનો દરજ્જો નરથી ઊંચો માન્યો છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ, માતાનું સ્થાન પહેલું મૂક્યું છે.

*કવિ કાગ લખે છે :*

***'મોઢેથી બોલું મા, કોઠાને ટાઢક કાગડા!***
***મોઢે બોલું મા, સાંચેય નાનક સાંભળે;***
***મોટપની મજા, મને કડવી લાગે કાગડા!***

૨૧મી સદીમાં વિશ્વમાં રાજકીય, રમતગમત, વેપાર વાણિજ્ય, ધંધાઉદ્યોગ, ખેતી, મજૂરી, સહકારી અને ખાનગી - કોર્પોરેટ જેવાં અલગ અલગ ક્ષેત્રોમાં મહિલાઓને જ્યાં તક સાંપડી છે ત્યાં વિકાસની હરણફાળ ભરી પુરુષ સમોવડી બની છે. પોતાના સામર્થ્યને ચરિતાર્થ કર્યું છે. ગાંધીજીએ કહ્યું છે કે, 'સ્ત્રી અને પુરુષ એક જ દરજ્જાનાં છે. એક જ નથી. એ અપૂર્વ જોડી છે. એકબીજાની પૂરણી છે. અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ જ નથી.'

અહીં હરીફાઈની નહીં, સમાનતાની વાત છે. પરિવર્તનના વૈશ્વિક માહોલમાં દરેક સમાજે વિકાસ સાધવો હશે તો મહિલાઓને સમાનતાનો દરજ્જો આપવો પડશે. વાંચેલું એક વાક્ય યાદ આવે કે, 'વિશ્વકલ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જ્યાં સુધી સુધરશે નહીં ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકે નહીં. કોઈ પણ પંખીને એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે.' - મહિલા સશક્તીકરણ સમાજ, રાજ્ય, દેશ કે સરકારની જ ચિંતાનો વિષય નથી, પરંતુ તે સમગ્ર માનવ સમુદાયની ચિંતા અને ચિંતનનો વિષય છે. જેમ અર્ધા શરીરને લકવો થઈ જવાથી જે દુર્દશા શરીરની થાય છે, તેવી જ આપણા સમાજની થઈ જાય. મહિલા, સમાજનું અડધું અંગ છે. તે જો નિર્બળ રહે તો! મહિલા સશક્તીકરણ માનવતાનું સશક્તીકરણ છે. દરેક વિચારશીલ વ્યક્તિનું કર્તવ્ય છે, કે પોતાના સમાજના અડધા અંગની મૂર્છાને દૂર કરવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. આપણે પ્રાણવાન બનવા માંગતા હોઈએ અને સમાજને પ્રાણવાન બનાવવાની મનમાં અદમ્ય ઈચ્છા હોય તો સ્ત્રી-પુરુષ બંનેનું સાચા અર્થમાં સશક્તીકરણ થવું ખૂબ જરૂરી છે.

મહિલા સશક્તીકરણ માટે દર વર્ષે ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. જે મહિલાઓ માટે સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિવર્તન, વિવિધ પ્રકારનાં શોષણોમાંથી મુક્ત થવાનો અને સ્ત્રી શ્રમિકોની એકતા ટકાવી રાખવા માટે તેમજ વિશ્વશાંતિ અને પર્યાવરણના જતન થાય તેવો ઉમદા દૃષ્ટિકોણ રાખવામાં આવ્યો છે. આ આંતરરાષ્ટ્રીય મહિલા દિન એકસો આઠ વર્ષ પહેલાં અમેરિકાનાં પૂર્વ રાજ્યોમાં કામદાર બહેનોએ શોષણમાંથી મુક્ત થવા અને પોતાના અધિકારો માટે આપેલી લડતની સ્મૃતિરૂપે ઊજવવામાં આવતો હતો. યુનાઈટેડ નેશન્સે ૧૯૭૫ના વર્ષને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ જાહેર કર્યું હતું. ત્યારથી ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે વિવિધ વિષયવસ્તુ નક્કી કરીને ઊજવવામાં આવે છે અને તે દ્વારા મહિલાઓને સર્વક્ષેત્રે સમાન અધિકાર આપી, મહિલાઓને જાગ્રત થઈ સક્રિય થવા અનુરોધ કરવામાં આવે છે. આ વર્ષનું વિષય વસ્તુ "MAKE IT HAPPEN" નક્કી કરવામાં આવ્યું છે.

મહિલા સશક્તીકરણને મજબૂત કરતો દિલ્હી હાઈકોર્ટનો ચુકાદો છે; પરિવારના મોભીનું અવસાન થાય એવી સ્થિતિમાં તે પરિવારની સૌથી મોટી સ્ત્રી ઘરના 'કર્તા' ની ભૂમિકા નિભાવી શકે છે. અદાલતનો આ ચુકાદો અત્યારે સમગ્ર દેશમાં 'લૉ ઑફ ધી લૅન્ડ' છે. ઉત્તર દિલ્હીમાં એક ઉદ્યોગપતિના પરિવારમાં મોભી અને તેના ત્રણ દીકરાઓ મૃત્યુ પામ્યા. પછી 'નાના ભાઈના એક પુત્રે પોતાને પરિવારના મોભી તરીકે જાહેર કર્યો. પરંતુ મોભીની પુત્રીએ આ દાવાને કોર્ટમાં પડકાર્યો. પરિણામે સ્ત્રીને પરિવારની મોભી 'કર્તા' બનવાનો હક્ક મળ્યો છે. આ ચુકાદાથી મહિલાઓમાં ખાસ કરીને કુટુંબની મોટી દીકરીઓમાં નવો આત્મવિશ્વાસ ઊભો થશે.

હિંદુ ધર્મગ્રંથો અને રીતરિવાજ મુજબ 'કર્તા' મોભી શબ્દ - ખાસ સંદર્ભમાં વપરાતો આવ્યો છે. તે એવી વ્યક્તિ છે જે મૃતકને અગ્નિદાહ આપે છે, તેનું શ્રાદ્ધ કરે છે. પછી સામાજિક સ્તર પર તે મોભીનું સ્થાન લે છે. અત્યાર સુધી આપણી પરંપરા મુજબ આવો અધિકાર માત્ર પુરુષોને જ હતો. એટલે કે બાપ ન રહે પછી મોટા પુત્રનો અને ખાસ પરિસ્થિતિમાં નાના ભાઈ કે ભત્રીજાને આ અધિકાર મળતો. અવિભાજિક હિંદુ પરિવારમાં સંપત્તિના ભાગ કે વેચાણ સંબંધી નિર્ણય એ જ લેતા. વર્ષ ૨૦૦૫માં હિંદુ પરંપરા ધારામાં સુધારો કરી કલમ-૬ ઉમેરવામાં આવી હતી. તે આધારે મહિલાઓને પૈતૃક સંપત્તિમાં સમાન હક્ક અપાયો હતો પણ કર્તા તરીકે સ્વીકારવામાં આવી ન હતી. હવે

આ ચુકાદાથી વર્ષ ૨૦૦૫ના સુધારાને સાચા મુકામે પહોંચાડવામાં આવ્યો છે.

હવે ઘરના બધા જ પ્રકારના નિર્ણયો લેવાનો હક્ક પણ દીકરીને હાંસલ થઈ ગયો છે. કાયદા અનુસાર સૌને સમાન અધિકાર તો મળ્યા છે. ન્યાયપાલિકાની સક્રિયતાએ પુત્રીઓને અધિકાર સંપન્ન બનાવવાનો માર્ગ ખોલ્યો છે. દીકરીઓનો સામાજિક દરજ્જો બદલ્યો છે. દીકરીઓને કાયદાની નવી તાકાત મળી છે. જેનો સદુપયોગ થવો જોઈએ.

સમાજે પણ અદાલત સાથે કદમ મિલાવી આગળ વધવું જોઈએ. સારામાઠા પ્રસંગોમાં, પરંપરાગત રિવાજોમાં જે સ્થાન પુત્રને મળતું રહ્યું છે તે પુત્રીને પણ આપવું જોઈએ. માબાપને અગ્નિદાહ આપી ઘણી દીકરીઓએ નવો રાહ કંડાર્યો જ છે. આપણા દેશમાં ૨૦૧૫ના આંકડાઓ મુજબ ૧૦૦૦ પુરુષોએ ૯૪૩ મહિલાઓ છે અને રાજ્યમાં ૯૧૮ મહિલાઓ છે, એટલે કે દીકરીઓની અછત છે. તેના પરિણામ ઘણાં માઠાં આવી રહ્યાં છે, જીવન કુદરતી સંતુલનને આધારે ચાલે છે, અને તેમાં ખલેલ પડવાથી જીવનમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. રવીન્દ્રનાથ ટાગોરનું વાક્ય યાદ આવે - 'દેશને આપણે માતૃભૂમિ કહીએ છીએ, પરંતુ દેશની નારીમૂર્તિનો મહિમા જો આપણા દેશની સ્ત્રીઓમાં ન જોઈએ, બુદ્ધિશક્તિ તથા કર્તવ્યજ્ઞાનની ઉદારતાથી આપણે જો આપણી સ્ત્રીઓને પૂરેપૂરા સરળ ભાવે નહીં નિહાળીએ, આપણાં જ ઘરોમાં જો આપણે દુર્બળતા, સંકુચિતતા અને અપકવતા જોતા હોઈએ તો કદી પણ આપણે દેશનું સાચું દર્શન પામી શકવાના નથી.' સરકાર, સહકારી સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ મહિલા સશક્તીકરણ માટે અનેક પ્રયાસો હાથ ધરી રહી છે.

દેશને વિકાસના રાહ ઉપર લઈ જવા નારીશક્તિનું સન્માન થવું જ જોઈએ. સ્ત્રી કમાય પણ વાપરવાનો અધિકાર છે? કદાચ કમાણી વાપરે તો ઘરમાં સંઘર્ષ ઊભો થાય છે. માનસિકતા બદલવાની જરૂર છે. વિવિધ પ્રસંગોમાં મહિલાઓને આગળ લાવવાના પ્રયાસો થવા જોઈએ. સહકારી સંસ્થાઓ મહિલા સશક્તીકરણ ક્ષેત્રે ઘણું કામ કરી શકે તેમ છે.

*સૌજન્ય : "ઓળખ"*

*પડેલા પથ્થરને પગથિયામાં પલટાવી દે તે સંત.*
*વિઘ્નોને વરદાનમાં ફેરવી નાખે તે સંત.*
*આપત્તિને આશીર્વાદમાં ફેરવી દે તે સંત.*

## કચ્છના શબ્દ આરાધક : શ્રી બાબુલાલભાઈ ગોર

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

સમાલોચના' કટાર સંભાળી રહ્યા છે. કચ્છ યુનિવર્સિટીમાં 'કચ્છી ચેર'ના ડાયરેક્ટર તરીકે બાબુભાઈની નિમણૂક કરવામાં આવેલી.

- **સાહિત્યકારોના મૂલ્યવાન પ્રતિભાવો :**

'કચ્છમિત્ર'ના પૂર્વતંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીએ બાબુલાલભાઈની કૃતિઓને બિરદાવી પ્રોત્સાહિત કર્યા છે. કચ્છમિત્રના 'પગેરું'ના કટાર લેખક સાહિત્યવિદ્ શ્રી રજનીકાંત સોની લખે છે કે, 'સામાન્ય પરિવારમાં જન્મ, ઉચ્ચ અભ્યાસનો અભાવ છતાં સાહિત્ય તરફનું આકર્ષણ ખૂબ જ આશ્ચર્યજનક છે. સાહિત્ય તેમના લોહીમાં છે. બાબુલાલ ગોરને અભિનંદન પાઠવું છું.' શ્રી રાધેશ્યામ શર્મા એક અનોખા મથાળા 'સાક્ષરજન તો તેને રે કહીએ... — શ્રી બાબુલાલ ગોર.'

કચ્છ પર સંશોધન કરનારાને શ્રી બાબુલાલભાઈ અત્યારે પણ મદદરૂપ થઈ રહ્યા છે.

*'સહજાનંદ', ૬-એ, લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## નામ પાડ્યા વગરના સંબંધો

**(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)**

કામ તો થયા કરે છે. તે યે યંત્રવત્ નહીં, છતાં હું વસું છું એ જ ધરતીના એક ભાગમાં ભીંસતા કંપ અને તે પરની રચના, વસ્તી અસ્તવ્યસ્ત થઈ છે. હું કહી શકતો નથી, મારે શું? ધરતી પરના જીવન સાથે મારો સંબંધ છે જ, કારણ કે મારું જીવન આ જ ધરતી પર છે. અનિવાર્યતા જીવનની છે અને જીવન સમગ્ર પૃથ્વી પર છે, અનેકરૂપે વિસ્તરેલું છે. આપણે કંઈ અમુક શરતો પાળીને જીવતા નથી, શરતો નક્કી કરનારા આપણે કોણ? આપણે પોતાની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરી શકીએ નહીં અને સ્વતંત્રતા એ સ્થૂળ રૂપે અલગ એવા સૌ સાથેનો ભાવસંબંધ હોય તે. તે એકપક્ષી હોય તોયે તેને જીવનનો પક્ષ હોય છે.

આ હું શા માટે લખું છું એ હું જાણતો નથી. હેતુ અને આશય આરોપ્યા વિના પણ કશુંક કરવું ગમે છે, તે જીવનવિરોધી નથી, એટલી સમજ હોય તો બીજા કોઈ કારણની જરૂર હોતી નથી. રેતીનો રચેલો કિલ્લો, અનાયાસ રેતી પર આંગળીથી કોરેલા શબ્દોનો અર્થ જાણવાનો વિચારેય ક્યાં કર્યો હતો? કેટલીક નિર્હેતુક ક્રિયામાં જીવન અનુભવાય તો એટલો અર્થ પૂરતો છે.

*('ઉદ્‌બોધન' માંથી સાભાર)*

**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ
- ગઢવાલ • કોરા કોટન
- સુપરનેટ કોટા • ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા • જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ • પ્રિન્ટેડ જ્યોર્જેટ



**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**
મીનલ દેઢિયા • 09930704743
**KANCHI** *A Blend of Indian Heritage*
૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.
Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

# નામ પાડ્યા વગરના સંબંધો

• રતિલાલ 'અનિલ' •

ગિરનારના જંગલમાં જોયું કે મોર ખરેલાં પીંછાં સામે જોતોયે નથી! કોઈ વાર એ અણધાર્યો, જમીન પરથી વૃક્ષ પર જવા ઝપાટાભેર ઊડે છે એ વખતે એકાદ પીંછું ખરી પડે તો તેની સામે નહીં, જેને કારણે એને ઊડીને જમીન પરથી એકાએક ઊડીને વૃક્ષ પર જવું પડ્યું તે અજાણ્યા આગંતુકને જુએ છે, ખરેલું પીંછું મારી શોભાનો રળિયામણો અંશ હતો એવો વિષાદ કરતો નથી, આગંતુક ગયા પછી એ 'ટેહુક!' પણ કરે છે. મોરને સ્મૃતિ ન હોય એવું તો નહીં હોય, તે આપણી દૃષ્ટિએ મર્યાદિત પણ એને માટે પૂર્ણ હોય, સ્મૃતિ ન હોય તો એ એના મૂળ પ્રિય વૃક્ષ પર પાછો ન ફરે! મર્યાદિત હોવું પણ પૂર્ણ હોવું! શૂન્ય તેનામાં પૂર્ણ છે! કશું નથી અને પૂર્ણ છે એ તથ્યથી મને રોમાંચ થાય છે!

મોર જાણે છે કે મારા શરીરને જરૂરી એટલાં પીંછાં અનાયાસ રહે છે. એક ખરે છે તો બીજું ફૂટે છે. પોતાને વિશે પૂર્વગ્રહ રાખવો એ કદાચ માણસની વિશેષતા છે. એટલે એનાં પીંછાં ખરે ત્યારે એ પોતાને વધારે બોઝિલ અનુભવે છે! તેનો મોહ અને પ્રયત્ન તો પીંછાંમાં ઉમેરો કરવાનો હોય છે. ઘણી બધી ડિગ્રી ધરાવનારા ગૌરવના ભારે કેવા ભારેખમ અને બોઝિલ લાગે છે! મોર બોઝિલ હોય તો ભારેખમ લાગે, રળિયામણાં પીંછાંનો શરીરે ખાસ્સો ભારો હોય તો પણ મને મોર ન તો હળવો, ન તો ભારેખમ લાગ્યો. બસ સાહજિક. અલબત્ત, જીવનમાં સ્પર્શ અને તેય જીવનનો સ્પર્શ આપી ગયા હોય એવા હવે દૂરના બનેલા સંબંધ ક્યારેક સાંભરે છે. જીવનની એક અવસ્થા હોય છે, જ્યારે સંબંધો અને સંબંધો જ હોય છે. હાજરીપત્રકની બહાર, નામાવલિની બહાર, ગુડબુકની બહાર, પીળી બુકની બહાર સ્વતંત્ર. એ જીરવવા અને સૌને જોગવવાનો ઉત્સાહ અને જોમ પણ હોય છે. બાળક કોઈ ઉદ્યાનમાં પતંગિયા પાછળ દોડે છે ત્યારે એણે આગલા સંબંધમાંથી એકને ઓછો કર્યો હોય એવુંયે નહીં, નવા સંબંધ બીઝી રાખશે એવુંયે નહીં, બસ કોઈનીયે ભલામણ, કોઈનાયે આદેશ, માર્ગદર્શન, સદ્‌બોધ વિના અનાયાસ ગમ્યું તેની પાછળ કોઈ પણ ગણતરી વિના દોડે છે. હું કહું કે મોઢામાં ઘાસની સળીની હવામાં લકીર દોરી જતી ચકલી સાથે મને સંબંધ છે તો હસશો નહીં, એમ તો નાળિયેરી કે ખજૂરી હોય અને તેનું તોતિંગ પાન (છતિયું કારણ કે એ છત પર રહે છે!) ખરી જાય તો એના અવાજને બધું પડતું મૂકીને જોવા બહાર નીકળું. એની સાથે મારે અણલખ્યો સંબંધ છે. સમગ્ર પરિવેશને કારણે હું મને અનુભવું છું, એમાં કશું ઘટે, બને તેની સાથે મને અણલખ્યો સંબંધ હોય છે. એવા સંબંધમાં લગ્નકરાર, મૈત્રીકરાર જેવું કશું નથી હોતું. ચકલી કે પેલું છતિયું તો મને જાણતુંયે ન હોય, પણ હું તો એમને જાણું છું, એમની સાથે ભાવસંબંધ ધરાવું છું. એવા માનવસંબંધ પણ મારે છે, અલબત્ત, એકપક્ષી. એના દ્વારા મને કંઈક મળતું રહે છે, નહીંતર કેવળ દાળભાત શાકથી મારું પોષણ થાય છે એમ માનવું તે તો મૂર્ખાઈ છે. સંબંધો જાણવા, બતાવવા અને ગણવા માટે નથી હોતા. મેં મારી યુગલછબિ નથી પડાવી, કારણ કે એ સંબંધ પુરવાર કરવો પડે એવો નથી. આપણા ભાવસંબંધો વ્યાપક ન હોય તો આપણે ભર્યું ભર્યું જીવન જીવી શકીએ નહીં. ક્યારેક અન્યમનસ્ક થઈ જવાય છે, તે ખરેલાં પીંછાંને કારણે નહીં, પણ માનવીય સંબંધ એકપક્ષી થઈ જાય ત્યારે. આપણે એ ખોટને સ્મૃતિથી પૂરવાનો પ્રયત્ન નથી કરતાં - અનાયાસ કોઈ યાદ તાજી થઈ જાય છે. કોઈ પાગલ કહે એવું હસીયે પડાય. પરિણામ એકાએક આવે પણ અનાયાસ હોય તો એ સંબંધસૂચક હોય છે. બધાં નામો સંબંધવાચક હોય છે. પાંચસો રૂપિયાની નોટ - એ નામ પણ સત્તાવાર સંબંધવાચક નામ છે. મૂલ્યવાચક નામ છે, મૂલ્ય સાથે સંબંધ ધરાવે છે પણ એનો પોતાનો સંબંધ ફરતો, પ્રવાહી હોય છે. એવો પ્રવાહી કે હોય ત્યાં હોય, ન હોય ત્યાં ન હોય, પણ જે હાજર નથી તેની સાથે સંબંધ હોઈ શકે અને તેનું મૂળ કેવળ અંગત હોઈ શકે. જે વેચાઈ શકે છે તે બધે વહેંચાઈ શકે છે અને શબ્દમાં સંબંધી બની શકે છે. દૃશ્યરૂપે સૌથી અલિપ્ત દેખાવા છતાં 'મારે શું?' એવું કહેવાનો ગુનો ન થઈ જાય તો સારું એવી આંતરિક સમજ રહે છે. ઘણા માણસોમાં એકલા પડવાનું ગજબનું દુઃસાહસ હોય છે! તે બોલી દે છે : મારે શું? આપણે હિજરાવા માટે પોતે જ એકલા પડી જઈએ? કોઈ કારણ વિના એકલા હસી પડો, ઉદાસ થઈ જાઓ તો તે સંબંધસૂચક હોય છે. તે ઇનામરૂપે મળ્યે વિશે કે કશું સ્થૂળ ખોવાઈ જવાને કારણે હોય એવુંયે નહીં. આપણું જાગ્રત મન નહીં જાણતું હોય એવા સંબંધો પણ હોઈ શકે છે. ઘણાં ખરાં સ્વપ્નનાં સંબંધ માનવશાસ્ત્રી આરોપે તે સિવાય શબ્દોમાં વર્ણવી શકાય એવા નથી હોતા. ક્યા અજાણ્યા સંબંધથી આપણે સમૃદ્ધ થતા રહીએ છીએ તે આપણે જાણતા નથી, કયો અજાણ્યો સંબંધ ઓછો થયો તે પણ આપણે અજાણી ઉદાસીનતામાં જાણતા નથી. પણ જીવન સાથેનો સંબંધ તો સૂચવે છે. અને જીવન તો સમગ્ર પૃથ્વી પર છે. ક્યાંક દૂર દૂર ધરતીકંપ થયાનું જાણી અનાયાસ મૌન આવે છે. પુછાય તેના ટૂંકા જવાબ અપાય છે, નહિ જેવું, ન કહેવાય એવું સ્વૈચ્છિક

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

# હે જિંદગી!

• સુરેશ - અલકા પ્રજાપતિ •

*હે જિંદગી!*

મુસાફરી દરમ્યાન અમને એમ કે કેટલાક લોકો તારા વિશે સારા એવા જાણકાર છે, એટલે તેમનું મોટું બોર્ડ અને બેનર જોઈને તેમની સલાહ લેવા પહોંચી ગયા. વળી, તેમની સલાહ લેનારાની વિશાળ સંખ્યા જોઈને અમને એમ લાગ્યું કે આ જ યોગ્ય વ્યક્તિ છે જે તારા વિશે અમને સત્ય બતાવે.

તેમને મળ્યા પછી ખબર પડી કે તેઓ પોતે ખરેખર જાણકાર નથી પણ જાણકાર હોવાનો ઢોંગ કરે છે. અમને તેમના જેવો ઢોંગ શીખવતા ગયા. એક દિવસ અચાનક તેઓ ચાલ્યા ગયા. અમને એ બાબતે શાતા હતી કે તેઓ વિરાસતમાં અમારી પાસે અમને જે શીખવતા, તે નકશો મૂકતા ગયા.

એમના નકશા મુજબ આખી મુસાફરી એ જ રોડ ઉપર કરતા રહ્યા. અંતમાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે અમારે તો ત્યાં જવાનું જ નહોતું. આવડો મોટો દગો?

તો પછી જેને અમે જાણકાર સમજતા હતા તે લોકો ભ્રમમાં હતા કે અમે અમારા ભ્રમમાં આ જાણકારને પકડ્યા?

આંબો પહેલાં કે ગોટલો? મરઘી પહેલાં કે ઈંડું? ઈશ્વરે માનવ બનાવ્યો કે માનવે ઈશ્વર બનાવ્યો? તે શોધવામાં આખી મુસાફરી પૂરી થઈ ગઈ. ગાડીમાં પેટ્રોલ પૂરું થઈ ગયું અને ગાડી બંધ થવાની હતી ત્યાં તેં કહ્યું કે તેને શોધવાની જરૂર જ ક્યાં છે?

તો પછી, તને છેલ્લે જણાવતાં શરમ ના આવી? મને પહેલેથી જણાવ્યું હોત તો ભરેલી ટાંકીવાળી ગાડી બીજી કોઈ જગ્યા શોધવામાં લગાડત!

કશુંક શોધવામાં મારામાં થતું ‘પાગલપન’ કોણ ઊભું કરે છે?

મને એવો ભ્રમ રહે છે કે હું શોધું છું.

હે જિંદગી! તને તો બધી જ શોધોની ખબર હોવા છતાં, અમારી પાસે આવી નકામી મજૂરી શું કામ કરાવે છે?

ઉપર વિમાનમાં બેઠો ત્યારે તારી અનંતતાનાં દર્શન થયાં. ઉપરથી જોતો થયો ત્યારે નીચે તારા તમામ સ્વરૂપનાં દર્શન થયાં.

ઉપરથી જોઉં છું તો મંદિર, મસ્જિદ અને ચર્ચ એક સાથે દેખાય છે. ઉપરથી જોઉં છું તો સમજાય છે કે ક્યાં કશાની જરૂર છે. માટીની બનેલી કોઈ આડશને અલગ અલગ નામ આપવાની જરૂર જ ક્યાં છે? અહીં, તો એવું કશું નથી જેના માટે નીચે ઝઘડવું પડે છે.

ઉપર જેટલો સમય રહું છું તેટલો સમય મને અર્થપૂર્ણ અને નિરર્થક કાર્યો વચ્ચેનો ભેદ સમજાય છે.

પરંતુ, જેવો નીચે આવું છું અને મારા નામનું લેબલ શરૂ થાય છે અને મારી યાદશક્તિ ગાયબ થઈ જાય છે. ફરી પાછો, મારી ભ્રમની દુનિયામાં ખોવાઈ જાઉં છું.

હે જિંદગી! નીચે રહ્યા પછી પણ મને સતત ભાન રહે તો તારું જાય છે શું? શું કામ તું પાછો અમને ભ્રમિત બનાવી દે છે? તને ડર છે કે તારી પોલ દુનિયાને ખબર પડી જશે? એક દિવસ અચાનક હું ટપકી પડ્યો. આસપાસ બધું જ નક્કી હતું મારે શું કરવાનું એ પણ નક્કી હતું. શાંત તળાવમાં એક વમળ ઊભું થયું. ક્યાં ટપકવું, કોને ત્યાં ટપકવું અને ક્યારે ટપકવું... બધું જ નક્કી હતું.

એક દિવસ અચાનક હું અહીંથી ટપકી જઈશ, ક્યારે ટપકી જઈશ, ક્યાંથી ટપકી જઈશ અને કેવી રીતે ટપકી જઈશ... બધું જ તારું નક્કી કરેલું હોય છે. એ સમયે મારી આસપાસના લોકોએ શું કરવાનું એ પણ નક્કી જ હોય છે.

તો પછી, વચ્ચેના સમયમાં ખરેખર અમારે નક્કી કરવા જેવું કાંઈ હોય છે ખરું?

હે જિંદગી! જે હું કરું છું અને જે હું કરવા માગું છું એ બન્ને વચ્ચે આટલી મોટી ખાઈ રચવાનું કોઈ ખાસ કારણ? જો તારે ખાઈ જ રાખવી હોય તો પછી મારે શું કરવું જોઈએ તેની મને સમજણ શા માટે આપે છે? જે કરવાનું છે તે ના કરી શકવાનો મારા મનમાં વસવસો પેદા કરીને તને મળે છે શું?

હે જિંદગી!

જે આખી મુસાફરીમાં જોવાનો નથી,

જે ભૂતકાળમાં જોયું છે એની કોઈ સ્મૃતિ નથી, તો પછી એવાં અજાણ્યાં રહસ્યો માટે આટલો બધો લગાવ શા માટે?

જે જાણતો નથી, જે જાણવાનો નથી તેના માટે સમય બરબાદ કરવા કરતાં, વર્તમાનમાં જીવતાં અમને શીખવ ને?

કલ્પનાઓનાં ફોલ્ડર મનમાં રચીને, કલ્પનાઓના ભવિષ્યમાં રાચીને, વર્તમાનને કલ્પનામય શા માટે બનાવવા દે છે?

હે જિંદગી!

આની પાછળનું તારું પ્રયોજન શું છે?

***સૌજન્ય : “જિંદગી (mystery unfold)”***

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

# સાંધ્ય વેળાએ – (૨)

• રશ્મિ શાહ •

ચા બની ગઈ. ઊભરો આવી ગયો. અમલ એકાએક સજાગ થઈ ગયો. ડાઈનિંગ ટેબલ પર બેસી ચા-નાસ્તો કર્યો. છેલ્લા એક મહિનાથી આમ એકલાં એકલાં સવારની શરૂઆત ગમતી નથી. છતાંય...જીવન છે...ટકાવવાનું છે. અમલે છાપું હાથમાં લીધું. જેથી કરીને વર્તમાનમાં ફરી શકાય.

નવ વાગતાં રોજિંદા ક્રમ મુજબ ઘેરથી નીકળ્યો. ઘરથી ત્રણેક કિલોમીટર દૂર આવેલ વૃદ્ધાશ્રમ 'સાંધ્ય-દીપ' અમલની સામાજિક પ્રવૃત્તિનું સરનામું હતું. નિવૃત્તિ પછી એ રોજ સવારે ત્રણેક કલાક ત્યાં જતો. છેલ્લાં ઘણાં વરસોથી એ આશ્રમની વ્યવસ્થાનું કામ અમલ જોઈ રહ્યો છે. સાથે સાથે રોજ વારાફરતી ત્રણચાર ઓરડામાં વૃદ્ધો સાથે બેસી, વાતો કરી એમની સમસ્યાઓ જાણવાની અને શક્ય એટલી મદદ કરવાની કોશિશ કરે છે. જેથી કરીને મૂંઝવણ અનુભવતા વડીલો, મિત્રો મનનો ભાર હળવો કરી શકે અને સાથે સાથે પોતે પણ પોતાના જ્ઞાન અને અનુભવનો ઉપયોગ કરી મદદરૂપ થઈ શકે.

રોજિંદી પ્રવૃત્તિના ભાગરૂપે અમલે 'સાંધ્ય-દીપ' પહોંચી અડધો કલાક ઑફિસમાં મેનેજર અને અન્ય સ્ટાફ સાથે વાતચીત કરી જોઈતી-કરતી સામગ્રી વગેરેની ચર્ચા કરી. એકાઉન્ટ્સ જોઈ લીધા. અને પછી પહેલા માળ પર આવેલ રૂમોની મુલાકાત શરૂ કરી. દાદરની નજીક આવેલ ઓરડા નંબર ૧૦૧માં એક વડીલ દંપતી રહેતું હતું. ઠંડીના કારણે રૂમનો દરવાજો બંધ હતો. અંદરથી બેઉની વાતચીત ચાલુ હોવાની પ્રતીતિ થતી હતી. અમલે બારણે ટકોરા માર્યા. વૃદ્ધ દંપતી પૈકી બહેને દરવાજો ખોલ્યો. અમલને આવકારતાં કહ્યું,

'આવો, શાહભાઈ આવો.'

નમસ્કાર કરતાં અમલ ઓરડામાં દાખલ થયો. સામે પલંગ પર બેઠેલ વૃદ્ધે પણ સામા નમસ્કાર કર્યા. પરંતુ તેમના ચહેરાની રેખાઓ જોતાં જ અમલ સમજી ગયો કે વડીલ કાંઈક અંશે દુઃખી છે. અને કદાચ પત્ની સાથે કોઈ કૌટુંબિક બાબતે ચર્ચા કરી રહ્યા હોવા જોઈએ. ચહેરાના ભાવ સ્પષ્ટ ચાડી ખાઈ રહ્યા હતા કે વડીલ દુઃખી હોવા સાથે ગુસ્સામાં છે. ઘરની કોઈ અંગત વ્યક્તિ જેને પોતે ખૂબ ચાહતા હશે એણે કોઈ વાતે વડીલને નારાજ કર્યા હશે. અમલ દંપતી વિશે અને એમના અંગત જીવન વિશે ઘણુંબધું જાણી ચૂક્યો હતો. કેમ કે તેઓને 'સાંધ્ય-દીપ' માં આવે ત્રણેક માસ થઈ ગયા હતા. અને આ ત્રણ માસમાં અમલે તેમની સાથે ઘણી મુલાકાતો કરી હતી.

દંપતી આનંદભાઈ અને મયૂરીબેન. ઉંમર બેઉની આશરે એંસી વર્ષની આસપાસ. આનંદભાઈ અહીં આવ્યા છે પણ જાણે જીવનમાં કોઈ આનંદ રહ્યો નથી. એવી જ રીતે મયૂરીબેનના જીવનમાં પણ ખુશીનો થનગનાટ નથી. જોકે આનંદભાઈની સરખામણીએ મયૂરીબેન, સ્ત્રી હોવા છતાંય લાગણીશીલ હોવા છતાંય વધુ સ્વસ્થ અને પરિપક્વ હતાં. જ્યારે આનંદભાઈ મનને મક્કમ કરી લાગણીઓ છુપાવી નહોતા શકતા.

'શું વડીલ, આજે વળી પાછા ગુસ્સામાં લાગો છો. એ જ પૌત્રની રામાયણ કે આ વખતે દીકરા-વહુએ દુઃખી કર્યા?' અમલે વડીલની દુઃખતી નસ દબાવતાં પ્રશ્ન કર્યો. કેમ કે અમલ વડીલની આપવીતીથી સારી રીતે પરિચિત હતો.

*આનંદભાઈના જીવનની કહાણી કાંઈક આવી હતી :*

મૂળ ગામડાગામના માણસ. વીસ વર્ષની ઉંમરે નોકરી અને આજીવિકા અર્થે ગામ છોડી શહેરમાં આવેલ. એક કૌટુંબિક સગાનો શહેરમાં કાપડનો વ્યવસાય. આજથી છ દાયકા પહેલાં કાપડના વ્યવસાયમાં સારી કમાણી. શેઠિયાઓને પણ અંગત અને વિશ્વાસુ માણસોની જરૂર. આનંદભાઈ માંડ આઠ ધોરણ પાસ. ભણવામાં ખાસ રુચિ પણ નહીં. ગામડે આર્થિક હાલત પણ બહુ સારી નહીં. એટલે શહેરમાં આવી ગયા. નોકરીમાં ધીમે ધીમે સ્વભાવગત મહેનત અને પ્રામાણિકતાના કારણે શેઠના માનીતા થવા લાગ્યા. શરૂ શરૂમાં શહેરમાં એક ઓરડી રાખી ભાડે રહેતાં. પેઇંગ ગેસ્ટ તરીકે જમી લેતાં. સાતેક વર્ષની નોકરી બાદ પેઢીમાં સારું એવું માન ધરાવતા થયા. લગ્ન કર્યા અને પત્ની સાથે રહેવા લાગ્યા. ત્રીસ વર્ષની ઉંમરે બાપ બન્યા. દીકરા ઉત્કર્ષનો જન્મ આશીર્વાદરૂપ બન્યો. દીકરાના જન્મના થોડા મહિનામાં જ શેઠે શહેરના વિકસતા વિસ્તારમાં આનંદભાઈને એક રૂમ રસોડાનો ફ્લેટ લેવડાવ્યો. એંસી ટકા લોન હતી જે પગારમાંથી જમા થઈ જાય. ઉપરની વીસ ટકા રકમ શેઠે બક્ષિસરૂપે આપી. શહેરના શેઠિયા. ગણતરી પણ પાકી. એક તો કર્મચારી ઉપકારના બોજા નીચે. વળી લોન ભરપાઈ કરવાની એટલે નોકરી સિવાય અન્ય વિચાર ના કરે. એમાંય આનંદભાઈ બિચારા ઝાઝું ભણેલા નહીં. પ્રામાણિકપણે મહેનત કરવી અને દીકરાને સારું ભણાવવો, બસ એ જ જીવનનું મુખ્ય પ્રયોજન. પોતાની આર્થિક સ્થિતિથી વાકેફ. એટલે વધારે સંતાનપ્રાપ્તિનો મોહ રાખ્યો નહીં. અને એ રીતે સરળ જીવન જીવતા રહ્યા.

દીકરો મોટો થતો ગયો અને ખ્યાલ આવ્યો કે ભણવામાં ઠીક ઠીક છે. બહુ વધારે પડતી આશાઓ રાખવી વ્યર્થ છે. છતાંય ઉત્કર્ષ ગ્રેજ્યુએટ થયો. મહેનત

કરીને એક સરકારી નોકરી મેળવી શક્યો. આનંદભાઈને એ વાતે નિરાંત થઈ કે સરકારી નોકરી છે એટલે આજીવિકાનો પ્રશ્ન દીકરાને રહેશે નહીં. એમાંય વળી ઉત્કર્ષે એની સાથે જ નોકરી કરતી એક ચિરાયુ નામની છોકરી સાથે પ્રેમલગ્ન કર્યાં. મતલબ પતિ-પત્ની બેઉ સરકારી કર્મચારી. જીવનભરની શાંતિ.

ઉત્કર્ષને લગ્નજીવન દરમિયાન બે સંતાન પ્રાપ્ત થયાં. મોટી દીકરી અને બીજો દીકરો. બંને વચ્ચે માંડ બે વર્ષનો ગાળો. ઉત્કર્ષ અને ચિરાયુ નોકરીએ જાય. આનંદભાઈ પણ નોકરી કરે. મયૂરીબેન બાળકોના ઉછેરમાં ધ્યાન આપે. બાળકો શાળાએ જાય ત્યારે તેમને તૈયાર કરવાં, ઘેર આવે ત્યારે તેમને સાચવવાં, ઘરની રસોઈ કરવી વગેરે તમામ કામ મયૂરીબેન સંભાળે.

થોડાં વર્ષ થયાં અને ઉત્કર્ષે આનંદભાઈને જણાવ્યું કે એક રૂમ-રસોડાનો ફ્લૅટ ખૂબ નાનો પડે છે તો સરકારી લોન લઈ ત્રણ બેડરૂમનો ફ્લૅટ લેવા એ વિચારે છે. એના વિચારે સ્વાભાવિક જ માબાપ ખુશ થયાં. ઉત્કર્ષે ધીમે રહી જણાવ્યું કે સરકારી લોનની રકમ ફ્લૅટ ખરીદવા પૂરતી ન હોઈ, તેઓ રહે છે એ ફ્લૅટ વેચી નાંખવો પડે તો જ આર્થિક વ્યવસ્થા થઈ શકે. દીકરા પ્રત્યેની લાગણીને લઈ આનંદભાઈ સહમત થયા. નવો ફ્લૅટ લેવાઈ ગયો. જૂનો ફ્લૅટ વેચાઈ ગયો. આનંદભાઈ સહ-કુટુંબ ત્રણ બેડરૂમના મોટા ફ્લૅટમાં રહેવા આવી ગયા.

જીવન આનંદથી પસાર થવા લાગ્યું. આનંદભાઈને એ વાતનો આનંદ હતો કે દીકરો નાની ઉંમરે ત્રણ બેડરૂમના ફ્લૅટનો માલિક બની ગયો. આટલા મોટા ફ્લૅટની પોતે તો કલ્પનાય નહોતી કરી. વળી ઉત્કર્ષનાં બેઉ સંતાનો દીકરી ચાહત અને દીકરો ચર્ચિત બેઉ દાદા-દાદીનાં વહાલાં સંતાનો બની ઊછરી રહ્યાં હતાં.

કહેવાય છે કે સુખના દિવસો ઝાઝા નથી ટકતા. જેમ જેમ બાળકો મોટાં થતાં ગયાં તેમ તેમ તેમની અલગ દુનિયા રચાતી ગઈ. દીકરી ચાહત તો સરળ, સમજું અને ઠરેલ હતી. એનો મોટા ભાગનો સમય અભ્યાસ પાછળ જ જતો. જ્યારે ચર્ચિત ઉંમરની સાથે થોડો જિદ્દી, તોફાની અને બેજવાબદાર બનતો ગયો. જોકે અભ્યાસ બાબતે એટલો બેફિકર નહોતો. પણ એનાં તોફાનો અને જીદના કારણે આનંદભાઈ વારે વારે એને ટકોર કરતાં. પરિણામે ધીમે ધીમે એના મનમાં દાદા માટે થોડો અણગમો પેદા થવા લાગ્યો. એમાંય કૉલેજમાં આવતાં આવતાં તો દાદા-પૌત્રના સંબંધોમાં ઊભી તિરાડ પડી ગઈ. આનંદભાઈ ઓછું ભણેલા હતા. કદાચ બદલાતા સમાજની તાસીરથી સાવ અજાણ હતા. જ્યારે ઉત્કર્ષ અને એની પત્ની ચિરાયુ ચર્ચિતને વધુ પડતાં લાડ લડાવ્યા કરતાં. ક્યારેક આનંદભાઈને લાગતું કે ચર્ચિત માટે થઈને ઉત્કર્ષ ધૃતરાષ્ટ્ર બની રહ્યો છે. એની આદતો, મિત્રવર્ગ અને હરકતોની વાતો જાણી એ ચિંતિત રહેતા. પણ આનંદભાઈનું વજન પોતાના જ દીકરા પાસે પૌત્ર માટેની લાગણી બાબતે ઓછું પડતું. એમાં વળી એક દિવસ ઉત્કર્ષે આનંદભાઈને સમજાવતાં કહ્યું,

'પપ્પા, તમે જાણો છો કે ચાહત અને ચર્ચિત હવે મોટાં થઈ ગયાં છે. એમનાં પોતાનાં અંગત જીવન છે. એ બેઉ જણ એમની રીતે રહે એ જરૂરી છે. મેં અને ચિરાયુએ નક્કી કર્યું છે કે હવેથી તમે અને મમ્મી બહાર ડ્રૉઈંગરૂમમાં સૂઈ રહેશો જેથી બંનેને અલગ રૂમ આપી શકાય. જ્યાં તેઓ અભ્યાસની સાથે પોતાનું અંગત જીવન જીવી શકે.

બીજી વાત કે તમે ચર્ચિતને વધુ ટોકશો નહીં એ ઉંમરલાયક થઈ ગયો છે. એને એના સારાનરસાનો વિચાર કરવા દો. તમને અમારી વાત નહીં ગમે. પણ પપ્પા, સમય પ્રમાણે સૌએ બદલાવું પડશે.'

દીકરાની વાત સાંભળી આનંદભાઈ સ્તબ્ધ થઈ ગયા હતા. એ મનોમન વિચારી રહ્યા. વરસો પહેલાં જ્યારે એક બેડરૂમના ફ્લૅટમાં રહેતા હતાં ત્યારે દીકરાનાં લગ્ન થતાં એની સગવડ માટે થઈને સ્વેચ્છાએ માબાપ બેડરૂમમાંથી ડ્રૉઈંગરૂમમાં આવી ગયેલાં. દીકરા માટે થઈને જ જ્યારે એણે ત્રણ બેડરૂમનો ફ્લૅટ લીધો ત્યારે દીકરાની ઈચ્છાને માન આપી, પોતાની માલિકીનો ફ્લૅટ વેચી નાંખ્યો હતો અને એ રકમ દીકરાને સોંપી દીધી હતી. આજે હવે ફરી એક વખત ડ્રૉઈંગરૂમમાં આવી ગયા. શું વૃદ્ધ થયા એટલે એમનું અંગત ના હોઈ શકે? આખરે મયૂરીબેનની સમજાવટથી મનને મનાવી લીધું કે એમણે જેમ દીકરાની લાગણી માટે થઈ પોતાની માલિકીનો ફ્લૅટ કાઢી નાંખેલો એમ ઉત્કર્ષે પણ દીકરા-દીકરીની લાગણી માટે થઈને કદાચ મા-બાપ માટે એમ વિચાર્યું હશે!

બેડરૂમમાંથી ડ્રૉઈંગરૂમમાં આવી જવાથી આનંદભાઈના પ્રશ્નોનું નિરાકરણ નહોતું આવી ગયું. જ્યારે જ્યારે ઘરમાં મહેમાન આવે, ચાહે એ ઉત્કર્ષ-ચિરાયુના હોય કે પછી ચાહત અને ચર્ચિતના હોય, બિચારાં ડોસા-ડોસીએ ઉનાળો હોય તો ફ્લૅટની ગૅલરીમાં કે અન્ય ઋતુઓમાં મહેમાનોની ઉપસ્થિતિ દરમિયાન ઉત્કર્ષ કે ચાહતના ઓરડામાં કે પછી ડાઈનિંગ રૂમમાં ભરાઈ રહેવું પડતું. ચર્ચિતનો રૂમ માત્ર ચર્ચિતનો હતો.

તમામ પરિસ્થિતિ સમજી, સ્વીકારી એટલે જ આનંદભાઈએ નોકરી ચાલુ રાખી હતી. ઘરની વ્યવસ્થાની જવાબદારી તો એમના માથે જ હતી. કેમ કે દીકરો-વહુ બેઉ નોકરી કરતાં હતાં. પૈસા બાબતે બેઉ જણે ક્યારેય એમને તકલીફ નથી આપી. ઘર ચલાવવા જ્યારે જેટલી રકમની જરૂર પડી એટલી રકમ આપી છે. પૌત્ર-પૌત્રીને ભણાવવાનો ખર્ચ ઉપરાંત ઉત્કર્ષ-ચિરાયુના અંગત ખર્ચાઓ બાબતે આનંદભાઈને કોઈ ફિકર નહોતી. પણ સ્વભાવગત નબળાઈઓને લઈ એમના ખાનગી નોકરીના પગારમાંથી જીવનભર બહુ ઓછી બચત કરી શકેલા.

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ચર્ચિત દાદા-દાદીથી દૂર થતો ગયો. જે દાદા-દાદીના ખોળામાં ઊછરી

મોટો થયો, જેમના પ્રેમ-લાગણીની છાંયમાં વૃદ્ધિ પામ્યો એ દાદા-દાદી ધીમે ધીમે ચર્ચિતને ઘરનાં વધારાનાં વાસણો લાગવા માંડ્યા. એના વર્તનથી ક્યારેક ઉત્કર્ષ પણ નારાજ થતો. પણ દીકરાને કાંઈ કહેવાની નૈતિક હિંમત એનામાં નહોતી.

સિત્તેર વર્ષની ઉંમર પસાર થવા છતાંય આનંદભાઈએ નોકરી ચાલુ રાખેલી. એક જ કારણસર કે પ્રવૃત્તિ સાથે આર્થિક ઉપાર્જન થતું રહે અને ઘરમાં સાવ અનિચ્છનીય ન બનાય. પરંતુ પેઢીમાં પણ જૂના શેઠની જગ્યાએ યુવાન પેઢી વહીવટમાં આવતાં અને કાપડ ઉદ્યોગની કમાણી ધીમે ધીમે ઓછી થતાં અન્ય વ્યવસાય તરફ મૂડીરોકાણ વધારતા જતાં હોવાથી ક્યારે નોકરીમાંથી છૂટા થવાનો વારો આવે તેની ખાતરી નહોતી! જેમજેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ઉંમરના વધવા સાથે શારીરિક, માનસિક તકલીફો વચ્ચે અસલામતીની લાગણી વધવા લાગી.

ચાહત અને ચર્ચિત બેઉનો અભ્યાસ પૂરો થયો. બેઉને યોગ્ય નોકરી પણ મળી ગઈ. ઘરમાં લગ્નની વાતો શરૂ થઈ. ચાહત આગળ અભ્યાસ કરવા માંગતી હતી. નોકરી સાથે અભ્યાસ કરવાની એની ઇચ્છા હતી. જ્યારે ચર્ચિત કોઈ પરધર્મી ખ્રિસ્તી યુવતી સાથે લગ્ન કરવા માંગતો હતો. સ્વતંત્ર વિચારો ધરાવતી યુવતીને મન ચર્ચિતનાં દાદા-દાદી સાચે જ ઘરમાં જૂનાં થઈ ગયેલાં વાસણો જેવાં હતાં. એની દૃષ્ટિએ જૂના જમાનાના માણસો અને એમના વિચારો એટલે પિત્તળના વાસણમાં પડેલા નકામા ગોબા.

મુસીબતો આવે ત્યારે ચારે તરફથી આવે છે. આનંદભાઈને ઉંમરસહજ નોકરી છોડવી પડેલી. ઘરમાં એમની આવક બંધ થઈ ગયેલી. વરસોની નોકરી દરમિયાન જે ત્રણેક લાખની બચત કરેલી તેના વ્યાજમાંથી ઉંમર સહજ રોગોની બી.પી., ડાયાબિટીસની દવાઓ ખરીદતાં જેથી દીકરા કે વહુ પર અન્ય બોજો ન પડે.

ઘરમાં બદલાયેલા વાતાવરણ અને વ્યવહાર પરથી સમજી ચૂકેલા કે ઘરમાં એમનું યોગ્ય સ્થાન નથી. દીકરા ઉત્કર્ષને લાગણી હતી પણ પત્ની અને દીકરાના મોહમાં અશબ્દ રહેવાનું વધારે પસંદ કરતો.

આખરે ચર્ચિતનાં લગ્ન થઈ ગયાં. ઘરમાં એક અન્ય પાત્ર આવી ગયું. આનંદભાઈ અને મયૂરીબેનની મુસીબતમાં વધારો થયો. એંસી આસપાસના બે વૃદ્ધ સિવાયની ઘરની પાંચેય વ્યક્તિઓ સવારે આઠ વાગ્યાથી લઈ દસ વાગ્યા સુધીમાં નોકરીએ ચાલી જાય. રસોઈયો પણ સવારે રસોઈ કરી ચાલ્યો જાય. ત્યારબાદ સાંજ સુધી બેઉ વૃદ્ધ ઘરમાં સાવ એકલાં. કહેવાય ઘર, પણ ઘરનું વાતાવરણ નહીં. સાંજે પંખીની માફક સૌ માળામાં પાછા ફરે. માત્ર વિસામો સમજી રાત્રી પસાર કરવા. ક્યારેક ઉત્કર્ષ તો ક્યારેક ચાહત વૃદ્ધો સાથે થોડી વાતો કરે. ચિરાયુ ખપ પૂરતી સાસુ સાથે વાત કરે. ચર્ચિત અને એની ક્રિશ્ચિયન પત્ની જૂલી પાસે તો અન્યોન્ય સિવાય ખાસ સમય જ નહોતો. એમાંય દાદા-દાદી માટે તો નહીં જ.

ગૂંગળામણ અનુભવતા આવા વાતાવરણ વચ્ચે એક દિવસ બેઉ વૃદ્ધોને લાગ્યું કે ઉત્કર્ષના ઓરડામાં કુટુંબની વ્યક્તિઓ વચ્ચે કાંઈ ગુસપુસ ચર્ચાઓ ચાલી રહી છે. થોડી વારે ચાહત ઓરડાની બહાર નીકળી ત્યારે એના બોલાયેલા છેલ્લા શબ્દો સંભળાયા.

'આ બધું બરાબર નથી થતું.'

બીજા દિવસે સાંજે ચાહત ઘેર આવી ત્યારે કુટુંબના અન્ય સભ્યો હજી આવ્યા નહોતાં. ચાહતે ઉદાસ ચહેરે ઘરમાં પ્રવેશતાં દાદા-દાદી સામે જોઈ ફિક્કું હાસ્ય કર્યું. પોતાના ઓરડામાં જઈ કપડાં બદલી રસોડામાં ગઈ. થોડીવારે બહાર ડ્રૉઈંગરૂમમાં આવી ત્યારે એના હાથમાં ચાના ત્રણ કપ ભરેલી ટ્રે હતી. ટિપોય પર ટ્રે મૂકતાં દાદા-દાદી પાસે બેઠી. બેઉના હાથમાં ચા આપતાં બોલી,

'લો દાદા-દાદી મારા હાથની છેલ્લી ચા પીઓ. કદાચ હવેથી આ ઘરની ચા તમને નસીબે નહીં થાય.'

એટલું બોલતાં એની આંખમાં વેદના ધસી આવી.

'કેમ દીકરી, આવું કેમ બોલે છે? તું આ ઘરમાંથી ક્યાંક જઈ રહી છે?''

દાદીનો હાથ-હાથમાં લેતા ચાહત બોલી, 'દાદી, હું નહીં. થોડા દિવસોમાં તમે આ ઘરમાંથી ક્યાંક અન્યત્ર રહેવા જશો.'

બેઉ વૃદ્ધ ધડકતાં હૃદયે અને ભયભીત ચહેરે પૌત્રીના ચહેરાના ભાવ વાંચી રહ્યા.

ચા પિવાઈ જતાં ચાહતે માંડીને વાત કરતાં કહ્યું, 'દાદા-દાદી, કાલે પપ્પાના રૂમમાં ચર્ચા થઈ ગઈ. તમે હવે બહુ ઘરડાં થઈ ગયાં છો. આ ઘરના યુવાન માણસો સાથે તમારો મેળ બેસી શકે એમ નથી. તમને એક સારા અને સગવડભર્યા વૃદ્ધાશ્રમમાં ભરતી કરાવવાનાં છે. પપ્પા કદાચ રાત્રે તમારી સાથે વાત કરશે.'

થોડી ક્ષણોના વિરામ બાદ ચાહત બોલી, 'દાદા, તમને આ ઘર સિવાય કદાચ નહીં ગોઠે. તમારા વિના મને પણ આ ઘર ચિડિયાઘર જ લાગશે. પણ હું તો ગમે ત્યારે લગ્ન કરી ચાલી જઈશ. તમને અહીંથી જવાનું નહીં ગમે. પણ તમારી વહાલી પૌત્રી તરીકે, ખૂબ નાની હોવા

**Dhiren Shah - Director**
M. : 98795 00916 ● E-mail : dhirenshah@favouriteshoes.com
HITSTEEL WAVES ULTIMA voltex Winner
**FAVOURITE**
**Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes**
**FAVOURITE SAFETY PRODUCTS**
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
**FAVOURITE SHOE COMPANY**
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

છતાંય, સલાહ આપીશ કે તમે નિર્ણય વધાવી લેજો. આ ઘરના કુંઠિત વાતાવરણ કરતાં તમારા હમઉમ્ર વડીલો સાથે ત્યાં તમને વધુ અનુકૂળ પડશે.' એટલું બોલતાં બોલતાં ચાહત સાચે જ રડી પડી.

એના માથે હાથ મૂકતાં આનંદભાઈ બોલ્યા, 'દીકરી, બીજાની તો ખબર નથી પણ તારામાં આટલી બધી લાગણીના સંસ્કાર ક્યાંથી આવ્યા? તું કહે છે એટલે એ વાત સાચી જ હશે. અમે તારી સલાહ માની સૌનો નિર્ણય સ્વીકારી લઈશું. પણ તારો બાપ, મારો દીકરો એ પણ...'

આનંદરાયને અધવચ્ચે અટકાવતાં ચાહત બોલી, 'દાદા, એમના માટે ક્યારેય ઓછું ના લાવતાં. એ તો આ રમતનું એક સોગઠું છે. એમની ઈચ્છા-અનિચ્છાનું આ ઘરમાં કોઈ મહત્ત્વ નથી.'

'અને દીકરી, તારી મમ્મી? મેં તો ક્યારેય એની સાથે સાસુ જેવો વ્યવહાર નથી કર્યો. બલ્કે એ નોકરી કરતી એટલે હું બધુંય સાચવી લેતી. તમને બે બાળકોને કોણે મોટાં કર્યાં?' દાદીએ લાગણીશીલ બની પ્રશ્ન કર્યો.

જવાબમાં ચાહત એટલું જ બોલી, 'દાદી, પુત્રપ્રેમમાં આંધળી બનેલી મમ્મીને ખબર નથી કે એની સાસુ પણ કોઈની મા છે. ચાલો હવે હું મારા રૂમમાં જાઉં. હમણાં બધી શાહીસવારી આવી જશે.'

બેઉ વડીલોને વિચાર કરતાં મૂકી ચાહત ચાલી ગઈ, આંખોમાં દાદા-દાદી માટેની ભીની ચાહત લઈ.

આનંદભાઈ અને મયૂરીબેન વરસોના સંગાથી એવા ઘર અને ઘરના માણસોને છોડીને એકલાં-અટૂલાં અન્યત્ર જવાના વિચારમાત્રથી અસ્વસ્થ થઈ ગયાં. વ્યથિત હૃદય અને સંતપ્ત મન સાથે જીવનભરની સ્મૃતિઓને વાગોળતાં બેસી રહ્યાં.

રાત્રી-ભોજન બાદ ઉત્કર્ષ અને ચિરાયુ ડ્રોઈંગરૂમમાં આવીને બેઠાં. ઉત્કર્ષે ધીમેથી વાતની શરૂઆત કરતાં કહ્યું, 'પપ્પા, તમારી સાથે થોડી વાત કરવી છે.'

જાણતાં હોવા છતાંય અજાણ હોય એમ વર્તતા આનંદભાઈ બોલ્યા, 'બોલ ભાઈ, શું કહેવું છે?'

'પપ્પા, અમે જાણીએ છીએ કે તમે બંને જણ આખો દિવસ એકલાં ઘરમાં કંટાળતાં હશો. અમે બધાં નોકરીએ જઈએ. સાંજે થાક્યાપાક્યા નોકરીએથી આવીએ એટલે તમારી સાથે શાંતિથી બેસી પણ ના શકીએ. વળી અમારા કોઈના પણ મહેમાન આવે એટલે તમારે ડ્રોઈંગરૂમમાંથી ડાઈનિંગ રૂમ કે પછી અમારા કે ચાહતના ઓરડામાં બેસી રહેવું પડે. ઘણુંબધું વિચાર્યા પછી અમે નક્કી કર્યું છે કે શહેરની નજીક એક સંસ્થા દ્વારા 'સાંધ્ય-દીપ' નામે એક આશ્રમ ચલાવવામાં આવે છે જ્યાં તમારા જેવા સાઠ-સિત્તેર વડીલો રહે છે. હું અને ચિરાયુ જાતે એ જગ્યા જોઈ આવ્યા છીએ. સારી જગ્યા છે. સગવડો પણ ઉત્તમ છે. અમારા સહુની ઈચ્છા છે કે તમે બેઉ જણને ત્યાં રાખવા. એમ કરવાથી તમને તમારી ઉંમરના વડીલોની કંપની પણ મળી રહે. વળી આખો દિવસ પ્રવૃત્તિમય રહે. તમને એકલતા પણ ન લાગે અને સમય સારી રીતે પસાર થાય. ત્યાં એ લોકો મહિને બે વ્યક્તિના રહેવા-જમવા સહિત ચાર હજાર રૂપિયા જેટલી રકમ લે છે. જોકે એ વ્યવસ્થા અમે જ કરીશું. એ સિવાય પણ તમને કાંઈ જરૂર હશે તો શક્ય એટલી મદદ પણ કરીશું.'

એટલું બોલી ઉત્કર્ષ ચૂપ થઈ ગયો. પપ્પાના પ્રત્યાઘાત જાણવા એમની સામે જોયું. આનંદભાઈ મનોમન બરાબર અકળાયા. પરંતુ ચાહતે આપેલી સલાહ મનોમન યાદ રાખી બોલ્યા, 'દીકરા ઉત્કર્ષ, અમારી એકલતાની વાત જવા દે. અમે જાણીએ છીએ કે તમને લોકોને અમારા કારણે ઘણી અગવડ પડે છે. ખાસ કરીને ચર્ચિત અને જૂલીને. ચર્ચિતને મન તો હું કચકચિયો ડોસો છું. મારા માટેનો એનો પૂર્વગ્રહ હું જાણું છું. એની ચર્ચા નથી કરવી. પણ હું એને વારંવાર ટોકતો હતો એટલા માટે કે મને લાગતું હતું કે એ જે રસ્તે જઈ રહ્યો હતો ત્યાંથી એને સમજાવીને વાળવો મારી ફરજ છે. ભલે એ ભૂલી ગયો કે નાનપણમાં એ પણ દાદા-દાદીના ખોળે ઉછેર પામ્યો છે. કદાચ તું પણ એ વાત ભૂલી ગયો.

જવા દે ભાઈ, લાંબી ચર્ચા કરવાના બદલે તમારો નિર્ણય અમને સ્વીકાર્ય છે. પણ એક વાત જણાવી દઉં કે આ ફ્લૅટમાં મારો પણ કાંઈક હિસ્સો છે. યાદ કર ત્રણેક દાયકા પહેલાં જ્યારે તેં આ ફ્લૅટ લીધો ત્યારે મેં એક રૂમ-રસોડાનો આપણો ફ્લૅટ જે મારા નામે હતો તે વેચી પૂરેપૂરી રકમ તને આપી દીધેલી; ત્યારે આ ફ્લૅટ ખરીદી શકાયેલો. આજે આટલા વરસે એ રકમ કેટલી થાય એનો હિસાબ માંડજે. એટલે અમને ઘરડા-ઘરમાં ધકેલી કદાચ મહિને તું અમારા ખર્ચના ચાર હજાર રૂપિયા આપી કોઈ ઉપકાર નથી કરતો. તને એમ કે તારા બાપને હિસાબોની સમજ નહીં પડે. પણ એક વાત તું ભૂલી ગયો કે હું ભણ્યો બહુ નથી છતાંય ગણ્યો છું. જ્યારે તમે બેઉ નોકરીમાંથી નિવૃત્ત થશો ત્યારે વધુમાં વધુ પાંત્રીસેક વર્ષ નોકરી કરી હશે. મેં વીસ વર્ષની ઉંમરથી લઈ પંચોતેર વર્ષની ઉંમર સુધી આશરે પંચાવન વર્ષ નોકરી કરી છે. મારા શેઠની પેઢીના વ્યવહારો અને સંબંધોના હિસાબોનો મને અનુભવ છે.

તારી વાત સાચી છે. આ ઘરની એકલતા, એથીય વિશેષ અમારા પ્રત્યેના

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

તમારા વ્યવહારથી અમેય દુઃખી છીએ. તું એક વાત ભૂલી ગયો દીકરા, કે જેમ તું એક દીકરાનો બાપ છે અને એના પ્રત્યેના પ્રેમ-લાગણીમાં તરબોળ છે એમ તારે પણ એક બાપ છે અને એ પણ તને એટલો જ પ્રેમ કરે છે. જવા દે આ બધી વાતો. એટલું કહે ક્યારે અમારે આ ડ્રૉઈંગરૂમ ખાલી કરવાનો છે? યાદ કર તું પરણ્યો ત્યારે તારા માટે થઈને અમે બેઉ જણ એક બેડરૂમના આપણા ફ્લૅટમાં આ જ રીતે બેડરૂમમાંથી ડ્રૉઈંગરૂમમાં આવેલાં. તારાં સંતાનો મોટાં થયાં અને ફરી પાછા અમે ત્રણ બેડરૂમના ફ્લૅટમાં પણ ડ્રૉઈંગરૂમમાં આવી ગયાં. સારું છે, ઘરડા-ઘરમાં તો બેડરૂમ-ડ્રૉઈંગરૂમ બધું એક જ હોય છે.' એટલું બોલતાં તો આનંદભાઈની આંખ છલકાઈ ગયેલી.

એ ભીનાશ સુકાય એ પહેલાં જ લાગણીની ભીનાશ લઈ એક રવિવારે એ દંપતી 'સાંધ્ય-દીપ'માં આવી ગયેલું. દીકરો જ મા-બાપને મૂકી ગયેલો. આ ત્રણ માસમાં દીકરો સમયાંતરે મળી જતો. એની પત્ની પણ બે વાર આવી ગયેલી. પૌત્રી ચાહત વારંવાર આવી દાદા-દાદીની ખબર રાખવા ઉપરાંત જરૂરિયાતો સમજવાની કોશિશ કરતી. ચર્ચિત અને જૂલી સંબંધોની કપાયેલી દોર ફરી સાંધવા માંગતા નહોતાં...

'આનંદભાઈ, મારા પ્રશ્નનો જવાબ ન આપ્યો. શું થયું?' ફરીને વર્તમાનમાં ફરતાં અમલે પ્રશ્ન દોહરાવ્યો.

'શું કહું શાહસાહેબ?' ખબર નથી દૂર રહેવાથી લાગણીના સંબંધો પણ દૂર થઈ જતા હશે.' પાછો નિસાસો નાંખતા બોલ્યા,

'ગઈ કાલે અમારા ઉત્કર્ષનો જન્મદિવસ હતો. સાથે રહેતાં હતાં ત્યારે તો જન્મદિવસે વહેલો ઊઠી અમને પગે લાગી આશીર્વાદ લેતો. કાલે હતું કે સવારે ઑફિસ જતાં પહેલાં જરૂર આવશે. ના આવ્યો. થયું કદાચ સવારે મોડું થઈ ગયું હશે તો સાંજે તો જરૂર આવશે. રાત્રે આઠ વાગ્યા સુધી રાહ જોઈ પણ ના આવ્યો. એટલે ઘેર ફોન કર્યો. ઘેર કોઈ ફોન ઉપાડતું નહોતું એટલે એના મોબાઈલ પર ફોન જોડ્યો. મેં પૂછ્યું દીકરા, ક્યાં છે? અમે તો સવારથી તારી રાહ જોઈએ છીએ. અમને હતું કે તારો જન્મદિવસ છે એટલે તું જરૂર આવીશ. તારી રાહ જોઈને થાક્યાં એટલે ઘેર ફોન કર્યો. પણ ઘેર કોઈ ફોન જ ઉપાડતું નથી. તમે કોઈ ઘરે નથી કે શું? ત્યારે એણે જવાબ આપ્યો કે બધાં રેસ્ટોરન્ટમાં જમવા આવ્યાં છે. ચર્ચિત અને જૂલીએ બહાર જન્મદિવસ ઊજવવાનું નક્કી કર્યું એટલે આવી ના શકાયું. પછી અનુકૂળતાએ મળી જશે. એની વાત સાંભળી ઘણું દુઃખ થયું. શું અમે ઘરનાં માણસો નથી? બહાર જમવા ગયાં તો અમને પણ લઈ જવાં જોઈએ ને! શું બાપ થઈ એ ચર્ચિત-જૂલીને કહી ના શકે કે એનાં માબાપ પણ આવા શુભ પ્રસંગે સાથે હોય એ જરૂરી છે.

સાચું કહું શાહસાહેબ, આખી રાત અજંપાના કારણે સૂઈ નથી શક્યો. દીકરો આવોય હોઈ શકે?

વાત કરતાં કરતાં વૃદ્ધની વેદનાઓ આંખમાં તરી આવી. અમલે એમને સમજાવતાં કહ્યું, 'જુઓ આનંદભાઈ, તમારે દીકરાની વાતે માઠું ના લગાડવું જોઈએ. પહેલું કારણ એ કે તમારા કુટુંબમાં દીકરો હુકમનું પાનું નથી રહ્યો. એની નબળાઈઓથી તમે વાકેફ છો. બીજું, જ્યારે ચર્ચિત અને જૂલી કોઈ કાર્યક્રમ નક્કી કરે ત્યારે ઘરની અન્ય વ્યક્તિ એમાં કોઈ ફેરફાર નથી કરી શકતું. ત્રીજું કારણ તમે બેઉ ઉંમરલાયક છો. એંસીં વર્ષની ઉંમરે તમને એકમાત્ર બહાર જમવા લઈ જવા માટે કોઈને ઘેરથી આટલે દૂર લેવા-મૂકવા આવવું પડે. અને એ પણ આ કડકડતી ઠંડીની ઋતુમાં. એમાંય હોટલનું ભોજન તમને અનુકૂળ રહે કે કેમ? આવું બધું કદાચ એમણે વિચાર્યું હોય.

વિશેષમાં વડીલ, અનુભવના આધારે તમને સલાહ આપું તો, મહેરબાની કરી કોઈની પાસે કોઈ અપેક્ષા રાખશો નહીં. અપેક્ષા એ નિરાશા અને દુઃખની જન્મદાત્રી છે. જાણવા છતાંય કે જે આપણાં નથી રહ્યાં એમની પાસે અપેક્ષા રાખવાનો કોઈ અર્થ ખરો? એકવાર જેમણે તમને ઘરેથી દૂર કર્યાં એમની પાસે પાછા ફરવાનો કે એમના થવાનો આશાવાદ વાજબી નથી. તમારે તો દીકરો છે એટલે આટલી આશા રાખો છો. મારા જેવાનો વિચાર કરો. સંતાનમાં એક દીકરી છે અને એ પણ પરદેશ. હું શું આશા રાખું? ટૂંકમાં કોઈની પાસે કોઈ આશા ના રાખો. જે પરિસ્થિતિ છે એમાં આનંદથી રહો. અહીં તમે એકલાં નથી. તમારા જેવાં અનેક સમદુઃખિયાં છે. એમની સાથે હળોમળો અને આનંદથી જીવો. અને છેલ્લી સલાહ આપું તો કાલે દીકરો કદાચ મળવા આવે તો ચહેરા પર અણગમો લાવ્યા સિવાય આશીર્વાદ આપજો.

ચાલો હવે હું જાઉં. બીજા વડીલ મિત્રોને પણ મળી લઉં. અહીં કોઈ તકલીફ હો તો જણાવો.'

થોડી વાતચીત કરી, સમજાવીને અમલ ચાલ્યો ગયો. આનંદભાઈ કંઈક અંશે રાહત અનુભવતાં દિનચર્યામાં લાગી ગયા.

***સૌજન્ય : "સાંધ્ય વેળાએ (વડીલોની વાતો)"***

GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279
203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452
Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

# મહેકતી મિત્રતા

● ઇલા શાહ ●

રાવજી અને માવજી બંને ગાઢ મિત્રો. શૈશવકાળથી વૃદ્ધત્વ સુધી પહોંચેલા આ જિગરી મિત્રોની અજબ કહાની છે. લંગોટિયા ભાઈબંધ તરીકેની જુગલજોડી તે જમાનામાં પ્રસિદ્ધ હતી.

એકબીજાનાં ઘર સાવ નજીક. તેથી બાળપણથી જ રમવાનું, હરવા-ફરવાનું, ભણવાનું, સ્કૂલ-કોલેજ જવાનું સાથે જ રહ્યું. શૈશવકાળમાં નિર્દોષતાથી રમતાં-લડતાં, ઝઘડતાં, આગળ ડગલીઓ મંડાઈ. ભણવામાં કદી હુંસાતુંસી નહોતી કરી. ન આવડે તો શિખવાડે, કોઈને પાછળ પાડવાની કોશિશ રાવજી કે માવજી કોઈ ન કરે.

રાવજી સાધારણ ઘરનો દીકરો ને તોફાની પણ ખરો. માવજી પૈસેટકે સુખી અને શાંત, સમજુ, ડાહ્યો દીકરો ગણાય. તેમ છતાં બંને એકબીજાનું ધ્યાન રાખે. ત્યારબાદ કોલેજકાળ શરૂ થયો. તે રંગીન દિવસો ભણતર સાથે પૂરાં થયા ને સંસારમાં ડગ મંડાયાં. મા-બાપના કહ્યા મુજબ બંનેના લગ્ન પણ સાથે જ થયાં. હવે આવ્યું બંધન. બંને ભાઈબંધ માટે કપરો કાળ. કારણ બંને પોતાની નિજાનંદની મસ્તીથી સ્વતંત્ર રીતે મોજ કરતા હતા. પણ હવે ઘરે મોડા પહોંચે કે રાવજીની વહુ ટહુકો કરે : ‘ક્યાં હતાં આટલો ટાઈમ? હવે હું આવી ગઈ છું. તે યાદ છે ને? સમયસર ઘેર આવી જજો!’’

તો માવજીની વહુ પણ કોડીલી કન્યા હતી. તે પ્રતીક્ષા તો કરે જ ને! “અરે, તમે આમ મોડા આવો તે કેમ ચાલે? હવે મિત્રો સાથેનો ટાઈમ ઘટાડી મારી સાથે વાતો કરવાનો સમય કાઢજો. સમજ્યાને!?’’

સગાંવહાલાં તો કહે કે રાવજી તો માવજી સાથે જ પરણ્યો હોય તેમ લાગે છે. બંને પોતાના દિલની કાંઈ પણ વાત હોય તો કહે, સુખ-દુ:ખની વાતો કરતાં, મદદ કરતાં આનંદથી જીવતા હતા. ત્યાં એક દિવસ રાવજીનાં બા બીમાર પડ્યાં. હૃદયરોગનો હુમલો થયો, બાયપાસ સર્જરી કરવી પડે તેમ હતી.

તુરત માવજીએ કહ્યું : “હું છું ને, કશી ચિંતા કરવાની જરૂર નથી. તારાં બા તે મારાં પણ બા જ છે.’’

રાવજીને જરાપણ આંચ આવવા ન દીધી, ખર્ચનો સઘળો ભાર ઉપાડી લીધો. બાને સારું પણ થઈ ગયું. સાચી મિત્રતા હતી ને? રાવજીને થયું મિત્ર હોય તો આવો જ હોવો જોઈએ.

માવજીએ કહ્યું, “સુખ-દુ:ખનો સાચો સાથી બને તે મિત્ર.’’ મેં કાંઈ કર્યું નથી, મારી ફરજ બજાવી છે.’’

“સાચી શ્રીમંતાઈ ધનમાં નથી, પણ મિત્રતામાં છે. ખરેખર, તું મારો નિ:સ્વાર્થી મિત્ર છે.’’ રાવજીએ આભારના ભાર નીચે દબાતાં કહ્યું.

મિત્રતામાં આભાર જેવા શબ્દો ન શોભે.

સમયનું ચક્ર ગતિમાન બન્યું. તેમના બંને ઘેર દીકરાનું આગમન થયું. તે પણ ભણી-ગણી મોટા થતાં તેઓને ઘરે પણ દીકરા અવતર્યા.

રાવજી અને માવજી બબ્બે પેઢીના વ્યાજને માણી રહ્યા હતા. ત્યાં અચાનક માવજીની તબિયત બગડી. ડૉક્ટરને ત્યાં લઈ જવાયા. ડૉક્ટરે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવી પડશે તેમ કહ્યું. માવજી મૂંઝાયો. શું થશે? કેવી રીતે થશે? પણ તેનો જિગરી દોસ્ત રાવજી હાજર હતો જ ને? કિડનીદાતાની જરૂર પડશે તો ‘મૈં હૂં ના! કાહે કો ફિકર કરતા હૈ!’ થોડા સમયમાં જણાવતાં બોલ્યો કે કિડની દાતાની વ્યવસ્થા થઈ ગઈ છે. રાવજીને થયું કે માવજીનું ઋણ અદા કરવાની મને આ સારી તક મળશે. એણે પોતે જ કિડની દાન કરવાનું મુનાસીબ માન્યું. પણ માવજીને જરાપણ ખબર પડવા ન દીધી. સાચી મિત્રતામાં મારું-તારું ન જોવાય. ફક્ત મિત્રની જિંદગી વિશે જ વિચારાય.

આખરે કિડની ટ્રાન્સપ્લાન્ટનું કામ પૂર્ણ થઈ ગયું. માવજીને જીવતદાન મળી ગયું. રાવજીને પૂર્ણ સંતોષ સાથે આનંદ થયો. હવે તો બંને ૭૫ વર્ષની લાંબી મંઝિલ કાપી આગળ વધી રહ્યા હતા. રાવજીકાકા, માવજીકાકાનું બિરૂદ મેળવતાં આગળ ઉપર દાદાના નામ સાથેનું બાળકો પ્રત્યે હેત વરસાવવાનું મળ્યું. માવજીએ વિચાર્યું કે હવે પરમશાંતિ છે. તો હરદ્વાર જવાનું રાખું.

તેણે રાવજીને કહ્યું, હમણાંથી તારી તબિયત નરમગરમ લાગે છે પણ શાંતિ છે, ચાલ આપણે હરદ્વાર જઈને રહીશું. હવે તો પ્રભુ ભજન કરીશું ને?

રાવજીએ ઘેર વાત વહેતી મૂકી. સૌની સંમતિ મેળવી. રાવજીકાકા અને કાકી તથા માવજીકાકા અને કાકીએ છેવટે હરદ્વાર જવા સૌ પરિવારજનોથી વિખૂટા પડી હસતા મુખે છતાં ભારે હૈયે વિદાય લીધી. બંને મિત્રોનાં સંબંધનો સથવારો સાર્થક નીવડ્યો.

*શ્રદ્ધા, ધારિયાવાડ, ખંભાત - ૩૮૮ ૬૨૦.*
*ફોન : (૦૨૬૯૮) ૨૨૦૧૮૯*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

# 'માતૃ દિન' નિમિત્તે મા ની વાત

• અમિત ચૌહાણ •

*મે મહિનાના બીજા રવિવારે મધર્સ ડે ઉજવાય છે. આને અનુરૂપ આ લેખમાં વિશ્વની એવી શક્તિશાળી મહિલાઓની વાત કરી છે કે જેઓ શક્તિશાળી મહિલાઓની સાથે સાથે શક્તિશાળી માતા પણ છે. આ વર્ષે ૮ મેના રોજ 'મધર્સ ડે' ઉજવાયો.*

## હિલેરી ક્લિન્ટન

આપણે બધા એવું વિચારીએ છીએ કે આપણી માતા કે મમ્મી શ્રેષ્ઠ છે પરંતુ આખી દુનિયામાં સૌથી શક્તિશાળી માતા કોણ છે કે જે અબજો ડોલરોનું સંચાલન કરતાં કરતાં પોતાના બાળકની પણ સંભાળ રાખે છે? હિલેરી ક્લિન્ટન કેટલી મોટી હસ્તી છે! તેઓ પોતાની જવાબદારી સાથે પણ દીકરી ચેલ્સિયાની સંભાળ રાખનાર માતા છે. ફોર્બ્સ નામના સામયિકે વર્ષે ૨૦૧૨માં એક એવી યાદી બહાર પાડી હતી કે જેમાં એવી મહિલાઓને પસંદ કરવામાં આવી હતી કે જેઓ જે તે ક્ષેત્રમાં શીર્ષ સ્થાન પર હોય. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એવાં હિલેરી ક્લિન્ટનની રેન્ક કઈ આવી હતી એવો કોઈને પ્રશ્ન થાય તો જણાવી દઉં છું કે એમની રેન્ક નંબર વન હતી. એમની પુત્રીનું નામ ચેલ્સિયા છે. હિલેરી ક્લિન્ટનનો જન્મ ૨૬ ઓક્ટોબર, ૧૯૪૭ માં થયો હતો. એમની દીકરી જ્યારે લગ્ન માટેનું પ્લાનિંગ કરી રહી હતી ત્યારે હિલેરી ક્લિન્ટન ફોટો રિવ્યૂઝ અને અન્ય મદદથી દૂર રહેવા માટે ઈમેલનો ઉપયોગ કરતાં હતાં. ગ્લોબલ ડિપ્લોમસી એટલે કે વૈશ્વિક રાજનીતિ અને એક દુલ્હનની મમ્મી હોઈ બજાવવી પડતી જવાબદારી - આ બંને કામ અત્યંત ગંભીર, મહત્ત્વના અને તણાવયુક્ત હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જે માતાઓ કે મમ્મીઓ શક્તિશાળી છે એમણે એક એવી વિલક્ષણ વ્યૂહરચના વિકસાવવી જોઈએ કે જેથી તેઓ બોર્ડરૂમ અને પ્લેરૂમ બંનેમાં સફળતા મેળવી શકે. ખેર, અમેરિકાના બેતાળીસમા પ્રમુખ કોણ એવો જો કોઈને પ્રશ્ન થતો હોય તો માથું ખંજવાળવાની જરૂર નથી. તેઓ છે બિલ ક્લિન્ટન. એમના અર્ધાંગિની એટલે હિલેરી ક્લિન્ટન. તેઓ એક અમેરિકન પોલિટિશિયન છે. હિલેરી જ્યારે પેરન્ટહૂડ એટલે કે વાલીપણા અંગે એમના વિચારો રજૂ કરે છે ત્યારે એ વિચારો જાણીને ઘણા બધા લોકો એમની સાથે બેશકપણે સહમત થશે. તમે ગમે તેટલો સખત પ્રયત્ન કરો, તમે પૂર્ણ સમયના હોમમેકર હો કે પછી પૂર્ણ સમયના કરિયર વુમન, ક્યારેક તો તમને એવું લાગતું જ હશે કે તમે તમારા બાળકને કે સંતાનને પૂરતો સમય આપી શકતાં નથી. હિલેરી ક્લિન્ટનના કહેવા અનુસાર મહિલાઓ પોતાના જીવનને વર્ગીકૃત કરવામાં માહેર હોય છે એના કરતાં પુરુષો એમના જીવનને વર્ગીકૃત કરવામાં વધારે કાબેલ કે સક્ષમ હોય છે. હિલેરી ક્લિન્ટન પોતાનો અનુભવ ટાંકીને કહે છે કે, "મેં ઘણા બધા પુરુષો સાથે જુદી જુદી સ્થિતિમાં કામ કર્યું છે અને લગભગ મેં જેઓની સાથે કામ કર્યું છે એવો દરેક જણ એક સમર્પિત, સંભાળ રાખનારો અને પ્રતિબદ્ધ પિતા છે." હિલેરી ક્લિન્ટનની દીકરી ચેલ્સિયા જ્યારે કિન્ડરગાર્ટન એજની હતી ત્યારે હિલેરીએ ખુદ એક એવી ટેપનું નિર્માણ કર્યું હતું કે જેથી દીકરી ચેલ્સિયા તેને વીસીઆર ઉપર પ્લે કરી શકે. મતલબ કે વગાડી શકે. જ્યારે ચેલ્સિયા શાળાએથી છૂટીને ઘરે આવતી ત્યારે લગભગ બપોરના ત્રણ વાગ્યાથી લઈને સાંજના પાંચ વાગ્યા દરમિયાન એની મમ્મીને કૉલ કરતી. ત્યારબાદ હિલેરી ક્લિન્ટન તેમની દીકરીને મળવા માટે ઑફિસેથી ઘરે આવતાં. ઘરે આવવામાં એમને માત્ર પાંચ મિનિટ જેટલો સમય લાગતો. હિલેરી એમની વહાલી દીકરી ચેલ્સિયા સાથે થોડો સમય પસાર કરતાં. બંને જણ વાતો કરતાં. પછી હિલેરી દીકરી ચેલ્સિયાને ઘરના નોકરચાકરની દેખરેખ હેઠળ રાખીને પોતાના કામ ઉપર પાછાં આવી જતાં.

એક દિવસની વાત. હિમ ઝંઝાવાત જેવું હોઈ એ દિવસે ચેલ્સિયાને શાળામાં રજા હતી. મમ્મી હિલેરીએ આ સરસ તક ઝડપી લીધી. એમણે એમના કાર્યાલયમાં કાર્ય કરતા અન્ય સહકાર્યકરોને ઉત્સાહપૂર્વક જણાવ્યું કે પોતે પોતાની દીકરી સાથે બહાર જાય છે. એમના જ શબ્દોમાં, "હું મારી વહાલી દીકરી સાથે આજનો આખો દિવસ માણવા માટે બહાર જાઉં છું. આવજો." ત્યારબાદ મા દીકરી બંનેએ ભેગાં મળીને સૂપ અને સેન્ડવિચ સાથેનું હળવું ભોજન તૈયાર કર્યું હતું. પત્તાં કે કાડ્ર્સની રમત પણ તેઓ રમ્યાં હતાં. ઉપરાંત ફેમિલી થિયેટરમાં બંનેએ સાથે મળીને એક ફિલ્મ પણ જોઈ હતી.

## જિલ એબ્રામસોમ

૧૯, માર્ચ ૧૯૫૪માં જન્મેલાં જિલ એબ્રામસોમ વિશે પણ જાણવા જેવું છે. તેઓ કોઈ એક વખતે 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' નામના અગ્રણી અખબારમાં એક્ઝિક્યુટિવ ઍડિટર હતાં. તેઓની ઓળખ એક અમેરિકન લેખિકા અને પત્રકાર તરીકેની છે. 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' માં એક્ઝિક્યુટિવ એડિટર તરીકે તેઓ સપ્ટેમ્બર ૨૦૧૧થી મે ૨૦૧૪ સુધી રહ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે અખબારના ૧૬૦ વર્ષના ઇતિહાસમાં તેઓ એક એવાં વ્યક્તિ

હતાં કે જેઓ પ્રથમ મહિલા એક્ઝિક્યુટિવ ઍડિટર રહ્યાં હતાં. તેમને બે બાળકો છે. તેઓએ જ્યારે 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' જોઈન્ટ કર્યું હતું ત્યારે શરૂઆતમાં તેઓ વોશિંગ્ટન બ્યૂરો ચીફ તરીકે કામ કરતાં હતાં. સાથે સાથે મેનેજિંગ ઍડિટર તરીકેની પણ જવાબદારી સંભાળતાં હતાં. જિલ એબ્રામસોમના જીવનની એક ઘટના વિશે જાણવા જેવું છે. તેમને 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' માંથી છૂટાં કરવામાં આવ્યાં હતાં. બીજા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે બરતરફ કરવામાં આવ્યાં હતાં. આપણે ત્યાં ગુજરાતમાં કોઈ વ્યક્તિને કામના સ્થળ પરથી છૂટો કરવામાં આવે તો કહેવાય છે ને કે એને પાણીચું આપવામાં આવ્યું. બસ એમ જ જિલ એબ્રામસોમને પણ પેપરવાળા સત્તાધીશોએ પાણીચું આપી દીધું હતું. પોતાના જીવનની આ ટર્નિંગ પોઈન્ટ જેવી ઘટનાને એમણે ન્યૂયોર્ક વુમન ઈન કોમ્યુનિકેશનમાં અનેક શ્રોતાઓ કે પ્રેક્ષકો સમક્ષ વર્ણવી હતી. બીજા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે એ ઘટનાને અનેક લોકો સાથે શૅર કરી હતી. તેમણે શ્રોતાઓને સવાલ કર્યો હતો : "આપણામાંના કેટલા લોકોને જીવનના કોઈને કોઈ તબક્કે બરતરફ કરવામાં આવ્યા હતા?"

જિલ એબ્રામસોમના આ સવાલના જવાબમાં ઘણા બધા લોકોએ એમના હાથ ઊંચા કરીને કોઈ પ્રતિભાવ આપ્યો હતો કે પોતે જીવનના કોઈ ને કોઈ તબક્કે બરતરફ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રોતાગણમાં મોટી મોટી હસ્તીઓ હાજર હતી. જેમાં તંત્રીઓ, માર્કેટિંગ એન્ડ પબ્લિક રિલેશન્સ પ્રોફેશનલ્સ વગેરેનો સમાવેશ થતો હતો. જિલ અબ્રામસોમને છૂટાં કરવામાં આવ્યાં હતાં એટલે એમની સફળતાનું રહસ્યમય ઘટક કે તત્ત્વ પેલી છૂટા થવાની ઘટના છે એવું માની લેવાની બિલકુલ જરૂર નથી. ખરી વાત તો એ છે કે જિલ એબ્રામસોમને બરતરફ કરવામાં આવ્યાં હતાં ત્યારે એમણે આ ઘટનાને કઈ રીતે લીધી એ સૌથી વધારે મહત્ત્વનું છે. આમ જોવા જઈએ તો જ્યારે કોઈને નોકરીમાંથી છૂટા કરવામાં આવે ત્યારે નોકરી કરતી હતી એ વ્યક્તિને દુ:ખ થાય છે. આ ઘટના નકારાત્મક છે. મતલબ કે પીડા આપનારી છે. છૂટા કરાયાની નિરાશાજનક ઘટનાને જિલ એબ્રામસોમે તેમની કારકિર્દીનો અંત સમજ્યો નહીં પરંતુ અહીંથી જાણે બીજી ઈનિંગ્સ શરૂ થઈ હોય એમ અથવા તો જિંદગીનો નવો અધ્યાય શરૂ થયો હોય એ રીતે પોતાની જાતને સંભાળી લીધી. ખેર, જમ્પિંગ ઓફ પોઈન્ટને ગુજરાતીમાં પ્રસ્થાનબિંદુ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રસ્થાનબિંદુ એટલે કે જ્યાંથી કશુંક વધુ સારું બનવાની કે થવાની શરૂઆત થાય છે.

## ક્રિસ્ટીની લગાર્ડે

ક્રિસ્ટીની લગાર્ડે વિશે પણ જાણવા જેવું છે. ક્રિસ્ટીની લગાર્ડેનો જન્મ ૧, જાન્યુઆરી ૧૯૫૬ માં થયો હતો. બે બાળકો ધરાવતાં ક્રિસ્ટીની લગાર્ડેને વર્ષ ૨૦૧૨ માં ફોર્બ્સ મેગેઝિને દુનિયાના આઠમા ક્રમાંકના મોસ્ટ પાવરફુલ વુમન તરીકે જાહેર કર્યા હતાં. તેઓ જણાવે છે કે કોઈ પણ નારી જો માતૃત્વ અને કારકિર્દી, બંનેને જાળવવાનો કે બંનેનું સંતુલન જાળવવાનો પ્રયાસ કરશે તો તેણે સ્વીકારી લેવું જોઈએ કે તેને એમાં નિષ્ફળતા મળશે. તેઓ પોતાના હોદ્દા વિશે વાત કરતાં કહે છે કે તેઓ આટલા ઊંચા હોદ્દા ઉપર હોવા છતાં પુરુષો એમની સાથે વિનમ્રતાપૂર્વક વર્તે છે.

## એની સ્વીની

ક્રિસ્ટોફર અને રોઝમેરી એમ બે સંતાનો ધરાવનાર એની સ્વીનીનો જન્મ ૪, નવેમ્બર ૧૯૫૭ માં થયો હતો. તેઓ એક અમેરિકન બિઝનેસ વુમનની ઓળખ ધરાવે છે. તેઓ પૂર્વ ડિઝની એબીસી ટેલિવિઝન ગ્રૂપનાં પ્રેસિડેન્ટ હતાં. વર્ષ ૧૯૯૬ થી ૨૦૧૪ સુધી ડિઝની ચેનલના પ્રેસિડેન્ટ હતાં. તેમનું લગ્ન ફિલીપ મિલર સાથે થયું હતું. અને તેના ફળસ્વરૂપે અથવા તો એના પરિપાકરૂપે એમને બે બાળકો હતાં.

## મુન મુન સેન

હવે વાત કરીએ ૨૮, માર્ચ ૧૯૪૮ના રોજ જન્મેલા મુન મુન સેન ફિલ્મ અભિનેત્રી છે. તેમણે પંજાબી, હિન્દી, તમિળ, તેલુગુ, મલયાલમ, મરાઠી અને કન્નડ ફિલ્મોમાં કામ કર્યું છે. તેઓ ૬૦ ફિલ્મોમાં અને ૪૦ જેટલી ટીવી શ્રેણીઓમાં કામ કરી ચૂક્યાં છે. શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી તરીકેનો નંદી ઍવોર્ડ એમને આંધ્રપ્રદેશ સરકારે વર્ષ ૧૯૮૭ માં આપ્યો હતો. 'શ્રીવેન્નેલા' ફિલ્મમાં તેમણે સહાયક અભિનેત્રીની ભૂમિકા ભજવી હતી. એ સંદર્ભમાં એમને ઉપરોક્ત ઍવોર્ડ અનાયત કરાયો હતો.

*સૌજન્ય : "આરપાર"*

## ખુશીમાં ખલેલ ન કરી

થોડા મહિના પહેલાં અમારા ગામમાં એક વ્યક્તિને ત્યાં બે પુત્રોનાં લગ્ન હતાં. તેમના ઘરે આ સુખદ પ્રસંગ ઘણાં વર્ષે આવેલો. આ દિવસે રાત્રે ગામમાં તેમના બંને પુત્રોના વરઘોડા નીકળવાના હતા. બરાબર આ જ દિવસે સાંજે અમારા ગામના શિક્ષકની માતાનું અવસાન થયું. ગામની ખુશીમાં ખલેલ ન પડે એટલા માટે આ શિક્ષકે આ બનાવની જાણ કોઈને ન કરી. આ બનાવથી ગામના લોકોનો તેમ જ જેમના ઘરે લગ્નનો પ્રસંગ હતો તેમનો ઉત્સાહ ઓસરી ન જાય તે માટે તેઓ વરઘોડામાં પણ સામેલ થયા.

પ્રસંગ પૂરો થયાને બીજે દિવસે સવારે તેમનાં માતાને અગ્નિસંસ્કાર આપ્યા, જેમાં ગામના બધા જ લોકો હાજર રહ્યા. આ દુ:ખદ ઘટના આગલા દિવસે સાંજે બની હતી તેની ગામલોકોને જાણ થતાં લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

*જયદેવસિંહ ઝાલા - ગાંધીનગર*

# કોઈ માણસને સ્વજનો પડતો મૂકે ત્યારે....

• આશુ પટેલ •

આજે એક સત્યઘટના વાર્તારૂપે વાચકો સામે મૂકવી છે. ઘણી વાર પોતાના માણસો પડતા મૂકે એ વખતે પારકા સંભાળી લે એવા કિસ્સાઓ બનતા હોય છે. આવા જ એક કિસ્સા પરથી આ વાર્તા લખી છે.

કિશનભાઈ નામના એક ખેડૂત પત્ની, એક પુત્રી અને બે પુત્ર સાથે એક નાના ગામમાં રહેતા હતા. કિશનભાઈ અને તેમનાં પત્ની પોતાના ખેતરમાં આકરી મજૂરી કરતા. એ જોઈને ગામના ઘણા વડીલો તેને ટોકતાં, 'કિશનિયા આટલી બધી કાળી મજૂરી શું કામ કરે છે, કમાઈને પોટલાં બાંધવાં છે તે પોતેય કાળી મજૂરી કરે છે અને ઘરવાળીનેય નિરાંતનો શ્વાસ નથી લેવા દેતો.' કિશન હસતાં હસતાં સામો જવાબ વાળતો, 'પોટલાં તો કશાયનાં નથી બાંધવાં. દીકરાઓ ભણીગણીને થાળે પડે પછી નિરાંત જ છે. છોકરાઓને સારું ભવિષ્ય મળે એટલે વૈતરું કરીએ છીએ.'

કિશનભાઈ આખો દિવસ મજૂરી કરીને રાતે ઘરે જાય ત્યારે સંતાનોને જોઈને તેમનો થાક ઊતરી જતો. વર્ષમાં બે પાક ઉતરતો થતાં કિશનભાઈ આર્થિક રીતે થોડાક સધ્ધર થતા ગયા. સંતાનો મોટા થતા તેમને સારું શિક્ષણ મળે એટલા માટે તેમને નજીકના વડોદરા શહેરમાં ભણવા માટે બોર્ડિંગ સ્કૂલમાં મૂક્યા. દીકરીને ગામની જ સરકારી શાળામાં ભણવા મૂકી.

વર્ષો વીતતાં ગયાં. દીકરી મોટી થઈ એટલે કિશનભાઈએ તેને સારાં વર-ઘર જોઈને સાસરે વળાવી. બીજી તરફ દીકરા પણ ગ્રેજ્યુએટ થઈ ગયા. બન્ને દીકરા ગામ નજીકના શહેરમાં આવેલી એક નામાંકિત ખાનગી કંપનીમાં ઊંચા પગારની નોકરીએ લાગી ગયા. હવે ગામલોકો કિશનભાઈની ઈર્ષા કરતા થઈ ગયા. ઘણા તો તેમને કહેતા, 'કિશનિયા, તારા બેય દીકરા ભણી ગણીને નોકરી લાગ્યા. તેમને ખેતરોમાં કુટાવું નહીં પડે. આમેય ખેતીમાં હવે બળ્યું છેય શું! તારે પણ નિરાંત થઈ ગઈ. દીકરીનાં લગ્ન પણ થઈ ગયાં છે. તારે તો હવે જલસા છે. હવે તો ખેતરમાં કામ કરવાનું બંધ કરી દે.'

કિશનભાઈ કહેતા, 'બસ હવે છેલ્લી જવાબદારી પૂરી કરી લઉં. બેય દીકરાને પરણાવી દઉં, તેમનાં ઘર બનાવી દઉં એ પછી હરિભજન કરીશ.'

કિશનભાઈના બંને દીકરાનાં લગ્ન નક્કી થયાં. તેમની પત્નીઓને રહેવામાં અગવડ ના પડે, તેમને અલાયદા રૂમ મળે એ માટે કિશનભાઈએ જીવનભરની બચત પાકું મકાન બનાવવામાં ખર્ચી નાખી. ઉછીના પાછીના કરીને, બે વીઘાં જમીન વેચીને બંને દીકરા પરણાવ્યા.

ગામલોકોને થયું, વાહ! કિશનની મહેનતને દાદ દેવી પડે. હવે તેને નિરાંત. બિચારાને વૈતરું નહીં કરવું પડે. પણ ગામલોકોની ધારણા ઊંધી પડી. બન્ને દીકરાની વહુઓએ કિશનભાઈની પત્ની સાથે ઝઘડા કરવા માંડ્યા. ઘરમાં કકળાટ શરૂ થયો. કિશનભાઈના બેય દીકરા વહુઓનો પક્ષ લેતા થયા.

દરરોજના ઝઘડાને કિશનભાઈ નજરઅંદાજ કરતા પણ તેમની પત્ની માટે એ ત્રાસ અસહ્ય થઈ પડ્યો. એક દિવસ અચાનક કિશનભાઈની પત્નીનું હૃદય બંધ પડી ગયું. કિશનભાઈ એકલા થઈ ગયા. બેય દીકરા નોકરી જાય પછી વહુઓ કોઈને કોઈ મુદ્દે કિશનભાઈ સાથે બાખડી પડતી. ઘણા દિવસો કિશનભાઈને પોતાના જ ઘરમાં જમવા ના મળે એવી નોબત આવી ગઈ. બંને વહુઓ પોતાનું ને પોતાના ધણીઓનું જમવાનું બનાવી દેતી પણ સસરાને સૂકો રોટલો દેવાનો થાય તો એમને પેટ દુઃખતું. વાતની ખબર કિશનભાઈની દીકરીને પડી ત્યારે તે પિતા પાસે દોડી આવી. તેણે કિશનભાઈને પોતાના ઘરે આવવા વિનંતી કરી, પણ કિશનભાઈએ દીકરીને ભીની આંખે કહ્યું, 'તું ચિંતા ન કર. મારા લીધે તારો ઘર-સંસાર બગડે એવું હું નહીં કરી શકું. તારા ઘરે આવું તો જમાઈ અને તારાં સાસુ-સસરા સામે તારું ખરાબ દેખાય.'

દીકરીએ ભાઈઓ સામે હાથ જોડીને વિનંતી કરી, ભાભીઓ સાથે જોરદાર ઝઘડોય કર્યો, પણ તેની વિનંતી કે ઝઘડાથી સ્થિતિમાં કોઈ ફરક નહીં પડે એ કડવી વાસ્તવિકતા સમજીને તે વીલા મોઢે સાસરે પાછી ફરી.

થોડા દિવસો પછી તો સ્થિતિ એ આવી કે કિશનભાઈ શારીરિક-માનસિક ત્રાસ અને ભૂખને કારણે બેહોશ થઈ ગયા. તેમની સહનશીલતાની હદ આવી ગઈ. તેઓ ઘર છોડીને નીકળી ગયા. ગામના પાદરે ખંડેર સમાન બસસ્ટેન્ડ હવે કિશનભાઈનું નવું સરનામું હતું. અર્ધપાગલ સમા કિશનભાઈ દિવસો સુધી નહાયા-ધોયા વિના સૂતા રહેતા. કોઈ જમવાનું આપે તો ખાઈ લેતા નહીં તો ભૂખ્યા પડી રહેતા. ગામના લોકો કહેવા માંડ્યા કે, કિશનિયો ગાંડો થઈ ગયો.

દરમિયાન એ ગામનો એક યુવાન ગામના એક સાર્વજનિક કાર્યક્રમમાં હાજરી આપવા ગામ આવ્યો. એ યુવાન થોડાં વર્ષો પહેલાં ગામ છોડીને ભાગી ગયો હતો અને તેણે ઘણા સંઘર્ષ પછી થોડા સમય પહેલાં જ નજીકના શહેરમાં એક નાનકડી ફેક્ટરી શરૂ કરી હતી. કિશનભાઈની હાલત જોઈને તે યુવાનનું હૃદય દ્રવી ઊઠ્યું. કિશનભાઈની આપવીતી સાંભળીને તેની આંખો ભીંજાઈ ગઈ. યુવાને કિશનભાઈને કહ્યું, 'મારી ફેક્ટરીના ઘણા રૂમ ખાલી જ

પડ્યા છે. તમે ત્યાં નિઃસંકોચ રહેજો. તમારા રહેવાની, ખાવાપીવાની અને બીજી બધી જ જવાબદારી મારી.'

કિશનભાઈની આંખો છલકાઈ ગઈ. તેમણે કહ્યું, 'હું આવું, પણ એક શરતે. તું જમવા-રહેવાનું આપે તો સાથે કામ પણ આપજે. હું મારાથી થશે એવું કામ કરીશ.' કિશનભાઈ માનસિક રીતે પડી ભાંગ્યા હતા અને શારીરિક રીતે નંખાઈ ગયા હતા, પણ તેમની ખુદ્દારી હજી અકબંધ હતી.

પેલો યુવાન કિશનભાઈને પોતાની સાથે લઈ જતો હતો ત્યારે ગામના કેટલાક માણસો તેને વણમાગી સલાહ આપવા દોડી આવ્યા, 'આ કિશનિયો તો ગાંડો થઈ ગયો છે, પણ તારીય ડાગળી ચસકી ગઈ છે કે શું! તારે એને દવાખાને લઈ જવો હોય તો લઈ જા, બાકી ફેક્ટરીએ ના લઈ જઈશ. લઈ જઈશ તો આ પાગલ તને ઊલમાંથી ચૂલમાં પાડશે ને તારા ધંધાનેય ફટકો પડશે.'

વણમાગી સલાહોને અવગણીને યુવાન કિશનભાઈને પોતાની સાથે લઈ ગયો. કિશનભાઈ ફરીથી સામાન્ય જીવન જીવતા થઈ ગયા. તેઓ આજે પેલા યુવાનની ફેક્ટરીમાં મોજથી રહે છે ને વફાદારીથી કામ પણ કરે છે. રહેવા-જમવાની વ્યવસ્થા સાથે તેમને પગાર પણ મળે છે.

આ બાજુ કિશનભાઈના ગામમાં વાતો થવા માંડી. તેમના દીકરાઓ અસ્વસ્થ થવા લાગ્યા. તેઓ પહોંચી ગયા પિતાને પરત ઘરે લઈ જવા માટે! તેમણે કહ્યું, 'તમે આ રીતે કોઈની ફેક્ટરીમાં પડ્યા રહો તો અમારું નાક કપાય!'

કિશનભાઈએ ગામમાં પરત આવવાની ધરાર ના પાડી દીધી. તેમણે દીકરાઓને રવાના કરી દીધા. પોતાને આશરો આપનારા યુવાનને ભેટીને કિશનભાઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. બોલ્યા, 'મારા સગા દીકરાઓએ મને તરછોડ્યો અને તું પારકો હોવા છતાં મારી મદદે આવ્યો.' યુવાને કહ્યું, 'તમે એવું માની લો કે હું તમારો દીકરો જ છું.'

કિશનભાઈએ કહ્યું, 'મારે તારી માફી માગવી છે, દીકરા...' યુવાને પૂછ્યું, 'શા માટે?'

કિશનભાઈએ કહ્યું, 'તું ઘર છોડીને ભાગી ગયો હતો ત્યારે તારા પિતાનો બળાપો સાંભળીને હું બોલ્યો હતો કે, તને કોઈ પટાવાળા તરીકે પણ નોકરી નહીં આપે! આજે હું તારી ફેક્ટરીમાં નોકરી કરું છું!'

યુવાને કહ્યું, 'એ તો આખું ગામ કહેતું હતું! ખુદ મારા પિતાને પણ મારા પર વિશ્વાસ નહોતો એટલે તો મારે ગામ છોડીને ભાગી જવું પડ્યું હતું! ઘણી વાર એવું બનતું હોય છે કે સગા વહાલા નથી હોતા અને વહાલા થઈ પડનારાઓ સગા નથી હોતા! તમને દીકરો મળી ગયો અને મને બાપ!'

*સૌજન્ય : 'ગુજરાત ગાર્ડિયન'*

## સુથરીજા અન્નપૂર્ણાદેવી - મિઠ્ઠા માડી મેરામાં

**(સોનબાઈ કાનજી રતનશી છેડા (ઘા-વારા) (ઉર્ફે મેરામાં)**

સુથરીજા મિઠા માડી મેરામાં, વરેંજા વરે જેમાડ્યાં સંઘ; એળા ઈનીજા ઉત્કર્ષભાવ, સુથરી મેં જિમે વિગર કીં વિને સંઘ? (૧)
જેંકે સ્વામિ ભક્તિ જો વો ખરો પ્રેમ, સંઘ જમાડેમેં પુઠીયા ન ક્યાં પગ; ગમેતેર સંઘ નિંઢો અચે ક વડો, પણ સંઘ જેમાડેમેં ર્યા અડગ. (૨)
સુથરીમેં આયો હો નગીનદાસ શેઠજો, ચાર હજાર યાત્રાળુએંજો સંઘ; જેંકે મેરામાંજી સુઝસેં ગામવારેં, કુસીકુસી બાજરજી માની ખારાય રખ્યો રંગ. (૩)
ક્યાં સાધુ-સાધ્વીએંજી વૈયાવચ્ચ, ને કરાંઈધાવા આંભલ; ઈનીજી ધાર્મિક પ્રવૃત્તિ હુઈ જભરી, જેંલા જાગૃત વા પલપલ. (૪)
સુથરીજો નાં ખૂબ રોશન ક્યાં, ને ગૌરવ વધારી ચમકાય ડિના સાવ; સુથરી સંઘ આંકે કીં ભૂલી સગે? નેરી આંજો સ્વામિ વાત્સલ્ય ભાવ. (૫)
સુથરીજા ઈન સોનેરી મેરામાં, જેંજીં સંઘ જેમાડેજી હીકડી જ ખેવના; જૈન ઈતિહાસમેં કાયમ ક્યાં નાં, ને યાદ રોંધી આંજી અદ્‌ભુત ભાવના. (૬)
'રશ્મિન્' ચેં મિઠ્ઠા માડી મેરામાં, આંજી ઉદારતા પણ મંગે દાદ; ધિલ ખોલીને સંઘેકે જમાડ્યાં, જેંલા કેંની પણ ન ક્યાં વિવાદ. (૭)
જૈન જગતમેં જેંજો જોટો નાંય, ઈ અજોડ થ્યા મેરામાં; ધન્ય આંકે મેરામાં, ભની સંઘ માતા ને વડો કઢ્યાં નાં. (૮)
કુંવરબાઈ માંઈયા મણશી મોતા પરિવાર, કીં ભૂલી શગે આંજા અઢળક ઉપકાર; વરી નતમસ્તકે નમીને ચેં માં અંઈત કરેવ્યા અસાંજે જીવનજો ઉધ્ધાર. (૯)
ઈ મેરામાં કુંવરબાઈ વિશનજી મોતાજા થીયેં સગ્ગા માસી સસ; ઈની મેરામાંજે હરકમમેં, સાથ ડેઈ સેવા ક્યાં બહુ સરસ. (૧૦)
ધન ભાગ્ય સુથરીજા જેડાં વરસે, ધૃતકલ્લોલ દાદાજી અસીમ કૃપા; તેડાં અન્નપૂર્ણાદેવી થૈઈ આયા વા 'મેરામાં', જેંકેં કીં ભુલધાંસીં પાં? (૧૧)

*'રશ્મિનનો રણકાર : ભાગ-૩' માંથી સાભાર*

• શુભેચ્છા સહ.... •

**સૌ. લીનાબેન હંસકુમાર શાહ**

**મે. હેમંત સર્જીકલ ઈ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. મદનમોહન માલવિયા રોડ, ટેલીફોન એક્ષચેન્જની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૨

વાર્તા

# ઊંડા અંધારેથી

• સુરેશ ગઢવી •

સ્કૂલ છૂટી ત્યાં સુધીમાં તો આખા સ્ટાફને જાણ થઈ ગઈ. પંદર દિવસ પહેલાં જ શિક્ષણ સહાયક તરીકે સ્કૂલમાં જોડાયેલો શૈલેષ ચૌહાણ રાજીનામું આપી રહ્યો છે.

આજે સવારે તો શૈલેષ સ્કૂલમાં આવ્યો હતો. વર્ગો પણ લીધા. બપોરે મોટી રિસેસમાં રોજના નિયમ મુજબ પટાવાળા દોલતભાઈએ સૌને ચા આપી, શૈલેષે 'મારે નથી પીવી' કહીને કપ પાછો આપ્યો. થોડો ઢીલો લાગતો હતો, એ બે-ત્રણ દિવસથી. કોઈની સાથે વાતચીત નહોતો કરતો એટલે સૌએ માન્યું કે તબિયત નરમ હશે એટલે ચા નહીં પીધી હોય. સૌ ચા પીતાં હતાં અને એ આચાર્ય ભટ્ટસાહેબની ઑફિસમાં ગયો. એમની સાથે વાત કરીને એ નીકળી ગયો. એના ગયા પછી આચાર્યસાહેબે સ્કૂલના સુપરવાઈઝર પટેલ સાહેબને બોલાવીને વાત કરી એ મુજબ શૈલેષે એમને નોકરી છોડવાનો પોતાનો નિર્ણય જણાવી દીધો હતો. એણે કહ્યું હતું કે કાલે સવારે પોતે રાજીનામાનો પત્ર લઈને સ્કૂલમાં આવશે, રાજીનામાની એક નકલ એમને આપીને બીજી નકલ જિલ્લા શિક્ષણાધિકારીને આપવા શહેર જશે, ને ત્યાંથી પોતાના ઘેર! એની વાત સાંભળીને આચાર્યસાહેબ ચોંકી ઊઠ્યા હતા. એમણે કારણ પૂછ્યું પણ શૈલેષે કંઈ કહ્યું નહીં.

સ્ટાફમાં સોપો પડી ગયો. આ જમાનામાં માંડ નોકરી મળતી હોય ત્યાં એક ગરીબ દલિત પરિવારનો યુવાન આ રીતે નોકરીને ઠોકર મારી દે એ વાત કોઈને ગળે ઊતરતી નહોતી. સૌ પોતપોતાની રીતે કારણનાં મૂળ સુધી પહોંચવાની કોશિશ કરતાં હતાં પણ કંઈ જડતું નહોતું.

આચાર્યસાહેબ સાથે વાત કરીને શૈલેષ સીધો પોતાની રૂમ પર આવ્યો. નોકરીમાં જોડાયો એ જ દિવસે ગામની બહાર આવેલા દલિત સમાજના મહોલ્લામાં એણે મેડા ઉપરની એક રૂમ ભાડે લીધી હતી. મકાન માલિકનો પરિવાર નીચે રહેતો હતો. મહોલ્લામાં આ મકાન છેલ્લું હતું એટલે રૂમની બારીમાંથી દૂરદૂર સુધી ખુલ્લાં ખેતરો જોઈ શકાતાં હતાં. રૂમમાં ખુરશી-ટેબલ અને પલંગ મકાનમાલિકનાં જ હતાં. દીવાલમાં એક કબાટ હતું. ભાડું પણ માત્ર ચારસો જ, જે શૈલેષને શિક્ષણ સહાયકના બાંધેલા પગારમાં પરવડે એવું હતું. મહિને પંદરસો રૂપિયામાં બે ટાઈમ જમવાનું પણ મકાન માલિકને ત્યાં નક્કી થઈ ગયું હતું. શૈલેષને ચાની ટેવ વધારે હતી. મકાનમાલિકે એક જૂનો સ્ટવ એને આપી રાખેલો. દિવસમાં બે-ત્રણ વાર ચા બનાવીને એ પીતો.

અત્યારે પણ ચા યાદ આવી. તપેલીમાં દૂધ લીધું, દરરોજ બપોરે સ્કૂલમાં ચા પીતો પણ આજે પીધી નહોતી. સ્કૂલની ચા યાદ આવી, ને અંદર કંઈક થયું. તપેલી મૂકીને પલંગમાં આડો પડ્યો. આંખો મીંચીને પડી રહ્યો. થોડીવારે ઊભો થઈ રાજીનામું લખવા બેઠો. બે નકલ તૈયાર કરીને અલગ-અલગ કવરમાં મૂકી. એક કવર પર સ્કૂલના આચાર્યનું અને બીજા પર જિલ્લા શિક્ષણાધિકારીનું નામ-સરનામું લખી બંને ટેબલના ડ્રોઅરમાં મૂક્યાં. માટલા આગળ જઈ એક ગ્લાસ પાણી પીધું. કાલે સવારે આચાર્ય સાહેબને રાજીનામાનો પત્ર આપી જિલ્લા શિક્ષણાધિકારી પાસે જશે. ત્યાંથી સીધો જ પોતાના ગામ જવા નીકળશે. કબાટ ખોલીને કપડાં કાઢ્યાં. કાલે પહેરવાનાં એક જોડી રાખીને બાકીનાં બેગમાં મૂક્યાં. થોડાં પુસ્તકો અને બીજી નાની-નાની ચીજવસ્તુઓ થેલામાં ગોઠવ્યાં. આ બધું કરતાં છ વાગ્યા. ચાલવા જવાનો સમય થયો. નાનપણથી પિતાને ખેતીકામમાં મદદ કરતો એટલે શરીર શ્રમ કરવા ટેવાયેલું હતું. અભ્યાસમાં પણ હોશિયાર હતો. હંમેશાં પ્રથમ વર્ગમાં પાસ થતો. અહીં શરીરને કસરત મળતી રહે એટલે નોકરીમાં જોડાયાના બીજા જ દિવસથી એણે ચાલવાનો ક્રમ રાખેલો.

ચાલવા નીકળતો જ હતો ત્યાં નીચેથી બૂમ પડી. ગેલેરીમાં આવીને જોયું તો સ્કૂલમાંથી બે-ત્રણ શિક્ષકો આવીને ઊભા હતા. એણે એમને ઉપર બોલાવ્યા પણ એ સૌ કહે, 'તમે જ નીચે આવી જાવ. અહીં જ વાત કરી લઈએ.' એણે વધારે આગ્રહ ન કર્યો. પોતે નીચે ઉતર્યો. એ લોકો એને નોકરી ન છોડવા સમજાવવા આવ્યા હતા. આચાર્ય સાહેબે એમને મોકલ્યા હતા. ચર્ચા ચાલી, શૈલેષ મક્કમ હતો. એકાદ કલાકે થાકીને એ સૌ ગયા. ચાલવા જવાનું હવે મોડું થઈ ગયું હતું એટલે એ પાછો મેડા પર ચડી ગયો. જમવાનો સમય થતાં નીચેથી બૂમ પડી પણ એણે બહાર આવી 'તમે જમી લો; મને ભૂખ નથી' કહી દીધું. અંદર જઈ, થેલો ખોલી એક પુસ્તક કાઢ્યું, બે'ક પેજ વાંચ્યા પછી કંઈ જામ્યું નહીં. પુસ્તક પાછું થેલામાં મૂકી, લાઈટ, બંધ કરીને પલંગમાં પડ્યો. મન ચકડોળે ચડ્યું. ઊંઘવાનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. ઓશીકા નીચેથી ઈયરફોન કાઢી મોબાઈલ સાથે કનેક્ટ કર્યો. મોબાઈલમાંથી ગીતોનાં ફોલ્ડર જોવા માંડ્યો. 'દાણી જીવણ' લખેલું ફોલ્ડર જોયું કે કવિ ઘનશ્યામની પંક્તિઓ હોઠ પર આવી :

***'સંત જીવન નામ નોબત ગડગડે ઘોઘાવદર***
***ધર્મની ધીંગી ધજાયું ફરફરે ઘોઘાવદર.'***

ફોલ્ડર સિલેક્ટ કર્યું. હેમંત ચૌહાણના અવાજમાં દાસી જીવણનું ભજન કાનમાં ગૂંજી ઊઠ્યું. 'ગુરુ મારા...દાસીને તેડી જાજો તમારા દેશમાં...'

ઘર યાદ આવ્યું, વૃદ્ધ માતા-પિતાનું સ્મરણ થયું. ઘરની ગરીબી યાદ આવતાં ગળે ડૂમો ભરાયો. ઘરે જઈને શું કામ કરવું એ વિચાર્યું; કંઈ સૂઝ્યું નહીં. આ સંજોગોમાં નોકરી છોડવાનો પોતાનો નિર્ણય ઉચિત હતો? પણ બીજો છૂટકોય નહોતો ને! આવડો મોટો નિર્ણય એમ જ થોડો લીધો હતો? સહન થાય એટલું તો કર્યું પણ સહનશક્તિનીયે હદ હોય ને! માણસ વેઠી વેઠીને કેટલુંક વેઠે? છેલ્લા પંદર દિવસની ઘટનાઓ, મનઃચક્ષુ આગળથી ફિલ્મની પટ્ટીની જેમ પસાર થવા માંડી.

નોકરીના પ્રથમ દિવસે લગભગ દસ વાગ્યાના અરસામાં એ આ નાનકડા ગામમાં બસમાંથી ઊતરેલો. બસ સ્ટેન્ડની બહાર જ ચાની લારી પરથી અડધી ચા પીને સ્કૂલે પહોંચેલો. આચાર્ય ભટ્ટસાહેબે હસીને આવકારેલો. બેલ મારીને પાણી મંગાવ્યું. ચાનો આગ્રહ પણ કરેલો પણ એણે વિનમ્રતાપૂર્વક ના કહેલી. સાહેબે કારકુનને બોલાવ્યો. એ આવવાનો હતો એ સાહેબ જાણતા જ હતા એટલે એને હાજર કરવાના કાગળો લગભગ તૈયાર કરાવી રાખ્યા હતા, છતાં બધું પતતાં બે-એક કલાક થઈ ગયેલા. પહેલી રિસેસમાં સાહેબ એને લઈને સ્ટાફરૂમમાં આવ્યા. નવા જોડાયેલા શિક્ષક તરીકે સૌને એનો પરિચય કરાવ્યો. એ પછી એને બોલવા ઊભો કર્યો. જેવું એણે પોતાનું પૂરું નામ - શૈલેષ ચંદુભાઈ ચૌહાણ જણાવ્યું કે તરત ખૂણાની ખુરશીમાં બેઠેલા શાહ સાહેબ બોલી ઊઠેલા : 'એસ.સી. ચૌહાણ, એમ ને?' એણે અટકીને એમની સામે જોયું. એ હસ્યા. તમાકુના ડાઘવાળા પીળા દાંત દેખાયા. એમના વાક્યનો મર્મ સમજીને ય કંઈ ન સમજ્યો હોય એમ એણે પોતાની વાત ચાલુ રાખેલી. આવી બધી ઘટનાઓથી તો એ નાનપણથી ટેવાઈ ગયેલો હતો, પણ આ ચાની વાત...

એ જ દિવસે બપોરે ૧.૪૫ કલાકે મોટી રિસેસમાં ટી ક્લબ સંભાળતા ઝાલા સાહેબે બાજુની રૂમમાં ચા બનાવતા પ્યૂનને બૂમ મારી. 'દૌલતભાઈ, આજથી એક ચા વધારે બનાવવાની, નવા આવેલા ચૌહાણ સાહેબ માટે.' બોલીને એ અંદર ગયા, જરૂરી સૂચનો કરવા. થોડીવારમાં સરસ મજાની, એક જ સરખા રંગ - ડિઝાઈનવાળા કપમાં સૌ માટે ચા આવી. શૈલેષને તો ચા આવી એટલે જાણે બધું આવી ગયું. 'ચા સારી બને છે એટલે વાંધો નહીં આવે.' એણે વિચારેલું. પણ ત્યારે ખબર નહોતી કે...

બધું સારું ચાલતું હતું. વિદ્યાર્થીઓ સારા હતા. રહેવાનું સરસ ગોઠવાઈ ગયું હતું. ગામ પણ ગમે એવું હતું. આમ તો નોકરી કરવાની મજા આવે એવું હતું પણ...

શૈલેષના છ ફૂટ ઊંચા કદ અને ગોરા સોહામણા ચહેરા તરફ જોતાં લાઈબ્રેરિયન ઋચાબેન એકવાર બોલી ઊઠ્યાં : 'શૈલેષભાઈ, તમને જોઈને કોઈ કહે નહીં કે તમે એસ.સી. હશો!' સાંભળીને શૈલેષનું મોં ઊતરી ગયું. પેલાં બેને તો માનેલું કે આવી પ્રશંસા સાંભળીએ એ ખુશ થઈ જશે. શૈલેષનો ચહેરો જોઈને એ એની નારાજગી તો કળી ગયાં હતાં પણ કારણ ન સમજી શક્યાં. ખેર, આ પણ સહી લેવાય પણ આ ચાવાળી ઘટના...

દરરોજ બપોરે સૌ માટે એક જ પ્રકારના કપમાં ચા આવતી. એક દિવસ અચાનક શૈલેષની નજર કપની નીચેની કિનારી પર પડી. કિનારી સહેજ ખંડિત થયેલી હતી. પહેલી નજરે તો કોઈને ખ્યાલ પણ ન આવે. ચા પીને એણે કપ મૂકી દીધો ને વાત ભૂલી પણ ગયો. બે-ચાર દિવસ પછી ચા પીતાં-પીતાં સૌ વાતો કરી રહ્યાં હતાં. શૈલેષ પણ વાતોમાં મશગૂલ હતો. ચા પિવાઈ ગઈ. કપ હાથમાં જ હતો. એણે કપ ઊંચો કરીને જોયું તો તે દિવસવાળો જ ખંડિત કિનારીવાળો કપ હતો. પછીના દિવસે બપોરે ચા આવી કે તરત એની નજર સહજ રીતે જ કપના નીચેના ભાગ પર પડી. એ જ ખંડિત કપ! એ વિચારમાં પડી ગયો. કંઈક સમજાયું. બીજે દિવસે પણ એ જ કપ! એ રાતે એને મોડે સુધી ઊંઘ ન આવી. પહેલી નજરે તો સરખા જ કપમાં કોઈ ફરક દેખાયો નહોતો. પણ હવે જેવી ચા આવે કે એની નજર સીધી પેલી કિનારી પર પડતી. એ જ કપ! ચા હવે કડવી લાગવા માંડી હતી. મન બહુ દુઃખી થઈ ગયું. થોડા દિવસ આમ જ ચાલ્યું. આખરે, આજે બપોરે કપ જોતાં જ એણે ચા પીવાની ના પાડી દીધી અને આચાર્ય સાહેબ સામે નોકરી છોડવાનો નિર્ધાર જાહેર કરી દીધો. જે લોકો સાથે વર્ષો સુધી કામ કરવાનું હોય એવા ભણેલ-ગણેલ લોકો જ, જેમના માથે ભાવિ પેઢી તૈયાર કરવાની જવાબદારી છે એ જ, જો આવી વરવી માનસિકતા છતી કરે તો પછી અન્યો પાસેથી શું અપેક્ષા રાખવી! અને આવા ગંધાતા માહોલમાં તો નોકરી પણ કેમ કરવી? આચાર્ય ભટ્ટ સાહેબનો વ્યવહાર અત્યંત શાલીનતાભર્યો હતો. બીજા પણ થોડા એવા હતા. પણ પંદરમાંથી દસની માનસિકતા આમ સંકુચિત હોય ત્યાં કામ શી રીતે કરવું?

'કટારીની વેદના ભારી, ઘડીક ભીતર ઘડીક બા'રી...'

દાસી જીવણની વેદના હેમંત ચૌહાણના દર્દભર્યા અવાજમાં રેલાતી હતી, એણે ઈયરફોન કાઢીને બાજુમાં મૂક્યાં.

એક બીજો પ્રસંગ યાદ આવ્યો. થોડા દિવસ ઉપર સંસ્કૃત વિષયના શિક્ષક ત્રિવેદી સાહેબે, શિક્ષણના ક્ષેત્રમાં એક ખાસ કોમ જ વધારે સફળ થઈ શકે એવું વિધાન કરીને પોતાની વાતના સમર્થનમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો શ્લોક ટાંકેલો :

"સ્વે સ્વે કર્મણ્યેઽભિરતઃ સંસિદ્ધિ લભતે નર. :"

શૈલેષ દંગ રહી ગયો હતો. પોતાના ભાગે આવેલું કામ નિષ્ઠાથી કરવામાં આવે તો ચોક્કસપણે સફળતા પ્રાપ્ત થાય એવા ભગવાન શ્રીકૃષ્ણના વ્યવહારવચનનો પણ આ લોકો પોતાની ઉચ્ચતા સિદ્ધ કરવા કેવો વિકૃત ઉપયોગ કરે છે એ જોઈ એ ખૂબ વ્યાકુળ થયેલો.

એ ઊઠ્યો. બારી આગળ આવીને ઊભો રહ્યો. બહાર કાજળઘેરી રાત હતી. કંઈ ભળાતું ન હતું. દૂર ખેતરમાંથી શિયાળવાંની લાળીઓ સંભળાતી હતી. એ સિવાય બધું સૂમસામ હતું. પલંગ પર આવી પાછું લંબાવ્યું. સમય જોયો. રાતનો એક વાગ્યો હતો.

જે હોય તે. પોતાને ક્યાં હવે આ લોકો સાથે વધારે કામ કરવાનું હતું! આવતીકાલે શનિવાર છે. સવારે સાડા સાતે તો પોતે સ્કૂલે જઈ, આચાર્યને રાજીનામાનો પત્ર આપીને તરત નીકળી જશે. પછી પોતેય છુટ્ટો અને આ લોકો ય છુટ્ટા!

પણ ખરેખર આ બધાથી છૂટી શકાશે ખરું? પોતાની આવડત પર એને ભરોસો હતો. નોકરી છૂટી જશે તો પણ કુટુંબનો નિર્વાહ થઈ શકે એવી કોઈને કોઈ નોકરી એ જરૂર શોધી શકાશે. પણ બીજે જશે ત્યાં પરિસ્થિતિ જુદી હશે એની શી ખાતરી? આ સમસ્યા કોઈ સ્થાનકેન્દ્રી થોડી હતી? સમાજકેન્દ્રી હતી; એક જગ્યાએથી બીજી જગ્યાએ, બીજેથી ત્રીજે, છટકીને ક્યાં જવું! પોતે જેને સ્વમાનનો પ્રશ્ન ગણે છે એ ક્યાંક ભાગેડુવૃત્તિ તો નથી?

પોતે નોકરી છોડીને નીકળી જશે તો લોકોને તો ફાવતું મળી જશે, એ બધાં તો એજ ઈચ્છતાં હોય પણ પોતે ક્યાં સુધી આમ ભાગ્યા કરશે? જિંદગી આખી ભાગવામાં જ પસાર થઈ જાય આમ તો! કાલે પોતાની જગ્યાએ કોઈ અન્ય દલિત યુવક આવે તો પાછી ફિર વોહી કહાની! તૂટેલી કિનારીવાળા કપની કથા આગળ ચાલશે! એના મનમાં વિચારોનું દ્વંદ્વ ચાલ્યું. નોકરી છોડવી એ આ સમસ્યાનો સાચો ઉકેલ હતો? સમસ્યાનો ઉકેલ તો અહીં જ રહી પરિસ્થિતિનો સામનો કરવામાં હતો. આ પ્રકારની માનસિકતાવાળા લોકોને જડબાતોડ જવાબ આપી એમને ચૂપ કરવામાં હતો.

એને લાગ્યું કે નોકરી છોડવાનો પોતાનો નિર્ણય ઉતાવળિયો હતો; કદાચ કાયરતાભર્યો પણ હતો. હૃદયમાં એક નવી હિંમત, નવા ઉત્સાહનો સંચાર થયો. ઊભા થઈ, લાઈટ ચાલુ કરીને ટેબલના ડ્રોઅરમાંથી બંને કવર કાઢ્યાં. ટુકડા કરી બારીમાંથી બહાર ફેંક્યા. ગ્લાસ ભરીને પાણી પીધું અને પાછો સૂતો. મન પરનો બોજ હળવો થતો લાગ્યો. ક્યારે ઊંઘ આવી ગઈ એ ખબર ન પડી. આંખ ખૂલી ત્યારે આજુબાજુનાં વૃક્ષો પરથી પક્ષીઓનો કલરવ સંભળાતો હતો. છ વાગવા આવ્યા હતા. બારણું ખોલીને બહાર આવ્યો. પૂર્વ દિશામાં આકાશ લાલ થઈ ગયું હતું. સૂર્યોદય થવામાં હતો. અંદર આવી નાહી-ધોઈને ચા બનાવી. ખુરશી પર બેસી લિજ્જતથી પીધી. સાત વાગ્યા હતા. કપડાં બદલીને, બૂટ પહેરીને બહાર નીકળ્યો. ડાબા બૂટમાં કંઈક ખૂંચ્યું. બૂટ કાઢીને ખંખેર્યો. અંદરથી એક નાનકડી કાંકરી ખરી પડી. પાછો બૂટ ચડાવીને એ નીકળી પડ્યો, સ્કૂલ તરફ.

*સૌજન્ય : "હયાતી"*


**પંચગની હવાફેર**

**પ્રકૃતિના સાન્નિધ્યમાં,**
**સુંદર મનોહર આહ્લાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

**Laxmichand Dharshi**
Estd. 1955
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399


**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*


**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

# ધૂળ પડી

• ગોરધન ભેંસાણિયા •

'આવતા સોમવારે અમે દશેરા લઈને આવશું,' ત્રણ દિવસ અગાઉ વેવાઈના સમાચાર આવ્યા. ત્યારથી દામજીભાઈના પગ ઢીલા પડી ગયા હતા. દશેરા લઈને આવવાનો અર્થ તેઓ સારી રીતે સમજતા હતા. ઉપાધિમાં ઊંઘ પણ આવતી ન હતી. વેવાઈને શું જવાબ આપવો તેની ચિંતામાં ખાવા પીવાનું પણ ભુલાઈ જતું હતું. એમ જ ત્રણ દિવસ વીતી ગયા પણ શું કહેવું તે નક્કી ન કરી શક્યા.

બે વરસથી વિમળાનાં લગ્નની વાત ચાલતી હતી. વેવાઈ ઉતાવળા થતા હતા ને દામજીભાઈ લગ્નની વાત પાછળ ઠેલ્યા કરતા હતા. વિમળાની સગાઈ નાનપણમાં જ થઈ ગઈ હતી. વેવાઈ દશેરા પહેલાં આવે ને કહે : 'દિવાળી પછી લગ્ન કરી દ્યો.'

'આ વરસે પુગાણ થાય એમ નથી. એક વરસ જાળવી જાવ.' પરારના વરસે દામજીભાઈએ આવો જવાબ આપીને વાત ટાળી હતી. પછી વેવાઈ પણ કાંઈ બોલ્યા નહોતા એટલે દામજીભાઈએ માન્યું કે, પૂછવા ખાતર પૂછ્યું હશે કે પછી એમેય હોય કે એક વરસ અગાઉથી પૂછવાનું શરૂ કરી દઈએ એટલે આ વરસે ના ન પાડી શકે.

બીજા વરસે વિમળાના સસરાએ લગ્ન કરવાનું કહ્યું ત્યારે દામજીભાઈના સ્વરમાં થોડીક આજીજી હતી : "મારે લગ્ન કરવાં હતાં, પણ તમે જુઓ છો ને? વરસ માંડ આઠ આની પાક્યું છે. એમાં વળી મારા બાપાની બીમારી દુષ્કાળમાં અધિકમાસ, ઘરમાં માંદાનો ખાટલો હોય એટલે ખરચો તો થાય! આમ બહુ ખેંચમાં છું. આવતા વરસનું રાખો તો રંગે ચંગે પરસંગ થાય.'

'ફર્ય-કફર્ય તો આવ્યા જ કરે, પણ ટાણે કામ તો કરવું જ પડે.' વેવાઈની વાતમાં થોડોક ભાર હતો : 'તમેં ખેંચમાં હો તો હું ટેકો દઉં!'

'ના...ના...હોં...! ઈ વાત તો તમે કરતા જ નંઈ.' ટેકો દેવાનો અર્થ દામજીભાઈ સમજતા હતા : દીકરીનો પૈસો લઈએ એટલે દીકરીને વેચી જ ગણાય. પછી ત્યાં સાસરિયામાં જિંદગી આખી દીકરીને સાંભળવું પડે - તારા બાપે પૈસા લીધા છે - વળી સમાજમાંયે નીચાજોણું થાય. દામજીભાઈએ ના પાડી : 'મારે તમારા ટેકાની કાંઈ જરૂર નથી. એક વરસ જાળવી જાવ, આવતી સાલનું પાકું.'

વેવાઈ થોડાક નારાજ તો થયા પણ સમજી ગયા. આ વરસે ઘર ખોખલું કરીને બીમાર બાપા તો ગયા. સમાજના રીતરિવાજ પ્રમાણે પાછળની ક્રિયાનો ધક્કોય લાગ્યો હતો, પણ હવે ના પાડી શકાય તેવું નહોતું. ના પાડે તો વખતે સગપણ ફોક થાય. આમ દામજીભાઈ મૂંઝાતા હતા, છતાં લગ્ન લીધા સિવાય છૂટકો નહોતો.

સોમવારે સવારમાં આવીને ચા-પાણી પિવાયાં કે તરત વેવાઈએ કહ્યું : બ્રાહ્મણને બોલાવો એટલે સારું મૂરત જોઈને તિથિ કાઢી દેય કે...પછી તમે જોવરાવી રાખ્યું છે?

'જોવરાવી શું રાખે! તમારી હાજરીમાં નક્કી થાય એ જ ઠીકને!' દામજીભાઈ પરાણે હસતું મોં રાખીને બોલ્યા ને ગોરને બોલાવવા છોકરાને મોકલ્યો. લગ્નની તિથિ નક્કી કરીને વેવાઈ બપોર પછી ગયા. પણ દામજીભાઈ માથે જાણે ચક્કર ફરવા માંડ્યું. શું કરવું તે કાંઈ સૂઝતું નહોતું. - લગ્ન ભલે દિવાળી પછી શિયાળામાં છે, પણ ઘરમાં કાંઈ નથી ને આ આંગણે અવસર આવીને ઊભો રહ્યો. આને ઉકેલવો તો પડશે જ. દીકરીવાળું ઘર છે એટલે અત્યારથી જ તૈયારી કરવા માંડીએ ત્યારે માંડ પુગાશે. પણ તૈયારી શાની કરવી?

સાંજ સુધી દામજીભાઈએ મનોમન સગાં-સંબંધીઓનાં માપ કાઢી જોયાં પણ ક્યાંય લાંબો હાથ કરવા જેવું લાગ્યું નહિ. મનોમન ભાગ્યને કોસવા લાગ્યા. કરમની કઠણાઈવાળાને સગાં-સ્નેહી પણ રાંક મળે છે. સાંજે વાળુ-પાણી કરીને સૂતા પણ ઊંઘ કેમ આવે? બહુ વિચારને અંતે એક ઠેકાણે નજર ઠરી ને મોં મલકી ગયું. કાખમાં છોકરું ને ગામમાં ગોતવા નીકળ્યો છું. આ મારા ભાઈબંધ કાનજીભાઈને કહું તો ના નહિ પાડે.

દામજીભાઈ અને કાનજીભાઈ બંને લંગોટિયા ભાઈબંધ. નાનપણથી બંને સાથે ને સાથે જ હોય. એકબીજાને અંતરથી હેત કરે. ક્યાંય બહારગામ જવું આવવું હોય તોય બંને સાથે જાય ને ખેતીના કામમાં એકલાથી ન થાય તેવું કામ બંને ભેગા મળીને કરે. જો કે બંનેની આર્થિક સ્થિતિમાં ઘણો ફેર. દામજીભાઈ બચ્ચરવાળ માણસ ને ખેતી પણ ટૂંકી એટલે કાયમ ખેંચમાં હોય. જ્યારે કાનજીભાઈ પાસે ખેતી સારી ને પહેલેથી ખોરડું સધ્ધર. વળી સંતાનમાં દીકરાઓ મોટા એટલે શહેરમાં જઈને ધંધો વિકસાવેલો. આમ કાનજીભાઈની નજર ત્યાં ઠરી. તરત ઊભા થઈને પાળે પડેલા પગરખામાં પગ નાખ્યો ત્યાં મનમાં વિચાર આવ્યો - ડાહ્યા માણસોએ કીધું છે કે મિત્ર સાથે કદી પૈસાનો વહેવાર ન કરવો. પૈસાની લેતી-દેતી કરો એટલે સંબંધ બગડે જ. અટાણે હું રૂપિયા લેવા જાઉં છું. ને કાનજીભાઈ ના પાડે તોય મનમાં દુઃખ તો લાગે જ. ગમે તેવો પૈસાદાર માણસ હોય પણ ક્યારેક તે પણ ભીડમાં હોય જ. મોટો માણસ હોય એનો પથારોય મોટો હોય. આમ ન આપી શકે તો સામા માણસને ખોટું લાગે. આ ઝેરનાં પારખાં નથી કરવાં.

દામજીભાઈ ઓસરીની પાળે સ્થિર થઈ ગયા. પહેરેલ પગરખાં પાછા ઉતારી નાખ્યાં ને થોડીવાર અવઢવમાં એમ જ ઊભા રહ્યા. ઘડીક પહેલા ઓચિંતો આવેલો ઉત્સાહ ઓસરી ગયો ને પાછા પથારીમાં બેઠા. ઝાઝીવાર સુધી લમણે હાથ દઈને વિચાર કર્યો. ક્યાંય નાખી નજર પહોંચતી નહોતી. હરીફરીને પાછું એ જ ઠેકાણે આવવાનું થતું હતું - જે થાય એ, એકવાર

કાનજીભાઈને કહી તો જોઉં, મદદ કરે તો ઠીક છે, મદદ ન કરે તોય મનમાં ઓછું ન આણવાનો નિશ્ચય કરીને દામજીભાઈ ફરીવાર ઊભા થયા. ફળિયામાં આવીને આભ સામે નજર કરી. મોડું થઈ ગયું છે, સવારે જાઉં તો? વળી થયું, અંધારામાં જાઉં એ જ ઠીક રહેશે.

આમ તો હજુ સમીસાંજનું ટાણું હતું, પણ ગામડામાં રાત પોતાનો પ્રભાવ ઝટ પાથરી દે છે. દામજીભાઈ નીકળ્યા ત્યારે ગામની શેરીઓમાં અવર-જવર ઓછી થઈ ગઈ હતી. દામજીભાઈને પોતાના જ પગલાંનો અવાજ કાળજે ઘસાતો હોય તેમ લાગવા માંડ્યું. સમજણા થયા ત્યારથી કાનજીભાઈને ઘેરે જતા આવતા, પણ આટલું બધું દૂર એ ઘર ક્યારેય લાગ્યું નહોતું. કાનજીભાઈનું ઘર નજીક આવવા માંડ્યું, એમ પગમાં ભાર વરતાવા માંડ્યો. ભારે બોજ લઈને ચાલતા હોય એમ દામજીભાઈ કાનજીભાઈની ડેલીએ આવ્યા ને સાંકળ ખખડાવી.

સાંકળ ખખડી એટલે વાળુ-પાણી કરીને આડે પડખે થયેલ કાનજીભાઈ ખાટલામાં બેઠા થયા. આંગળીથી આગળિયો ખેસવીને દામજીભાઈ ફળિયામાં આવ્યા એટલે કાનજીભાઈએ આવકારો દીધો : 'આવો...આવો...!'

કાનજીભાઈનો ભાવભર્યો આવકારો પણ દામજીભાઈને બહુ રાજી ન કરી શક્યો. એ એમ જ ખાટલે જઈને બેઠા એટલે કાનજીભાઈ બોલ્યા : 'હું...ય કામમાં હતો, તમેય બે-ચાર દિ થ્યા દેખાણાં નંઈ! અટાણેય મારી તો આંખ્યું ઘેરાવા માંડી'તી. થોડીકવાર લાગી હોત તો નીંદરેય આવી જાત.'

'આજ વેવાઈ, વિમળાના સસરા દશેરા લઈને આવ્યા'તા'. દામુભાઈ વાત કરવાનો પાયો ગોઠવવા માંડ્યા.

'લે...! વેવાઈ આવ્યા'તા...? કે'વરાવ્યું હોત તો ચા-પાણી તો પાત.'

'મે'માન પણ તમને સંભારતા'તા! પૂછતા'તા કે, કાનજીભાઈ શું કરે છે? દામજીભાઈએ હાંક્યું પણ એકબીજાને ઘેર મહેમાન હોય ત્યારે બંને સાથે જ હોય એટલે ખોટું બોલવું પણ સ્વાભાવિક લાગ્યું.

'સંભારે તો ખરાને! કાનજીભાઈ હસીને બોલ્યા : 'હું તમારી હાર્યે ન્યાં કેટલીય વાર તડી દઈ આવ્યો છું ને આંય મને ભાળે નંઈ એટલે પૂછે જ ને!'

દામજીભાઈએ મોં મલકાવ્યું ને બોલ્યા : 'લગ્નનું નક્કી કર્યું. દેવ દિવાળી પછી તરતની તિથિ છે. ઉતાવળ રાખીને તૈયારી કરવી પડશે.'

'બે વરસથી વેવાઈ હડિયું કાઢે છે તે લગન તો કરાવવાં જ પડે ને! આમેય ઉંમરલાયક દીકરી એને ઘરે જ શોભે.' કાનજીભાઈ સ્વાભાવિકજ બોલતા'તા પણ દામજીભાઈ કેમ વેણ નાખવું તેની મથામણ કરતા હતા. આવી-વાતો કરું, ને વખતે કાનજીભાઈ કહે : 'મારા જેવું કામકાજ હોય તો કેજો.' પણ એવી ઔપચારિકતા બંને વચ્ચે હતી જ નહિ. જે કહેવું હોય તે બેધડક કહી શકાય તેવી બંને વચ્ચે મિત્રતા હતી. એટલે કાનજીભાઈ કાંઈ બોલ્યા નહીં. દામજીભાઈને આગળ શું બોલવું તે સૂઝ્યું નહી એટલે એકદમ મૂંગા થઈ ગયા.

ઝાઝી વાર સુધી દામજીભાઈ કાંઈ બોલ્યા નહીં એટલે કાનજીભાઈ વિચારમાં પડી ગયા. રાત-દિ' ભેગા બેસીને વાતો કરીએ છીએ તોય કોઈ દિ'વાતો ખૂટતી નથી. ને આજ અચાનક દામજીભાઈ આમ બોલતા બંધ કેમ થઈ ગયા? સફાળા જાગ્યા હોય તેમ કાનજીભાઈથી પુછાઈ ગયું : 'વાત શું છે...દામજીભાઈ? તમે કાંઈ મૂંઝવણમાં છો?'

'મૂંઝવણને...! ના.ના... મૂંઝવણ તો શું પણ...આ વિમળાનાં લગ્ન તો લીધાં છે પણ...પૈસાનો વેંત કરવો પડે એમ છે.' માગણને વળી સ્વમાન શું? એવું વિચારીને બોલી ગયા : 'તમારી પાસે કાંઈ થાય એવું હોય તો...?' આટલું બોલવામાં જાણે કેટલોય શ્રમ પડ્યો હોય એમ દામજીભાઈને પરસેવો વળી ગયો.

પલાંઠી વાળીને ખાટલે બેઠેલા કાનજીભાઈ એ જ પળે ઊભા થયા. કેટલી જરૂર છે એ પૂછવા પણ રોકાયા નહિ. ઘરમાંથી રૂપિયાની થપ્પી લઈ આવ્યા ને દામજીભાઈને આપતાં બોલ્યા : 'અટાણે ઘરમાં આટલા છે. આમ તો પરસંગ ઊકલી જાય એટલા છે જ. એમ છતાં આ મોંઘવારી છે, ઘટે તો બોલજો, પાછા મૂંઝાતા નંઈ.'

'તમે એક સામટી આટલી રકમ આપો છો પણ મારાથી એક સાથે પાછી નહિ વાળી શકાય. જેમ વેંત થશે એમ કટકે કટકે દેય.' રૂપિયા લેતાં પહેલાં દામજીભાઈ ચોખવટ કરવા માંડ્યા.

'આ રૂપિયા કે'દિ' પાછા આપશો એમ મેં પૂછ્યું?' દામજીભાઈ સામે જોઈને કાનજીભાઈ બોલ્યા : 'તમારાથી જે દિ' થાય તે દિ' દેજો ને નો થાય એમ હોય તો ભૂલી જાજો કે મેં તમને રૂપિયા દીધા છે. હું તો અટાણથી જ ભૂલી જવાનો છું ને હા...હજીય મારા જેવું કાંઈ કામકાજ હોય તો કે'જો.'

દામજીભાઈને થયું : પહેલા આમ બોલ્યો હોત તો મારા ભાઈ! મારી તો છાતીના પાટીયાં ભીંસવાં માંડ્યાં હતાં. હવે કાંઈ બોલવું દામજીભાઈને ઠીક ન લાગ્યું. તેણે ચૂપચાપ રૂપિયા લીધા ને ચાલતા થયા.

દામજીભાઈ ગયા એટલે કાનજીભાઈનાં પત્નીએ ડેલી બંધ કરી. એ પાછાં ઓસરીમાં આવ્યાં ને જોયું તો કાનજીભાઈ બાઘાની જેમ દામજીભાઈ ગયા ત્યાં ડેલી બાજુ જોઈ રહ્યા હતા.

શાંતાબહેન પાછાં આવીને ઊભાં રહ્યાં તોય કાનજીભાઈને ખ્યાલ ન આવ્યો, એટલે થોડીવારે શાંતાબહેન બોલ્યાં : ''પૈસા પાછા આવશે કે નહિ ઈ ઉપાધિમાં પડી ગયા ને? પણ હવે શું? દેતાં પેલાં વિચારવું જોઈએ ને?'

'તું ધાર્ય છો એવું કાંઈ નથી. હું તો મારી મૂર્ખાઈ વિશે વિચારું છું. આ દામજીભાઈ બિચારો બચરવાળ માણસ. એમાં વળી ઘરમાં લાંબી માંદગી ચાલી એટલે કામકાજ પણ ટલ્લે ચડી ગયું'તું. સ્વાભાવિક જ ખાડામાં ઊતરી ગયો હોય. રાત-દિવસ ભેગા બેસીએ છીએ પણ મને કોઈ દિ' સૂઝ્યું નહિ કે મારે એને મદદ કરવી જોઈએ. ધૂળ પડી મારી ભાઈબંધીમાં કે આજ એને મારી પાસે માંગવા આવવું પડ્યું!' કાનજીભાઈની આંખો ભીની થઈ ગઈ.

***સૌજન્ય : "છાલક"***

# ‘શેવાળછાયા વારિ’ લાંછન

• ઇશ્વર અંચેલીકર •

મારી પરીક્ષા ગઈકાલે પૂરી થઈ ગઈ છે, એટલે ગગન સાથે હું સરદાર પાર્કમાં આવું છું. ગગનની પરીક્ષા બે દિવસ પછી પૂરી થશે, પરંતુ એના આગ્રહને વશ થઈને, હું એની સાથે આવું છું. ગામ જઈશું, ત્યાં આવી રીતે સ્વૈચ્છિક રીતે ફરાય નહિ. એટલે ગગનને નિરાશ કરવો નહિ, એવું માની, હું એની સાથે અહીં આવી છું...!

‘ગગન, વેકેશન આટલું બધું લાંબું કેમ રાખે છે, આ લોકો!’

‘નીકુલા, તારી ઇચ્છા હોય, તો વેકેશનમાં ટ્રેનિંગ કેમ્પ છે, એવું બહાનું કરી, ચાર-પાંચ દિવસમાં પાછાં આવી જઈએ... મારો મિત્ર ખાનગી રૂમ ભાડે રાખીને રહે છે, તેની ચા...વી...’ ગગન કહે છે...

‘તમે પુરુષો કેટલા લુચ્ચા હોવ છો... ચાન્સ મળે એટલે...’ હું ગગનનો હાથ મારાં અંગોથી અળગો કરી આજુબાજુ જોતાં કહું છું...

‘આપણે બંને હજુ પ્રમાણિતપણે પતિ-પત્ની નથી બન્યાં, પરંતુ મનોમન તો...’ ગગન કહે છે...

‘માય ફ્રેન્ડ, સમાજ મનોમન કરતાં લગ્નને સ્વીકારતો નથી...સમજ્યો...!’

અ...ને...તે દિવસે હું એને વધુ તડપાવી શકતી નથી... ઘડીભર મૌન છવાઈ જાય છે, અને હોઠ સિવાઈ જાય છે, પરંતુ અંગો તો એમનું કામ કર્યા જ કરે છે... સમી સાંજ થઈ જાય છે...

‘નીકુલા, ચાલ હવે હું ઊઠું....મારે આવતી કાલનાં પેપરની તૈયારી કરવાની છે...’ કહેતો ગગન ઊઠે છે...હું એને જતો જોઈ રહું છું....ઊભી થઈ કપડાં સરખાં કરું છું...અચાનક મારી નજર દૂર પડેલી ગગનની કાંડા ઘડિયાળ ઉપર પડે છે...કદાચ ચેન તૂટી ગઈ હશે...હું ગગન પાછળ દોડું છું, પરંતુ ગગન ભીડમાં ખોવાઈ ગયો છે...ગગનને આવતી કાલે ઘડિયાળ વિના તકલીફ પડશે...એની હોસ્ટેલ પર હું ક્યારેય ગઈ નથી, પરંતુ મને સરનામું ખબર છે...હું બગીચાની બહાર આવી નવરંગપુરાની બસ પકડું છું...

કલાકેકમાં ગગનની રૂમ પાસે આવું છું..., પરંતુ એ એની રૂમ ઉપર નથી...

‘કોનું કામ છે? ગગનનું?’ કોઈક મને પૂછે છે...

‘હા....! એ મારા ગામનો છે, એટલે હું...’

‘ત...મે...નીકુલાબેન...! ગગનનાં માશિયાઈ બહેનને...!’ અન્ય બે ત્રણ વિદ્યાર્થી પણ ભેગા થઈ જાય છે...કદાચ ગગને સલામતી ખાતર મારી ઓળખાણ આ સૌને આપી હશે, એમ માની હું પણ ‘હા’ પાડું છું...

‘હૉસ્પિટલથી ક્યારે છૂટાં થયાં?’ પરીક્ષા આપી નહિ શક્યાં, કે....મ...? ચિંતા નહિ કરતાં, બહેન...’

અ...ને...એ બધા કંઈક બોલતાં જ રહે છે, પરંતુ મને એ બધામાં રસ નથી...ગગને શા માટે આટલી ખોટી વાતો ફેલાવી છે, એ સમજાતું નથી...

‘બેસોને બહેન...! લો આ સોફ્ટ ડ્રિંક આપે છે...

‘ગગન અમારા સૌને પ્રિય છે...અમે સૌ એકબીજાને બહુ ચાહીએ છીએ....ગગને તમારાં હૉસ્પિટલનાં બિલની ચૂકવણી માટે વીસ હજાર રૂપિયા ભેગા કરવા હતા, તે અમે સૌએ એકજ દિવસમાં એને ભેગા કરી આપ્યા હતા...ચાલો તમે સારાં થઈ ગયાં એટલે અમારી મહેનત ફળી...’ એક કહે છે...

‘ચાલો...બહુ મોડું થઈ ગયું...ગગન ગયો છે, ક્યાં?’ હું મૂળ વાત ઉપર આવું છું... ‘ગગનનું રહસ્ય જાણવું જ છે, હવે!’ હું મનોમન વિચારું છું...

‘એણે ગઈકાલે સાંજે છ વાગ્યાથી નવ વાગ્યાનાં શૉની ટિકિટ મંગાવી હતી...રૂપાલી સિનેમા ગયો છે...તમારે ખાસ કામ હોય, તો ત્યાં મળો...શૉ છૂટવાને એકાદ કલાક બાકી છે...’

અ...ને...હું હૉસ્ટેલ બહાર આવું છું...બસસ્ટેન્ડ ઉપર આવું છું...ગગને મને તો પિક્ચર જોવા જવાની વાત કરી નથી...એણે આ વાત શા માટે છુપાવી હશે...અ...ને...આ હૉસ્પિટલનાં બિલનાં નામે પૈસા શેના પડાવ્યા છે, એણે...? ક્યાંક ગગનને ઓળખવામાં મેં ભૂલ તો કરી નથી...!’ વિચારોનાં વમળમાં અટવાઉં છું...બસ આવે છે...હું યાંત્રિક રીતે બસમાં બેસું છું...રિલીફ રોડ ઉપર ઊતરું છું...ધીમા પગલે રૂપાલી સિનેમા તરફ વળું છું...કદાચ ફિલ્મનો શો છૂટવાની તૈયારીમાં છે...હું એક્ઝિટ ગેટ ઉપર આવું છું...

પાંચ-દસ મિનિટમાં ગગન કોઈક યુવતી સાથે બહાર આવે છે...મને જોઈને એ ઝંખવાણો પડી જાય છે... ‘તું અચાનક અહીં...?’ એ મને કહે છે. પછી પેલી યુવતીની ઓળખાણ કરાવતાં, ‘આ અર્પિતા...મારી દોસ્ત છે...અને અર્પિતા આ નીકુલા...અને બંને એક જ ગામમાં રહીએ છીએ...’

અર્પિતા મને ‘હલો’ કરે છે...હું પણ પ્રતિઉત્તરમાં ‘હા...ય...!’ કહું છું... ‘ગગન...! આ તારું ઘડિયાળ... ચેઈન તૂટી ગઈ હશે, એટલે...’ કહેતાં હું એ બંનેથી દૂર જવા પ્રયત્ન કરું છું, પરંતુ અર્પિતા મારો હાથ પકડી મને કહે છે, ‘નીકુલા... ગગને મને લગ્નનું પ્રોમિસ આપ્યું છે... હું ખૂબ ખુશ છું, આજે...! ચાલ...અહીં ત્રણેય સાથે ડિનર લઈને જઈએ...’

‘થેંક્સ, અર્પિતા...! મારે આવતીકાલે સવારે ગામ જવું છે... તૈયારી બાકી છે... બેગ પણ તૈયાર કરવી છે...યુ એન્જોય

યૉરસેલ્ફ...' કહેતી હું દૂર જવા પ્રયત્ન કરું છું... ગગન તરફ એક વેધક નજર નાખું છું... ગગન ઘડીક પેલી કાંડા ઘડિયાળ તો ઘડીક અમને બંનેને જોતો રહે છે.

'નીકુલા...મારાથી નારાજ છે તું? કેમ આ...મ...' અર્પિતા મને કહે છે...

પરંતુ હું કંઈ જ કહી શકતી નથી...અંતર ભરાઈ આવે છે...મને ખબર નથી, કે રુદનને ક્યાં સુધી સંતાડી શકીશ, આ પાંપણોની પાછળ...! આંસુડાં કીકી પાછળ ઘોડાપૂરની જેમ ઉછાળા મારે છે...જિગર કપાઈ જઈ રહ્યું છે...

'અર્પિતા...! ચાલ હવે ડિનરનો પ્રોગ્રામ રહેવા દે...મારી પણ તબિયત કંઈક ઠીક નથી...' ગગન કહે છે...

'અચાનક તારો મૂડ કેમ બદલાઈ ગયો, ગગન...? અ...રે... નીકુલા... કદાચ ગગનને ભય લાગ્યો હશે, કે તું એના ઘરે જઈને અમારા સંબંધની ચાડી ખાશે, તો...' અર્પિતા કટાક્ષ કરે છે...

'અર્પિતા, ગગન તારી સાથે ખુશ રહેતો હોય, તો હું કોણ તમારા પ્રેમમાર્ગ ઉપર પથ્થર બની પડવાવાળી! ગગન મને ક્યાં નથી જાણતો...કોઈની ચાડીચુગલી કરવાની મને ટેવ નથી...અને હાં અર્પિતા...! આઈ મસ્ટ મુવ...અમારી યુવાજગત ગર્લ્સ હૉસ્ટેલમાં અગિયાર પછી દાખલ થવાની મનાઈ છે...' હું એને કહું છું...

'અરે...! તો તો આપણે પાડોશી જ છીએ...હું નેશનલ વર્કિંગ વિમેન્સ હૉસ્ટેલમાં રહું છું... મારી બહેનપણી નોકરી કરે છે એટલે અમે બંને એક જ રૂમ વાપરીએ છીએ... આમ તો અહીં અમારો એક ફ્લૅટ પણ છે... બંધ રહે છે... ગગને તો જોયો છે...પણ મને એકલીને ગમતું નથી...મારા પપ્પાનો મહેસાણામાં બિઝનેસ છે...એ તો કહે છે, શા માટે સમય બગાડે છે, લગ્ન કરીને તો મારા ધંધામાં જ જોડાવાનું છે... હું પપ્પાની લાડકી છું... એકની એક છું... વેરી લવિંગ ફાધર...' અર્પિતા કહે છે...

'ઓકે, મળીશું અર્પિતા...' કહેતી હું છૂટી પડવા માગું છું, પરંતુ અર્પિતા તો મારો પીછો ક્યાં છોડે છે...

'નીકુલા...! મને મિત્ર બનાવવા બહુ ગમે...ચાલ, હું તને મારા ટુ વ્હીલર ઉપર હોસ્ટેલ સુધી લિફ્ટ આપું છું...તારો રૂમ પણ જોઈ લઈશ...અને તારી અન્ય સખીઓને પણ મળી લઈશ...' કહેતી એ મારો હાથ પકડી, મારી સાથે ચાલવા લાગે છે...

કદાચ ગગનને આ ગમતું નથી... એ રઘવાયો બની અમને બંનેને જોતો રહે છે... એના અંતરમાં પણ આગ લાગી હશે... એણે સ્વપ્નમાં પણ ધાર્યું ન હશે, કે બે નવયુવતીને ફેરવવાનો અંજામ આવો આવશે!

હું અને અર્પિતા હોસ્ટેલ આવીએ છીએ... 'અર્પિતા, તું અહીં બેસ...હું ફ્રેશ થઈને આવું છું... કહેતી હું પેસેજમાં કૉમન બાથરૂમમાં જાઉં છું...

હવે મારાથી રહેવાતું નથી... 'ગગન! બેવફા...! તેં આ શું કર્યું? તેં શા માટે મારી જિંદગીમાં ઝેર ઘોળ્યું...? આ અપવિત્ર દેહને લઈ હું ક્યાં જાઉં...? તને સહેજ પણ શરમ નહિ લાગી, આ નાટક ભજવતાં...! તારા જેવા લંપટ યુવાનો સમાજમાં કલંકરૂપ છે, પરંતુ ભૂલ તો અમારા જેવી નાદાન કન્યાઓની જ છે, કે ઉભયને પારખવાની શક્તિ અંતરમાં વિકાસ પામે, તે પહેલાં જ એની સાથે લગ્નગ્રંથિથી જોડાવાનાં સ્વપ્નોમાં રાચીએ છીએ...ખરેખર! નાદાનીમાં આવું મોટું પગલું ભરવું યોગ્ય ન હતું...પરંતુ શું થાય હવે...?

'ખે...ર...! ગગન જેવા તકસાધુ સ્નેહ અને સદ્‌ભાવનાનાં વાઘા પહેરીને ફરતા જ રહે છે... એમને અમારે જ ઓળખવા જોઈએ!'

હું મોં ધોઈ નાખું છું... કદાચ અર્પિતા મારી રાહ જોતી હશે. હું બહાર આવું છું...

'સૉરી...! અર્પિતા તારે અડધો કલાક...બેસવું...' બોલતી બોલતી હું ઓરડામાં પ્રવેશું છું... પરંતુ અર્પિતા ઓરડામાં બેઠી નથી...ટેબલ ઉપર એક ચિઠ્ઠી પડી છે...અર્પિતા એને લખીને ચાલી ગઈ લાગે છે...

'નીકુલા...!

હું તો તને પ્રથમ નજરે જ પિછાની ગઈ હતી... હું તને અને ગગનને જ જોતી રહેલી...તમારા બંનેના ચહેરાનાં ભાવ વાંચીને મને વહેમ પડેલો, એટલે જ હું અહીં તારી રૂમ ઉપર આવી હતી...

'તું ફ્રેશ થવા ગઈ, એ પછી હું તારી પાછળ આવી હતી... સમીપનો બાથરૂમ ખાલી હતો... બંને બાથરૂમ વચ્ચેનું વેન્ટિલેશન ખુલ્લું હતું, એટલે તારા શબ્દો મેં સાંભળ્યા...બધું જ સ્પષ્ટ થઈ ગયું છે...

'અહીં તારી રૂમ ઉપર આવીને તારી ચોપડીમાં તારો અને ગગનનો ફોટોગ્રાફ પણ જોયો...સજોડે પડાવેલી આ તસવીરમાં તમારા સંબંધ સ્પષ્ટ જણાઈ આવતા હતા, કે તમે બંને પ્રેમમાં છો...!

'ખેર...! ગગનને હું માફ કરી શકીશ નહિ, પરંતુ એ મારે માટે લાયક નથી... જિંદગીનો હમસફર કોઈ વાહન નથી, કે પસંદ ન પડે, એટલે બદલી નખાય... કોઈ પણ સ્ત્રી પોતાનો પ્રિયતમ પરાઈ સ્ત્રીનાં રંગે રંગાયો હોય, એ સહન ન કરી શકે...! હું તમારા બંનેનાં માર્ગથી હટી જાઉં છું...પણ ...! મારી બહેન..., તું પણ જરા વિચારીને સંબંધ રાખજે...ગગન, આપણા બંનેયનો નથી...એ કોઈનો ન થઈ શકે...એ એવું ગંદા પાણીનું ખાબોચિયું છે, કે જેમાં હાથ નાખીએ તો ગંદકી જ હાથ આવે...એ એક એવો ફેરિયો છે કે ગ્રાહકો બદલતો જ રહેશે, જિંદગી...

અ...ને...હું અર્પિતાનો પત્ર આગળ વાંચવા માગતી નથી...હું મનોમન બબડું છું, 'અર્પિતા...તું કહે, તે પહેલાં જ હું તમારા માર્ગથી હટી ગઈ છું...ખેર...! હવે તું પણ ગગનને તરછોડે છે તો મને લાગે છે, કે કુદરતે જ એની સાથે ન્યાય કર્યો છે...!'

હું ધીમા પગલે ગામ જવાની તૈયારી કરું છું...મન હળવું થઈ ગયું છે...હવે કોઈ જ બોજો નથી રહ્યો. પકડાઈ જવાનો ભય પણ નથી રહ્યો...!! સ્વજનો સાથે છૂટથી આંખ મિલાવી શકીશ, હવે!

*સૌજન્ય : "સંવેદન"*

# પિયાનો

● ડૉ. નવીન વિભાકર ●

સવાર પડી.

રૉબ (Robe) બાથરૂમમાંથી બહાર આવ્યો.

ધ્રૂજતા શરીરે બેડરૂમની બારી પાસે ગયો. ઉજાસ માટે બારી ખોલી. પ્રભાતના અનિલની મંદલહરીઓનો સ્પર્શ થતાં, મનમાં તાજગી ઉભરાઈ. બારીમાંથી સામે ઊગેલા 'ઓક' (Oak)ના વૃક્ષ પર નજર પડી. ત્યાં એક માળામાં ચકલી તેના બચ્ચાંને કશુંક ચાંચથી ખવડાવી રહી હતી. બચ્ચું આનંદથી ચીં ચીં કરતું હતું. રૉબને તે ચીં ચીં ના સંગીતની સુરાવલિઓ સંભળાઈ ને કંઈ યાદ આવતાં, લાકડી લઈ, ધ્રૂજતા શરીરે ધીમે ધીમે ચાલતો પોતાના સ્ટડી રૂમમાં ગયો.

એક બાજુ શૅલ્ફ પર પુસ્તકો ગોઠવાયાં હતાં. બાજુના ટૅબલ પર કૉમ્પ્યુટર રાખ્યું હતું ને બીજે ખૂણે મોટો પિયાનો હતો. પિયાનો પર મોટો 'કપ' - ટ્રોફી રાખવામાં આવી હતી. ગઈકાલના કૉન્સર્ટ સમારંભમાં - પોતાની જ હાઈસ્કૂલના કૉન્સર્ટના સમારંભમાં તેણે પિયાનો વગાડ્યો હતો ને તેના સન્માનમાં તેને ઉપહારરૂપે આ ટ્રોફી મળી હતી.

તે ટેબલ પાસે રાખેલી ખુરશીમાં બેઠો. કૉમ્પ્યુટર 'ઑન' કર્યું. તેના સ્ક્રીન પર એક સુંદર ચહેરો ચમકી ઊઠ્યો ને તેની વૃદ્ધ આંખોમાં આંસુ ધસી આવ્યાં. મા કેમ હસતી લાગી? તેના મોં પર આનંદ છવાયેલો હતો. કેવાં કેવાં દુઃખો માએ સહન કરી તેને મોટો કર્યો હોવા છતાં! જ્યારે તે સ્કૂલે જતો ને તે બાય બાય કરતી તે વખતે તેના મોં પર એટલો જ આનંદ રેલાઈ જતો. એમાંય જ્યારે તે તેના પિયાનો ટીચરને મળતી ત્યારે તેના મોં પર અધિક આનંદ છલકાતો હતો.

તેની નજર ખૂણામાં પડેલા પિયાનો તરફ ગઈ. તે ઊઠ્યો ને લાકડીના ટેકે પિયાનો પાસે જઈ, ત્યાં સ્ટૂલ પર બેઠો. લાકડી પિયાનોની બાજુમાં ટેકવી ને ધ્રૂજતી આંગળીઓથી પિયાનોની 'કી' (Key) ઉપર હાથ ફેરવ્યો. એક મધુર સ્વર એમાંથી નીકળ્યો ને એ સંગીતની હેલી પર ચડી માને યાદ કરતો, ક્યાંય દૂર-વર્ષો દૂર નીકળી ગયો.

★

રૉબ માને જોઈ રહ્યો.

બારી પાસે, બેડરૂમમાંથી મા બહાર નીલ આકાશને તાકી રહી હતી. શું શોધતી હશે? પિતાજીને? પોતે તો પિતાને કદી જોયા નહોતા. નાનો હતો એથી પિતાનું મોં જોયાનું સ્મરણમાં નહોતું. માએ જ તેને ઉછેરીને મોટો કર્યો હતો. તે હંમેશા નાનો હતો ત્યાં સુધી બેડરૂમમાં મા સાથે સૂતો. સવારે ઊઠતો તો મા તૈયાર થઈ, ડ્રેસિંગ ટેબલ સામે બેસી તેના સોનેરી ઝૂલ્ફાં બ્રશથી ઓળતી ને ઘણીવાર તેનો હાથ સ્થિર થઈ જતો ને બારી બહાર આકાશને તાકતી રહેતી. તે ધીમેથી પલંગ પરથી ઊતરી મા પાસે જતો ને હળવેથી તેને ભેટી, તેની ગરદને હાથ વીંટાળી પૂછતો, 'મમ્મા! શું જુએ છે?'

તેનો સ્પર્શ થતાં, ઝટપટ આંસુ લૂછી નાખતી, તેની સામે જોઈ રહેતી. શરૂમાં રૉબને ખબર ન પડતી કે મા કેમ કોઈ પ્રતિસાદ નથી આપતી? તે મૂંઝવણભરી નજરે મા સામે જોઈ રહેતો. માને એક વખત ખ્યાલ આવતો, તેનો હાથ કાન પાસે લઈ જઈ બોલી, 'બેટા! હું સાંભળી નથી શકતી.'

રૉબ અવાચક્ બની મા સામે જોઈ રહ્યો. 'બેટા!' તે આગળ બોલી : 'તારા પિતા ભણેલા નહોતા. તેથી ટ્રકની ડ્રાઈવરી કરતા હતા. અહીં અમેરિકામાં ટ્રક ડ્રાઈવરોને સારી કમાણી થતી નથી. પણ તેમને બહાર રહેવું પડતું. એકલતા ટાળવા તેઓ પીવાની લતે ચડી ગયા. એક દિવસ ખૂબ પીને ઘરે આવ્યા ને મેં તેમને કહ્યું, 'રોબર્ટ! હવે પીવાનું ઓછું કરી નાખો. હું સગર્ભા છું. બાળક આવશે તો તેના પર તમારી આદતથી ખોટી અસર પડશે. અને બેટા, ગુસ્સાના આવેગમાં તેમણે મને મારા મોંની બંને બાજુએ તેમના મજબૂત હાથથી થપ્પડો મારી. મારા બંને કાનના પરદા ચિરાઈ ગયા. હું બહેરી બની ગઈ!'

રૉબની આંખમાં આંસુ ધસી આવ્યાં. 'મા! ડૉમેસ્ટિક વાયોલન્સ સામે તેં પોલીસમાં ફરિયાદ ન કરી?'

'ના, બેટા! હું તેમને ખૂબ ચાહતી હતી. હું પણ બહુ ભણેલી નહોતી. તેથી તેમની કમાણી પર ગુજરાન ચાલતું હતું. પણ તારા જન્મ પછી તારા પિતાના જતાં, મારે નોકરી શોધવી પડી.'

'અને એ પછી રૉબ માનો પડછાયો બની ગયો હતો. એક પેન અને નોટબુક સાથે રાખતો. બંને વચ્ચે લખાણથી વાતચીત શરૂ થતી. કંઈ પૂછવું હોય તો લખી બતાવતો ને મા તેનો ઉત્તર આપતી. માને ઘણીવાર તે પિતાના ફોટા સામે તાકતી રહેતા જોઈ તે ઈશારાથી પૂછતો કે પિતા ક્યાં છે? સમજણો થયો છતાં મા કશું ન કહેતી. પણ તેને સંગીતનો અજબ શોખ હતો. હંમેશા પિયાનોવાળાં ગીત તે વગાડ્યા કરતી. એકવાર પૂછતાં તે બોલી, 'બેટા રૉબ! નાનપણથી મને પિયાનોનો શોખ છે. હું સાંભળી શકતી ત્યારે પણ સ્કૂલમાં પિયાનો શીખતી તેથી મારા પિતાએ મારા માટે પિયાનો લીધેલો. અને બહેરાશ આવતાં પણ પિયાનો વગાડવાનું મેં ન છોડ્યું. 'હીયરીંગ એઈડ્ઝ' પણ કામ ન આવ્યાં. પણ જે કી આવડતી તે પર પિયાનો તો હું વગાડતી. એ જ પિયાનો અત્યારે આપણા ઘરમાં છે. તું પિયાનો વગાડતાં શીખીશ?'

અને માને તેણે હા પાડી.

પહેલીવાર પ્રાઈમરી સ્કૂલમાં સંગીતના ક્લાસ તેણે લીધા ને મા ત્યારે પિયાનો ટીચરને મળી કેવી ખુશ ખુશ થઈ ગઈ હતી? (એ જ આનંદભર્યો ચહેરો તેણે કૉમ્પ્યુટરના સ્ક્રીનમાં રાખ્યો હતો.)

તેણે પિયાનો વગાડવાનું શરૂ કર્યું. ટીચરે તેની પાછળ ખૂબ મહેનત કરી ને માની પ્રેરણાથી રૉબનો હાથ ઝડપથી પિયાનો પર બેસવા લાગ્યો. પણ સ્કૂલમાં જ્યારે 'પેરન્ટ્સ ટીચર' ની મિટિંગો ભરાતી ને ટીચર માબાપને તેમનાં બાળકોનો પ્રોગ્રેસ સમજાવતી ત્યારે તેના મનમાં ખ્યાલ આવતો કે 'પિતા ક્યાં હશે? શું કામ જતા રહ્યા હશે?' માએ ફક્ત તેને એટલું જ કહ્યું હતું કે પિતા તેની માને ત્યજી ચાલ્યા ગયા હતા. 'શું કામ? ક્યાં? તે ઉદાસ થઈ જતો. મા મિટિંગમાં આવતી હતી. કશું સાંભળી શકતી નહીં, પણ બધાને હસતાં જોઈ, પોતે પણ હસતી.

મા તેને પૂછતી કે પિયાનોના ક્લાસ કેવા જાય છે? ટીચરને પણ પૂછતી. ટીચરને તેની બહેરાશની ખબર પડતાં તે લખીને જણાવતી હતી : 'ખૂબ સરસ. રૉબ એક દિવસ મહાન 'પિયાનિસ્ટ' - પિયાનોવાદક બનશે.' ત્યારે તેનું મોં પરિતૃપ્તિથી છલકાઈ જતું. તે લખીને એક ગીત ટીચરને આપી કહેતી, આ ગીત તેને પિયાનો પર જરૂર શીખવજો.'

★

તે બારમા ધોરણમાં આવી ગયો હતો. હવે માની તબિયત લથડવા લાગી હતી. શું થયું હશે માને? એક દિવસ સાંજે ડીનર લઈ બેઠા હતા ત્યાં માએ તેને પિયાનો વગાડવા કહ્યું. તે બેઠો. ગીતોની નોટ્સ કી વાળું પુસ્તક પિયાનો પર ગોઠવ્યું ને માએ ટીચર પાસે શીખવેલું ગીત વગાડ્યું.

"When I was just a child, I asked my mother,

What shall I be?

Will I be handsome, will I be rich?

'હું બાળક હતો ત્યારે માને પૂછતો કે મોટો થઈ હું શું થઈશ? સુંદર યુવક બનીશ? ધનિક બનીશ?'

ને તે જવાબ લખતી :

"Here She said to me

Que serra, serra, whatever will be, will be, the future is not us to see, what will be, will be!"

'બેટા! જીવનમાં - ભવિષ્યમાં જે લખ્યું હોય તે જ થાય.'

અને ન સાંભળી શકતા પણ રૉબની આંગળીઓ પિયાનો પર ફરતી જોતાં, તેને આનંદ થતો જોયો. સાથે તેની આંખોમાં આંસુઓ પણ જોયા. તે પિયાનો પરથી ઊઠી ગયો ને મા પાસે આવ્યો. માનું મોં બંને હાથમાં લઈ, ધીમેથી તેણે તેના આંસુઓ લૂછ્યાં. મા ના હાથમાં પિતાનો ફોટો હતો. તે સમજી ગયો માના રડવાનું કારણ ને લખીને પૂછ્યું, 'મા! પિતાજી ક્યાં છે? ક્યાં ચાલ્યા ગયા છે? શું કામ?'

તે રૉબ સામે ટગર ટગર જોઈ રહી. પછી બોલી, 'રૉબ, બેટા! આજે મારે તને કંઈ કહેવું છે. તું હવે અઢારનો થઈ ગયો. તારે હવે તારી જાતને સંભાળવી પડશે. તારે હવેથી નાનીમા - 'ગ્રાન્ડમા' સાથે રહેવું પડશે.'

'કેમ, કેમ? શા માટે? તું ક્યાંય જવાની છે?'

'હા, બેટા! લાંબી મુસાફરીએ જવાની છું.'

રૉબ મુંઝાઈને મા સામે જોઈ રહ્યો. 'સાંભળ! મને કેન્સર છે. હવે હું ઝાઝું જીવવાની નથી.'

'પણ મા! મારી સ્કૂલના ગ્રેજ્યુએશનનું કોન્સર્ટ છે. મને પિયાનો વગાડતો નથી જોવો? તારે એ જોવા આવવું જ પડશે ને?'

'બેટા! બે અઠવાડિયા પછી હું હોઈશ કે નહીં તે ખબર નથી. અમેરિકામાં સ્કૂલ ગ્રેજ્યુએશનનું મહત્ત્વ કેટલું બધું હોય છે તે હું જાણું છું.'

'પણ મા! તું ન આવે, ડેડી પણ નથી?' રૉબનો ચહેરો રડું રડું થઈ ગયો.

'બેટા! એ જ તારા ડેડી વિશે પણ આજે વાત કરવી છે. તું મને હંમેશાં પૂછતો ને કે ડેડી કેમ મૂકીને ચાલ્યા ગયા? તું સમજણો થયો છે તેથી આજે કહું છું. તારા પિતા ટ્રક ડ્રાઈવર હતા ને વધુ સમય બહાર રહેતા હતા. દારૂની લતે તો ચડ્યા પણ તેમને લગ્નેતર સંબંધ બંધાયો. તારા જન્મ પછી ચૅકઅપમાં મને ડૉક્ટરે ગાયનેકોલોજિસ્ટ પાસે ચેક અપ કરવા જવાનું થયું. ટેસ્ટ કરતાં મને ગર્ભાશયના કેન્સરનું નિદાન થયું. ઑપરેશન કરવા છતાં, કેન્સર ફેલાવા લાગ્યું ને તારા પિતાને આની જાણ થતાં મારી ને તારી પરવા ન કરતાં તેમના નવા બંધાયેલા સંબંધ પાસે તેઓ આપણને છોડી ચાલ્યા ગયા. આટલાં વરસોમાં હવે કેન્સર આખા શરીરમાં ફેલાયું છે. હું અઠવાડિયું કાઢું તો પણ ઠીક.' ને તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

અઢાર વરસનો રૉબ માને રડતી જોઈ રહ્યો. તેની આંખોમાંથી પણ આંસુ રેલાયા. એકલે હાથે તેને મોટો કરવા મા ઝઝૂમી હતી. હવે જ્યારે તે તેનો સહારો બની શકે તેટલો મોટો થઈ ગયો હતો ને મા પણ તેને આ ભરી દુનિયામાં એકલો મૂકી જતી રહેશે?

તે આખું અઠવાડિયું સ્કૂલે ન જતાં, માની શુશ્રૂષા કરતો રહ્યો. સ્કૂલમાંથી પિયાનો ટીચરનો ફોન આવ્યો હતો કે તેણે ગ્રેજ્યુએશનના સમારંભમાં ભાગ લેવાનો હતો. પણ પણ હાથમાં રહેલા માના મૃત શરીરને તે આંસુઓની અંજલિ આપી રહ્યો.

આઘાતની કળ વળતાં, ગ્રેજ્યુએશનના આગલા દિવસે તે પિયાનો ટીચરને મળ્યો ને કૉન્સર્ટમાં ભાગ લેવાની ઈચ્છા દર્શાવી.

'પણ રૉબ! એક જ દિવસ બાકી છે. તું 'રિસાયટલ' કરી શકીશ?'

'વાંધો નહીં આવે, ટીચર.'

'શું વગાડીશ? ને તું અઠવાડિયાથી સ્કૂલે કેમ નહોતો આવ્યો?'

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૫ ઉપર)**

# મારે છેડો નથી ફાડવો

• ડૉ. ચંદ્રકાંત મહેતા •

"આ છોકરો, સત્કાર્ય, ઘમંડી છે."

"એને એની વિદ્યાનું અભિમાન છે. અમીર પરિવારનો દીકરો એટલે સોસાયટીના કોઈની સાથે હળતો-મળતો નથી."

"ના, ના. મને તો ચસ્કેલ લાગે છે.' સત્કાર્યને તીર્થસાગર સોસાયટીના બંગલામાં રહેવા આવ્યાને હજી પંદર દિવસ પણ થયા નથી, ત્યાં પરોપકારી નાગરિકોએ પોતાની 'અભિપ્રાય-સુધા' અન્યને વહેંચવાનું શરૂ કરી દીધું છે. દરેક ઠેકાણે સજ્જનોને ભાગે તો ટીકાપાત્ર બનવાનું જ આવે છે ને!

સત્કાર્ય મનોમન વિચારે છે : કેવાં છે આ બધાં લોકો! માણસને જાણ્યા-પિછાણ્યા વગર એકતરફી અભિપ્રાય આપવાની બાદશાહી ભોગવ્યા કરે છે. માણસ બીજાને કાં તો જલદી ચાવવા તૈયાર થઈ જાય અથવા થૂંકવા! એને તાવવાની ફુરસદ જ લોકો પાસે ક્યાં હોય છે. સત્કાર્યને મેળાનો માણસ બનવાનું મંજૂર નથી. પોતે ભીડમાં રહેવું કે અંતરનાદના શાંત શ્રોતા બનીને જીવવું એ માણસના મૂળભૂત અધિકારની વાત છે.

પણ આ વાત સત્કાર્યનાં સ્વજનોએ પણ ન સ્વીકારી. સત્કાર્ય ખૂબ જ હોશિયાર અને તેજસ્વી હોવા છતાં, શિક્ષકો-અધ્યાપકોનો આગ્રહ છતાં વક્તૃત્વમાં ભાગ નહોતો લેતો. વર્ગમાં શિક્ષક પ્રશ્ન પૂછે ત્યારે પણ જવાબ આવડતા છતાં સત્કાર્ય ક્યારેય હાથ ઊંચો કરીને પોતાની તેજસ્વિતા દર્શાવતો નહોતો. હા, એનું નામ લઈને પ્રશ્ન પૂછવામાં આવે તો તે અત્યંત સંક્ષેપમાં જવાબ આપતો.

સત્કાર્યના પપ્પાજી અને કાકાઓ તેને 'આધુનિક' બનાવવા ઈચ્છતા હતા... ઘરમાં આવી બધી ચર્ચાઓ ચાલતી, ત્યારે પણ સત્કાર્ય સાવ અલિપ્ત રહેતો. બધાંની વાતો સાંભળતો, પણ વર્તતો પોતાની ઈચ્છા મુજબ જ. એટલે સત્કાર્ય મીંઢો છે, ઘમંડી છે, ઊંડો છે, એનો ભરોસો નહીં...જેવી ઉક્તિઓ તેના સ્વજનો વારંવાર ઉચ્ચારતાં.

સત્કાર્ય જેવા નિર્દોષ, ભોળા અને સરળ પુત્રને સુયોગ્ય પત્ની મળી જાય, એ માટે તેનાં મમ્મી ગિરિજાદેવીની આંખો જ્ઞાતિની પરિધિમાં જિજ્ઞાસાપૂર્વક ભમ્યા કરતી હતી. સત્કાર્ય તેમનો એકનો એક પુત્ર. એટલે ઘરમાં માન-પાન પણ વધારે. એને કશીયે રોકટોક વગર હરવા-ફરવાની છૂટ! પણ છૂટ ભોગવે તો સત્કાર્ય શાનો? મમ્મીને તે હંમેશાં કહેતો : "મમ્મી, જીવનને ગમે તેટલું બહેકાવીએ તોય અંતે તો ઠરવું જ પડે છે. ઉન્માદ, ઉછાળા, તરંગ અને તોફાન એ બધાંને અંતે શું? અમર્યાદ આનંદની પ્રાપ્તિ માટે વલખાં નથી મારવાં. આનંદની પાછળ પાગલ બનીને ભમાય નહીં. પિતાજીની મહેનતના પૈસાનો વ્યય કરવો એ પાપ છે. હું પોતે પૈસા કમાવાને લાયક બનું, ત્યાં સુધી મારે જરૂરથી વધારે પૈસા ખર્ચ ન કરવા જોઈએ. અને મમ્મી, મને 'મોર્ડન' બનવાનો આગ્રહ તો કરીશ જ નહીં." અને સત્કાર્યનાં મમ્મી પોતાના પુત્રના આવા ચીલાચાલુ વિચારોથી વિસ્મિત થઈ જતાં... 'આધુનિક યુવતીની આંખમાં વસવા માટે સત્કાર્યએ પોતાની જાતને બદલવી તો પડશે જ. પછી તો નસીબ એનાં.'

પણ જ્યારે સત્કાર્ય અને એષણાના સંબંધની વાત વહેતી થઈ, ત્યારે સત્કાર્યનાં મમ્મી-પપ્પાને અત્યંત આશ્ચર્ય થયું હતું. સત્કાર્ય મોટે ભાગે ઘરમાં જ રહેતો, કૉલેજથી સીધો ઘેર આવે છતાંય એષણા સાથે એણે ક્યારે સંપર્ક વધારી દીધો, એની ગંધ સુધ્ધાંય ન આવી!

પણ સત્કાર્યની મમ્મીએ મૌન ધારણ કર્યું. એમને ખાતરી હતી કે સત્કાર્ય એટલો શાણો છે કે પૂછ્યા સિવાય કોઈ બંધનમાં નહીં બંધાય.

અને તેથી જ સત્કાર્યના પપ્પાએ કુ. લહેરના પિતા સાથે ચલાવેલી વાત આગળ વધતી અટકાવી દીધી હતી. લહેર સુશિક્ષિત અને સુંદર યુવતી હતી. તેના પિતા અને સત્કાર્યના પિતા ખાસ મિત્રો હતા, એટલે બીજી કોઈ રીતે ચિંતા નહોતી. પરંતુ સત્કાર્ય એષણા તરફ ઢળ્યાના સમાચારે ગિરિજાદેવીના મનમાં મૂંઝવણ સર્જી હતી.

સત્કાર્યના વર્તનમાં થયેલો ફેરફાર ગિરિજાદેવી બરાબર નોંધતાં હતાં. સત્કાર્યનાં નવાં વસ્ત્રો તેના જીવન પ્રત્યે બદલાયેલા દૃષ્ટિકોણની ચાડી ખાતાં હતાં. ઘેર આવવામાં થતું મોડું એના બદલાયેલા વર્તન - વહેણનું સૂચક હતું. ગિરિજાદેવી સત્કાર્યના આવા વર્તન પરત્વે શંકિત બની એષણાની બાબતમાં સિલસિલાબદ્ધ વિગતો એકઠી કરવામાં પરોવાઈ ગયાં હતાં. પણ પતિની ધાકને કારણે સત્કાર્ય સાથે કશી ચર્ચા કરવાની હિંમત નહોતાં કરતાં.

એમ દિવસો વિતતા ગયા. અને એક દિવસ સત્કાર્યએ પોતાની મમ્મી સમક્ષ એષણા સાથે લગ્નની ઈચ્છા પ્રદર્શિત કરી, ત્યારે ગિરિજાદેવીએ તેની વાત સહર્ષ સ્વીકારી લીધી. અને સત્કાર્યના પપ્પાજી તો ઈચ્છતા જ હતા કે સત્કાર્ય લગ્ન કરીને સુખી થાય. અને સત્કાર્યએ એષણા સાથે સાદગીપૂર્વક લગ્ન કરી નાખ્યાં હતાં.

બસ! ત્યારથી જ સત્કાર્યના ઘર પર આપત્તિનાં વાદળ ઘેરાવાનું શરૂ થઈ ગયું હતું. એષણા એક અહંવાદી પિતાની બોલકણી પુત્રી હતી. તેણે નમ્રતાનો દેખાવ કરીને સત્કાર્યનું દિલ જીતી લીધું હતું. હકીકતમાં જીવનમાં સુખોપભોગ માટેની પ્રબળ લાલસા અને નિર્બંધ વ્યવહાર એષણાની જિંદગીનાં આ બે મુખ્ય સૂત્રો હતાં. સત્કાર્યની નમ્રતા અને સંસ્કારિતા

એષણાને સહેવા માટે 'ફીટ' છે એવી તેને ખાતરી હતી એટલે જ એષણાના પપ્પાએ બંનેના લગ્નની સ્વીકૃતિ આપી હતી.

લગ્ન પછી તરત જ સત્કાર્યે પોતાના મનની વાત એષણા આગળ રજૂ કરી હતી : 'એષણા, તું મહેરબાની કરીને મને દુનિયાની નજરે ન નિહાળીશ. પ્રેમ મૂલ્યાંકનની નહીં, માણવાની વસ્તુ છે. હું દુનિયાની નજરે મપાઉં એટલો છીછરો નથી. મારા મનની ગતિ તું દુનિયાની નજરે નહીં સમજી શકે. કોઈક પાસે સાંભળેલા પતિ અંગેના કટુ અનુભવો મને સંભળાવીને દુઃખી પણ ન કરીશ. સત્કાર્યની તુલના બીજા પુરુષો સાથે ન કરીશ. કારણકે દરેક પતિ આખરે એક 'વ્યક્તિ' છે, એને આગવું વ્યક્તિત્વ હોય છે...

"એષણા, હું તને શુદ્ધ પ્રેમ આપવા ઈચ્છું છું. અને એવો જ તારી પાસેથી પામવાની ઝંખના કરું છું. જે તનથી નહીં, મનથી મારી સમીપ હોય."

પરંતુ એષણાને તો ખપતો હતો એક એવો પતિ, જે એના ઇશારે નાચે. તેને જીવનસાથી નહીં આજ્ઞાંકિત પતિ ખપતો હતો.

સત્કાર્યનાં મમ્મી-પપ્પા અત્યાર સુધી પુત્રને કેન્દ્રમાં રાખીને જ જીવવા ટેવાયેલાં હતાં. એટલે એષણા સત્કાર્યને મમ્મી-પપ્પાના લાગણીના વળગાડમાંથી મુક્ત કરવા માગતી હતી. સત્કાર્યના પપ્પા ક્યારેય તેને મૂકીને સાંજે એકલા જમતા નહીં. દિવસ આખો સૌ-સૌની પ્રવૃત્તિમાં હોય, પણ સાંજનું ભોજન તો સૌ સાથે જ કરે, એવો સત્કાર્યના પપ્પાનો આગ્રહ. એ નિયમને તોડવાની કોઈ ક્યારેય કોશિશ નહોતું કરતું. કારણ કે એ નિયમ સૌને લાગણીથી ભીંજાયેલાં રાખતો હતો.

એષણાએ પોતાના બેડરૂમમાં ફોલ્ડિંગ ડાઈનિંગ ટેબલ બનાવડાવીને એ નિયમને એક જ ઝાટકે સમાપ્ત કર્યો. સત્કાર્યે તેને સમજાવવાની ખૂબ કોશિશ કરી પણ એષણા પોતાની જીદ જતી કરવા તૈયાર નહોતી.

એષણા માનતી હતી કે સત્કાર્યનાં મમ્મી-પપ્પાએ તેને 'શ્રવણ' બનાવીને આધુનિક યુવક બનવામાં અંતરાયો ઊભા કર્યા છે. એટલે સત્કાર્ય જ્યારે પણ મમ્મી-પપ્પા સાથે લાગણીથી વાતો કરતો હોય-ત્યારે એષણા વ્યંગ કરતી : "શ્રવણકુમાર, તીર્થયાત્રા માટે કાવડનો ઑર્ડર આપી દઉં?" સત્કાર્ય રોષે ભરાતો, પણ તેની મમ્મી ગિરિજાદેવી વાતને વાળી લેતાં. પણ એષણા તો પ્લાસ્ટિકનું ફૂલ હતી. એમાં અત્તર છાંટો તો ઘડીક મહેકે, પણ અંતે તો ફૂલ સુગંધ વગરનું જ.

એકાએક એષણાએ સત્કાર્યને પૂછ્યા વગર જ તેને માબાપની લાગણીની જેલમાંથી આઝાદ કરવા માટે અલગ મકાન રાખ્યું. સત્કાર્યના પપ્પા એ માટે જરાય તૈયાર નહોતા. પણ સત્કાર્યની મમ્મીએ તેમને સમજાવ્યા : "સાંભળો, પાંખો ફૂટેલા પંખીને એમનો અલગ માળો બનાવવાનો અધિકાર છે. બહુ બહુ તો આપણે તેમને માળો બાંધવા તણખલાં આપી શકીએ, પણ માળાની આકૃતિ રચવાની તેમની દૃષ્ટિમાં આપણે દખલ ઊભી ન જ કરી શકીએ. અને સામાન વહેંચવાથી હૈયાં થોડાં જ વહેંચાઈ જવાનાં છે? સત્કાર્યનો પહેલો રોલ પૂરો થયો પુત્ર તરીકેનો; હવે બીજો રોલ શરૂ થાય છે પતિ તરીકેનો. એમને સુખેથી જવા દો. સત્કાર્ય પણ અનિચ્છાએ જવા તૈયાર થયો છે. આપણા આંસુથી એનો નિર્ણય કમજોર ન બની જાય તે આપણે જોવું પડશે."

સત્કાર્યની મમ્મી ગિરિજાદેવી આ બધું બોલ્યાં હતાં કે અંદરથી કોઈક બોલાવતું હતું? સત્કાર્યના પપ્પાને ખબર હતી કે સત્કાર્યને પળવારેય પોતાનાથી અલગ કરવાનું સામર્થ્ય એ વહાલ નીતરતી આંખો અને લાગણીભીના હૃદયમાં નહોતું.

અને ગિરિજાદેવીએ સત્કાર્યને અલગ રહેવા માટે મનાવી લીધો હતો. એષણાના ચહેરા પર વિજયનો પ્રકાશ રેલાયો હતો. સત્કાર્યના હૃદયમાં સંઘર્ષનાં મોજાં ગરજતાં હતાં. અને સત્કાર્યનાં મમ્મી-પપ્પા જિંદગીએ પીવા માટે આપેલો વિષપ્યાલો ચૂપચાપ ગટગટાવી ગયાં હતાં.

મમ્મી-પપ્પાથી અલગ થયા પછી શરૂઆતમાં એકાદ વર્ષ સુધી એષણાએ સત્કાર્ય તરફ ખૂબ જ પ્રેમ દર્શાવ્યો. પણ ધીરે ધીરે તેનું મન બદલાવા લાગ્યું. એષણા અને સત્કાર્ય વચ્ચેનું અંતર વધતું જતું હતું. એક દિવસ એષણાએ સત્કાર્યને કહ્યું : "સત્કાર્ય, તારું 'રૂટીન જીવન' મને પસંદ નથી. બિઝનેસ, પૈસા એ જ કાંઈ જીવન નથી. કેડી વગર ભટકવાનીય પણ એક મજા હોય છે. પણ તું રહ્યો એક સાદો, સીધો, ગણતરીપૂર્વક ડગલાં ભરનારો યુવક... જીવવાની તમન્નાનો કશો ખ્યાલ તને ન હોય તે સ્વાભાવિક છે. તું મને તારા પ્રેમનો અનુભવ કરાવી શકવામાં નાકામિયાબ નીવડ્યો છે. તેથી મને તારી સાથે રહેવામાં જરા પણ આનંદ આવતો નથી..." એને વધુ બોલતી અટકાવવા સત્કાર્યે પાણીનો ગ્લાસ એષણા આગળ ધર્યો. પણ એષણાએ તો પાણી પીને ફરીથી બોલવાનું ચાલુ કરી દીધું હતું...

"જો સત્કાર્ય, આજે મને બોલવા દે. તારી સાથે દાંપત્યજીવનનું કાઢેલું એક વર્ષ મને એક યુગ જેટલું લાંબું લાગ્યું છે. તું અમીર પરિવારનો દીકરો છે. એટલે મેં કલ્પના કરી હતી કે તારી સાથે લગ્ન કર્યા પછી ખાઈ-પીને જલસા કરવા મળશે. રોજ રોજ ફરવાનું, નાટક-સિનેમા, ગપ્પાં મારવાં, મિત્રો સાથે પિકનિક કરવી વગેરે.

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

પણ લગ્ન પછી ખબર પડી કે તું તો ગંભીર પ્રકૃતિનો યુવક છે. તને ગમે છે એકાંત, માનવ મહેરામણથી દૂર શાંત વાતાવરણ. અને હું મેળામાં મહાલનારું શોખીન પ્રાણી. મારી ચોમેર પ્રશંસકોનું વૃંદ ન હોય તો મને ચેન ન પડે. મારી સાડી, મારાં ચંપલ, મારી લિપસ્ટિક, મારી હેરસ્ટાઈલ એ બધું અનોખું છે, તેમ કહેનાર ચાર-પાંચ જણ ન હોય તો મને આખો દિવસ નકામો લાગે. અને તું...સત્કાર્ય તું, નીકળ્યો ''મૌની બાબા'', ધીરગંભીર... હંમેશાં વિચારોમાં ખોવાયેલો... મારા સૌંદર્યની પ્રશંસા કરવાની વાત તો દૂર, તેં ક્યારેય મારી સામે ધ્યાનથી નથી જોયું, કે મેં કેવાં વસ્ત્રો પહેર્યાં છે!...

''સત્કાર્ય એક વર્ષ આપણે સાથે રહ્યાં, તોય તું મારું દિલ જીતવાની તાકાત કેળવી ન શક્યો? પુરુષ તરીકે તું આટલો મોળો કેમ નીવડ્યો? મારી કલ્પનાના પુરુષની જે તસવીર લઈને હું ફરતી હતી તેવો તું ન નીકળ્યો તેનું મને દુઃખ છે...ખેર, હું મારી ફ્રેંડ સાથે બહાર જાઉં છું. જમવાનું ઢાંકેલું છે, જમી લેજે. આજથી તારા અને મારા રસ્તા જુદા... મારે જે કરવું હશે તે હું કરીશ... તું જે ઇચ્છે તે તું કરજે... મહેરબાની કરીને મને કોઈ પ્રશ્ન પૂછતો નહીં. આગળ શું કરવું તે હું વિચારીને કહીશ.'' અને પગ પછાડતી એષણા પોતાની સહેલી સાથે ફરવા ઊપડી ગઈ.

એષણા સત્કાર્યના જીવનાકાશમાં આકસ્મિક રીતે ઊગેલા ધૂમકેતુ જેવી સાબિત થઈ હતી. કેટકેટલાં અરમાનો સાથે એષણાને સત્કાર્યનાં મમ્મી પપ્પાએ આવકારી હતી, ઘરની પુત્રવધૂ તરીકે! પણ એનું આગમન સમગ્ર પરિવાર માટે અભિશાપ સાબિત થયું.

એષણાની અમર્યાદ આનંદ અને સ્વાતંત્ર્યની સ્પૃહાએ સત્કાર્યને ઠારવાને બદલે બાળ્યો હતો. તેના જીવનને અભિસિંચિત કરવાને બદલે સ્નેહના વારિથી વંચિત બનાવી સૂકવી નાખ્યું હતું. એષણાની કડવી જીભ સત્કાર્યના જીવન પર સદાય વૈશાખી તડકો બનીને તેને બાળતી હતી. એષણાના પ્રેમ માટે સત્કાર્યે કેટકેટલું ગુમાવવું પડ્યું હતું?

વહેમ, શંકા અને અવિશ્વાસ એષણાના વ્યક્તિત્વને ઘેરી વળેલાં દૂષણો હતાં : એકાધિકારપ્રિય એષણાએ સત્કાર્યનાં માતા-પિતાની લાગણીમાં આશંકા કરી, માતા-પિતા અને પુત્ર વચ્ચે વિજોગ પડાવ્યા હતા... સત્કાર્યના પૈસા તેના મિત્રો ઉડાવી ન જાય તે માટે એષણાએ સત્કાર્યના તમામ મિત્રો સાથે તોછડાઈભર્યું વર્તન આદર્યું હતું.... સત્કાર્ય કોઈ સ્ત્રી-મિત્રો તરફી કૂણું વર્તન ન રાખે એના માટે એ સત્કાર્યની જાસૂસી કરાવતી હતી...

પરિણામે સત્કાર્યને લાગતું હતું કે એષણાને કારણે પોતાનું જીવતર ઝેર બની ગયું છે... દાંપત્યજીવન ઉષ્મા ખોઈ બેઠું છે અને સંબંધનો ફેંસલો હવે લાગણીની તાકાતને આરે નહીં પણ શબ્દોના કિનારે આવીને ઊભો હતો.

દંભી હોવા છતાં એષણા કેટલી ભોળી દેખાઈ શકતી હતી... તેની અદા, નમ્રતા, સરળતા અને ભોળપણની પ્રશંસા કરતાં લોકો થાકતાં નહોતાં. એષણાના પપ્પાને એ વાતનું દુઃખ હતું કે પોતાની પુત્રીને લાયક વર મળ્યો નહોતો.

કંટાળીને સત્કાર્યે એષણાના સંગના ભ્રમમાં રહેવાને બદલે 'અસંગ' રહેવાનો નિર્ણય કર્યો હતો. ત્યાં જ એક દિવસ એષણા સત્કાર્યનું ઘર છોડીને એની મમ્મીને ઘરે ચાલી ગઈ હતી.

એષણાના ગયા બાદ ચાર જ દિવસમાં સત્કાર્ય ભયંકર માંદગીમાં પટકાયો હતો. તેની માંદગીના સમાચાર સાંભળી તેનાં માતા-પિતા સત્કાર્ય સાથે રહેવા આવી ગયાં હતાં. સત્કાર્યના પપ્પાજીએ શહેરના મોટા ડૉક્ટરને બોલાવી તેની સારવાર કરાવી હતી.

સત્કાર્યનાં માતા-પિતા તેની સાથે રહેવા આવી ગયાના સમાચાર સાંભળી એષણા ધૂંઆપૂંઆં થઈ ગઈ હતી. તેને આશા હતી કે સત્કાર્ય તેને તેડવા આવશે અને હાથ જોડીને તેને ઘેર પાછી લઈ જશે. પરંતુ ધાર્યા કરતાં પરિણામ જુદું આવતાં એષણાએ છૂટાછેડાનું શસ્ત્ર અજમાવ્યું. તેણે ફોન કરીને માત્ર એટલું જ કહ્યું : 'સત્કાર્ય, દૈવત વગરના પુરુષો જિંદગીમાંથી ચાલ્યા જાય તો કોઈએ પસ્તાવું જોઈએ નહીં. તું તારાં માતા-પિતાનો 'શ્રવણ' બનવા તૈયાર છે, પણ તારી નજરોમાં પત્નીની કોઈ કિંમત નથી. એટલે મેં તારાથી છૂટા પડવાનો નિર્ણય કર્યો છે. એક-બે દિવસમાં તને મારા ઍડવોકેટની નોટિસ મળી જશે. ખાધા-ખોરાકી અને તારી આર્થિક હેસિયત જોતાં પૂરા પચાસ લાખ અને રહેવા માટે એક બંગલાની માગણી કરી છે. ગુડબાય મિ. સત્કાર્ય ઉર્ફે શ્રવણકુમાર.'

અને પોતાનું સજાવેલું ઘર એષણાને સોંપીને સત્કાર્ય પોતાના માતા-પિતા સાથે તીર્થ સાગર બંગલામાં રહેવા આવી ગયો હતો.

પોતાના પુત્ર પ્રત્યે પારાવાર પ્રેમ હોવાને કારણે સત્કાર્યના પપ્પાજી એષણાને સાત જન્મારા સુધી યાદ રહે એવો 'આકરો પાઠ' ભણાવવા ઇચ્છતા હતા. એટલે એમણે લગ્નવિચ્છેદના કેસમાં એકના બદલે ત્રણ વકીલો રોક્યા હતા. વકીલોને દરરોજ એક જ વાત કહેતા : ''સવાલ પૈસાનો નથી... વટનો છે. એષણાની શી મજાલ

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

કે તે મારા દીકરાની પજવણી કરે? ભલે બધી રકમ હું રસ્તે જતા ભિખારીને દાનમાં આપી દઉં, પણ એષણાની સાન તો હું ઠેકાણે લાવીને જ જંપીશ. હું મારા દીકરાને પણ બરાબર ઓળખું છું. તે પણ સ્વમાન સાથે બાંધછોડ નહી કરે એની મને ખાતરી છે.''

સત્કાર્ય મનોમન વિચારતો : કોઈ-કોઈને ઓળખી શકે છે ખરું? બીજાને ઓળખવાની વાત તો દૂરની વાત છે, માણસ પોતાને પણ ઓળખી શકતો નથી. હું પણ એષણાને ક્યાં ઓળખી શક્યો?

કોણ જાણે કેમ સત્કાર્યનું મન પ્રતિશોધ માટે તૈયાર જ નહોતું. તેનું હૃદય તેને એક જ વાત કહેતું હતું કે... જે હૃદયને મેં લાગણીની રંગોળીથી સજાવ્યું હતું તેને કટુતાના કાદવથી ખરડવાનું ઉચિત ગણાય ખરું?

સત્કાર્યે એષણાને પત્ર લખીને જણાવ્યું હતું : 'એષણા, તું આઝાદ છે. તારી ઈચ્છાઓને કચડીને કે મારા તરફ કરુણા દેખાડીને તું મને ફરીથી સ્વીકારે એવું દબાણ હું તને નહીં કરું. એમાં મજા પણ નથી. શરતો તો ધંધામાં હોય, પ્રેમ અને પરિણયમાં નહીં. મારા નિર્મળ હૃદયની શ્રેષ્ઠ ભાવનાઓ મેં તારે ચરણે ધરી છે અને મારા યૌવનની શ્રેષ્ઠ-અમૂલ્ય ઘડીઓ તને અર્પિત કરી છે. એનું મૂલ્ય ભરણપોષણ કે ખોરાકીના સ્વરૂપે વસૂલવાનું તું ઈચ્છે તે મને મંજૂર નથી. મેં તને ચાહી છે જીવનના વિશાળ પંથ પર. હમસફર તરીકેની સહયાત્રાનું નજરાણું તને આપવામાં મને વિશેષ આનંદ થશે. આપણે રહેતાં હતાં તે બંગલો મેં અને મારાં મમ્મી-પપ્પાએ છોડી દીધો છે. અમે અમારાં વસ્ત્રો સિવાય કશું જ બંગલામાંથી લીધું નથી. જે છે તે બધું જ તારું છે. તું ખુશીથી ત્યાં રહી શકે છે. મેં તને બાંધી નહોતી એટલે મુક્ત કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. અને હા, તને કશી જ તકલીફ ન પડે એટલા માટે મારી બચતના પચાસ લાખ રૂપિયા તારા સ્વતંત્ર ખાતામાં જમા કરાવ્યા છે. હું જીવનભર તારી રક્ષા કરવા બંધાયેલો છું. લગ્નની સપ્તપદીમાં જોડાવાની પ્રતિજ્ઞાઓ હોય છે, વિખૂટા પડવાની નહીં. પપ્પાજી કોર્ટમાં ગમે તેવી રજૂઆત કરે, તારે જોઈતું સઘળું હું તને વગર માગે આપી દઉં છું! શ્રદ્ધા વરદાન પણ બને છે અને આફત પણ! તેં મને છેતર્યો કે મેં તને છેતરી એવું ગણિત આપણે નથી માંડવું... પ્રેમના ક્ષેત્રમાં ન્યાયને નહીં માત્ર માફી અને બિનશરતી માફીને જ સ્થાન હોય. ફરીથી કહું છું, તું મુક્ત અને હું બંધાયેલો.''

અને પત્ર વાંચી એષણા હચમચી ઊઠી હતી...એણે પોતાના ઍડવોકેટને કહ્યું હતું : કેટલાક કેસ વગર લડે જીતવાની ભલા માણસોમાં તાકાત હોય છે. સત્કાર્યની ભલમનસાઈને મારી દલીલબાજીથી દૂષિત નથી થવા દેવી.

અને બીજે દિવસે એષણા પોતાનાં સાસુ-સસરાની પાસે પહોંચી ગઈ હતી પોતાના પ્રેમદેવતાની માફી માગવા.

*૧૬, હેવન પાર્ક, રામદેવ નગર પાસે, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

## પિયાનો

(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)

રૉબની આંખો ભીની થઈ ને કહ્યું : 'ટીચર! મારી મા મૃત્યુ પામી રહી હતી.' ને તેણે આખી વાત મા વિશે કરી.

ગ્રેજ્યુએશનનો દિવસ આવ્યો. સૌથી છેલ્લો વારો રૉબનો આવ્યો. દિલ દઈ, દર્દથી રેડી દઈ તેણે પિયાનો વગાડ્યો.

"What will be, will be!"

લગભગ બધાની આંખો સજલ બની ગઈ ને બધાએ રૉબને 'સ્ટેન્ડિંગ ઑવેશન' — ઊભા થઈ, તાળીઓથી વધાવી લીધો. રૉબે આકાશ તરફ જોયું. 'મા! તું સ્વર્ગે ગઈ છે તેથી હવે સાંભળી શકતી હશે ને મને?'

યાદો ને પાછી ધકેલતાં આંખમાં આવેલાં આંસુને ધ્રૂજતી આંગળીએથી લૂછ્યાં. વર્ષો વીતી ગયાં હતાં. એ ક્ષણોને પણ ક્યાંથી ભુલાય?

તે લાકડીના ટેકે, ધીમે ધીમે પિયાનો પરથી ઊઠી, કોમ્પ્યુટર પાસે આવ્યો. માનો ચહેરો-આનંદભર્યો ચહેરો સ્ક્રીન પર જોયો ને આટલા વરસોથી હંમેશાં માને ઈ-મેઈલ કરતો રહ્યો હતો તેમ, આજે પણ તેણે માને ઈ-મેઈલ કર્યું, 'મા! આ ટ્રોફી જોઈ? આટલાં વર્ષો પછી પણ હું હજીય પિયાનો વગાડું છું હોં!'

*(સત્ય ઘટનાના આધારે)*

*સૌજન્ય : "જલારામદીપ"*

બુઢ્ઢાપો....

હાણે કેળા હેરણ ફેરણ,
હાણે કેળા હિલણ મિલણ,
હાણે રોણું પ્રભુ પાર્શ્વજે શરણ શરણ,
'રશ્મિન્' ચુમે તોજા ચરણ ચરણ.

**બુટીક જ્વેલર્સ**

**સેમી કલ્ચર મોતી, રાઈસ મોતી, રીયલ મોતી, કલ્ચર મોતી, શુદ્ધ ચાંદીના દાગીના, કુંદનના સેટ (જડતર) અને ૧૮ કેરેટ સોના અને ચાંદીમાં અમેરિકન ડાયમંડ જ્વેલરી ૧ ગ્રામ સોનાના દાગીના મળશે. (પેરોણીગર રોજ બેસે છે.)**

**2, Mahaveer Symphony, Next to Punjab National Bank, Zaver Road, Mulund (W), Mumbai - 400 080.**
**Ph. : (022) 2561 9541 • M. : 98214 73501**

**પ્રો. : જવેર બી. ખોના**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

**કાર્યાલય :** C/o. શ્રી ય.વ. બહુંતેર જિનાલય ટ્રસ્ટ સંચાલિત અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યભગવંત **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** જ્ઞાન મંદિર યાને **શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા કચ્છ ગામ લાયજાવાળા** અચલગચ્છ જૈન ઉપાશ્રય, વિનય માર્કેટ, ૧લે માળે, મણિનગર જૈન દેરાસર પાસે, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**ઉપાશ્રય-૨ : શ્રી વિસત નવનીત અચલગચ્છ જૈન ભવન** : સુપર બજાર, ૧લે માળે, નારાણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદમાં ચાતુર્માસ મળ્યાનાં વધામણા

આપણા સંઘનાં અહોભાગ્યે કચ્છકેસરી રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રીગુણસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ**ના પટ્ટધર તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ. ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ**ના આજ્ઞાવર્તિની **પ.પૂ.સાધ્વી શ્રી પ્રિયવંદનાશ્રીજી મ.સા.**નાં શિષ્યા, **પ.પૂ.સા.શ્રી ઇન્દુકલાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ કાંડાગરા), **પ.પૂ.સા.શ્રી હંસમાલાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ બેરાજા), **પ.પૂ.સા.શ્રી જિનશ્રધ્ધાશ્રીજી મ.સા.** (કચ્છ ગામ માપર) આદિ ઠાણા-૩નું ચાતુર્માસ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.ની આજ્ઞા અને આશિષથી પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**નાં આશિષથી આપણા શ્રી સંઘને મળેલ છે.

***આ વર્ષે સંઘના નિયમાનુસાર ચાતુર્માસ મણિનગર ઉપાશ્રયે કરાવવામાં આવશે.***

### • પૂજ્યોશ્રીનો ચાતુર્માસ પ્રવેશ •

સંવત ૨૦૭૨નાં અષાઢ સુદ-૬ ને રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬ના હરખચંદ પ્રેમજી શાહ (કચ્છ ગામ રાયણ) બીના મેડિકલ સ્ટોરવાળાનાં ઘરેથી (ઠે. બી/૫, શાલીન એપાર્ટમેન્ટ, જવાહર ચોક ચાર રસ્તા પાસે, મણિનગર) કરાવવામાં આવશે. સવારના ૮.૦૦ વાગે નવકારશી. ત્યારબાદ ૮.૩૦ કલાકે પૂજ્યોશ્રીનું વાજતે ગાજતે સામૈયું. સવારના ૯.૦૦ કલાકે મણિનગર વાસુપૂજ્ય જૈન દેરાસરમાં સકળ સંઘ સાથે ચૈત્યવંદન. ૯.૩૦ કલાકે મણિનગર પ્રેમજી જેઠાભાઈ છેડા (કચ્છ ગામ લાયજાવાલા) ઉપાશ્રયે સકળ સંઘ સાથે પ્રવેશ.

### • ઉપાશ્રયે કાર્યક્રમ •

પ્રવેશ બાદ માંગલિક. ચાતુર્માસ દીપક પ્રગટાવવાનું અને પૂજ્યોશ્રીનું ગુરૂપૂજન. પ્રાસંગિક પ્રવચન. સૂત્ર તથા ચરિત્રના વહોરાવવાના તથા પાંચ જ્ઞાનની પૂજાના ચડાવાઓ બોલવામાં આવશે. અન્ય જાહેરાતો પણ કરવામાં આવશે.

**સકળ સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**ચાતુર્માસ પ્રવેશમાં પધારી સંઘ તથા શાસનની શોભા વધારશો.**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ – અમદાવાદનાં મણિનગર ઉપાશ્રયે અમદાવાદમાં બેઠાં બેઠાં ગીરનાર તીર્થની ભાવ નવ્વાણું કરવાનો અમૂલ્ય લાભ

સંવત ૨૦૭૨નાં શ્રાવણ સુદ-૫ ને રવિવાર, તા. ૭-૦૮-૨૦૧૬ના રોજથી (નેમ જન્મના દિવસથી) મણિનગર ઉપાશ્રયે નવનીત વિવિધલક્ષી હોલમાં ગીરનાર તીર્થની રચના કરવામાં આવશે. આ તીર્થ રચનાની સાથે સાથે ગીરનાર તીર્થની નવ્વાણું યાત્રા કરી શકાશે.

૨૦૭૨ શ્રાવણ સુદ-૫ થી ૨૦૭૩ના કારતક સુદ-૫ શુક્રવાર, તા. ૪-૧૧-૨૦૧૬ સુધીમાં જે ભાગ્યશાળીઓ વિધિપૂર્વક ગીરનાર તીર્થની નવ્વાણું યાત્રા કરશે તેમનું કારતક સુદ-૫, શુક્રવાર, તા. ૪-૧૧-૨૦૧૬ના રોજ બહુમાન કરવામાં આવશે.

**• વધુ વિગત માટે સંપર્ક •**

**સુનીલ ગોવિંદજી કેશવજી શાહ**

**મો. ૦૯૯૭૮૪ ૦૭૧૩૧**

***યાત્રા કરનાર ભાગ્યશાળીઓ ચાતુર્માસ બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી ઈન્દુકલાશ્રીજી મ.સાહેબ પાસે પોતાના નામ લખાવે તેમજ યાત્રાની નોંધ કરાવે.***

**લી.**

**લક્ષ્મીચંદ શામજી છેડા - પ્રમુખ**
**પ્રતાપભાઈ નારાણજી દંડ - ઉપપ્રમુખ**
**ટોકરશી કેશવજી શાહ - મંત્રી**

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**

**ખાસ નોંધ :**

*(૧) શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદના કાર્યક્રમો અંગે 'મંગલ મંદિર'માં જાહેરાત કરવામાં આવશે. અલગથી પરિપત્ર મોકલવામાં આવશે નહીં તેની સૌએ નોંધ લેવા વિનંતી.*

*(૨) વ્યાખ્યાન દરમ્યાન ચાતુર્માસમાં થનાર તપ - જપની વિગતો જાહેર કરવામાં આવશે.*

*(૩) ચાતુર્માસના અન્ય કાર્યક્રમોની વિગતો પણ વ્યાખ્યાન દરમ્યાન જાહેર કરવામાં આવશે.*

ધર્મ

# મહાવીર વંદના

● ગુલાબચંદ ધારશી રાંભિયા ●

***શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણ પ્રસંગે આવો ઓળખીએ ભગવાન મહાવીરને..***

ભગવાન મહાવીર મહાન વૈજ્ઞાનિક હતા. તેમણે સદીઓ પૂર્વે વનસ્પતિ, જળ, વાયુ તેમજ અગ્નિમાં જીવ હોવાનું સત્ય પ્રગટ કર્યું હતું.

ભગવાન મહાવીર સાચા અર્થમાં "મહાવીર" હતા. જગતને જીતે તે વીર - જાતને જીતે તે મહાવીર. અનેક ઉપસર્ગો સામે અવિચળ રહેવાનું સામર્થ્ય ધરાવનાર તેઓ મહાવીર હતા.

ભગવાન મહાવીર સાધક હતા. પંખીઓએ તેમના દેહ પર માળા કર્યા તોય તેનાથી બેખબર રહ્યા એવા ધ્યાનમગ્ન સાધક હતા.

ભગવાન મહાવીર મહાન અર્થશાસ્ત્રી હતા. જીવનમાં અર્થની આસક્તિ જ અનર્થ કરે છે. એમ જણાવીને તેમણે અપરિગ્રહનો મહિમા કર્યો હતો.

ભગવાન મહાવીર માતૃભક્ત હતા. માતાને દુઃખ ન થાય તે માટે ગર્ભમાં પણ સ્થિર બનીને રહ્યા હતા.

ભગવાન મહાવીર મહાવૈદ્ય હતા. જેમણે રાગ દ્વેષ મોહ સ્વરૂપ ભાગરોગનું ઔષધ આપી જગતને ભાવ આરોગ્ય આપ્યું.

ભગવાન મહાવીર નારી ઉધ્ધારક હતા. ચંદનબાબર જેવી સ્ત્રીનો ઉધ્ધાર કરીને સ્ત્રી પણ મોક્ષની અધિકારિણી છે એમ જગતને જણાવ્યું હતું.

ભગવાન મહાવીર અહિંસાના ઉદ્ગાતા હતા. કોઈની હત્યા કરવી એ જ નહીં, કોઈની લાગણી દૂભવવી એ પણ હિંસા છે એમ પ્રબોધ્યું હતું.

ભગવાન મહાવીર મહાન જ્યોતિષી હતા. સદીઓ પહેલા તેમણે કરેલી તમામ આગાહીઓ આજના યુગમાં સાચી પડતી આપણે જોઈ અને અનુભવી રહ્યા છીએ.

ભગવાન મહાવીર પર્યાવરણના ચિંતક હતા. સદીઓ પૂર્વે તેમણે વૃક્ષો વગેરે એકેન્દ્રિય જીવોના જતનની વાત કરી હતી.

ભગવાન મહાવીર મહાન વાત્સલ્યમૂર્તિ હતા. માતા પોતાના સંતાનને સ્તનપાન કરાવતી વખતે દૂધ પિવડાવે છે. મહાવીરે તો પોતાને પજવતા ચંડકૌશિક નાગ માટે દૂધની ધારા વહાવી હતી. સંગમ જેવા દુર્જન માટે આંસુ આવ્યાં હતાં.

---

***પ્રત્યેક વ્યક્તિના હાર્દિક ભાવ એવા હોવા જોઈએ જેથી જન્મકલ્યાણની ઉજવણી સાર્થક ગણાય... અહીં નીચે આવા ભાવો ભાવવાની દરેક વ્યક્તિ જીવનમાં શરૂઆત કરે એજ અંતરની અભ્યર્થના...***

*હે, પ્રભુ મહાવીર...*

માનવ જન્મને ૮૪ લાખ યોનિમાં દુર્લભ કહ્યો છે. લોકો કહે છે માનવ પરમાત્માનું ઉત્તમ સર્જન છે. પણ ઓ પ્રભુ! તું અમારી પાપ વૃદ્ધિને સુધાર. મને ગર્ભમાં રહેલા માનવની મહાહત્યામાંથી બચાવ.. ઓ કરુણાનિધાન સમસ્ત જગતમાં ફેલાયેલી આ દુષ્પ્રવૃતિને આજ ક્ષણે રોકી દે.

હે પ્રભુ, હું તારી ઉપર ખૂબજ દઢ શ્રદ્ધા રાખવા માગુ છું. મને તારા પર ખૂબજ શ્રદ્ધા છે સાથે સાથે ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ વગેરે પર પણ હું શ્રદ્ધા રાખતો થાઉં એવું મને વરદાન દે.

હે પ્રભુવીર, મને ધન અને સંપત્તિ તો આ દુનિયાની બજારોમાંથી મળી જશે પણ સુસંસ્કાર તો તારી કૃપાથી જ મળશે. મારું રૂપ તો શણગારથી શોભી ઊઠશે પણ સ્વરૂપનું ભાન તો તારે જ કરાવવું પડશે. મને બુદ્ધિ તો જગતની શિક્ષણ સંસ્થાઓ આપશે પરંતુ શુદ્ધિ તો તારે જ આપવી પડશે. હે પ્રભુ! મને બળ તો વ્યાયમ શાળામાંથી મળી જશે પણ કરુણા તો તારે જ આપવી પડશે.

હે પ્રભુ મહાવીર... મને દુઃખ પડે તેથી હું રડતો નથી પણ દુઃખની વેળામાં ક્રૂર ન બનું એવા આશિષ આપજે.. હે પ્રભુ! હું સુખ આવે તેનો ઇન્કાર કરતો નથી પણ સુખ ભોગવતી વખતે સ્વાર્થી ન બની જાઉં તેવી કૃપા કરજે. હે પ્રભુ! હું પંડિત-નેતા-અભિનેતા કે રમતવીર નહીં બનું તો ચાલશે પણ મને સફળ માનવ તો જરૂરથી બનાવજે.

હે પ્રભુ મહાવીર...તે વિશ્વશાંતિ સ્થાપવાની મહાન સાધના કરી છે. હું તે ન કરી શકું પણ મને શાંતિનું વિશ્વ જરૂર આપજે...તારી કૃપાથી કોઈપણ જીવને દુઃખ ન આપું એવા આશિષ આપજે.

હે પ્રભુ, મને લાલચ-લાલસા-લોલુપતામાંથી ઉગારી પરાર્થ, પરોપકાર અને પવિત્રતાની સાધનામાં જોડી દે.... અહિંસાના ઉપદેશને આત્મસાત કર્યા વિના જીવન નકામું જ છે.

હે પ્રભુ, મને હાર કબુલ કરવાની શક્તિ આપ. કોઈના

પર પ્રહાર કરતા જરૂર રોકી લેજે. મારી ભૂલનું ભાન કરાવ પણ કોઈની ભૂલ જોવાનું બંધ કરાવી દે. મને નિરાશાજનક વિચાર-ઉચ્ચાર, આચાર કરતો બંધ કરી દે. મને આશામય-જાગૃતિમય-આનંદમય જીવન જીવવાનું વરદાન દે.

હે અનેકાંત ઉપદેશક પ્રભુ! અમારા સંઘે અનેક સંપ્રદાયો અને ગચ્છોની વચ્ચે સંપનો અનુપમ આદર્શ રાખ્યો છે છતાં એવી શક્તિ આપ કે સર્વધર્મની મહાન એકતા સર્જી વિશ્વને ભવ્ય આદર્શ આપીએ.

*હે પ્રભુવીર,*

જ્યાં ભ્રષ્ટાચાર છે ત્યાં શિષ્ટાચાર
જ્યાં સ્વાર્થ છે ત્યાં પરમાર્થ
જ્યાં ધિક્કાર છે ત્યાં પ્યાર
જ્યાં હતાશા છે ત્યાં દિલાસા
જ્યાં વહેમ છે ત્યાં શ્રદ્ધા
જ્યાં શત્રુતા છે ત્યાં મૈત્રી
જ્યાં નિંદા છે ત્યાં ગુણરાગ
જ્યાં ક્રૂરતા છે ત્યાં કરુણા
જ્યાં જડતા છે ત્યાં ઉપેક્ષા
કેળવવાનું મને વરદાન આપ...

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

## જીવન શક્ય છે તેવા ૩ ગ્રહ શોધાયા

વૈજ્ઞાનિકોની એક ટુકડીએ ઐતિહાસિક ગણી શકાય તેવી ઘટનામાં પૃથ્વી જેવા ત્રણ ગ્રહો શોધ્યા હોવાનું જણાવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ આ ગ્રહો સૂર્યમંડળની બહાર જીવન શોધવાની દિશામાં શ્રેષ્ઠ સાબિત થઈ શકે છે.

બેહદ ઠંડા અને નાના તારા રૂપ ત્રણ ગ્રહ માત્ર ૩૯ પ્રકાશવર્ષ દૂર છે, જે કદ અને તાપમાનમાં પૃથ્વી અને શુક્રની સમકક્ષ હોવાની શક્યતા છે તેવું 'નેચર'માં છપાયેલા અભ્યાસમાં તેમણે જણાવ્યું હતું.

આ આપણા સૌર મંડળમાંથી બહાર જીવનના રાસાયણિક ચિહ્નો શોધવાની પ્રથમ તક છે તેવું બેલ્જિયમ સ્થિત યુનિવર્સિટી ઑફ લીગના વૈજ્ઞાનિક માઈકલ ગિલોને આ અભ્યાસમાં નોંધ્યું છે. તમામ ત્રણ ગ્રહોમાં પૃથ્વી સમાન કદ માટેનું 'સાનુકૂળ શક્યતા' જણાઈ રહી હોવાનું આ અગ્રણી વૈજ્ઞાનિકે ઉમેર્યું હતું.

આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક ટીમ વતી માઈકલ ગિલોને જણાવ્યું હતું કે આ એક અનોખી જ શોધ ગણી શકાય.

*(માહિતી 'વર્તમાનપત્રો' પર આધારિત.)*

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

## અધ્યાત્મપ્રસાદ

(અનુસંધાન : પાના નં.-૫૧ ઉપરથી ચાલુ)

તે જ ઇચ્છિત વિષયો ઉપર ઝૂકી પડે છે. તે જ ક્ષણે આત્માની અંદર ખરાબ કામ કરવામાં ભય, શંકા અને લજ્જા, તથા સારાં કામ કરવામાં અભય, નિઃશંકતા અને આનંદોત્સાહ ઊઠે છે, તે જીવાત્મા તરફથી નહિ પણ પરમાત્મા તરફથી હોય છે; અને જ્યારે જીવાત્મા શુદ્ધ બનીને પરમાત્માનો વિચાર કરવામાં તત્પર થાય છે તે જ સમયે તેને બેઉ પ્રત્યક્ષ થાય છે. (સ.પ્ર.)

### પાપ માફ નથી થતાં

**પ્ર. :** ઈશ્વર પોતાના ભક્તોનાં પાપ માફ કરે છે કે નહિ?

**ઉ. :** નહિ. કેમ કે જો પાપ માફ કરે તો તેનો ન્યાય નષ્ટ થઈ જાય, અને સર્વ મનુષ્યો મહાપાપી બની જાય; કેમ કે ક્ષમાની વાત સાંભળતાં જ તેઓ પાપ કરવામાં નિર્ભય અને ઉત્સાહી થઈ જાય. જેમ કે, રાજા અપરાધ માફ કરી દે તો તેઓ ઉત્સાહપૂર્વક વધારે મોટાં મોટાં પાપ કરવા માંડે, કેમ કે તેમને એવો વિશ્વાસ હોય કે તેઓ હાથ જોડવા વગેરે ચેષ્ટાઓ કરીને રાજા પાસે પોતાનો અપરાધ માફ કરાવી છૂટી થઈ શકશે. જે અપરાધ નહીં કરનારા છે તેઓ પણ અપરાધ કરવાથી નહિ ડરતાં પાપ કરવામાં પ્રવૃત્ત થઈ જશે. તેથી, સર્વ કર્મોનાં ફળ યથાવત્ આપવાં એ જ ઈશ્વરનું કામ છે, ક્ષમા કરવી તે નહિ. (સ.પ્ર.)

### પરમેશ્વર સર્વનો નિશ્ચિત મિત્ર છે

પરમેશ્વર સર્વ જગતનો નિશ્ચિત મિત્ર છે; કોઈનોય શત્રુ નથી કે નથી કોઈથી ઉદાસીન; તેનાથી ભિન્ન એવા કોઈપણ પ્રકારનો તે કદી થઈ શકતો નથી. (સ.પ્ર.)

*સૌજન્ય : "અધ્યાત્મ પ્રસાદ (મહર્ષિ દયાનંદ વચનામૃત)"*

## જે ચાવી ચાવીને ખાય છે તેનામાં હાથી જેવી તાકાત આવે છે

કહેવાય છે કે જે ચાવી ચાવીને ખાય છે તેનામાં હાથી જેવી તાકાત આવે છે. વધુમાં જે વ્યક્તિ ચાવી ચાવીને ખાય છે તેને પ્રમાણમાં ઓછા ખોરાકની જરૂર પડે છે. જે ચાવી ચાવીને ધીમે ધીમે ખાતા નથી તેને કુદરત રિજેક્ટ કરે છે. એટલે કે અમાન્ય કરે છે, અસ્વીકાર કરે છે.

વ્યક્તિ ખૂબ ચાવી ચાવીને ખાય છે ત્યારે ખોરાક સુપાચ્ય બને છે અને આહારનાં પોષક તત્ત્વો પૂરેપૂરાં શોષાય છે અને થોડા ખોરાકમાંથી પણ વધું પોષણ મળે છે. આવી રીતે ખાનાર વ્યક્તિના મળમાંથી બિલકુલ દુર્ગંધ આવતી નથી. જો મળ ગંધાય તો માનવું કે તમે ઉતાવળે, ઝડપથી ખાઓ છો અને ન ખાવાનું ખાઓ છો. તેથી તમારા ખામીયુક્ત ડાયટમાં તથા ખાવાની ટેવ તાત્કાલિક સુધારની જરૂર છે. ■

# અધ્યાત્મપ્રસાદ

• ડૉ. કિશોર સાધુ •

## ઉપાસના

*समाधिनिर्धूतमलस्य चेतसो निवेशितस्यात्मनि यत्सुखं भवेत् ।*
*न शक्यते वर्णयितुं गिरा तदा स्वयन्तदन्तःकरणेन गृह्यते ॥*

*- મૈત્રાયણી ઉપ., ૪.૪.૯*

આ ઉપનિષદનું વચન છે : 'જે માણસના સમાધિયોગથી અવિદ્યા આદિ મળ નષ્ટ થઈ ગયા છે, આત્મસ્થ થઈને પરમાત્મામાં ચિત્ત જેણે લગાડ્યું છે, તેને જે પરમાત્મા સાથેના યોગનું સુખ પ્રાપ્ત થાય છે, તે વાણી દ્વારા વર્ણવી શકાતું નથી; કેમકે તે આનંદને જીવાત્મા પોતાના અંતઃકરણથી ગ્રહણ કરે છે.' 'ઉપાસના' શબ્દનો અર્થ સમીપ રહેવું, એવો થાય છે. અષ્ટાંગ યોગ વડે પરમેશ્વરની સમીપ રહેવું અને તેને સર્વવ્યાપી, સર્વ અંતર્યામીરૂપે પ્રત્યક્ષ કરવા માટે જે જે કામ કરવાનું હોય, તે બધું કરવું જોઈએ...જ્યારે ઉપાસના કરવાની ઇચ્છા થાય, ત્યારે એકાંત પવિત્ર સ્થળે જઈને, આસન લગાવીને, પ્રાણાયામ કરી, બાહ્ય વિષયોમાંથી ઇંદ્રિયોને રોકીને, મનને નાભિપ્રદેશમાં અથવા હૃદય, કંઠ, નેત્ર, શિખા કે પીઠની મધ્યમાંના હાડકાંમાં કોઈક સ્થળે સ્થિર કરીને, પોતાના આત્મા અને પરમાત્માનું વિવેચન કરીને, સંયમી બનીને તે પરમાત્મામાં મગ્ન થઈ જાય. જ્યારે તે આ સાધના કરે છે ત્યારે તેનો આત્મા અને અંતઃકરણ પવિત્ર બનીને સત્યથી પૂર્ણ થઈ જાય છે; દિનપ્રતિદિન જ્ઞાન વધારીને મુક્તિ સુધી પહોંચી જાય છે. જે આઠ પ્રહરમાં એક ઘડીભર આ પ્રકારે ધ્યાન કરે છે, તે સદા ઉન્નતિ પામે છે. આમાં સર્વજ્ઞ આદિ ગુણો સહિતના પરમેશ્વરની જે ઉપાસના થાય છે તેને સગુણોપાસના કહે છે; જ્યારે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ ગુણોથી પરમેશ્વરને અલગ માનીને અતિ સૂક્ષ્મ આત્માની અંદર-બહાર વ્યાપક એવા પરમેશ્વરમાં દૃઢ રીતે સ્થિત થઈ જવું તે નિર્ગુણોપાસના કહેવાય છે. એનું ફળઃ જેવી રીતે ઠંડીથી પીડાતો પુરુષ અગ્નિ પાસે જાય એટલે તેની ઠંડી દૂર થઈ જાય છે, તેવી રીતે પરમેશ્વરની સમીપ પહોંચવાથી સર્વ દોષ-દુઃખ છૂટીને પરમેશ્વરનાં ગુણ-કર્મ-સ્વભાવની જેમ જીવાત્માનાં ગુણ-કર્મ-સ્વભાવ પવિત્ર થઈ જાય છે. તેથી પરમેશ્વરની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના અવશ્ય કરવી જોઈએ. એથી એનું અલગ ફળ પ્રાપ્ત થશે; પરંતુ આત્માનું બળ એટલું વૃદ્ધિ પામશે કે પર્વત સમાન દુઃખ પ્રાપ્ત થવા છતાં પણ ગભરાશે નહિ અને બધાંને સહન કરી શકશે. શું આ નાની વાત છે? અને જે પરમેશ્વરની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના નથી કરતો, તે કૃતઘ્ન અને મહામૂર્ખ પણ હોય છે; કેમ કે જે પરમાત્માએ આ જગતના સર્વ પદાર્થો જીવોના સુખને માટે આપ્યા છે, તેનો ગુણ ભૂલી જવો, ઈશ્વરને જ ન માનવો, એ કૃતઘ્નતા અને મૂર્ખતા છે. (સ.પ્ર.)

## પ્રાર્થનાનું ફળ

**(૧)** ચાંદાપુરાના મેળામાં મહારાજે એક સજ્જનની જિજ્ઞાસાનું સમાધાન કરતાં કહ્યું :

'પ્રાર્થનાનું ફળ એ છે કે જ્યારે કોઈ માણસ પોતાના સાચા મનથી, નિજ આત્માથી, પોતાના પ્રાણથી, પોતાના સર્વ સામર્થ્ય વડે પરમેશ્વરનું ભજન કરે છે, ત્યારે કૃપામય પરમાત્મા તેને પોતાના આનંદમાં નિમગ્ન કરી દે છે. જેમ નાનું બાળક ઘરની છત ઉપરથી અથવા નીચેથી પોતાનાં મા બાપની પાસે જવા ઇચ્છે છે, ત્યારે તેનાં મા-બાપ, ક્યાંક અમારો વહાલો પુત્ર પડી જઈ પીડા ન પામે એવા ભયથી, પોતાનાં હજારો કામ છોડીને દોડી જઈ તેને ગોદમાં ઉપાડી લે છે; એ જ રીતે પરમકૃપાનિધિ પરમાત્મા તરફ જો કોઈ જીવ સાચા ભાવથી ચાલવા લાગે છે, તો પ્રભુ પણ પોતાના અનંત શક્તિશાળી હાથ વડે, તેને ઉઠાવી લઈ પોતાની ગોદમાં લે છે, પછી તેને કોઈ પ્રકારનાં કષ્ટ-ક્લેશ થવા દેતો નથી અને તે જીવ આનંદમાં રહે છે. માતાપિતાની જેમ પરમાત્મા અનેક ભક્તોને સુખ-સંપન્ન કરવાની કૃપા કરે છે.' (દ.પ્ર.)

**(૨)** પુષ્કરમાં એક દિવસ એક નિર્મળા સંત મહાત્મા રામસિંહે સ્વામીજી મહારાજના પ્રાર્થના આદિ કરવા સામે આક્ષેપ કર્યો. ઉત્તરમાં મહારાજ કહે :

'મનુષ્યમાં પ્રાર્થનાની પ્રવૃત્તિ સ્વાભાવિક છે. જેવી રીતે આપનામાં 'ખાવા-પીવા અને સૂવાની પ્રવૃત્તિ તો વિદ્યમાન છે, પરંતુ પરિતૃપ્તિ કરવા માટે આપ તે વૃત્તિને જાગૃત કરો છો; એવી જ રીતે પ્રાર્થના રૂપી ભક્તિ-વૃત્તિને જગાડવાની આવશ્યકતા છે. જ્ઞાનીઓ પ્રાર્થના નથી કરતા એ સત્ય નથી. આપ પોતાની જાતને પૂરેપૂરા વેદાંતી માનો છો, છતાંયે વેદાંત વાક્યો દોહરાવો છો. જે વસ્તુનું જેને જેટલું વધારે જ્ઞાન થાય છે, તે તેનું એટલું જ વધારે સ્મરણ કરે છે. જેટલી વધારે પ્રીતિ પરમેશ્વરમાં વધશે, તેટલો જ વધારે પ્રકાશ થશે. ભાઈ રામસિંહજી! તમે ઉપરથી ભલે ગમે તેમ કહો, પરંતુ જ્યાં સુધી આપ ભૂખ તરસ અને સુખ-દુઃખ વગેરેનો અનુભવ કરો છો, ત્યાં સુધી આપ પૂર્ણ નથી; આપમાં ન્યૂનતા અવશ્ય છે. પોતાની ન્યૂનતા પૂરવા માટે - ત્રણ ગુણોવાળી માયાથી ઉપર જવા માટે - પ્રાર્થના આવશ્યક છે.' (દ.પ્ર.)

**(૩)** હે મનુષ્યો! જે સર્વ સમર્થોમાં સમર્થ, સચ્ચિદાનંદ, અનંતસ્વરૂપ, નિત્યશુદ્ધ-નિત્યબુદ્ધ-નિત્યમુક્ત સ્વભાવવાળા, કૃપાસાગર, સાચો ન્યાય કરનારા, જન્મમરણાદિ ક્લેશરહિત, આકારરહિત, સર્વના ઘટ-ઘટને જાણનારો, સર્વના ધર્તા, પિતા, ઉત્પાદક, અન્નાદિ વડે વિશ્વનું પોષણ કરનારા, સકળ ઐશ્વર્યયુક્ત, જગતના નિર્માતા, શુદ્ધસ્વરૂપ અને જે પ્રાપ્તિની કામના કરવા યોગ્ય છે, તે પરમાત્માનું જે શુદ્ધ ચેતન-સ્વરૂપ છે, તેને જ આપણે ધારણ કરીએ. એ પ્રયોજન માટે કે તે પરમેશ્વર, આપણાં આત્મા અને બુદ્ધિઓના અંતર્યામી-સ્વરૂપ, આપણને દુષ્ટાચાર-અધર્મયુક્ત માર્ગથી હટાવીને શ્રેષ્ઠાચાર-સત્યમાર્ગમાં ચલાવે. એના સિવાય બીજી કોઈ વસ્તુનું ધ્યાન આપણે ન ધરીએ; કેમ કે નથી કોઈ તેનો બરોબરિયો કે નથી તેનાથી ચઢિયાતો. તે જ આપણા પિતા, રાજા, ન્યાયાધીશ અને સર્વસુખ આપનારા છે. (સ.પ્ર.)

## પરમેશ્વરની જ સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના કરવી જોઇએ

સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના શ્રેષ્ઠની જ કરવામાં આવે છે. શ્રેષ્ઠ તેને કહેવામાં આવે છે જે ગુણ, કર્મ, સ્વભાવ અને સત્ય-સત્ય વ્યવહારોમાં સર્વથી અધિક હોય. જે બધા શ્રેષ્ઠોમાં પણ અત્યંત શ્રેષ્ઠ છે તેને જ પરમેશ્વર કહે છે; જેનો બરોબરિયો કોઈ થયો નથી, છે નહિ અને થશે પણ નહિ. જ્યારે તેનો કોઈ બરોબરિયો જ નથી, તો પછી તેનાથી વિશેષ તો કોઈ હોઈ જ શી રીતે શકે? પરમેશ્વરના જેવા સત્ય, ન્યાય, દયા, સર્વસામર્થ્ય અને સર્વજ્ઞત્વ વગેરે અનંત ગુણ છે, તેવા અન્ય કોઈ જડ પદાર્થ અને જીવના ગુણ નથી. જે પદાર્થ સત્ય છે, તેનાં ગુણ, કર્મ, સ્વભાવ પણ સત્ય હોય છે.

તેથી મનુષ્યોને માટે એ યોગ્ય છે કે પરમેશ્વરની જ સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરવી, એનાથી ભિન્ન અન્યની કદી ન કરવી; કેમ કે બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ નામના પૂર્વજ મહાશય વિદ્વાન, દૈત્ય-દાનવ આદિ નિકૃષ્ટ લોકો અને બીજા સાધારણ મનુષ્યોએ પણ પરમેશ્વરમાં જ વિશ્વાસ રાખીને તેની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના કરી છે, તેનાથી ભિન્ન અન્ય કોઈની નહિ; તેવી જ રીતે આપણે સર્વેએ કરવી જોઈએ. (સ.પ્ર.)

## પરમેશ્વર શું ઇચ્છે છે?

**પ્ર. :** પરમેશ્વર શું ઇચ્છે છે?

**ઉ. :** બધાની ભલાઈ અને બધાને માટે સુખ ચાહે છે; પરંતુ સ્વતંત્રતાની સાથે વિના પાપ કર્યે તે કોઈને પરાધીન કરતો નથી. (સ.પ્ર.)

**પ્ર. :** ઈશ્વરમાં ઇચ્છા છે કે નહિ?

**ઉ. :** એવી ઇચ્છા નથી; કેમ કે ઇચ્છા પણ અપ્રાપ્ત, ઉત્તમ અને જેની પ્રાપ્તિથી વિશેષ સુખ થાય તેની હોય છે. જો ઈશ્વરને માટે કોઈ પદાર્થ અપ્રાપ્ત, એનાથી ઉત્તમ અને વિશેષ સુખ આપનાર હોય, તો ઈશ્વરમાં ઇચ્છા હોઈ શકે. પરંતુ નથી કોઈ એનાથી અપ્રાપ્ત પદાર્થ કે નથી કોઈ તેનાથી ઉત્તમ; અને પૂર્ણ સુખયુક્ત હોવાથી તેને સુખની અભિલાષા પણ નથી. તેથી ઈશ્વરમાં ઇચ્છા હોવી તો સંભવિત નથી. પરંતુ તે ઇક્ષણ છે. સર્વ પ્રકારની વિદ્યાનું દર્શન અને સૃષ્ટિનું સર્જન ઇક્ષણ કહેવાય છે. (સ.પ્ર.)

**પ્ર. :** પરમેશ્વર રાગી છે કે વિરક્ત?

**ઉ. :** એકે નહીં. કેમ કે રાગ પોતાનાથી ઉત્તમ ભિન્ન પદાર્થમાં થાય છે. પરમેશ્વરથી કોઈ પદાર્થ ઉત્તમ અથવા પૃથક્ નથી, તેથી તેનામાં રાગનો સંભવ નથી. અને જે પ્રાપ્તને ત્યજી દે, તેને વિરક્ત કહે છે. ઈશ્વર વ્યાપક હોવાથી કોઈ પદાર્થને ત્યજી શકતો નથી, તેથી તે વિરક્ત પણ નથી.

## પરમેશ્વર પ્રત્યક્ષ છે

**(૧)** વેણીપ્રસાદજીના પરમાત્મવિષયક પ્રશ્નના ઉત્તરમાં મહર્ષિએ કહ્યું :

‘ઈશ્વરની સિદ્ધિમાં પ્રત્યક્ષ પ્રમાણ પણ છે. ઈશ્વર સર્વની સમીપ છે અને રોજ બધાને ઉપદેશ આપે છે. જેઓ અવિદ્યા-અંધકારમાં ડૂબેલા છે તેઓ તેને સમજતા નથી. વિચારો, એક માણસ ચાલ્યો જતો હોય છે; એક કિંમતી વસ્તુને માર્ગમાં પડેલી જોઈને તેનો જીવ લલચાય છે. તેને ઉઠાવવા માટે જેવો તે હાથ લંબાવે છે, કે તુરંત જ તેને તેની અંદરથી ઉપદેશ મળે છે : “એઈ, એવું કામ કરીશ નહિ; તે મોટું અધર્મ કર્મ છે. એનું ફળ અત્યંત દુઃખદાયક હોય છે.”

એ જ રીતે, જ્યારે કોઈ મનુષ્ય પરોપકારાદિ શુભ કર્મ કરવા લાગે છે; ત્યારે તેનામાં ઉત્સાહ તથા હર્ષની માત્રા વધી જાય છે. તેના અંતઃકરણમાં એવો ધ્વનિ થવા લાગે છે કે “આ કર્મ અત્યુત્તમ તથા સુખમય ફળ દેનારું છે.”

આ બેઉ પ્રકારનો ઉપદેશ સર્વના અંતરાત્મા પરમાત્મા તરફથી મળે છે. આ દેવવાણી બધાનાં હૃદયમાં ગુંજાયમાન થાય છે. પરંતુ એને તે લોકો જ સાંભળે અને સમજે છે, જેમનાં અંતઃકરણમાંથી કાલિમાનું કલંક દૂર થઈ ગયું હોય. ઈશ્વર-પ્રત્યક્ષનું આ જ પ્રમાણ છે.’ (દ.પ્ર.)

**(૨)** જેવી રીતે ત્વચા આદિ ચારેય ઇંદ્રિયો વડે સ્પર્શ, રૂપ, રસ અને ગંધનું જ્ઞાન થવાથી ગુણી એવી પૃથ્વીને આત્માયુક્ત મનથી પ્રત્યક્ષ કરાય છે; તેવી જ રીતે આ પ્રત્યક્ષ સૃષ્ટિમાં રચના-વિશેષ વગેરે જ્ઞાનાદિ ગુણો પ્રત્યક્ષ હોવાથી તે વડે પરમાત્મા પણ પ્રત્યક્ષ છે. જ્યારે આત્મા મન અને ઇંદ્રિયોને કોઈ વિષયમાં લગાડે છે અથવા ચોરી વગેરે ખરાબ કે પરોપકાર વગેરે સારી વાત કરવાનો જે ક્ષણે આરંભ કરે છે, તે સમયે જીવનાં ઇચ્છા, જ્ઞાન વગેરે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)**

# પોપ ફ્રાન્સિસ – માનવતાની મહેક

● ફાધર વર્ગીસ પોલ ●

'પોપ' એટલે સાર્થ ગુજરાતી જોડણીકોશ કહે છે તેમ, "કૅથલિક ખ્રિસ્તી સંપ્રદાયના સૌથી વડા ધર્માધિકારી." ગુજરાતીમાં પોપને 'વડાધર્મગુરુ' કહેવામાં આવે છે. પોપ ફ્રાન્સિસ ૧૩ માર્ચ, ૨૦૧૩માં ચૂંટાઈ આવ્યા ત્યારથી કેવળ કૅથલિક ખ્રિસ્તીઓમાં જ નહિ પણ દુનિયાભરના સૌ લોકોના લોકપ્રિય આગેવાન બન્યા છે. આખા વિશ્વના સૌ સંચાર માધ્યમોમાં પોપ ફ્રાન્સિસ અંગે આવતાં સમાચારો અને અન્ય લખાણો તેમ જ રેડિયો-ટેલિવિઝનના કાર્યક્રમો પોપ ફ્રાન્સિસની લોકપ્રિયતાના પુરાવા છે.

નવા વર્ષ ૨૦૧૪ની શરૂઆતમાં વિવિધ સંચાર માધ્યમોમાં એક સમાચાર આવ્યા હતા કે 'ટાઈમ' માસિકે પોપ ફ્રાન્સિસને ૨૦૧૩ ના વર્ષનાં 'પર્સન ઑફ ધ ઈયર' એટલે ૨૦૧૩ના વર્ષના સૌથી વધારે ચર્ચાતા કે નોંધપાત્ર વ્યક્તિ તરીકે જાહેર કર્યા છે. કેટલાક લોકોએ એમને 'અનોખી વ્યક્તિ', 'અસામાન્ય માણસ', 'વિલક્ષણ માનવ', 'ક્રાંતિકારી પોપ', 'ગરીબોના બેલી' જેવાં વિશેષણોથી વર્ણવ્યા છે. ગુજરાતી દૈનિક 'દિવ્ય ભાસ્કરે' પોપ ફ્રાન્સિસને 'આમ આદમીના પોપ' કહ્યા છે.

હમણાં મેં રોમના વૅટિકન ખાતે નવેમ્બર ૨૬મીએ બહાર પાડેલા પોપ ફ્રાન્સિસનું પ્રથમ 'અપોસ્તોલિક એક્સોરટેશન' (પ્રેષિતિક શિક્ષણ) વાંચ્યું. અંગ્રેજીમાં 'જૉય ઑફ ધ ગોસ્પલ' એટલે 'શુભસંદેશનો આનંદ' નામે પ્રકાશિત એ દસ્તાવેજને સંચાર માધ્યમોએ ખ્રિસ્તી ધર્મસભાની સુધારણા તથા વિકેન્દ્રીકરણ માટેની 'બ્લુપ્રિન્ટ' (યોજનાબદ્ધ નકશો) તરીકે ઓળખાવ્યો છે. તો ઘણા સંચાર માધ્યમોએ 'શુભસંદેશના આનંદ' ને પોપ ફ્રાન્સિસના 'મેનિફેસ્ટો', 'માગ્ના કાર્તા' અને 'વિઝન સ્ટેટમેન્ટ' જેવા વિશેષણોથી નવાજ્યો છે. એટલે આપણે એનું મહત્ત્વ થોડું ઘણું સમજી શકીએ.

પોપ ફ્રાન્સિસનાં શિક્ષણ અને સંદેશ સાથે એમના જીવનનું નિરીક્ષણ કરીને આપણે એમના વ્યક્તિત્વનો તથા એમની જીવનદષ્ટિનો ખ્યાલ મેળવવા પ્રયત્ન કરીએ.

આર્જેન્ટિનાના કાર્ડિનલ (વરિષ્ઠ સભાસદ) મહાધર્માધ્યક્ષ જોર્જ વેરગોલિયોની પોપ તરીકેની ચૂંટણી થઈ ત્યારે એમણે પસંદ કરેલું નામ 'ફ્રાન્સિસ' આપણને ઘણું બધું કહી જાય છે. સંત ફ્રાન્સિસ અસીસી નાનામોટા સૌ માણસો, પ્રાણીપંખીઓ તેમજ સમગ્ર પર્યાવરણ પર ઊંડો પ્રેમ રાખનાર 'ગરીબોના બેલી' સમા સંત હતા. એ સંતનું નામ પસંદ કરીને પોપ ફ્રાન્સિસે આપણને જણાવ્યું છે કે, તેઓ સાદું જીવન અને ઉચ્ચ વિચારમાં માનનારા ગાંધીજી સમા અનોખા વ્યક્તિત્વવાળા આગેવાન છે.

અહીં પોપ ફ્રાન્સિસના આચારવિચાર અંગે છાપાંઓ અને અન્ય સંચાર માધ્યમોમાં આવેલા કેટલાક પ્રસંગો નોંધીએ. જાહેર દર્શન વખતે લોકોને નજીકથી મળવા માટે સેન્ટ પીટર્સના વિશાળ પટાંગણમાં પોપ ફ્રાન્સિસ 'પોપ-મોબાઈલ' (ગાડી)માં જનમેદની વચ્ચે ફરે છે. એક જાહેર દર્શન દરમિયાન પોપ ફ્રાન્સિસે ૧૭ વર્ષના આલ્બર્ટો ડી તૂલ્યો નામના એક વિકલાંગ છોકરાને પોતાની 'પોપ મોબાઈલ' માં લઈને હજારો લોકો વચ્ચે ફર્યા હતા.

કૅથલિક ધર્મસભામાં વરિષ્ઠ સભાસદોથી માંડી બધા હોદ્દેદારોને સાદાં કપડાં પહેરવા અને સાદું જીવન ગાળીને વ્યર્થ અને નકામા ખર્ચથી દૂર રહેવાનો પોપ ફ્રાન્સિસે અનુરોધ કર્યો છે. એકવાર એમણે કહ્યું કે, ધર્મગુરુઓ અને સાધ્વીબહેનોને ખૂબ કીમતી અને વૈભવશાળી વાહનોમાં ફરતાં જોઈને મને દુઃખ થાય છે.

પોપ ફ્રાન્સિસે જર્મનીમાં લીમબુર્કના ધર્માધ્યક્ષ ફ્રાન્સ-પીટર તેબાર્ટસ-વાન એલસ્ટને પોતાના રહેઠાણ પાછળ ૩૧ મિલિયન યુરો ખર્ચવા બદલ ધર્મપ્રાંતની જવાબદારીમાંથી દૂર કર્યા છે. તેઓએ ધર્માધ્યક્ષોને આદેશ આપ્યો છે કે તેઓ રાજકુમારો જેવું વૈભવશાળી જીવન ગાળે નહિ.

નવેમ્બર ૨૦૧૩માં પોપ ફ્રાન્સિસે મૂલ્યોત્પત્તિને લાગતા રોગથી વિકૃત ચહેરાવાળા વિનીચિયો રિવા નામના એક ભાઈને ભેટીને એના માથા પર ચુંબન કર્યું હતું.

ગુડ ફ્રાઈડે પહેલાંના ગુરુવારની એક પવિત્ર ધર્મવિધિ કોઈ દેવળમાં કરવાને બદલે પોપ ફ્રાન્સિસે કિશોર-કિશોરીઓ માટેના કસાલે ડેલ મારમો નામના કેદખાનામાં કરી હતી. એ એ

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૨૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

ઉપાસનાવિધિ દરમિયાન તેમણે ૧૨ કેદીઓના પગ ધોઈને ચુંબન કર્યું હતું. એ કેદીઓમાં યુવતીઓ અને ઈતર ધર્મોના લોકો, દાખલા તરીકે એક મુસ્લિમ છોકરી પણ હતી. આ રીતે પ્રભુ ઈસુએ પોતાના મૃત્યુના આગલા દિવસે પોતાના બાર શિષ્યોના પગ ધોઈને પાઠવેલા નમ્રતા અને સેવાના પાઠને પોપ ફ્રાન્સિસ પણ પોતાના જીવનમાં અનુસર્યા.

આર્જેન્ટિનાની એક સ્ત્રીએ પોપ ફ્રાન્સિસને પત્ર લખીને આક્રોશ વ્યક્ત કર્યો કે, પોતાની પર એક પોલીસ ઑફિસરે બે વાર બળાત્કાર ગુજાર્યો છે. પછી એ સ્ત્રીને આશ્ચર્ય થયું હતું કે, પોપ ફ્રાન્સિસે પોતે ફોન કરીને એમને દિલાસો આપ્યો અને કહ્યું કે, "તમે એકલાં નથી; શ્રદ્ધા રાખો કે ન્યાય મળશે."

મે ૨૦૧૩માં પોપ ફ્રાન્સિસે વૈશ્વિક અર્થવ્યવસ્થાના જુલમને વખોડી કાઢ્યા છે. તેમણે કહ્યું કે હાલની વૈશ્વિક અર્થવ્યવસ્થા ગરીબો પર જુલમ કરનારી છે અને માણસોને ઉપભોક્ત વસ્તુઓ તરીકે વાપરે છે. "નાણાં માણસોની સેવા માટે છે, એમના પર સત્તા જમાવવા માટે નહિ." પોપ 'શુભસંદેશનો આનંદ' દસ્તાવેજમાં પોપ ફ્રાન્સિસે સ્પષ્ટપણે કહ્યું છે કે, "માણસ માણસ વચ્ચેની અસમાનતા જ બધાં સામાજિક અનિષ્ટોના મૂળમાં છે" (નં. ૨૦૨).

જૂન ૨૦૧૩ માં પોપ ફ્રાન્સિસે ભેટમાં મળેલી ૧૫,૯૯૯ ડૉલરના મૂલ્યવાળી હારલે ડેવિડસન મોટર સાઈકલને એમણે હરાજી માટે આપી દીધી અને એમાંથી મળતી રકમ ઘરવિહોણા માણસોના રહેઠાણ માટે તથા સૂપ કિચન (સાંજના ભોજન) ના ખર્ચ માટે દાનમાં આપી દીધી.

એકવાર ભ્રૂણહત્યા, સમલૈંગિક લગ્નો અને ગર્ભાધાનનાં અવરોધક સાધનો અંગે બોલતાં પોપ ફ્રાન્સિસે ઘણા ખ્રિસ્તી લોકોને આઘાત પહોંચાડ્યો કે ખ્રિસ્તી લોકો આવી બાબતો અંગે ભ્રામક ચિંતા કરે છે અને પ્રેમ કરતાં વધારે સૈદ્ધાંતિક માન્યતાઓને મહત્ત્વ અને અગ્રિમતા આપે છે!

પોપની ચૂંટણીનાં બધાં કામકાજો પત્યાં પછી વૅટિકનના કામદારોને વિશેષ ભેટ કે 'બોનસ' આપવાની પ્રથા હતી. પરંતુ પોપ ફ્રાન્સિસે ચૂંટણીમાંથી બચેલી રકમ બોનસમાં નહિ પણ ગરીબોની સ્વૈચ્છિક સેવામાં વાપરવા માટે આપી દીધી.

પોપ ફ્રાન્સિસે સીરિયાના નાગરિક સંઘર્ષમાં હિંસાને વખોડી કાઢી છે. યુદ્ધમાં કેમિકલ હથિયારો વાપરવા સામે તેમણે શાંતિ અને સમાધાન માટે વિનવણી કરી અને કહ્યું કે, ફરી યુદ્ધ કરવું ન જોઈએ, હિંસા કદી શાંતિ લાવતી નથી, યુદ્ધ હંમેશાં યુદ્ધ તરફ લોકોને દોરે છે, હિંસા વધુ હિંસાનું નિમિત્ત બને છે.

પોપ ફ્રાન્સિસે ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે સાથસહકારનું અને સૌહાર્દપૂર્ણ વ્યવહારનું આહ્વાન કર્યું છે. 'શુભસંદેશનો આનંદ' માં પોપ ફ્રાન્સિસ લખે છે, "આપણે ખ્રિસ્તીઓ નિર્વાસિત અભ્યાર્થી મુસ્લિમોને પ્રેમ અને આદરમાનથી આપણા દેશોમાં આવકારવા જોઈએ. એ જ રીતે અમે આશા રાખીએ છીએ અને માગીએ છીએ કે ઈસ્લામિક સંપ્રદાયના દેશોમાં પણ બીજાઓનો આવકાર થાય. હું માગું છું અને નમ્રતાથી વિનવણી કરું છું કે, ઈસ્લામી દેશો પોતાના દેશોમાં ખ્રિસ્તીઓને પોતાનો ધર્મ પાળવાની અને ઉપાસનાવિધિ કરવાની સ્વતંત્રતા આપે કે જે સ્વતંત્રતા મુસ્લિમ લોકો પાશ્ચાત્ય દેશોમાં ભોગવે છે" (ન. ૨૫૩)

છેલ્લા એક-દોઢ દાયકાથી દેશવિદેશના કેટલાક ખ્રિસ્તી ધર્મગુરુઓએ બાળકોનો દુરુપયોગ કર્યાના કિસ્સા સંચાર માધ્યમોમાં જાહેર થયા છે. અદાલતોમાં કેસો પણ થયા છે. એમાં ફરિયાદ પણ થઈ છે કે ધાર્મિક અધિકારીઓ ગુનેગાર ધર્મગુરુઓ સામે યોગ્ય પગલાં લેતા નથી. આવા સંદર્ભમાં પોપ ફ્રાન્સિસે કેટલાંક નોંધપાત્ર પગલાં લીધાં છે. તેમણે વૅટિકનના કાયદા કાનૂનમાં સુધારાવધારા કરીને બાળકો સાથેના દુરાચારોને ગુનો ઠરાવ્યા છે. એટલું જ નહિ, પણ તેમણે એવા બધા અત્યાચારોની તપાસ કરી યોગ્ય પગલાં લેવા માટે એક સમિતિની પણ નિમણૂક કરી છે.

પોપ ફ્રાન્સિસે વિવિધ દેશોના લોકો સાથે સંવાદ કરવા અને સારો સંબંધ રાખવાની વાત સાથે કોઈ પણ ધર્મ પાળતા ન હોય એવા લોકો સાથે પણ સારો સંબંધ રાખવાનો આગ્રહ કર્યો છે. કારણ, પોપ ફ્રાન્સિસ 'શુભસંદેશના આનંદ' માં લખે છે તેમ, આવા લોકો સત્ય, સૌંદર્ય અને સારપ શોધે છે અને અમે શ્રદ્ધા રાખીએ છીએ કે આવી બધી બાબતોના મૂળમાં અને તેમની શ્રેષ્ઠતમ અભિવ્યક્તિમાં ઈશ્વર હોય છે. "આવા લોકો સમગ્ર પર્યાવરણને સાચવવામાં અને બધા લોકો સાથે શાંતિમય સહઅસ્તિત્વ બાંધવામાં તેમજ માનવ ગરિમાને સાચવવામાં આપણા મિત્ર સમા સાથીદારો છે." (નં. ૨૫૭)

આવી બધી રીતે જોઈએ તો પોપ ફ્રાન્સિસે ફક્ત ખ્રિસ્તી લોકો વચ્ચે જ નહિ પણ વિશ્વભરના બધા લોકો વચ્ચે વિશ્વબંધુત્વની ભાવના જગાડી છે અને પોતે એ દિશામાં ચાલીને બધા લોકો માટે આગેવાની પૂરી પાડતા રહે છે. ખરેખર એમના આચારવિચાર સૌ લોકો માટે ધર્મકોમના ભેદભાવ વિના માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડતા રહે છે.

***સૌજન્ય : "સફળ જીવનનો માર્ગ"***

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

# ઇશ્વર અને ઇશ્વરકૃપા

## ઇશ્વર

*ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।*
*भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानी मायया ॥*
*૧૮/૬૧ ગીતાજી*

*तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।*
*तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्*
*૧૮/૬૨ ગીતાજી*

દરેક જીવાત્માના (મનુષ્ય) શુભાશુભ કર્મના સંસ્કારો પ્રમાણે અંતર્યામી ઈશ્વર સૌના હૃદયમાં બિરાજી દરેક મનુષ્યને શુભાશુભ કર્મ કરાવે છે, કેમ કે અશુભ સંસ્કારવાળાને અશુભ કર્મ કરવાનું સૂઝે છે, તેને શુભ સંસ્કારો અસર કરી શકતા નથી. તેનું કારણ તે પોતે વિવેકહીન સત્સંગતિ વિનાનો કામક્રોધાદિ યુક્ત કોઈનું માને નહિ તેવો જીવ કોઈની પણ શીખામણ માનતો નથી. તે પોતે પોતાનું ધાર્યું છે તે જ કરે છે અને તેને તેના સંસ્કારો અશુભ તરફ જ પ્રેરે છે. તે વખતે અંતર્યામી ઈશ્વર તેને એક વખત તો પ્રેરણા કરે છે કે આ કાર્ય તું ખોટું કરી રહ્યો છું. છતાં સંસ્કારથી દૂષિત થયેલો જીવ પોતે કર્મ કરવાને સ્વતંત્ર હોવાથી અંતર્યામીની પ્રેરણાને માન આપતો નથી અને અશુભ કર્મ કરવાથી અટકતો નથી. તેવી જ રીતે શુભ સંસ્કારવાળા જીવને કદી પણ અશુભ કાર્ય કરવા તરફ વૃત્તિ થતી નથી અને તે પોતાનાં કર્મજન્ય શુભ સંસ્કારો વડે હંમેશાં શુભ કર્મ તરફ જ વળે છે. આ સ્વભાવ અનેક જન્મના સંસ્કારોને અધીન હોય છે, એટલે અર્જુને યુદ્ધ કરવા ના પાડી. છતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તેને કહે છે કે હે અર્જુન, તારાં કર્મજન્ય સંસ્કારો વડે તને ક્ષત્રિય શરીર મળ્યું છે, યુદ્ધ કરવું એ તો તારો જન્મસિદ્ધ સંસ્કાર છે અને તું આવું ઢીલું બોલી અહંકાર વડે કહે છે કે હું યુદ્ધ કરીશ નહિ અને પાપ વહોરીશ નહિ, પરંતુ તને તારા કર્મજન્ય જન્મના સંસ્કાર તારી પ્રકૃતિના સંસ્કારો વડે જરૂર યુદ્ધ કરાવશે. માટે તું મારે શરણ આવ. મારું શરણ (પરમાત્મા અંતર્યામીનું) ગ્રહણ કર. જેથી તને પરમ શાંતિ મળશે અને મારા સ્થાનને તું પામીશ.

જીવાત્માને ખબર પડતી નથી કે હું શું કરી રહ્યો છું. તેનું કારણ તેને તેનો અંતર્યામી જે પ્રેરણા કરે છે તેના તરફ તેનું લક્ષ્ય નથી.

દરેક જીવાત્મા કોઈ પણ કાર્ય કરતાં પહેલાં જો અંતર્યામીની પ્રેરણા મેળવવા વિચાર કરે અને શ્રદ્ધાપૂર્વક પોતે અંતઃકરણમાં વિચાર કરી અંતર્યામીની આજ્ઞા મેળવવા કોશિશ કરે તો દરેક જીવાત્માને સાચી પ્રેરણા મળશે અને તે પ્રેરણા તેને પોતાના સંસ્કાર અનુસાર પહેલાં તો કદાચ પ્રતિકૂળ અને પાળવા માટે આકરી જણાશે તોપણ જો દૃઢ નિશ્ચય કરી તે પ્રેરણા પ્રમાણે તે વર્તવાનો પ્રયાસ કરશે તો જરૂર તે આત્મા અશુભ કાર્ય કરતો અટકશે અને દિનપ્રતિદિન તેના તેવા અભ્યાસથી તેની અંતઃકરણની શુદ્ધિ થતાં, તે પોતાનો વ્યવહાર શાંત ચિત્તે શુભ કાર્યોમાં જ વિતાવશે.

જૂઠું બોલવું-કડવું બોલવું, ચોરીની આદત, બીજાના ધનની ઈચ્છા, લાંચરુશવત, ચાડી ચુગલી, જુગાર, રંડીબાજી, દારૂનું વ્યસન, ખોટા ખર્ચા, મોજમજા કે જેથી જે કરવાથી કેવળ દ્રવ્યનો દુરુપયોગ અને બરબાદી થઈ તન, મન અને ધનની ખરાબી થઈ કમોતે મરવાનું થાય છે. તેવા ક્લિષ્ટ પ્રસંગોમાંથી બચવાનો કેવળ ઉપાય એક જ છે કે ઇષ્ટ ગુરુદેવ પરમાત્મા ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી. અશુભ કાર્યના વિચારો પણ મનમાં આવવા ન દેવા. હંમેશાં શુભ વિચાર લાવવા. અશુભ વિચારો પણ આવવા ન દેવા - કોઈ દિવસ દિન દુઃખી થઈ જવું નહિ. જે મળે જે વ્યવસાય શુદ્ધ અને સારો નિરુપદ્રવી લોકો તે જ વ્યવસાય કરીને પોતાની આજીવિકા મેળવવા પ્રયત્ન કરવો. અને તન-મનથી કામ કરી જે કાંઈ દ્રવ્ય ઉપાર્જન થાય તેટલાથી જ પોતાનો વ્યવહાર ચલાવવો. ઋણ (દેવું) કરવું નહિ. સટ્ટો કરવો નહિ અને સાદાઈથી જીવન જીવવું. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખી સુખ શામાં છે તેનો વિચાર કરવો. વ્યવહાર મોટા થઈ જવા બહુ વધારવો નહિ. જેનો વ્યવહાર રાખ્યો, જેના સાથે રાખ્યો તે બહુ સાવચેતીથી શુદ્ધ વ્યવહાર રાખી લેવડદેવડનો (ધન) નો વ્યવહાર કરવો નહિ.

પ્રેમથી જવા આવવા-સુખદુઃખમાં તન, મનથી સેવા કરવા અને આનંદમાં ભાગ લેવા પૂરતો રાખવો. ગરીબ નિર્ધનને પોતાનાથી બને તે શરીરસેવા, મનની સેવા અને ધનની સેવા યથાશક્તિ આપવી. નિત્ય દાનમાં ગરીબ ભિખારી કે ભૂખ્યાને અન્ન જે મળે તે આપવું. આ રીતના સ્વચ્છ-સરળ સંતોષી નિયમિત વ્યવહારમાં જરા પણ આછકલાઈ લાવ્યા વિના નિરભિમાનપણે રહેવાથી ઈશ્વરની કૃપાને પાત્ર થવાશે. વ્યવહાર ચલાવવામાં અડચણ નહિ આવે. માનસિક ઉત્પાત ઓછો થશે અને શાંતિમય જીવન ગુજારીને પરમ પદની પ્રાપ્તિ થશે.

ઇતિ શિવમ્ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## ઈશ્વરકૃપા

ઈશ્વરકૃપા હોય ત્યારે ઉત્તમ કુળમાં જન્મ આવે, સુંદર શરીર

મળે, તંદુરસ્તી હોય, વિદ્યા સંપાદન કરવામાં સફળતા મળે, સારી સ્ત્રી કે પતિ મળે, સારો સંસારવ્યવહાર હોય તેમાં સારી આમદની થાય, તંદુરસ્તી સારી રહે, સારાં સગાંવહાલાં મળે, સારા પ્રેમી મિત્રો અને સંબંધીઓ મળે. હંમેશાં હાથની અને મનની ઉદારતા રહે, હાથ વડે શુભ પુણ્ય કર્મ થાય, સખાવત થાય, પગ વડે યાત્રા થાય, કોઈનું ભલું કરવાનો પ્રયાસ થાય, વ્યવહારની કુશળતા થાય, સંતની વાણી સુશીલ અને કેળવાયેલી પોતાની કીર્તિ વધારે તેવી મળે અને તેના વ્યવહારમાં પણ ધર્મ અને નીતિના સંસ્કારો ઊતરે. આમાંનું જેટલું જેવું જેટલા પ્રમાણમાં જેને જ્યારે મળે ત્યારે સમજવું કે મારા ઉપર ઈશ્વરની ઘણી કૃપા છે. આ મારું અને મારા વડીલોનું પુણ્ય છે. હવે આમાં દિનપ્રતિદિન વધારો થાય અને મારી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા અને ભાવના વિશેષ સમૃદ્ધ અને બળવાન દઢ બને એ રીતે મારે મારો વ્યવહાર ચલાવવો જોઈએ, રખે મારાથી કોઈનું પણ બૂરું થાય તો પ્રભુ મને તેમાંથી બચાવી લેજે. હે નાથ, તમો અંતર્યામી છો, મારા મનની બધી વાત જાણો છો. જ્યાં જ્યાં મારો જે જે દોષ હોય તે આપ દૂર કરવા સમર્થ છો. હે નાથ, હું અજ્ઞાન છું-અનેક જન્મના સંસ્કારો વડે બુદ્ધિ મલીન થઈ છે-તે હે નાથ, હું આપના શરણે આવ્યો છું. એટલે હવે બધી મલીનતા મારી દૂર થશે. હવે હે અનાથના નાથ આપ એક મારું શરણ છો. આપે મને ઉત્તમ કુળમાં જન્મ આપ્યો, સંસ્કારી માતાપિતા મને આપ્યા, સંસ્કારી સ્ત્રી મને આપી, મારી વિદ્યામાં આપે મને સફળતા આપી, મારી નોકરી ચાકરી રોજી ધંધામાં મને બરકત આપી. મને સારી તંદુરસ્તી આપી, મારું ચિત્ત આપનામાં રહે તેવી મારી બુદ્ધિ કરી. મને અનેક શાસ્ત્રો વાંચવાની વૃત્તિ આપી અને ઘણાં શાસ્ત્રો સદ્પુસ્તકોનું વાંચન, મનન, પરિશીલન કરવાની આપે મને સારી તક આપી. આ બધો અનુગ્રહ આપે મને તંદુરસ્તી મનબુદ્ધિ અને ચિત્ત આપ્યાં અને મારી ઇન્દ્રિયોનો કાબૂ રાખવાનો સંયમ મને આપ્યો તેનું પરિણામ છે. આપની અમોઘ કૃપા મારા ઉપર છે. હે નાથ, હું આપનો છું અને આપ મારા છો, પણ જ્યારે મારી વાસનાઓ જાગ્રત થાય છે ત્યારે ઘણી વખત મને અહંભાવ આવી જાય છે. અહંભાવ આવતાં હું આપના ઉપકારો ભૂલી જઉં છું અને હું કેવું ભણ્યો, કેવું રળ્યો, કેવાં કામ કર્યા વગેરે ઘણા અહંભાવ મારામાં જાગ્રત થાય છે, તે ભાવો મારામાં આવતા મારા સ્નેહી સંબંધીઓ અને નજીકના સગાં પણ ઘણી વખત મારાથી ક્ષોભ પામી મારા તરફ દુર્લક્ષ કરે છે, કેમ કે હું આપને વીસરી ગયો છું. મારો અહંભાવ ઘણી વખત મને મારા શોક, મોહ અને ક્ષોભ ગ્લાનિનું કારણ થાય છે, એવું જ્યારે હું સમજવા માંડું છું ત્યારે આપ ફરી મારા ઉપર જાણે દયા કરી જોતા હો તેવું લાગે છે. આપ મને ઠપકો આપી કહેતા હો કે મૂર્ખ - શું આ બધું તારા પુરુષાર્થનું ફળ છે? શું તું આ બધું કરી શક્યો છું? મૂર્ખ, આ તો બધી મારી કૃપાનું ફળ છે એમ તું કેમ સમજતો નથી. આવું જ્યારે મારા મનમાં ઉદ્ભવે છે ત્યારે ફરી હું આપના શરણે આવું છું અને માફી માગું છું. હે નાથ, મારા અપરાધો ક્ષમા કરો. આપ દયાના સાગર છો. આપની મારા ઉપર અગાધ કૃપા છે. આપ કોઈ દિવસ કોઈ ઉપર રાગદ્વેષ કરતાં જ નથી. આપને કોઈ પણ વધારે પ્રિય કે અપ્રિય જ નથી. આપ સર્વને સમાનભાવે જુઓ છો. આપને પાપી કે પુણ્યશાળી બંને ઉપર સમાન ભાવ જ હોય છે. એટલે હે નાથ! હવે મને ખાતરી થઈ છે કે આપના શરણ વિના બીજો કોઈ જ આશ્રય નથી.

*(સાભાર : 'ચેતનાનું ચિંતવન' માંથી)*

## જીવન અંગે ગાંઠે બાંધી રાખવા જેવી કેટલીક વાતો

૧. 'કેમ છો?' કહેવાની પહેલ આપણે જ કરવી જોઈએ.
૨. શ્રેષ્ઠ પુસ્તકો ખરીદવાની ટેવ રાખો. પછી ભલે તે વંચાય કે ન વંચાય.
૩. કોઈએ લંબાવેલો (દોસ્તીનો) હાથ ક્યારેય તરછોડવો નહીં.
૪. બહાદુર બનો અથવા તેવો દેખાવ કરો.
૫. આનંદમાં આવો ત્યારે વ્હીસલ વગાડતા શીખો અથવા વગાડો.
૬. કોઈને પણ આપણી ખાનગી વાત કહેતા પહેલા વિચારો.
૭. કોઈને મહેણું ક્યારેય ન મારો.
૮. જીવનમાં એક વિદેશી ભાષા શીખી લેવી સારી.
૯. કોઈ પણ આશાવાદીની વાતને તોડી પાડશો નહીં. શક્ય છે કે એની પાસે માત્ર એક જ આશા હોય.
૧૦. ક્રેડિટ કાર્ડ સગવડ સાચવવા માટે છે, ઉધારી કરવા માટે નહીં.
૧૧. રાત્રે જમતી વખતે ટી.વી. બંધ રાખવું.
૧૨. નકારાત્મક પ્રકૃતિના માણસોને મળવાનું ટાળો.
૧૩. દરેક રાજકારણીને શંકાની નજરથી ના જુઓ.
૧૪. દરેક વ્યક્તિને બીજી તક આપો, ત્રીજી નહીં.
૧૫. ટુથપેસ્ટ વાપર્યા પછી ઢાંકણું અવશ્ય બંધ કરો.
૧૬. ટુથબ્રશ અને ઊલિયું ખુલ્લા ન જ રાખવા.
૧૭. સંતાનો નાના હોય ત્યારથી તેમને પૈસાની કિંમત અને બચતનું મહત્ત્વ સમજાવી દેવું જરૂરી.
૧૮. જે ગાંઠ છોડી શકાય એવી હોય તો તે કાપશો નહીં.
૧૯. જેને તમે ચાહતા હો, તેની સતત કાળજી લેતા રહો.
૨૦. તમને ન પોષાય તો પણ કુટુંબના સભ્યો સાથે વારંવાર પિકનિક પર જવાનું ગોઠવો.

*પ્રભુલાલ એમ. સંઘવી*
*૧૦૦૩, અલકનંદા નીલકંઠ વેલી, રાજાવાડી,*
*ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*

પ્રતિભા વિશેષ

## મહાદેવ દેસાઈનો દીકરો એ મારો પાસવર્ડ બની ગયો

# ગાંધીકથાના ઉદ્ગાતા નારાયણ દેસાઈ

• ભદ્રાયુ વછરાજાની •

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ માટે તો એ 'આજની ઘડી રળિયામણી' જેવો દિવસ હતો. મહાત્મા ગાંધીજીએ ૧૯૨૦માં પોતાની સ્વપ્નભૂમિ સમાન ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. આ વિદ્યાપીઠના કુલપતિ કહો કે કુલગુરુ તરીકે શ્રી નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈએ કાર્યભાર સંભાળ્યો. આજે સત્યાશી વર્ષે બાપુએ સ્થાપેલી રાષ્ટ્રીય વિદ્યાસંસ્થાન ગૂજરાત વિદ્યાપીઠના આજીવન કુલગુરુ શ્રી નારાયણ દેસાઈ તે ગાંધીબાપુ માટે તો 'બાબલો.' હા, બાપુના ખોળામાં ઊછરેલા નારાયણભાઈને બાપુ 'બાબલો' એવું વહાલું સંબોધન જીવનભર કરતા રહ્યા!

શ્રી નારાયણભાઈ દેસાઈને એક દીર્ઘસંવાદના આરંભે મેં કહ્યું : 'આપશ્રી બાપુના વહાલા બાબલામાંથી આજે કુલગુરુ નારાયણદાદા બન્યા છો તો આપના જીવન વિશે લંબાણથી કંઈક કહો.' આજે મહાત્માજી જેવું દુબળું શરીર, વિચારપૂર્વકનું મુક્ત હાસ્ય, લાંબા સ્વસ્થ ડગ માંડતું ઊંચું વ્યક્તિત્વ અને તોળી તોળીને એક એક શબ્દ ઉચ્ચારનાર નારાયણભાઈએ મારા પ્રશ્નનો જે જવાબ આપ્યો તેમાં સુદીર્ઘતા અને લાઘવ બન્નેની હાજરી ડોકાય છે. નારાયણભાઈએ નિરાંત જીવની ગોઠડીનો આરંભ આ રીતે કર્યો : 'આપણી સંસ્કૃતિ અને આપણા સંસ્કાર, પોતા વિષે વાત કરવામાં હંમેશાં સંકોચ થવાનું સૂચવે છે, જે સંકોચ ખુદ ગાંધીજીએ પણ આત્મકથા લખતાં પહેલાં વ્યક્ત કરેલો. એટલે મારે મારી વાત કરવામાં જે સંકોચ છે તેને ઓળંગી જવાનું કારણ હોય તો તે એટલું જ છે કે એ બહાને મને બાપુની જ વાતો કરવાનો મોકો મળશે.'

'ગાંધીજી કેવા હશે' એવું હવે આજે તો કોણ કહે? પણ આપણા વિરલ ગુજરાતના દક્ષિણ ભાગમાં આવેલ વેડછીમાં જઈ નારાયણભાઈને કાર્ય કરતા કે ગાંધીકથા કહેતા નીરખીએ તો ગાંધીજીની ઝાંખી થયા વગર રહે નહીં એ નક્કી

શાળાનાં બાળકો નારાયણદાદાને ઘણીવાર પૂછે : 'દાદા, તમે ગાંધીજીને પહેલવહેલા ક્યારે જોયેલા?' દાદા હસતાં હસતાં કહે : 'મેં ગાંધીજીને જોયા એ પહેલાં ગાંધીજીએ મને જોયેલો, કારણ હું એકાદ માસનો હોઈશ ત્યારે મારી મા મને આશ્રમમાં લાવેલાં અને બાપુએ મને જોયેલો. મને તો આ બાપુ છે તેવી સમજણ જ ન હતી. પણ હા, બાપુના વાતાવરણમાં 'જ' ઊછરવાનું બન્યુ.' આ આગળના વાક્યમાં 'છે તે મહત્ત્વનો છે, કારણ કે બાપુ સિવાય બીજું કંઈ વાતાવરણ હતું જ નહીં! બાપુમય જીવન સર્વ...'

જે ગૂજરાત વિદ્યાપીઠના આજે તેઓશ્રી કુલપતિ છે તે જ વિદ્યાપીઠના વિનય મંદિરમાં પાંચમું ધોરણ એક વર્ષ નારાયણભાઈ ભણેલા. ઔપચારિક શિક્ષણનું એ એક વર્ષ. જીવનમાં એ સિવાય ક્યારેય ઔપચારિક શિક્ષણ લીધું નથી, કોઈ ડિગ્રી લીધી નથી, પરીક્ષાની જિંદગીમાં ભીંસાયા નથી તેથી જ કદાચ જિંદગીની પરીક્ષામાં શતશઃ ઉત્તીર્ણ થયા છે!

તો પછી નારાયણભાઈ ભણ્યા શું, ભણાવ્યા કોણે, આટલી ભાષાઓ પરની પક્કડ કે સ્પષ્ટતા આવી ક્યાંથી, વિચાર અને આચાર વચ્ચેની દોસ્તી કરાવી કોણે? ના, પિતાએ બેસાડીને શીખવ્યું નથી. પિતાશ્રી મહાદેવભાઈ દેસાઈને તેઓ કાકા કહેતા અને પિતાશ્રી તો ઘરના મહેમાન હતા. કાકા કાં તો ગાંધીજી ભેગા હોય ને કાં તો જેલમાં હોય. કોઈ કોઈ વખત ઘરે આવતા તો સૌને ઉત્સવ જેવું લાગતું. કાકા ઘરે આવે એટલે સારું સારું ખાવાનું મળે!

વર્ધામાં એક મારવાડી વિદ્યાલય. તેમાં જમનાલાલજીની મૂડી અને દૃષ્ટિ પણ ખરી. તેમાં બાબલાને ભણવા બેસાડવાનું કાકાએ નક્કી કર્યું. પછીથી નવભારત વિદ્યાલય તરીકે જાણીતી થયેલી આ શાળામાં એક દિવસ તેઓ ગયા - સવારથી સાંજ. સાંજે આવીને કહ્યું : 'કાકા, આ નિશાળમાં હવે હું જવાનો નથી. કાલથી હું નહીં જઉં.' કાકા સમજાવી શક્યા હોત, વઢી શક્યા હોત, કેવી મુશ્કેલીમાં હું પડી શકું તે કહી શક્યા હોત, પણ એવું કશું કાકાએ ન કર્યું. કાકા બોલ્યા : 'નિર્ણય તું કરશે તે થશે. મારી સલાહ એવી છે કે બાપુને પૂછી લે...'

આમ પણ એ સમયે ઘરમાં બધું બાપુને પૂછીને જ થતું! બાબલાએ બાપુને એક લાંબો છ પાનાંનો કાગળ લખી કાકાને આપ્યો. એ કાગળમાં બાબલાએ પોતાનો નિર્ણય તો જણાવી જ દીધો હતો અને એ પણ લખેલું કે કાકાએ આપને પૂછવા કહ્યું

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.

ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

છે તેથી આ પત્ર લખું છું. બાબલાનો પત્ર તેના પિતા (કાકા) જ બાપુ પાસે બધી ટપાલની સાથે લઈ ગયા. બાપુએ પત્ર વાંચી કાકાને મૌખિક કંઈ ન કહ્યું, પણ જવાબ લખ્યો. બાપુ તેનાં લાઘવ માટે ખૂબ જાણીતા છે, પણ એમણે બાબલાને આપેલો આ જવાબ દુનિયાનો ટૂંકામાં ટૂંકો બાપુનો પત્ર હશે! બાપુનો જવાબ અક્ષરશઃ આમ હતો : 'ચિરંજીવી બાબલાને બાપુના આશીર્વાદ. શાબાશ.'

બધું જ કહેવાઈ ગયું આ 'શાબાશ' અને 'આશીર્વાદ' બે શબ્દોમાં! પણ ના, ગાંધી 'મહાત્મા' કેમ હતા તે હવે ખ્યાલ આવશે. ત્રણ-ચાર દિવસોમાં બાપુએ કાકાને પત્ર લખ્યો : 'બાબલાએ નિશાળે ન જવાનો નિર્ણય કર્યો છે અને આપણે તે નિર્ણય સ્વીકાર્યો છે એટલે હવે બાબલાને ભણાવવાની જવાબદારી આપણી છે.' બાપુ લખીને ભૂલી ન ગયા. એક જ અઠવાડિયામાં આ વાતની ટેસ્ટ બાપુએ લીધી! દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સમિતિની વાર્ષિકસભામાં બાપુને મદ્રાસ જવાનું હતું. મહાદેવભાઈ દેસાઈએ નિયમ મુજબ બાપુની સાથે કોણ જશે તેની યાદી બનાવી બાપુને આપી. તે યાદીમાં બાબલાનું નામ ન હતું, અપેક્ષા પણ ન હતી. બાપુએ યાદી પર નજર નાખી કાકાને પૂછ્યું : 'બાબલાનું નામ આમાં કેમ નથી?' કાકાએ થોડો ખુલાસો આપ્યો એટલે બાપુએ મક્કમ અવાજે કહ્યું : 'હવેથી હું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં બાબલો મારી સાથે જ આવશે.' આ એક બહુ મોટું શિક્ષણ થયું, 'મહાદેવ દેસાઈનો દીકરો એ મારો પાસવર્ડ બની ગયો...!'

ત્રણ મહિનામાં અંગ્રેજી ટાઈપ શીખ્યા. કાકાના કાગળો, લેખો, ડિસ્પેચ, બાપુના ખર્ચના નાનામોટા હિસાબો, દર અઠવાડિયે 'હરિજન' ના લેખો સમજવાના...સાડા અગિયાર વર્ષની ઉંમરે કાકાએ કહ્યું : 'બાબલા, બાપુના પત્રો તું ટાઈપ કરે તે દેશ આખામાં જાય. તેમાં ભૂલ રહે તો તે બાપુની ભૂલ ગણાઈ જાય. એમ ન થાય એટલે તારા ટાઈપ કરેલા જે કાગળમાં ભૂલ હશે તે હું ફરી ટાઈપ કરાવીશ, બોલ છે મંજૂર?' બાબલાએ જવાબ આપ્યો : 'કબૂલ, પણ મારી એક શરત છે. તમારે મને એ કાગળો, લેખો પાસે બેસી સમજાવવાના એટલે મારું જ્ઞાન વધે અને ભૂલ પણ ન થાય...' પછી તો દેશના મોટા મોટા નેતાઓ મહાદેવભાઈ સાથે કે બાપુ સાથે વિચારવિમર્શ કરવા આવે ત્યારે ત્યાં નારાયણ દેસાઈ અચૂક હાજર હોય. નેહરુજી, રાજાજી, સરદાર, આચાર્ય નરેન્દ્ર દેવ, વિનોબાજી કેટકેટલાનું સાંનિધ્ય મળ્યું બાપુના કારણે બાબલાને! સતત ઘડતર થતું રહ્યું. સેવાગ્રામથી વર્ધા જતી વખતે કાકાએ સંસ્કૃત શ્લોકો અને શાસ્ત્રો શીખવ્યાં. આચાર્ય નરેન્દ્ર દેવે 'સમાજવાદ' ની પરિપાટી સ્પષ્ટ કરી તો વિનોબાજીએ તકલીના કાંતણમાં એકાગ્રતા ગાંઠે બંધાવી. એક સમય એવો આવ્યો કે ભણાવનારા બધા જેલમાં! અઢાર વર્ષની એ ઉંમરે બધા જ નિર્ણયો પોતે કરવાના થયા.

આગાખાન મહેલમાં બાપુના એકવીસ દિવસોના ઉપવાસ વખતે બાપુની સાથે રહેવાની છૂટ મળી. ખૂણામાં બેસી વિક્ટર હ્યુગોનું 'લા મિઝરેબ્લા' વાંચતા નારાયણભાઈને જોઈ પ્યારેલાલજીએ બાપુને કહ્યું : 'આવ્યો છે ત્યારથી હિંસા અહિંસાની વાતો પૂછ્યા કરે છે!' બાપુએ તરત બાજુમાં બોલાવીને કહ્યું : 'જો સાંભળ, અહિંસાની મારી વ્યાખ્યાનો પણ સતત વિકાસ થતો રહ્યો છે. મેં ૧૯૨૨માં ચોરીચોરા હત્યાકાંડથી મારું આંદોલન પાછું ખેંચ્યું હતું, પણ ૧૯૪૨ માં હવે હું કહું છું કે ચારેકોર હિંસા વચ્ચે પણ અહિંસાનું કોડિયું જીવતું રાખવું જોઈએ.' જેના કાનમાં બાપુએ અહિંસાનું આવું ગૌરવ રેડ્યું હોય એ નારાયણભાઈ નખશિખ ગાંધીજન જ લાગે ને?

નારાયણભાઈ દેસાઈને ઉદારતાનો અને માણસાઈનો સાક્ષાત્કાર થયો ભૂદાનથી. આઠ વર્ષમાં બાર હજાર કિ.મી. ની પદયાત્રા; ત્યારે ખ્યાલ આવ્યો કે જિંદગી એટલે માત્ર આશ્રમ જ નહીં. જિંદગી વિષેની અને માણસ જાત વિષેની શ્રદ્ધા ભૂદાનથી બંધાણી. એકવાર વિનોબાજીને પૂછેલું : 'આપની આંખોમાં દેખાતી આસ્તિકતા મારામાં નથી. હું શું કરું?' લુચ્ચું હાસ્ય વેરીને વિનોબાજુ બોલ્યા : 'ભગવાન હૈ ઉસકી ચિંતા તુમ મત કરો, ભગવાન તુમ્હારી ચિંતા કરેગા. ભલાઈમેં વિશ્વાસ હૈ? ઉસી ભલાઈકો હર આદમી મેં ખોજો. ઈતની આસ્તિકતા કાફી હૈ.' નારાયણભાઈ વિનોબાજીના શબ્દો ટાંકીને કહે છે કે, 'ત્યાર પછી હવે હું નિષ્ઠાપૂર્વક આસ્તિક થયો.'

બાપુની હત્યા થઈ ત્યારે નારાયણભાઈ વેડછી અને તેમનાં માતુશ્રી વલસાડ. શિક્ષક નારાયણભાઈ ભણાવતા હતા ત્યાં હત્યા પછીના પાંચેક કલાકે ખબર મળ્યા. 'હું વેડછીથી ટ્રેનમાં સુરત આવ્યો. બા પણ સુરત આવી. અમે બંને સ્ટેશન પર મળ્યાં. એકબીજાના હાથ પકડી ખૂબ રડ્યાં. ઘણીવાર પછી સ્વસ્થ થઈ મેં બાને કહ્યું : 'આ સામી ટ્રેન છે તેમાં આપણે દિલ્હી જઈએ...છેવટે અસ્થિવિસર્જનમાં પહોંચી જશું. મારી બાએ મારો હાથ પકડી કહ્યું : 'બેટા, તું જે કરે છે તે બાપુનું જ કામ છે, તે ચાલુ રાખ, દિલ્હી જવાની જરૂર નથી!' હા, તેઓ આજે પણ બાપુનું કામ કરે છે.

***સૌજન્ય : "મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવરત્નો"***

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# સાવરકર – એક યુગપ્રવર્તક ચેતના

• વિવેક કાણે 'સહજ' •

વિનાયક દામોદર સાવરકર - આમ તો સ્થૂળ રીતે, એક વ્યક્તિનું, એક વ્યક્તિ-વિશેષનું નામ. પરંતુ એના ઉચ્ચારમાત્રમાં વિશ્વભરના ઈતિહાસમાં અત્યાર સુધી થયેલા અને હવે પછી થનારા તમામ ક્રાંતિવીરોની સંયુક્ત ચેતના ઉદ્‌ઘોષિત થતી જણાય અને એ આપણા ચિત્તાવકાશને ભરી મૂકે એવો આ નામનો પ્રભાવ છે. એ અર્થમાં હું સાવરકરને એક યુગપ્રવર્તક ચેતના કહું છું.

અહીં સાવરકરનું જીવનચરિત્ર કહેવાનો કે એમના જીવનની ઘટનાઓનો ક્રમવાર ચિતાર આપવાનો મારો ઉપક્રમ નથી. પરંતુ એમના વ્યક્તિત્વનાં મહત્ત્વનાં પાસાં, એમના વિચારો અને એમને સમજવામાં આપણે એક સમાજ તરીકે ક્યાં ઊણા ઊતર્યા, એ મારી મતિ મુજબ તપાસવાનો આ કદાચ અધકચરો, પણ સંનિષ્ઠ એવો પ્રયાસ છે.

## • સાવરકરનું કાવ્ય અને અન્ય સાહિત્ય :

વિરાટ મહાસ્વપ્ન જોવાની પ્રતિભા અને દૃષ્ટિ જેની પાસે હોય એ જ મહાકાવ્ય રચી શકે - એ જ મહાકવિ થઈ શકે. સાવરકરે કાવ્યો પ્રમાણમાં ઓછાં લખ્યાં છે, પરંતુ એમનો એક એક શબ્દ એ જાણે એમના પંચપ્રાણની અનુભૂતિના યોગમાંથી પ્રગટેલો હોય એવો ઓજસ્વી પ્રતીત થાય છે, અને એ અર્થમાં એ મહાકવિનો શબ્દ છે.

મન, વચન અને કર્મનું જેવું તાદાત્મ્ય, જેવી એકરૂપતા સાવરકરના જીવનમાં દેખાય છે એ વિરલ છે. સાવરકરના વિચારો અને જે તત્ત્વો માટે એમણે એમનું સમગ્ર જીવન સમર્પિત કરી નાખ્યું એ તત્ત્વોના ઉગમસ્થાનનું સરનામું એમના કાવ્ય-વિચારમાંથી મળી આવે છે. એટલે જ, સાવરકરની કાવ્ય-પ્રતિભા એ મારી દૃષ્ટિએ એમના વ્યક્તિત્વનું કદાચ સૌથી પ્રખર અને પ્રભાવી પાસું છે.

કવિતા સિવાય સાવરકરે 'ઉત્તરક્રિયા', 'સંન્યસ્ત ખડગ' અને 'ઉઃશાપ' જેવાં નાટકો પણ આપ્યાં છે. એમના આશયસભર નાટકોમાં એક ક્રાંતિવીરને છાજે તેવી આક્રમકતાનાં દર્શન થાય છે, તો નિબંધકાર સાવરકર અતિશય તર્ક-કઠોર, અભ્યાસપૂર્ણ અને આશય-સંપન્ન જણાય છે. સાવરકરે નવલકથાઓ, વાર્તાઓ, લેખો વગેરે પણ આપ્યાં છે, પણ એમનું ઇતિહાસકાર તરીકેનું પ્રદાન અનન્ય છે. સ્વતંત્ર દૃષ્ટિકોણ, વિદ્વત્તાપૂર્ણ વિશ્લેષણ, વસ્તુનિષ્ઠ અને પ્રેરક એવું વિવરણ, એ એમના ઈતિહાસગ્રંથોનું વૈશિષ્ટ્ય છે. ૧૮૫૭ ના સ્વાતંત્ર્યસંગ્રામ ઉપર એમણે લખેલા ગ્રંથથી એ સમયની બ્રિટિશ સરકાર રીતસરની હલી ગઈ હતી.

સાવરકરના કાવ્યેતર સાહિત્યમાં, ખાસ કરીને નાટકોમાં કલાત્મકતાનો કૈંક અંશે અભાવ છે એવો આક્ષેપ એમના પર થાય છે એ ખરું, પણ એ પાછળ પણ એમનું આગવું ચિંતન હતું, આગવી દૃષ્ટિ હતી. ૧૯૪૩માં, એમની શષ્ઠ્યબ્દીપૂર્તિના સમારંભમાં બોલતાં એમણે પોતે જ એમ કહ્યું હતું કે 'મેં કલમને લાઠીની જેમ ફેરવી છે. એમાં ક્યાંક ક્યાંક તમને કલાત્મકતા, રસાત્મકતા દેખાઈ હોય તો ભલે, પણ એ મારો ઉદ્દેશ ન હતો.'

સાંગલીમાં, મરાઠી રંગભૂમિના શતસંવત્સરી મહોત્સવના અધ્યક્ષ સ્થાનેથી બોલતાં એમણે કહ્યું કે 'યુવાનોને બંદૂક હાથમાં લેવાની પ્રેરણા મળે એવાં નાટકો લખાવાં જોઈએ.', તો મુંબઈના મરાઠી સાહિત્ય અધિવેશનના અધ્યક્ષીય પ્રવચનમાં એમણે એમ કહ્યું કે 'કલમો તોડી નાખો અને બંદૂક હાથમાં લો.'

સાવરકરના આવાં વિધાનોથી એમના ઉપર ટીકાનો વરસાદ વરસ્યો. પરંતુ આપણે એ સમજવું રહ્યું કે સાવરકરનું એકમાત્ર જીવનલક્ષ્ય ભારતની સ્વતંત્રતા હતું અને એમના પોતાના સાહિત્ય સહિત, બાકીની તમામ બાબતો એમના માટે ગૌણ હતી. સાહિત્યને એ સાધ્ય તરીકે નહીં પણ માત્ર એક સાધન તરીકે જોતા અને એનો એવો જ ઉપયોગ કરતાં.

એ દ્રઢપણે માનતા કે "शस्त्रेन रक्षिते राष्ट्रे शास्त्रचिन्ता प्रवर्तते" અર્થાત્‌, શસ્ત્રથી સુરક્ષિત રાષ્ટ્રમાં જ શાસ્ત્ર વિષેનું ચિંતન થાય છે. સ્વતંત્ર અને સુરક્ષિત થવું એ જ આપણી પ્રાથમિકતા છે.

સાહિત્ય તરફ જોવાની સાવરકરની આ દૃષ્ટિને સ્મરણમાં રાખીશું તો સાહિત્યકાર તરીકેનું એમનું મૂલ્યાંકન વધુ ન્યાયસંગત હશે એમ હું માનું છું.

## • સાવરકરનું હિન્દુત્વ અને સમાજસુધાર :

આજ સુધી આદિ શંકરાચાર્યથી માંડીને, લોકમાન્ય તિલક જેવા અનેક મહાપુરુષોએ 'હિંદુ' શબ્દને વ્યાખ્યામાં બાંધવાના પ્રયત્નો કર્યા છે, પણ એ બધા વ્યર્થ પુરવાર થયા છે. 'હિંદુ' એ કોઈ ધર્મ નથી, એ તો એક જીવન-પ્રણાલિ છે, એવા આશયનો ચુકાદો થોડાં વર્ષો પૂર્વે આપણી સુપ્રીમ કોર્ટે આપ્યો હતો. આ જ વાત સાવરકરે આજથી ૬૦-૭૦ વર્ષો પહેલાં કરી હતી!

'હિંદુ' ની અત્યાર સુધીની સૌથી વ્યાપક વ્યાખ્યા સાવરકરે જ આપી છે - "आ सिन्धु-सिन्धु पर्यान्ताः, यस्य भारत भूमिकाः, पितृभू पुण्यभूमिश्च, सर्वेहिन्दुरीतिस्मृताः" એટલે કે સિંધુ (નદી) થી સિંધુ (સમુદ્ર) સુધીની ભૂમિને જે ભારતભૂમિ, પિતૃભૂમિ અને પુણ્યભૂમિ

માને છે, એ બધા જ હિંદુ છે, પછી ભલે એમની ઉપાસનાપદ્ધતિ (આજના સંકુચિત અર્થ પ્રમાણે ધર્મ) ગમે તે હોય.

સાવરકરના હિન્દુત્વવાદને 'સંકુચિત', 'ધર્માંધ' વગેરે કહીને ઉતારી પાડવામાં આપણે કંઈ બાકી રાખ્યું નથી. પરંતુ જેની 'હિંદુ' ની સંકલ્પનાનો વ્યાપ આટલો વિશાળ હોય એનું 'હિન્દુત્વ' સંકુચિત કઈ રીતે હોઈ શકે?

આપણે ત્યાં એ સમયમાં ધર્મને નામે ક્રિયાકાંડો અને અન્ય બદીઓએ આપણા સમાજજીવનને ભરડામાં લીધું હતું. આ બધા સામે સાવરકરે એમનો ઉગ્ર આક્રોશ ક્યારેક ભાષણોમાં વ્યક્ત કર્યો તો ક્યારેક પોતાના લેખનમાં એની હાંસી ઉડાવીને આસ્થાળુ, ધર્મપરાયણ લોકોનો રોષ વહોરી લીધો. એમનો આ આક્રોશ માત્ર હિંદુ ધર્મની બદીઓ પૂરતો સીમિત ન હતો, ઈસ્લામ, ક્રિશ્ચિયન અને અન્ય ધર્મોની કુરૂઢિઓને પણ એમણે હડફેટમાં લીધી, જેને કારણે એમનાં લખાણોનો ઉગ્ર વિરોધ થયો.

સાવરકર પોતાનાં લખાણોમાં, ભાષણોમાં સતત કહેતા રહ્યા કે બુદ્ધિનિષ્ઠ બનો, અદ્યયાવત થાઓ, વિજ્ઞાનની નવી શોધખોળો સાથે તાલ મિલાવો. આ બધું નહીં કરો તો જગતમાં તમારી કોઈ કિંમત નહીં રહે, લોકો તમારી હાંસી ઉડાવશે.

સાવરકર એમના મનમાં સ્પષ્ટ હતા. એ કહેતા કે આજે વિજ્ઞાનના માધ્યમથી આપણને જે નવી જાણકારી પ્રાપ્ત થઈ છે એ જ આપણો સનાતન ધર્મ. જે વાતો અવૈજ્ઞાનિક છે, જેનો કોઈ બુદ્ધિગમ્ય આધાર નથી એવી વાતોને આપણે છોડવી જ રહી. 'ગાય પવિત્ર છે' એવી હિન્દુઓની માન્યતાની એ ઠેકડી ઉડાવતા અને 'ગાય એ માત્ર એક ઉપયોગી પશુ છે, એથી વધારે કંઈ નહીં' એમ કહેતા. બાલવિવાહ, સતીપ્રથા વગેરે કુરિવાજોને સમાજમાંથી નિર્મૂળ કરવા માટે સાવરકર સતત ઝઝૂમ્યા. સ્ત્રીશિક્ષણ અને વિધવાવિવાહને પ્રોત્સાહન મળે તો જ એક સંતુલિત સ્વસ્થ સમાજની સ્થાપના થઈ શકે એમ એ આજન્મ કહેતા રહ્યા.

'મારી અસ્થિને ગંગા, યમુના વગેરે સાત પવિત્ર નદીઓમાં વિસર્જિત કરજો' એમ કહેનારાઓને આપણે 'ધર્મનિરપેક્ષ' અને 'બિનસાંપ્રદાયિક' ગણ્યા, કંઈ વાંધો નહીં. પણ ઈશ્વરના અસ્તિત્વને નકારનારા, સાવ નાસ્તિક, નકામા ધાર્મિક ક્રિયાકાંડોની ઠેકડી ઉડાડનારા, 'મારા પછી, કોઈ ઉત્તરક્રિયા વિના મારા મૃતદેહને વિદ્યુતદાહિનીમાં ફંગોળી દેજો' એમ કહેનારા, બુદ્ધિનિષ્ઠ, વિજ્ઞાનપરાયણ એવા સાવરકરને આપણે 'ધર્માંધ' અને 'સાંપ્રદાયિક' કહ્યા! આને શું કહીશું? આપણી બુદ્ધિનું દેવાળિયાપણું કે પછી સ્વાર્થ-પ્રેરિત કુટિલ બુદ્ધિવાદ?

'न ब्रूयात सत्मयप्रियं' એવી જૂની અને વ્યવહારુ સલાહ સાવરકરે સ્વીકારી નહીં, બધા ધર્મોની કુરૂઢિઓ અને મર્યાદાઓને ઉઘાડી પાડીને એ લોકોમાં અપ્રિય થઈ પડ્યા. પણ એ યાદ રહે કે તમામ ધર્મોની વખોડવા લાયક મર્યાદાઓને સાવરકર સમાન રીતે વખોડતા રહ્યા. એમાં એમણે ધર્મ-ધર્મ વચ્ચે કોઈ ભેદભાવ ન રાખ્યો.

પણ આપણી કરમકઠણાઈ જે અત્યારે છે એ તે સમયે પણ હતી. સાવરકરે જો માત્ર હિંદુ ધર્મની બદીઓને વખોડી હોત અને બાકીના ધર્મોને સારા કહ્યા હોત તો એ 'ધર્મનિરપેક્ષ' નેતા તરીકે ખ્યાત થયા હોત, ખરું ને!

## ● સાવરકરનો હિંસા-અહિંસા વિવેક-૨૧મી સદીના સંદર્ભે :

ઘણા શબ્દો વિશેની આપણી સમજ ભોળીભટાક હોય છે અથવા પ્રયત્નપૂર્વક એવી રાખવામાં આવે છે. આવા જ બે શબ્દો છે 'સત્ય' અને 'અહિંસા'

'सत्यमेव जयते' એ વેદવાક્યનો પૂર્વાર્ધ સર્વવિદિત છે, પરંતુ ખરો મહત્ત્વનો છે તે એનો ઉત્તરાર્ધ - 'नानृतम्' - જે ઘણા નથી જાણતા. नानृतम् એટલે કે न अनृतम्. અર્થાત્ સત્યનો જય થાય છે એ સાચું પણ જો એ अनृत ન હોય તો. સત્ય કરતાં ઋતનો મહિમા મોટો છે. ધર્મની સ્થાપના માટે, વ્યાપક હિતમાં કહેવાયેલું અસત્ય પણ ક્યારેક ઋતનો દરજ્જો પામે છે. કુરુક્ષેત્રમાં કૃષ્ણએ યુધિષ્ઠિરને 'नरो वा कुञ्जरो वा' એમ કહેવા કહેલું એ આમ તો અસત્ય હતું પરંતુ એનો દરજ્જો સત્યથી પણ ઊંચો ગણાય કારણકે એ ઋત હતું.

અહિંસાનું પણ આમ જ છે. ઘણીવાર લાંબા ગાળાની શાંતિ અને અહિંસાને પોષક વાતાવરણની નિર્મિતિ ખાતર, અન્યાયના નિવારણ માટે, ધર્મની સ્થાપના અર્થે આચરવી પડતી હિંસા એ જ મનુષ્યનો આપદધર્મ હોય છે અને આવી હિંસાનો દરજ્જો પણ અહિંસાથી ઊંચો છે.

'સત્ય' અને 'અહિંસા' નો મહિમા છે જ અને કરવો જ રહ્યો પરંતુ એ આટલું સમજી લીધા પછી. આમ પણ કૃષ્ણએ ગીતામાં ક્યાંય આ બે શબ્દોનો મહિમા કર્યો નથી, બલ્કે આપદધર્મના પાલન માટે, ધર્મના જય માટે, એમણે સત્ય અને અહિંસાથી છેડો ફાડી નાખ્યાનાં અનેક ઉદાહરણો એમના જીવનમાં અત્રતત્ર વિખરાયેલાં જોવા મળે છે.

શિવાજીના ગુરુ સમર્થ રામદાસ સ્વામી કહેતા કે, 'शठाशी व्हावे शठ, आणि महाशठाशी महाशठ', એટલે કે શઠની સાથે શઠ અને મહાશઠની સાથે મહાશઠ થતાં આપણને આવડવું જ જોઈએ. કૃષ્ણની વાત સમજેલા કેટલાક લોકોના નામ ગણાવવાં હોય તો એમાં ચાણક્ય, સમર્થ રામદાસ સ્વામી, છત્રપતિ શિવાજી, સાવરકર, સરદાર પટેલ વગેરેનાં નામો ગણાવી શકાય.

સાવરકર સ્વાતંત્ર્ય માટે સશસ્ત્ર ક્રાંતિના પુરસ્કર્તા હતા એ તો આપણે સૌ જાણીએ છીએ. પણ એ હિંસા ખાતર હિંસાના પુરસ્કર્તા ન હતા. સ્વતંત્રતા મળે અને આગળ જતાં શાંતિ અને અહિંસાનું વાતાવરણ સ્થાપી શકાય એટલા પૂરતી જરૂરી હિંસાના એ હિમાયતી છે એવું એમણે અનેક જગ્યાએ કહ્યું પણ છે અને લખ્યું પણ છે.

એકવીસમી સદીના આપણા શત્રુઓમાં અહિંસાની ભાષા સમજનારાઓની સંખ્યા અલ્પ છે. જેનામાં માનવતાનો અંશ હજી જીવિત હોય, જેમને અહિંસાની ભાષા સમજાતી હોય, એમની સાથે એનો ઉપયોગ થઈ શકે. અન્યથા જેને જે ભાષા સમજાતી હોય એ ભાષામાં એની સાથે વાત કરવાનું સામર્થ્ય કેળવવું જ રહ્યું. નિર્દોષો પર આડેધડ ગોળીઓ વરસાવતા અજમલ કસાબને અહિંસાની ભાષા સમજાય? આડોશીપાડોશી દેશો પરમાણુશસ્ત્રો ધરાવે છે, એટલું જ નહીં, વખત આવ્યે આપણે એ વાપરવાનું સામર્થ્ય અને સજ્જતા પણ રાખીએ છીએ એવો સ્પષ્ટ સંદેશ લાગતા વળગતાઓ સુધી પહોંચવો જ જોઈએ.

અમેરિકા જેવું રાષ્ટ્ર, કહેવા પૂરતું ગાંધીજીની અહિંસાનું ભલે ગૌરવ કરે પણ ૨૦૦૧ના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના હુમલાનો માત્ર બદલો લેવા માટે થઈને, એ ઓસામા બિન લાદેનને શોધી કાઢીને વિદેશની ધરતી પર જઈને પતાવી દેવા સુધીનું પગલું પણ ભરી શકે છે. પ્રશ્ન રાષ્ટ્રના સન્માનનો હોય ત્યારે હિંસા-અહિંસા જેવી બાબતો ગૌણ બની જાય છે.

ઈઝરાઈલીઓ પણ પોતાના દુશ્મનોને દુનિયાભરમાંથી શોધી કાઢીને, વીણી વીણીને હણી નાખવા માટે પંકાયેલા છે. વિશ્વનું કોઈ પણ સ્વમાની અને સમર્થ રાષ્ટ્ર આમ જ કરે. રાષ્ટ્રવાદ એ માનવતાવાદ તરફ ભરેલું એક પગલું છે એમ સાવરકર કહેતા.

આટલી ચર્ચા પછી, આજની પરિસ્થિતિના સંદર્ભે સાવરકરના વિચારો કેટલા પ્રસ્તુત છે એ નવેસરથી જુદું કહેવાની જરૂર ખરી?

● **ઉપસંહાર :**

'જે પ્રજા પોતાનો ઈતિહાસ ભૂલી જાય છે એ પ્રજા નવો ઈતિહાસ ઘડી શકતી નથી' એમ સાવરકર કહેતા. આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાનું સ્મરણ રાખવું અને ઈતિહાસમાં આપણે કરેલી ભૂલોને પણ યાદ રાખવી અત્યંત આવશ્યક છે.

ઈસ્લામી આક્રમણખોરો સામે આપણે કેમ ટકી ન શક્યા એનાં કારણોમાં આંતરિક વિગ્રહો અને આપણાં રજવાડાંઓમાં ઐક્યનો અભાવ એ તો હતાં જ, પણ બીજું એક પ્રમુખ કારણ એ પણ હતું કે બાકીના વિશ્વની સરખામણીમાં આપણે ઘણા વધુ સુસંસ્કૃત અને ઉદાર હતા. મોહમ્મદ ઘોરીને પૃથ્વીરાજ ચૌહાણે ૧૬ વખત હરાવ્યો અને એણે નાકલીટી તાણી એટલે ૧૬ વખત માફ કરીને જવા દીધો (૧૬ વખત હરાવ્યો એ લોકવાયકા છે કે ઈતિહાસ એ ખબર નથી, પણ એકથી વધુ વખત એટલું તો નક્કી) હારેલા, નિઃશસ્ત્ર અને શરણે આવેલા શત્રુને છોડી દેવો એ જ આપણી સંસ્કૃતિ હતી. આને ઉદારતા કહેવી કે મૂઢતા એ જુદો વિષય છે, પણ આવી ઉદારતા પછી જ્યારે ઘોરી ૧૭મી વખત ચઢી આવ્યો ત્યારે એ કેટલાક દેશદ્રોહીઓની મદદથી વિજયી થયો અને ઈસ્લામી શાસનનો પાયો નખાયો.

મહમૂદ ગઝની જેવો લૂંટારો અફઘાનિસ્તાનથી છેક સોમનાથ સુધી ચઢી આવે અને લૂંટફાટ કરીને પાછો સહીસલામત અફઘાનિસ્તાન જતો રહે - ૧૭-૧૭ વખત (અહીં પણ, ૧૭ વખત એ કદાચ લોકવાયકા હોઈ શકે પણ ઘણી વખત એમ તો કહી જ શકાય), એ વાત તો કોઈ રીતે સમજાય એવી જ નથી. આટલે લાંબે સુધી આવતાં કે જતાં વચ્ચે એને કોઈ ભારતીય રજવાડાએ કદી આંતર્યો જ નહીં? એણે લૂંટેલા માલની લાલચે પણ નહીં?

આપણી વર્ણવ્યવસ્થા હેઠળ મનુષ્યનો વર્ણ જન્મથી નહીં પણ એની લાયકાત અને કર્મથી નક્કી થતો. કાળક્રમે એમાં વિકૃતિ આવી અને વર્ણ જન્મથી નક્કી થવા લાગ્યો. એટલે થયું એવું કે સમાજના એક મોટા વર્ગને (ક્ષત્રિયો સિવાયના) આપણે લડવાના અધિકારથી વંચિત રાખ્યો. મહમૂદ ગઝની ચઢી આવે, સોમનાથમાં પૂરતી સંખ્યામાં ક્ષત્રિયો હોય નહીં, બ્રાહ્મણો એની સામે ઊભા રહે અને ગઝની એમને નિર્દય રીતે કાપી નાખે એવો એક ક્રમ થઈ પડ્યો. 'બ્રહ્મહત્યા ન થાય, પાપ લાગે' જેવા ખ્યાલો આપણા જેવા સુસંસ્કૃત સમાજમાં હોય, એવાં પાપ-બાપ આપણને લાગે, ગઝનીને થોડાં લાગે?

હજારો વર્ષોથી આ દેશ એનો સમાજ, સદા સહિષ્ણુ અને સર્વસમાવેશી રહ્યો છે. પારસીઓ, ઈસ્લામીઓ, ખ્રિસ્તીઓ, યહૂદીઓ, અહીં જે કોઈ આવ્યા એમને આપણે સમાવી લીધા. ભારત છોડીને જતાં પહેલાં અંગ્રેજોએ પારસીઓ આગળ પ્રસ્તાવ મૂક્યો કે તમે ઇચ્છો તો સંસદમાં એંગ્લો-ઇન્ડિયનોને મળે છે એવા વિશેષાધિકારો અમે તમને પણ આપીને જઈએ. પારસીઓએ ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે 'આ દેશની પ્રજાએ અમને સદીઓ સુધી સારી રીતે સાચવ્યા છે. તમે તમારે રસ્તે પડો, અમારી ચિંતા રહેવા દો.' ઈઝરાઈલની જ્યારે સ્થાપના થઈ ત્યારે ત્યાંની સંસદે સૌથી પહેલો જે ઠરાવ પસાર કર્યો એમાં એમણે ભારતનો આભાર માન્યો એટલા માટે કે વિશ્વભરમાં બધે જ યહૂદીઓ ઉપર જુલમો થયા પણ ભારત એકમાત્ર એવો દેશ છે જેની પ્રજાએ યહૂદીઓ પર ત્રાસ ન ગુજાર્યો, એમને અપનાવી લીધા.

સાવરકરનું જીવન એ સંઘર્ષનો પર્યાય હતું. નવ વર્ષની ઉંમરે માતાને અને ૧૫ની વયે પ્લેગમાં પિતાને ગુમાવ્યા પછી વિષમ સંજોગોમાં એમણે પૂરું કરેલું શિક્ષણ, પેરીસથી લંડન આવ્યા બાદ એમની ધરપકડ, એસ. એસ. મોરિયા નામના અંગ્રેજી જહાજમાંથી એમની ઐતિહાસિક છલાંગ, ફ્રાન્સમાં માર્સેલ્સના દરિયાકિનારે ફરી ધરપકડ, આજન્મ કારાવાસની સજા અને આંદામાનની સેલ્યુલર જેલમાં વિતાવેલાં યાતનામય વર્ષો, સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પણ ભારત સરકાર તરફથી સતત અવહેલના, ગાંધીહત્યાના ષડ્યંત્રમાં સામેલ હોવાના આરોપસર ધરપકડ અને જેલવાસ – આવી બધી વિષમ પરિસ્થિતિઓનો સામનો કરતાં કરતાં પણ એ મન, વચન અને કર્મથી માતૃભૂમિના સ્વાતંત્ર્ય અને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૨ ઉપર)**

પ્રેરણા

# ડ્રગબેંક દ્વારા માનવ સેવાનું અભિયાન

• કુલીનકાંત ચાંપશી લુઠિયા •

આપણે ત્યાં ઘણી વણવપરાયેલી અને અડધી વપરાયેલી દવાઓ પડી રહે. તેની ઉપયોગિતા આપણને તો ના હોય પણ બીજા જરૂરતમંદને અત્યંત જરૂરી હોઈ શકે. માંદગીમાં પટકાયેલાને તેમાંથી છૂટવા દવા લેવાનો અને ઇલાજ કરાવવા સિવાયનો કોઈ પર્યાય જ નથી. શારીરિક માંદગીમાં ગરીબ વ્યક્તિની લાચારી, જોતાં આપણે વ્યથિત થઈ જઈએ.

આવી કપરી પળે ‘વેસ્ટમાંથી બેસ્ટ’ નો વિચાર સૂઝ્યો માનવજ્યોતને અને મુલુંડમાં ઠેરઠેર દવાનાં બોક્ષ મૂકી તેમાં લોકો તેમને વિના વપરાતી દવાઓ, બિનઉપયોગી એવી દવાઓ નાંખી જાય તેવી વ્યવસ્થા આરંભાઈ. લોકો પણ આવી બધી દવાઓ માનવજ્યોતના મુખ્ય મથક પર લઈ આવે.

અન્ય સેવકો આ દવાઓ પૈકી એક્સપાયરી ડેટની દવાઓ છૂટી પાડે.

હવે ડૉક્ટરો, મેડિકલ સ્ટોરના માલિકો અને આમ નાગરિકો પાસે પડી રહેલ દવાઓ મળતી થઈ. મંદિરો, મસ્જિદો અને જૈન દેરાસરો પાસે મૂકેલા ડબ્બામાં પણ લોકો પોતાને બિન ઉપયોગી હોય તેવી દવાઓ નાંખી જતાં.

માનવજ્યોતમાં જરૂરિયાતમંદ દર્દીઓ ડૉક્ટરનું પ્રિસ્ક્રીપ્શન લઈ આવે, અને વિના મૂલ્યે દવાઓ મેળવી લે.

કોઈ ગરીબ દર્દીઓના પ્રિસ્ક્રીપ્શન વાંચી નાના-મોટા રોગોની દવા સેન્ટર પર ના હોય તે કિસ્સામાં દવાઓ થોડે અંશે સંસ્થા દ્વારા ખરીદી પણ અપાય.

દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરતી ડ્રગ બેંક દ્વારા ગરીબોનું હિત તો થાય જ છે. આથી બિનજરૂરી રીતે વ્યય થતું બહુમૂલ્ય દ્રવ્ય (મેડિસીન) પણ કચરે જતું અટકે છે.

અનેક પ્રકારની દવાઓના એકત્રીકરણ અને જાળવણી માટે સંસ્થા પાસે વ્યવસ્થા છે. ડ્રગ બેંકમાં દવા લેવા આવતા દર્દીઓને જૂની તારીખના — માસ અગાઉના પ્રિસ્ક્રીપ્શન મુજબની દવાઓ અપાતી નથી.

જરૂરતમંદ દર્દીઓએ મેળવેલી દવા તેમના ડૉક્ટરને બતાવીને જ ઉપયોગમાં લેવાનો જ આગ્રહ રખાય છે. તેથી જ આટલા વર્ષોમાં દવાથી કોઈ પણ દર્દીને તકલીફ થયાનું જાણમાં નથી આવ્યું. કોઈ દર્દીને દવા જોઈતી હોય ત્યારે જ કોઈ દાતા દવાઓ લઈ આવે જ, તેવા ચમત્કારિક સત્ત્વનું દર્શન અહીં વારંવાર થાય છે. ડ્રગબેંક એટલે સ્વાસ્થ્યનો અન્નકૂટ!! કહીએ તો ચાલે.

આજે આ ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ રૂપિયા ૧ કરોડની કિંમતની દવાઓ જરૂરતમંદ સુધી પહોંચે છે!

આ સેવાલક્ષી સંસ્થાનું નામ સરનામું જાણી લઈએ.

**માનવજ્યોત પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ**
નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર.પી. રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
સોમવારથી શુક્રવાર : સવારે ૧૦ થી ૧૨

★

## મેડિસીન હાઉસ ડ્રગ બેંક

દસેક વર્ષ અગાઉ ભાવનગર ખાતે હર્ષદભાઈ આચાર્ય નામના વકીલે એક નાનકડી જગ્યામાં ડ્રગબેંકની શરૂઆત કરી. આ મેડિસીન બેંકની જેમ જેમ લોકોને ખબર પડતી ગઈ તેમ તેમ ત્યાં જરૂરતમંદો પહોંચતા ગયા અને તેમને જોઈતી દવાઓ મળતી થઈ. જાહેર જનતા પણ આ સેવા અભિયાનમાં પોતાની પાસે વણવપરાયેલી દવાઓ, ઈંજેક્શનો, કેપ્સુલ્સ વગેરે આપતી થઈ.

**મેડિસીન હાઉસ ડ્રગબેંક**
બેઝમેન્ટ, સૂર્યદર્શન કોમ્પ્લેક્ષ,
રબર ફેક્ટરી પાસે, ભાવનગર - ૩૬૪ ૦૦૧

ખાતે હાલે સમાજસેવક શ્રી અચ્યુત મહેતા તેનું સુસંચાલન કરે છે.

★

## સ્વજન

ભુજ ખાતે ‘સ્વજન’ સંસ્થાના નેજા હેઠળ સેવાભાવી શ્રી પરેશ અનમે પણ આ દિશામાં છેલ્લા ૪ વર્ષથી સેવા આરંભી. આજ સુધી એ કચ્છના છેવાડેના ગામે ૧૫,૦૦૦ થી વધુ દર્દીઓ લાભ લઈ ચૂક્યા છે. તેમનું સરનામું પણ જાણી લઈએ.

**‘સ્વજન’,**
અનમ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

★

## માનવજ્યોત - ભુજ

કચ્છ - ભુજમાં માનવજ્યોતની શાખા દ્વારા પણ આ દવા

બેંકનું સેવા અભિયાન ચાલુ છે.

★

## જીવનજ્યોત ડ્રગ બેંક

આજથી ૨૫ વર્ષ અગાઉ વિખ્યાત વાંકાનેરના દાનવીર શ્રી રસીકલાલ ન્યાલચંદ દોશી પરિવારે ગરીબોને દવા ઓછા ખર્ચે મળી રહે એ હેતુથી જીવનજ્યોત ડ્રગ બેંકની સ્થાપના કરી. ૫ વર્ષ બાદ બાબુલનાથના પ્રખર સમાજસેવિકા શ્રીમતી મંજુબેન વોરાએ આ ટ્રસ્ટના દર્દીઓને રાહતદરે વરસે દહાડે ડાયાલાઈઝર, ટ્યુબિંગ, મોંઘા ઈંજેક્શનો, કેપ્સુલ્સ વગેરે કરોડોની દવાઓ લાખો રૂપિયામાં આપી અત્યંત દયનીય પરિસ્થિતિમાં જીવતા કિડનીના દર્દીઓને અત્યંત રાહતદરે દવાઓ આપી તેમની જીવાદોરી લંબાવવામાં મહત્ત્વની ભૂમિકા નિઃસ્વાર્થપણે ભજવે છે.

તેમનું કાર્યક્ષેત્ર જીવનજ્યોત ડ્રગબેંક, જી/૩, ગાંજાવાલા ટાવર, સાને ગુરુજી માર્ગ, સુમન જ્વેલર્સ પાછળ, તારદેવ, મુંબઈ-૪૦૦ ૦૩૪.

★

## જીવનજ્યોત કેન્સર એન્ડ રિલીફ ટ્રસ્ટ

સેવાભાવી ટ્રસ્ટી શ્રી હરખચંદ સાવલા દ્વારા સંચાલિત જીવનજ્યોત કેન્સર એન્ડ રિલીફ ટ્રસ્ટ દ્વારા આજ સુધી લગભગ રૂા. ૧૫ લાખથી વધારે કિંમતની દવા માનવ જ્યોતનાં બેસ્ટ આઉટ ઓફ વેસ્ટમાંથી ટાટા તથા અન્ય હોસ્પિટલનાં જરૂરતમંદ દર્દીઓને મફતમાં અપાઈ છે.

*– ડૉ. જે.પી. ખોના*

★

ડ્રગ બેંક દ્વારા દર્દી નારાયણનાં આશીર્વાદભરી આ સેવામાં તેમની પીડા હળવી કરવાના અભિયાનમાં અન્ય સંસ્થાઓ પણ જોડાય તો સોનામાં સુગંધ ભળે, કારણકે સપ્લાય કરતાં ડિમાન્ડનું પ્રમાણ ઘણુંય વધારે છે અને જરૂરતમંદ લોકો વિનામૂલ્યે તેનો લાભ લઈ શકે છે. આપણાં આર્થિક સ્રોતો મર્યાદિત છે. ત્યારે વેસ્ટમાંથી બેસ્ટનાં આ કાર્યક્રમને જાહેર સંસ્થાઓ શું અપનાવી ના શકે?

*સંપર્ક : કુલીનકાંત ચાંપશી લુઠિયા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ*
*સમાજ સેવક*
*મોબાઈલ : ૯૮૨૦૦૩૯૪૬૯* ■

## સાવરકર – એક યુગ પ્રવર્તક ચેતના

**(અનુસંધાન : પાના નં.-૬૦ ઉપરથી ચાલુ)**

સન્માન માટે છેલ્લે સુધી સમર્પિત રહ્યા. એમના પર જે આપત્તિઓ આવી એના હજારમા ભાગની આપત્તિઓ પણ આપણા જેવાઓને ભાંગી નાખવા માટે પૂરતી થઈ પડે. પણ સાવરકર કૈંક નોખી જ માટીના બનેલા હતા.

જીવનની એક એક ક્ષણને સાવરકર એવી ઉત્કટતાથી જીવ્યા કે મૃત્યુ પડછાયાની જેમ સતત એમની સાથે રહ્યું. મૃત્યુની સાથે જાણે એમને મિત્રતા થઈ ગઈ હતી. એમના જીવનની જેમ જ એમનું આ જગતમાંથી જવું પણ એટલું જ વિલક્ષણ. મારી માતૃભૂમિ હવે સ્વતંત્ર થઈ ગઈ છે અને મેં જીવનમાં જે કંઈ કરવા ધાર્યું હતું તે પાર પડ્યું છે એમ જ્યારે સાવરકરને લાગ્યું ત્યારે એમણે સ્વેચ્છાએ અન્નનો ત્યાગ કર્યો અને ૨૬મી ફેબ્રુઆરી ૧૯૬૬ના દિવસે સવારે ૧૦.૩૦ વાગ્યે, જીવનભર એમની સાથે રહેલા મૃત્યુને વહાલું કર્યું. પોતાના દેહવિલયને એમણે ‘આત્મ-સમર્પણ’ એવું નામ આપ્યું.

એમની અંતિમયાત્રાનું જે વર્ણન મેં વાંચ્યું છે એ પણ એવું જ દિવ્ય. હજારોની મેદનીના મોખરે સોપનદેવ ચૌધરી ‘सागरा प्राण तळमळला’ એ સાવરકરનું ગીત લલકારી રહ્યા હતા. યાત્રા જ્યારે એક ચર્ચ પાસેથી પસાર થઈ ત્યારે પાદરીઓ સળગતી મીણબત્તીઓ સાથે આ વિભૂતિને વિદાય કરવા માટે રસ્તા પર આવ્યા. એ જ રીતે, મસ્જિદ પાસેથી જ્યારે એ યાત્રા પસાર થઈ ત્યારે તમામ મુલ્લા-મૌલવીઓ આ વતન-પરસ્ત નેતાને આખરી સલામ કરવા માટે હાજર હતા. સાવરકર જેવા વિરલ રાષ્ટ્રભક્તને આથી વિશેષ શું જોઈએ?

સાઉથ આફ્રિકાના મહાન સ્વાતંત્ર્યસેનાની નેલ્સન મંડેલા તાજેતરમાં જ મૃત્યુ પામ્યા. આપણા દેશે એમના માનમાં શોક પાળ્યો અને એમને ‘ભારતરત્ન’ના ખિતાબ થી નવાજ્યા, એ બહુ સારું થયું. સાવરકરને ‘ભારતરત્ન’ અર્પણ કરવાનો વિચાર આપણને હજી નથી આવ્યો એ તો કદાચ વધુ સારું થયું છે, કારણ કે આ પહેલાં કેટલાંય લાયકાત વિનાના લોકોને એ ખિતાબ આપીને આપણે એનું અવમૂલ્યન કરી નાખ્યું છે. સરદાર પટેલ એ બાબતમાં સાવરકર જેટલા ભાગ્યશાળી ન હતા.

સ્વાતંત્ર્ય-સંઘર્ષના ભારતના જ નહીં પરંતુ વિશ્વના ઈતિહાસમાં સાવરકર એક દેદીપ્યમાન નક્ષત્રની જેમ શોભાયમાન છે અને આવનારી અનેક પેઢીઓના ક્રાંતિવીરોને એ પ્રેરણા આપતા રહેશે.

*સૌજન્ય : “શબ્દસર”*

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
**Clearing, Forwarding & Shipping Agents**

# પ્રતિ વર્ષ રૂપિયા એક કરોડની દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરતી ડ્રગબેંક

કો-ઓપરેટિવ લૉ ના સિનિયર ઍડવોકેટ શ્રી હર્ષદભાઈ આચાર્યને વર્ષ ૨૦૦૪માં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા. ડૉક્ટરો અને દવાની સાંઠગાંઠ, તે દવાખાનાના રોકાણ દરમિયાન ડૉક્ટરોએ બ્લડસુગર તથા કોલેસ્ટેરોલ પ્રકારે ૩૮ ટેસ્ટ અને રીપીટ ટેસ્ટ કરાવ્યા. અલગ-અલગ ૧૩ પ્રિસ્ક્રિપ્શન થકી રૂા. ૨૭૦૦૦/- ની દવાઓ મંગાવી લીધી.

છાતીમાં દુખાવાની નજીવી ફરિયાદમાં ડૉક્ટરોની જાળમાં ફસાયેલા આચાર્ય કંટાળ્યા અને ૧૮મા દિવસે હોસ્પિટલનું બાકી બીલ ચૂકવી એસ.ટી.ની સાદી બસમાં બેસી ભાવનગર આવતાં રહ્યા.

શારીરિક માંદગીમાં ગરીબ વ્યક્તિની લાચારી, માનવ શરીરની સેવાના નામે વ્યવસાય કરતા ડૉક્ટરો, હોસ્પિટલ જેવા મહાકાય એકમોના નિભાવ માટેની મથામણ નજરે જોતા શ્રી હર્ષદભાઈનું મન વ્યથિત હતું. તેવા સમયે પ્રમુખ સ્વામી મહારાજને મળતાં બાપાએ કહ્યું, ગરીબ માણસો માટે દવાની વ્યવસ્થા ગોઠવો, એ દર્દી-નારાયણનું કામ છે.

વિનાયક કેળવણી મંડળ નામે સ્વૈચ્છિક સંસ્થા બનાવી મોટા અક્ષરે ‘ગરીબો માટે દવા મફત’ તેવું પાટિયું ચિતરાવ્યું અને મિત્રોના સહકારથી ભાવનગર શહેરના મધ્યભાગે દુકાન લીધી. ભગવાનનું કામ હતું તે હિતેશ પંડ્યા નામે અનુભવી ફાર્માસિસ્ટ સાથી મળ્યો. આથી સરકારી નિયમો અનુસાર ડ્રગ લાઈસન્સ મળ્યું અને વર્ષ ૨૦૦૫માં ડ્રગબેંક કાર્યાન્વિત થઈ.

સફેદ લેંઘો, સદરો, પગમાં ગાંધી ચંપલની મર્યાદિત જરૂરિયાતોથી અલગારી જીવન જીવતા વકીલ શ્રી હર્ષદભાઈની સેવાવૃત્તિથી ભાવનગર પરિચિત. આથી ડૉક્ટરો, મેડિકલ સ્ટોરના માલિકો અને આમ નાગરિકો પાસે પડી રહેલ દવાઓ મળતી થઈ. મંદિરો, મસ્જિદો અને જૈન દેરાસર પાસે મૂકેલા ડબ્બામાં પણ લોકો પોતાને બિનઉપયોગી હોય તેવી દવાઓ નાખી જતા. રવિવાર સિવાય આખું વર્ષ સાંજના ૫.૩૦થી ૮.૩૦ સુધી ડ્રગ બેંક ખુલ્લી રહે. દરમિયાન જરૂરિયાતમંદ દર્દીઓ ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન લઈ આવે, વિનામૂલ્યે દવાઓ મેળવી લે.

ભાવનગર જેવા ૭ લાખની વસતિના શહેરમાં મહિને અંદાજિત રૂપિયા પાંચ લાખની દવાઓ દર્દીઓ પાસે પડી રહે છે, તે વિગત મેડિકલ સ્ટોરના માલિકો પાસેથી જાણ્યા પછી તો ડ્રગબેંકના ૮૬ વર્ષના કર્મઠ સેવક કરશનભાઈ, કમલેશભાઈ પંડ્યા અને વિપુલભાઈ બારૈયા જેવા વીસેક સેવાભાવી યુવાનો ગરીબ માણસની સેવા કાજે ડૉક્ટરો પાસે, મેડિકલ રિપ્રેઝન્ટેટિવ, દવાની દુકાનો અને આમ નાગરિકો પાસે ફરી ફરીને દવાઓ એકત્ર કરવા લાગ્યા. તો અન્ય સેવકો, મળેલ દવાઓ પૈકી એક્સપાયરી ડેટની દવાઓ છૂટી પાડે, તો કોઈ ગરીબ દર્દીઓનાં પ્રિસ્ક્રિપ્શન વાંચી નાના-મોટા રોગોની રૂા. ૫૦ - ૧૦૦ થી માંડી બ્લડ કેન્સર જેવા રાજ-રોગ માટેની એક માસ માટેની ૬૦ ગોળીના રૂા. ૧,૬૫,૦૦૦/- ની દવા પણ સેવાર્થે આપે છે.

માનવ શરીરની મોંઘી દવાઓના સમયમાં દરરોજ ૧૨૫ થી ૧૫૦ દર્દીઓને રૂા. ૨૫ થી ૩૦ હજારની દવા વિનામૂલ્યે આપવામાં આવે છે. દુકાન પાસે પાટિયામાં માત્ર બે સૂચના છે : “સેવા બદલ દર્દી નારાયણ પાસેથી કોઈ શુલ્ક કે દાન લેવામાં આવતું નથી. આપેલ દવાઓ ડૉક્ટરને બતાવી ખાતરી કરી લેવી.”

સંસ્થાના પાયાના કાર્યકરો અચ્યુતભાઈ મહેતા (સંપર્ક : ૯૩૭૫૩૧૦૦૧૨) ઓળખાણ-પિછાણ ધરાવતા વેપારીઓ, ઉદ્યોગપતિઓને મળી રોજની રૂા. ૫૦૦૦/- ની દવાઓ દાનમાં મેળવવા પ્રયત્નશીલ રહે છે. તો શ્રી પુનિત આચાર્ય (સંપર્ક નં. ૯૨૨૭૫૦૬૩૦૬) જેવા યુવા કાર્યકરો ઈન્ટરનેટ અને વોટ્સઍપ ઉપર ગરીબ દર્દીઓ માટે જરૂરી દવાઓની અપીલ કરતા રહે છે.

સેવાભાવી નાગરિકો થકી ચાલતી ડ્રગબેંકનો સમય સાંજનો છે પણ સમયથી પહેલાં કે પછી કોઈ દાતાઓ તરફથી મળતી દવાઓ આસપાસના દુકાનદારો સ્વીકારીને ડ્રગબેંકને સોંપી સેવાની જ્યોત પ્રજ્વલિત રાખે છે.

પ્રતિ વર્ષ રૂા. ૯૦ લાખથી એક કરોડની દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરતી ડ્રગબેંક દ્વારા ગરીબોનું હિત તો થાય જ છે પણ બિનજરૂરી રીતે વ્યય થતું બહુમૂલ્ય દ્રવ્ય (મેડિસીન) પણ કચરે જતું અટકે છે.

આમ છતાં બેંકના સેવકોને મનમાં રહે છે કે બાળકોના દર્દની, ચામડીના રોગોની કે આજકાલ વધતા જતા રોગોની દવાઓ પૂરતા પ્રમાણમાં ન મળતાં મહિને રૂા. ૩૦,૦૦૦/- ની દવાઓની ઘટ રહી જાય છે.

ત્રણથી પાંચ હજાર પ્રકારની દવાઓના એકત્રીકરણ અને જાળવણી માટે સંસ્થા પાસે વ્યવસ્થા છે પણ ભાવનગર શહેરમાંથી દવાઓ એકત્ર કરનાર સ્વયંસેવકોની ઘટ છે. ભાવનગર યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય વિષયનો અભ્યાસ કરાવતી કૉલેજો છે પણ પુણ્યનું કામ કરતા વિદ્યાર્થીઓ બહાર આવતા નથી. આથી દેનાર છે, લેનાર છે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૨ ઉપર)**

આરોગ્ય

# આત્મહત્યા (Suicide)

• ડો. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડો. દીપ્તિ શાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક •

તાજેતરમાં એક ટીવી અભિનેત્રીની આત્મહત્યાના પ્રસંગને દરેક મીડિયામાં (ટીવી મીડિયા, પ્રિન્ટ મીડિયા, સોશિયલ મીડિયા) જોરદાર ચર્ચા ચાલી. અપૂરતી માહિતી હોવા છતાં દરેક જણ ન્યાયાધીશ બનીને પોતાનો અભિપ્રાય બેધડક વ્યક્ત કરતાં હતાં. ટીવી અભિનેત્રીની આત્મહત્યા માટે કોઈકને જવાબદાર ગણી દોષિત માની સજા આપવી જોઈએ એવો અભિપ્રાય પણ વ્યક્ત થતો હતો.

- **આત્મહત્યા :**

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization W.H.O.) તરફથી બહાર પાડેલા આત્મહત્યા વિશેના આંકડાઓ નીચે મુજબ છે.

(૧) વિશ્વમાં દર વર્ષે ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) લોકો આત્મહત્યા કરે છે એટલે કે રોજના ૨૫૦૦થી વધુ લોકો આત્મહત્યા કરે છે. દર ૩૫ સેકંડે એક વ્યક્તિ આત્મહત્યાથી મરણ પામે છે. (આ લેખ વાંચવાનું પૂરું થશે ત્યાં સુધીમાં લગભગ વીસેક લોકોએ આત્મહત્યા કરી લીધી હશે.)

(૨) મૃત્યુના પ્રથમ ૨૦ કારણોમાંનું એક કારણ આત્મહત્યાથી થતું મૃત્યુ છે (મોટા ભાગના કિસ્સામાં સમયસરનું નિદાન તથા સારવારથી આ અટકાવી શકાય છે.)

(૩) આનાથી દસ ગણા લોકો આત્મહત્યાનો પ્રયાસ કરે છે (Attempted Suicide). સમયસરની સારવારથી આ વ્યક્તિઓ બચી જાય છે.

- **આત્મહત્યા વિષે અલગ અલગ દૃષ્ટિકોણ :**

**(૧) કાયદાકીય દૃષ્ટિકોણ (Legal Aspect) :**
કાયદાકીય દૃષ્ટિએ આત્મહત્યા કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એ ગુનો છે તથા વ્યક્તિ સજાને પાત્ર છે.

**(૨) ધાર્મિક દૃષ્ટિકોણ (Religious Aspect) :**
ધાર્મિક દૃષ્ટિએ આત્મહત્યા કરવી કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એ એક પાપ છે. એ વ્યક્તિને મરણ બાદ નરકમાં જવું પડશે તથા અન્ય ભવમાં દુઃખી જીવન જીવવું પડશે.

**(૩) સામાજિક દૃષ્ટિકોણ (Social Aspect) :**
સામાજિક દૃષ્ટિએ આત્મહત્યા કરનાર કે આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ તથા એના કુટુંબ તરફ સમાજ નકારાત્મક વલણ અપનાવે છે. કુટુંબીજનો તથા સમાજમાં એ વ્યક્તિની છબી ખરડાઈ જાય છે. એવા કુટુંબમાં દીકરી આપવી હોય તો બે વખત વિચાર કરે છે.

**(૪) વૈદકીય (મનોવૈજ્ઞાનિક) દૃષ્ટિકોણ :**
મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આત્મહત્યાનો વિચાર તથા આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ પોતાના વિચાર તથા પ્રયાસ દ્વારા "મદદ માટેનો પોકાર" ("Cry for help") કરે છે. કુટુંબે તથા સમાજે આ પોકાર સમજવાની જરૂર છે.

અમેરિકા, ઈંગ્લેન્ડ જેવા દેશોમાં આત્મહત્યાના વિચાર/પ્રયાસ કરનારને "મદદ માટેનો પોકાર" તરીકે સમજવામાં આવે છે. આ દેશોમાં આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિની દર્દી તરીકે ગણતરી થાય છે. આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિને ઈમરજન્સી મેડિકલ સારવાર હોસ્પિટલમાં દાખલ કરી આપી દર્દીનો જીવ બચાવવામાં આવે છે. ત્યારબાદ હોસ્પિટલમાં જ મનોચિકિત્સકનો અભિપ્રાય ફરજિયાત (Compulsory) લેવામાં આવે છે. મનોચિકિત્સક નિદાન કરી સારવાર હોસ્પિટલમાં જ શરૂ કરે છે. દર્દી આત્મહત્યા કે મરવાના વિચારોથી મુક્ત થાય બાદ જ હોસ્પિટલમાંથી રજા મળે છે. મરવાના વિચારો/આત્મહત્યાનો પ્રયાસ એ મનની બીમારી છે.

આત્મહત્યાનો પ્રયાસ કરનાર/મરવાના વિચારો આવનાર વ્યક્તિ મનની બીમારીથી પીડાય છે. એને સારવારની જરૂર છે, મદદની જરૂર છે, સહાનુભૂતિ, હૂંફની જરૂર છે. યોગ્ય નિદાન તથા મનોચિકિત્સકની સારવારથી એ વ્યક્તિ પૂર્વવત નોરમલ થઈ શકે છે.

જેવી રીતે તાવ આવવો કે કમળો થવો એ શારીરિક નબળાઈ નથી પરંતુ શારીરિક બીમારી છે તથા સારવાર બાદ વ્યક્તિ નોર્મલ થાય છે.

તેવી જ રીતે મરવાના વિચારો આવવા કે આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિની આ માનસિક નબળાઈ નથી પરંતુ મનની (માનસિક) બીમારી છે. એ વ્યક્તિ એ સમયે આવા નકારાત્મક વિચારો પર કાબૂ મેળવી શકતી નથી. મનોચિકિત્સક પાસે સમયસરનું યોગ્ય નિદાન કરી મનોચિકિત્સકની સારવાર દ્વારા વ્યક્તિને પૂર્વવત સાજો-નરવો કરી શકાય છે તથા પૂર્વવત પ્રમાણે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે પોતાની જવાબદારીઓ નિભાવી શકે છે.

***મોટા ભાગના આત્મહત્યાના કિસ્સા અટકાવી શકાય છે (Preventable)***

## • આત્મહત્યા/મરવાના વિચારોનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ (Analysis of suicidal intent) :

જો વ્યક્તિને વારંવાર વિચારો આવતા હોય કે "જિંદગી જીવવા જેવી નથી", "જિંદગી જીવવામાં રસ નથી", "આના કરતાં મરી જવું વધારે સારું," "મોત જલ્દી આવે", "ભગવાન, તું મને તારી પાસે જલ્દી બોલાવી લે" અથવા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોય તો વિચારો/આત્મહત્યાના પ્રયાસનું નીચે પ્રમાણે ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરવું અગત્યનું છે.

(૧) મરવાના વિચારો કેટલી વખત આવે છે? (Frequency : વારંવાર, હરપળે, કોઈક વખત, જવલ્લેજ.)

(૨) કયા સંજોગોમાં આવા વિચારો આવે છે? (Circumstances) : નવરાશની પળોમાં આવે છે? પ્રવૃત્તિ વખતે આવે છે? વિચારો શરૂ થાય એ પહેલાં કઈ નકારાત્મક લાગણીઓવાળી ઘટના બને છે?

(૩) સબળ વિચારો કે પરોક્ષ વિચારો આવે છે? (Active thoughts or passive thoughts) :

(અ) જિંદગી જીવવામાં રસ ઓછો થઈ ગયો છે, જિંદગી જીવવામાં મજા નથી વગેરે મરવાના પરોક્ષ વિચારો છે.

(બ) મરી જઈએ તો આમાંથી છૂટીએ, ભગવાન તું મને ઉઠાવી લે, આત્મહત્યાની પદ્ધતિ (method) વિશે વિચારો આવવા વગેરે મરવાના સબળ વિચારો છે.

(૪) આત્મહત્યા કરવાની પદ્ધતિ કે રીત વિશેના વિચારો આવે છે? (Methods of attempting suicide) : આત્મહત્યા કરવાની અલગ અલગ પદ્ધતિઓ વિશે વાંચન કર્યું હોય, એના વિષેની માહિતી મેળવી હોય, પદ્ધતિ વિશે ઊંડાણમાં વિચારી લીધું હોય વગેરે.

(૫) મનમાં આત્મહત્યા કરવાનું આયોજન કરી લીધું છે? (Detail planning about attempting suicide) : કઈ રીતે, કયા સમયે, આત્મહત્યા કરવી તથા આત્મહત્યા કરવા બાબત ચિઠ્ઠી લખી હોય (Suicidal note) વગેરે.

ઉપરોક્ત માહિતી વિચારો/આત્મહત્યા વિશે મેળવી મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ તારવણી કરવામાં આવે છે કે વ્યક્તિ આત્મહત્યા કરવા માટે કેટલી કૃતનિશ્ચયી છે (how serious the individual is about attempting suicide). મુદ્દા નં. ૪ અને ૫ હોય તથા મુદ્દા નં. ૩ માં સબળ વિચારો હોય તો વ્યક્તિ કૃતનિશ્ચયી છે. એના માટે તાત્કાલિક સારવાર માટે પગલાં લેવાની અગત્યતા છે (હૉસ્પિટલમાં દાખલ કરી, સતત નિરીક્ષણ હેઠળ સારવારની જરૂર છે.)

## • આત્મહત્યાના વિચારો વિષે ગેરસમજ :

**ગેરસમજ - ૧ :** આત્મહત્યાના વિચારો વ્યક્ત કરનાર વ્યક્તિ આત્મહત્યા નહીં કરે (જે લોકો બોલે છે એ કરતા નથી, ભસ્યા શ્વાન નવ ખાય)

**મનોવૈજ્ઞાનિક સત્ય :** મનોવૈજ્ઞાનિક સંશોધનો દ્વારા નિઃસંકોચ સાબિત થયેલ છે કે આત્મહત્યાનો પ્રયાસ કરનારી મોટાભાગની વ્યક્તિઓ પ્રયાસ કરવાના પંદર દિવસથી એકાદ મહિના પહેલા આત્મહત્યાના વિચારો વ્યક્ત કરતા હોય છે. કુટુંબીજનો કે નજીકના મિત્રો આ ચિહ્નો વિષે ધ્યાન આપતા નથી, દુર્લક્ષ કરે છે. તેઓ એમ માને છે કે "મારો સ્વજન મનથી મજબૂત છે. આત્મહત્યા નહીં કરે, ફક્ત બોલે છે." આ ભ્રમણામાં રહી પછીથી પસ્તાય છે. આવી ભ્રમણાને લીધે જરૂરી પ્રતિબંધક પગલાં (યોગ્ય પૃથ્થકરણ, નિદાન, સારવાર) લેવાતાં નથી.

**ગેરસમજ - ૨ :** લોકોમાં તથા સમાજમાં ગેરસમજ છે કે આત્મહત્યા કે મરવાના વિચારો વિષે વ્યક્તિને પૂછવાથી એ વ્યક્તિને આપણે આત્મહત્યા તરફ ધકેલીએ છીએ.

**મનોવૈજ્ઞાનિક સત્ય :** આત્મહત્યાના વિચારો વિષે સહાનુભૂતિપૂર્વક તટસ્થપણે ચર્ચા કરવાથી એ વ્યક્તિનું મન હળવું થાય છે. આત્મહત્યાના વિચારો તટસ્થપૂર્વક પોતાનો કોઈપણ નકારાત્મક પ્રતિભાવ આપ્યા વગર સાંભળવા જોઈએ. આથી એ વ્યક્તિમાં અપરાધભાવ ઓછો થાય છે. એ વ્યક્તિને લાગે છે કે મને કોઈ સમજી શકે છે જેથી એ વ્યક્તિ ખુલ્લા મને નિખાલસપણે પોતાના સર્વે વિચારોની રજૂઆત કરે છે. આ રજૂઆતને લીધે વિચારો વિષેની ઊંડાણમાં માહિતી મળે છે જે મનની બીમારીના નિદાન માટે અત્યંત જરૂરી છે તથા આત્મહત્યાનાં પ્રતિરોધક પગલાં માટે ખૂબજ ઉપયોગી થાય છે. એ વ્યક્તિને થેરાપિસ્ટ/ડૉક્ટર પર વિશ્વાસ બેસે છે તથા સારવાર માટે સંપૂર્ણ સહકાર આપે છે.

## • સારાંશ :

(૧) આત્મહત્યાનો પ્રયાસ/મરવાના વિચારો આવવા મનની બીમારી છે.

(૨) ડૉક્ટરોએ શારીરિક તપાસ જોડે મનની તપાસ (લાગણી, વિચારો, વર્તણૂક વગેરે) કરવી અગત્યની છે.

(૩) નકારાત્મક વિચારો વ્યક્ત કરનાર દર્દી પાસેથી આત્મહત્યાના વિચારો વિષે અન્ય માહિતી મેળવવી જરૂરી છે.

(૪) યોગ્ય સારવારથી આત્મહત્યાનો પ્રયાસ અટકાવી શકાય છે.

આત્મહત્યાના કિસ્સાઓ તથા સારવાર વિષે હવે પછીના લેખમાં જાણકારી મેળવશું.

*(ક્રમશ...)*

# આયુર્વેદ, એ પાંચમો વેદ મનાય છે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

તંદુરસ્તીને ધનની ઉપમા આપવામાં આવી છે. શરીરમાં જો કોઈ માંદગી પ્રવેશે તો વ્યક્તિનું રાબેતા મુજબ જીવાતું જીવન રફેદફે થઈ જાય છે, ખોરવાઈ જાય છે. શારીરિક વ્યથાઓને નાબૂદ કરવા, રોગ મટાડવા અનેક પદ્ધતિઓ જેવી કે ઍલોપેથિક ઉપચાર પધ્ધતિ, યુનાની, આયુર્વેદિક, હોમિયોપેથિક, સુઝોક સારવાર પધ્ધતિ, એક્યુપ્રેશર, એક્યુપંક્ચર તથા યોગા પદ્ધતિ મુખ્ય છે.

## • મનુષ્ય શરીર - નાનું વિશ્વ :

આયુર્વેદાચાર્યો વર્ણવે છે તે મુજબ, બ્રહ્માંડ અને મનુષ્યના પિંડ શરીર વચ્ચે સામ્ય છે. માટે જ 'પિંડે તે બ્રહ્માંડે' એમ કહેવાય છે. કોઈ પણ વ્યક્તિનું જીવન આત્મતત્ત્વ વિના શક્ય જ નથી. કે જેમાં અસાધારણ શક્તિઓ ધરબાયેલી છે. જેને ચૈતન્ય કે ચેતન શક્તિ કહેવામાં આવે છે. માનવીનો દેહ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ — એમ પંચ મહાભૂતભર્યો છે. ભૌતિક તત્ત્વોના સંતુલનમાંથી દેહધારીને ઊર્જા મળે છે. આ તત્ત્વો વાત, પિત્ત અને કફ કે જેને વૈદ્યો ત્રિદોષ કહે છે. આ ત્રણ તત્ત્વો વચ્ચે સમતુલન ખોરવાય તો તે ખાલીપો કોઈને કોઈ રોગ તરફ દેહને ઢસડી જાય. અર્થાત્ દેહ રોગગ્રસ્ત બની જવા પામે. માનવ શરીરમાં પોષણ અન્ન - જળ દ્વારા મળે છે. જેમાંથી રસ, રક્ત, માંસ, અસ્થિ, મજ્જા અને શુક્ર બને છે. શરીરમાંથી બિનજરૂરી કચરો એટલે પ્રસ્વેદ, પરસેવો, મળ, મૂત્ર, ધાતુ અને મળનું સંકલિત સંતુલન સ્વસ્થતા પ્રેરે છે. જ્યારે આ તત્ત્વોનું અસંતુલન તો વિકાર તરફ લઈ જાય છે. માનવી માંદગીનો ભોગ બને છે.

## • આયુર્વેદ ક્ષેત્રનો વિકાસ :

આયુર્વેદ અને અન્ય આયુષ વ્યવસ્થાઓ માટેની સંવર્ધક નીતિઓ સતત વિકસી રહી છે. જેમાં ખાસ કરીને ઈ.સ. ૧૯૦૩ની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિ, રાષ્ટ્રીય વસતિ નીતિ, ઈ.સ. ૨૦૦૦ રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય નીતિ ૨૦૦૭ ઉલ્લેખનીય કહી શકાય. ઈ.સ. ૧૯૯૫માં કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયની સ્થાપના અભિપ્રેત છે. આયુષ મંત્રાલય આયુર્વેદના અનન્ય અવિરત વિકાસાર્થે સતત કાર્યરત છે.

## • આયુર્વેદનો સમૃધ્ધ વારસો :

અંદાજિત પાંચ હજાર વર્ષ પૂર્વે આયુર્વેદના મૂળિયાં અથર્વવેદમાં રહ્યા છે. વારસાનું મૌખિક સ્વરૂપ એક પેઢીમાંથી બીજી પેઢીને જ્ઞાત થતું ગયું. જેનું દસ્તાવેજીકરણ ઈ.સ. પૂર્વે એક હજારમાં ચરક સંહિતા તથા સુશ્રુત સંહિતા તરીકે ઓળખાય છે. આ સમયે આયુર્વેદ મુખ્ય બે પ્રવાહમાં સ્થાપિત થયેલ. એક ધન્વંતરી પ્રવાહ કે ધન્વંતરી સંપ્રદાય તથા બીજો આત્રેય સંપ્રદાય.

## • આઠ વિષય શાખાઓમાં વર્ગીકૃત :

આયુર્વેદિક ચિકિત્સા પધ્ધતિ આઠ વિભાગમાં વહેંચાયેલી છે. કૌમાર ભ્રૂક્ય, કાય ચિકિત્સા, અગાદ તંત્ર, રસાયણ અને વાજીકરણ, ભૂત ચિકિત્સા, શૂલ્ય તથા શાલક્ય. આ આઠ અષ્ટાંગ આયુર્વેદ તરીકે ઓળખાય છે. ઔષધિઓની મુળભૂત વિભાવનાઓને શાસ્ત્રીય ગ્રંથોની બેત્રયી તથા લઘુત્રયી તરીકે ઓળખવામાં આવે છે. ભાવપ્રકાશ, શાર્ણંગધર સંહિતા, માધવ નિદાન લઘુત્રયીમાં સમાવિષ્ટ છે. બૃહદ્ત્રયીમાં ચરક સંહિતા, સુશ્રુત સંહિતા અભિપ્રેત છે.

## • આયુર્વેદનું શિક્ષણ :

આયુર્વેદનું શિક્ષણ અને તેનો અમલ 'સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ મેડિસીન'ના નિયંત્રણ હેઠળ છે. આયુર્વેદના સ્નાતકો તથા અનુસ્નાતકો માટે શિક્ષણ સ્તર યોગ્ય સ્તરે છે. હાલે દેશમાં આયુર્વેદ શાખામાં ૩,૯૯,૪૦૦ રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર્સ છે. ૧૫,૧૫૩ હોસ્પિટલો, ૨૮૩૮ સરકારી આયુર્વેદિક હોસ્પિટલો છે. પ્રતિવર્ષ આયુર્વેદ ફેકલ્ટીમાં ૧૩,૧૫૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ક્ષમતા ધરાવતી ૨૬૦ ડિગ્રી કૉલેજો છે. વાર્ષિક ૧૦૦ જેટલા પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર્સ છે.

વિદેશથી અત્રે આયુર્વેદનું જ્ઞાન મેળવવા આવતા તમામ વિદ્યાર્થીઓ માટે સ્ટાઈપેન્ડ વ્યવસ્થા, હોસ્ટેલ વ્યવસ્થા ઉપલબ્ધ છે. મેક્સિકો, રશિયા, ઇન્ડોનેશિયા, ત્રિનિદાદ, મોરેશિયસ, મલેશિયા આદિ સ્થળેથી વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે ભારત આવતા જ રહે છે. ૧૧૫ વિદેશી વિદ્યાર્થીઓએ સ્કોલરશિપ મેળવી છે. વિશ્વના અનેક દેશો આજે એવા છે કે જ્યાં આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિને જોઈએ તેટલું પ્રોત્સાહન મળ્યું નથી.

આયુર્વેદિક ઔષધિઓના નિર્માણ ક્ષેત્રે આજે ભારતમાં અનેક ફાર્મસીઓ કાર્યરત છે. જેની ઉત્પાદિત દવાઓ પર "ભારતીય ઔષધ નિયમન તંત્ર" દેખરેખ રાખી રહ્યું છે.

## • ઉપસંહાર :

નાડી વિદ્યા કે નાડી પરીક્ષણ પરથી રોગોની જાણકારી મેળવવાનું એક આગવું કાર્ય આજે દેશમાં વૈદ્યરાજો કરી રહ્યા છે. ગુરુ પાસે અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને સદ્‌ગુરુ "ગુરુગમ" કે ગુરુ પરંપરાગત જ્ઞાન શિષ્યને આપતા રહે છે. જેમાં વિવિધ રોગો પર દર્દીને અપાયેલા ઉપચારોની સફળતા દર્શાવવામાં આવે છે.

*'સહજાનંદ', ૬-એ, લીમડા લેન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

ચિંતન

# સોનાની તોય બેડી

• મનસુખ સલ્લા •

માણસે બેડી પહેરેલી હોય તો એ દેખાય છે. ખબર પડે છે કે તેને બાંધેલો છે. તેણે કાંઈક દોષ કરેલો હશે. પરંતુ શું બેડી કેવળ લોખંડની જ હોય છે? એ તો દેખાય છે અને એમાંથી મુક્ત પણ થવાય છે. પરંતુ બીજી બેડીઓ સૂક્ષ્મ હોય છે. એ દેખાતી નથી, છતાં એનું બંધન તો આપણા હાડમાંસને જ નહિ, આપણા મનુષ્યત્વને પણ ગૌણ બનાવી દે છે, કે વિકૃત બનાવી દે છે. વળી આવા મોટા બંધનની માણસને ખબર પણ પડતી નથી, કારણ કે એની ટેવ પડી ગઈ હોય છે.

મનુષ્ય કોઈ દોષ કરે, એ માટે સજા ભોગવે તે તો સ્થૂળ બાબત થઈ. પરંતુ ટેવો, વલણો અને માન્યતાઓની બેડીમાં બંધાયેલો મનુષ્ય તો એ બેડીને માટે ગૌરવ લેતો થઈ જાય છે. પોતાની મર્યાદાને શણગારીને પોરહાતો હોય છે.

ટેવો સારી હોય, ખરાબ પણ હોય. નાનપણથી જે ટેવો પડી હોય તેમાં વિચારનો આધાર નથી હોતો. ચિત્તને એવી તો ચોંટી જાય છે કે એ ટેવથી જરાક જુદી રીતે જીવવાનું આવે તો આપણે આકુળ વ્યાકુળ થઈ જઈએ છીએ. બીડી પીનારો જાણતો હોય છે કે આ ટેવ સારી નથી, પણ છૂટતી નથી. ભલે એ આરોગ્ય માટે પ્રતિકૂળ હોય. કારણ કે ટેવમાંથી મુક્ત થવાની સંકલ્પશક્તિનો વિકાસ કર્યો નથી. આવી ટેવો ભોજન, ઊંઘ, કાર્ય, ધન સંગ્રહ, કીર્તિ - બધાં માટે હોય છે. પછી તો આપણે ભાગ્યે જ વિચાર કરીએ છીએ. આપણે ટેવવશ વર્તતા હોઈએ છીએ.

એવું જ આપણાં વલણોનું હોય છે. ગમતું હોય એને માટે આંધળો રોગ અને અણગમતું હોય એને માટે તિરસ્કાર, ધિક્કાર, દ્વેષ, ગુસ્સો આપણે ધરાવીએ છીએ. વ્યક્તિ હોય કે પરિસ્થિતિ, આપણા વર્તનનો આધાર આપણાં વલણો હોય છે. આપણે ભાગ્યે જ આપણા વલણોને તટસ્થ બુદ્ધિથી ચકાસીએ છીએ. વલણો એટલાં જોરૂકાં હોય છે કે આપણે વગર વિચાર્યે એના પ્રેર્યા વર્તીએ છીએ.

તો માન્યતાઓનું બંધન તો માણસને ઊંડી ખીણમાં ધકેલી દે તો પણ છૂટતી નથી. માન્યતા સાચી હોય, ખોટી હોય કે અસ્પષ્ટ પણ હોય. એનું સ્વરૂપ સમજવાની દરકાર આપણે કરતા નથી. અમુક ગુરુ ગમ્યા તો તે ગમે તેટલા ભ્રષ્ટ હોય તો પણ પૂજ્યા કરીએ. અમુક જ્ઞાનીઓ માટે તિરસ્કારથી જ વિચારીએ. દલિતોને માટે દૂરતાનો ભાવ રાખવામાં આપણને કાંઈ અજુગતું લાગતું નથી. બહેનો આજે આટઆટલાં ક્ષેત્રોમાં ઉત્તમ કામગીરી બજાવે છે, પ્રતિભા બતાવી રહ્યાં છે તો પણ બહેનો માટે તો હીનભાવ જ ધરાવીએ. સૌના લાભ માટે બનાવેલ નિયમો આપણે સંકોચ વિના તોડીએ છીએ. આપણી જવાબદારીમાં બેદરકાર રહેતાં આપણને સંકોચ થતો નથી. કારણ કે અમુક વિચારસરણી, અમુક પુસ્તક, અમુક પક્ષ કે સંગઠન એક વાર સાચાં લાગ્યા પછી આપણે તેનું અંધાનુકરણ કરતાં રહીએ છીએ. એના સમર્થનમાં જીવવા-મરવાની તૈયારી હોય છે.

આ બધી સોનાની બેડીઓ છે. તેનો આધાર આપણાં ગમતાં કે આપણને વળગેલાં વલણો કે માન્યતાઓ હોય છે. વળી, આ કેવળ વ્યક્તિઓ સુધી જ સીમિત નથી હોતું, આખી નીતિ, આખો દેશ કે આખા ધાર્મિક વર્ગને આપણે આ નજરે જોઈએ - મૂલવીએ છીએ. ત્યાં જ નથી અટકતા, એના ઉપર પૂર્વગ્રહોનાં નવાં નવાં પડ ચડાવતા રહીએ છીએ. પછી ભલે એને કારણે સંઘર્ષથી સર્વનાશ સુધી પહોંચી જઈએ. આ સઘળું સોનાની બેડીરૂપ છે.

હકીકતે, આપણી બુદ્ધિ નિરભ્ર હોવી જોઈએ. જેમ સૂર્ય આડાં વાદળાં (અભ્ર) આવી જાય તો સૂર્ય ઝાંખો દેખાય છે, ક્યારેક ઢંકાઈ જાય છે, એનાં કિરણો આપણા સુધી પહોંચી શકતાં નથી. તેમ બુદ્ધિ આડે દેવ, વલણ અને માન્યતાનાં વાદળો છવાઈ જાય ત્યારે આપણી બુદ્ધિ બિનંગત રીતે, વિવેકપૂર્વક, વ્યાપક સંદર્ભમાં પ્રશ્નો કે પરિસ્થિતિને મૂલવી શકતી નથી. આપણે નાનાં કૂંડાળાંમાં જ બંધાયેલા રહીએ છીએ. એટલે આપણે વ્યક્તિ તરીકે કે રાષ્ટ્ર તરીકે વિકસી શકતા નથી.

આવી બેડીઓ આપણને વામણા, છીછરા, સ્વાર્થી અને સંકુચિત બનાવી દે છે. અને છતાં આપણે એવા ભ્રમમાં રચ્યાપચ્યા રહીએ છીએ કે આપણે ઉત્તમ જીવન જીવી રહ્યા છીએ. એટલે મનુષ્યની સાચી ઉપાસના આ રૂપાળી, ગમતી બેડીઓમાંથી મુક્ત થવું એ છે. નિરભ્ર બુદ્ધિથી સઘળું જોવું - સ્વીકારવું એ છે. આવી મુક્તિ આપણને, ગંગા સતી કહે છે તેમ, વરણ કે વેશ વગરના દેશમાં પ્રવેશ અપાવે છે. ત્યારે આપણું મનુષ્યત્વ સોળે કળાએ ખીલી વિકસી શકે છે.

*સૌજન્ય : "તમન્ના"*

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

લોક સાહિત્ય

# લઈ લ્યો, પાણિયારી ગામ પાછું!

• શિવદાન ગઢવી •

જ્યારે રાણા જાયમલે જાણ્યું કે ગઢિયા તો તરસંગમાના પાદરેથી પાછા વળી ગયા છે એટલે એની બધી બાજી ધૂળમાં મળતાં નવો પેંતરો રચવાના વિચારે ગોથાં ખાવા માંડ્યો. હજુ તો એની રાજગઢી તરસંગમામાં માણસોની ચહલ પહલ હમણાં જ શરૂ થઈ છે. એ નાહી ધોઈ મા અંબાનાં દર્શન કરીને વહેલો આવીને દરબાર ગઢમાં પોતાની બેઠકે આવી ગયો છે. એના કપાળે પૂજારીએ કંકુથી રાજતિલક જેવું તિલક તાણ્યું છે. માથે પાઘડી બાંધી છે. લાંબી બાંયોનું અંગરખું અને ધોતી પરિધાન કરીને તેણે આસન લીધું. કેડ્યે ખોસેલી કટારીને તો રાણો અળગી કરતો નથી. તેમના કુળમાં બ્રાહ્મણોએ શાપ દીધો હતો કે, 'તેમના વંશજો પશ્ચાત મતિયા થશે,' જે રાણા જગતસિંહ સુધી ચાલુ રહેલું. રાણો વિચારે ચડ્યો કે શું હજુયે એ શાપનું ઝરણું સુકાણું નહિ હોય! પાંચ દાયકાની ઉંમરને એ આંબ્યો ન હતો એટલે કેટલાક ઊંચા મનસૂબા મનમાં મોરલાની જેમ ટહુકારા કરી રહ્યા છે. આજે એની બાજીનાં સોગઠાં ઊંધાં પડેલાં હોવાથી કંઈ સૂઝતું નથી.

બસ, એવા ટાણે બાડવા સદુજીએ ગઢમાં પગ મૂકી રાણાને જયમાતાજી કરીને કહ્યું, 'રાણાજી ચારણોની જામીનગીરીથી તમે અજાણ નથી. અમે જમાનત આપીએ ત્યારે સામા માનવીને નખશિખ માપી લઈને કહીએ છીએ કે, 'જો તું બોલેલું નહિ પાળે તો મારે તો પાળવું પડશે. જામીનગીરીમાં ચૂક થશે, કંઈ રમત આદરીશ તો હું મોતની પરવા નહિ કરું, ગળે કટારી નાખી એનું લોહી તારા આંગણે છાંટીશ તો જગદંબા તારું ધનોત પનોત કાઢી નાખશે! તેથી બધી બાજુનો વિચાર કરીને મને વચ્ચે નાખજે. આ બાબતની ગામડાના સામાન્ય માણસોનેય જાણકારી છે અને આપને ન હોય તેવું તો ન બને. જુવાન સદુજીની કોટ્યમાં માળા છે. માથે સાફો ધારણ કરી અંગ માથે અંગરખું તેમજ ધોતી પહેરેલાં છે. 'કવિરાજ, તમે શાની વાત કરો છો'?

'રાજના ધણી આખું નગર એ વાતથી અજાણ નથી કે તમારા એક સમયના વફાદાર મહાવડના ઠાકોર મહેપાને તેમજ રાજધરને તમે હજુ ગઈકાલે મળવાના બહાને બોલાવેલા એ બે 'ગઢિયા' કહેવાતા. તમારી ચાકરીમાં ઘણો સમય રહેલા. તેઓ તમારી રજા લઈને રસ્તામાં ગોઠડા ગામના પાદરે નદી કાંઠે ઊતર્યા, એક ગોવાળ પાસે બકરું માગતાં ગોવાળે ન આપ્યું એટલે જોરાવરીથી એમણે આંચકી લીધું! ગોવાળે તમારા કાને આવી વાત નાખી. સાચ જૂઠનું તો તમે કંઈ પરખ કર્યું નહિ અને તે જ ક્ષણે તમારો ચહેરો ક્રોધથી લાલચોળ બનતાં કહ્યું કે, 'હમણાંથી તે બંને બહુ ફાટ્યા છે! આવવા દો અહીં, પછી તેમની વાત! આ સઘળી હકીકત આ બંને ભાઈઓના કાને આવી સમાચાર આપનારે સંભળાવેલ કે, જો પાછા આવશો તો મોતની તૈયારી કરીને આવજો.' તેઓ છ મહિના સુધી ન આવતાં તમે પેંતરો રચ્યો અને મને ભૂંડો લગાડવાનો ઘાટ ઘડ્યો! લઈ લ્યો પાછું, તમે આપેલું આ પાણિયારી ગામ. તમારા માટે તો મારે ઇડર પરગણાને રામ રામ કરવા પડ્યા.' સદુજી એકધારું બોલી રહ્યો. એના વેણે વેણે સત્ય ટપકતું હતું. રાણો એ બધું જાણતો હતો. તે દી'જો સદુજી અને તેનો પિતા વરજાંગ ન હોત તો? રાણો જાયમલ આગળનું કંઈ વિચારી ના શક્યો.

રાણો જાયમલ, તેના પિતા આશકરણજીનો ત્રીજા નંબરનો કુંવર. તેનો ભાઈ રાણો વાઘ હતો. ઇડરના રાવ કલ્યાણમલની રાણી કે જે ભુજના જાડેજાની કુંવરી વિનયામતી હતી તેના સૌંદર્યની વાત વાઘના કાને આવી. તે બ્રહ્મખંડમાં દર સોમવારે મહાદેવની પૂજા કરવા આવતી હોવાથી વાઘે બ્રાહ્મણનો વેશ ધારણ કર્યો. એને જોતાં એ સૂધ બૂધ ખોઈ બેઠો! જગન્નિયંતાએ કેવુ રૂપ દીધું છે! ગુલાબના પુષ્પો એના ચહેરા સામે ઝાંખાં લાગે. એના એક એક અંગમાં લાવણ્ય ઝરતું હોવાનું વાઘ જોઈ રહ્યો. આ ઘટના વાયરે ઉડીને રાવ કલ્યાણમલના કાને આવતાં 'વાઘ' ને 'બકરી' બનાવવાનું એણે પ્રણ લીધું.

વાઘના ભાઈ જાયમલ સાથે રાવે ભાઈબંધી બાંધી. અમદાવાદમાં એક નાગર બ્રાહ્મણને બાદશાહ સાથે વાંધો પડેલો, તે વટલીને મુસલમાન થયો હતો. 'વેગરણા' નામથી તે ઇડર રાવની ચાકરીમાં આવેલો હતો. તેનું બાહુબળ તેમજ કુનેહ જોઈને રાવે કહ્યું, 'જો તું રાણા વાઘને પકડી લાવે તો તને વડાલી ગામ બક્ષિસ કરું.' એણે રાણા વાઘને સાણસામાં લેવા મિત્રતા શરૂ કરી. એક દિવસ આ જમાદારે, રાણા વાઘને સાબરમતીના આરે મિજબાની માટે સમાચાર દીધા.

સાબરમતીના લાકના આરે રાણાને પુષ્કળ દારૂ પાયો અને વેગરણાના માણસોએ પકડીને વડાલીમાં કેદ કર્યો. એક ખેપિયા દ્વારા રાવને ખબર મોકલ્યા, 'વાઘને મેં કબજે કર્યો છે. એના ભાઈ જાયમલને તમે કેદ કરજો!'

કાસદ હાથમાં ભમરિયો ભાલો, કેડ્યે તલવાર લટકાવી એના લાંબા અંગરખાના ગજવામાં ખલીતો મૂકીને ઇડર રાવના મહેલ પાસે આવી પહોંચ્યો. ઘોડા ઉપરથી ઊતરીને રાજગઢી પાસે આવતાંની સાથે તેણે ત્યાં ચોકી કરતા સાલુભૂત નામના રાજપૂતને કહ્યું 'મારે અબઘડી રાવને હરૂભરૂ મળવું છે, વડાલીથી જમાદારનો ખાનગી સંદેશ લઈને આવ્યો છું.' તેમ જણાવીને કાગળમાં બંધ કરેલ બીડો બતાવ્યો.

'કાગળમાં શું લખ્યું છે?'

'મારાથી તમને એ કહેવાય નહિ,

રાવ ક્યાં છે એ મને કહોને મારા આવ્યાના વાવડ પહોંચાડો.'

'તમે જરા પણ સંકોચ રાખશો નહિ, હું રાવનો અંગત માણસ છું.' સાલુભૂતે વિશ્વાસની મહોર મારી. કાસદને અંગરક્ષક ઉપર શ્રદ્ધા બેઠી તેથી તેને બાજુમાં લઈ ગયો. ચોતરફ દૃષ્ટિ કરીને ખાતરી કરી લીધી કે ત્યાં કોઈ માણસ છે કે નહિ, તેથી ધીમા સ્વરે કહ્યું, 'રાણા વાઘને જમાદારે કેદ કર્યા છે અને બીજુ કંઈક લખ્યું હશે.'

સાલુભૂતના દિમાગમાં જાણે વીજ પ્રકાશ થયો. તેણે કાસદને કહ્યું, 'રાવજી અટાણે પોઢ્યા છે, તું અહીં બેસ, હું જરા ઉપર જઈને જોઈ આવું. જો જાગતા હશે તો તને બોલાવું છું પરંતુ જો તે પોઢ્યા હશે અને તું જરા મોટા સાદે બોલીશ તો તારા ઉપર ક્રોધે ભરાશે એટલે બોલતો નહિ.' એવી સૂચના આપી રાજપૂત ઉપર ગયો. રાવ અને જાયમલ સોગઠે રમતા હોવાથી સાલુભૂતે રાવની પછવાડે ઊભા રહી જાયમલને સાનમાં સમજાવવા મહેનત કરી કે, 'રાવ તમારું ગળું કાપી નાખશે! આ બધું કરવા છતાં રાણાના દિમાગમાં કોઈ દીવો થયો નહિ, છેવટે સાલુભૂતે નીચે જવા ઈશારો કરતાં તે બહાનું કાઢીને હવેલી ઉપરથી નીચે ગયો તે નીચે આવતાં સાલુભૂતે ટૂંકમાં વાત કરી, સાલુભૂત મેડી ઉપર ગયો અને વડાલીના વાવડ દીધા.

એટલી વારમાં તો જાયમલે પોતાના ઘોડે પલાણ કરી ઉત્તર દિશાએ ઘોડાને એવો દોડાવ્યો કે વીસેક ગાઉ છેટે આકોડિયા નામના ગામની ભાગોળે ઘોડો ફાટી પડ્યો! રાણો મૂંઝવણમાં મુકાયો એને ખબર પડી ગઈ હતી કે રાવ હવે તેને છોડશે નહિ. મોત અને જાયમલને ઝાઝું છેટું નથી, રાવ તેની પાછળ હતો.

ગામમાં દોડીને વરજાંગ નામના બાડવા શાખાના ચારણના ઘરમાં ઘૂસી ગયો ને બોલ્યો, 'મને બચાવશો.'

'કારણ શું છે?' તમે કોણ છો? તે તો કહો' તે દી' વરજાંગનો આ જુવાનજોધ દીકરો સદૂજી બોલ્યો, અને આગંતુકની સામે આંખો ફાડીને જોઈ રહ્યો!

રાણાએ કોઈ આવતું નથી તેની ખાતરી કરી સઘળી બીના કહી, ફરીવાર જણાવ્યું, 'રાવનાં માણસો મારી પાછળ છે, માટે તમે મને ઉગારી લ્યો, નહિતર ક્યાંક દૂર પહોંચાડો.'

રાણાની હકીકત સાંભળીને જૈફ વયના ચારણે કહ્યું, 'તમે મારા આશ્રયે આવેલા છો, તેથી મારામાં જીવ હશે ત્યાં લગણ તમને ઊની આંચ આવવા નહિ દઉં, પણ તમે જાણો છો કે આ તો રાવનું પરગણું છે અને એના ગામમાં તમે આવેલા છો, હું મરીશ તોય રાવ તમને છોડશે નહિ.' કંઈક ઉપાય કરો. રાણાએ જાણે આજીજીભર્યાં વેણ ઉચ્ચાર્યા.

'આ સામે દેખાય તે બંને મારી જાતવંત ઘોડીઓ છે તેમાંથી તમને ગમે તે પસંદ કરીને ઝટ ઘોડે પલાણ કરીને ભાગો.' ચારણે ઉપાય બતાવતાં ઘડીનોયે વિલંબ કર્યા વિના જાયમલ કેશર નામની ઘોડી માથે અસવાર થઈને નાઠેલો અને હેમખેમ ખેરાળે (ખેરાળુ) પહોંચી ગયો.

રાવના માણસો માર માર કરતા આકોડિયા ગામે આવ્યા, મરેલો ઘોડો જોયો અને ચારણને ભીંસમાં લીધો. વરજાંગે કહ્યું, 'એ તો મારી ઘોડી જાતે લઈને આંખના પલકારામાં ગયો છે, હું શું કરું?'

રાવનું લશ્કર તરસંગમા ઉપર ત્રાટક્યું, પરંતુ રાણા જાયમલના પડખે તેણે ઠાકોરોને વહારે બોલાવી લેતાં કંઈ વળ્યું નહિ!

રાવ કલ્યાણમલે ચારણ સદૂજીની પોતાના પરગણામાંથી હકાલપટ્ટી કર્યાના વાવડ રાણાના કાને આવતાં રાણે તેને બોલાવી 'પાણિયારી' ગામ બક્ષિસ કરેલું.

એ સદૂજી આજે રાણા સામે વેણ વદી રહ્યો છે. મ્હેપાને રાજઘર પાછા ન આવવાથી રાણાએ માણસ મોકલી રાજની ચાકરીમાં ફરીવાર આવી જવા કહેણ મોકલેલાં.

'અમને રાણાનો વિશ્વાસ આવતો નથી. જો સદૂજી ચારણની જામીનગરીનો ખત મળે તો અમે પાછા આવી જઈએ! બંને ભાઈઓનો રાણા ઉપરનો ભરોસો વાયરો થઈ ગયો હોવાથી તેમણે ચોખ્ખે ચોખ્ખે કહેવરાવ્યું.'

રાણાએ પોતાના કારભારી, સરદારોને એકઠા કરી સદૂજીને અંધારામાં રાખી બાંહેધર આપતો કાગળ લખાવ્યો.

ચારણની બાંહેધરી મળતાં બને ભાઈઓના ઘોડાઓએ તરસંગમાના એક બાગમાં હાવલ્ય દીધી. હજુ તો રવિ કિરણોએ ગામ ઊજળું થયું ના હતું. તેમણે બાગના એક ખૂણામાં ઘોડા બાંધ્યા. દાતણ-પાણી પતાવ્યાં ત્યાં આકસ્મિક રીતે જ સદૂજી દેખાયા.

સદૂજીએ 'જય માતાજી' કરીને કહ્યું, 'તમે રાજધણીને ત્યાં ફરીવાર ચાકરીમાં આવ્યા તે સારું કર્યું, તમારા જેવા વિશ્વાસુ અને જવાંમર્દ રાજપૂતો જ રાજનું રક્ષણ કરી શકશે.' ચારણના શબ્દો સાંભળતાંજ બંને ભાઈઓ ચોંકી ઊઠ્યા ને બોલ્યા, 'દેવી પુત્ર! અમે તો તમારા વિશ્વાસે અને જામીનગીરીનાં કારણે પાછા આવ્યા છીએ. તેમ જણાવીને ખત બતાવ્યો.

સદૂજીનાં રોમરોમ ઊભાં થઈ ગયાં, આમાં કાવતરાની પાકી ગંધ આવી. તેમના ચહેરા ઉપરની રેખાઓ બદલાણી અને સ્પષ્ટ કહ્યું, 'આ અંગે મને કોઈએ કંઈ પૂછ્યું નથી, એટલું જ નહિ હું કંઈ જાણતો જ નથી, તમારે જેમ કરવું હોય તેમ કરો.'

બંને ભાઈઓ સામે જામીનગીરીનો ભાંડો ફૂટી ગયો! તેથી બંનેએ અંદર અંદર ઝઘડાની યુક્તિ રચી. લોકો જુએ અને જાણે તેવું તરકટ કરી એકની પાછળ બીજો ભાગી ગયો.

સદૂજીએ, પ્રારંભનો વાર્તાલાપ રાણા જાયમલ સામે આગળ ચલાવ્યો. આપે મને પૂછ્યા વિના મારી જૂઠી બાંહેધરી લખાવી, તેમ ઘણું સારું કર્યું! ઠાકોર એક તો તમારા કારણે મારે ઇડર પરગણું છોડવું પડ્યું. હવે મારી આબરૂના તમે ધજાગરા ઉડાડવા મારા નામે કાવતરું રચ્યું! તમને શરમેય ન આવી? મારે નથી જોઈતું આપનું ગામ લઈ લ્યો એ પાછું! એમ બોલીને દરબારગઢ છોડ્યો. રાજઘર અને મ્હેપાને આવી જાણ થતાં બંને ભાઈઓએ સદૂજીને તેમના પરગણામાં ગામ બક્ષિસ કરવા જાહેર કર્યું.

આ વાત જાયમલના કાને આવતાં રાજવીએ પસ્તાવો કરીને એ ચારણને પાણિયારીમાં જ રાખ્યા. એની હવામાં ફરીવાર વિશ્વાસનો વાયરો ફૂંકાયો. ■

નવલકથા અંશ

# ધર્મરાજ

• કેશુભાઈ દેસાઈ •

ધર્મરાજનું સ્મરણ રોમાંચ કરતાં વિશેષ શાતાપ્રેરક હતું. સૂર્યદેવની જેમ એમણે કુંતીને ભોંઠપ અનુભવવી પડે એવી સ્થિતિમાં નહોતી મૂકી. એમણે કુંતીને યુધિષ્ઠિર જેવો ઔરસ કુમાર ભેટ ધરીને હંમેશને માટે ઉપકૃત કરી દીધી હતી.

એ જ ધર્મરાજે આવી વસમી વેળાએ પોતાને આશ્રય આપ્યો હતો. વિદુર સ્વરૂપે પોતાના જ પુત્રના પિતાને નિહાળતાં કુંતી ક્ષણ-બે ક્ષણ વિચલિત થઈ હતી.

વિદુરના નિવાસે આશ્રય લેતાં ક્ષોભ અનુભવી રહેલી પાંડુની રાણી અને રાજપુત્રોની માતાના સંશયનું સમાધાન કરવા સ્મરણ કરતાંની સાથે વ્યાસ ઉપસ્થિત થયા હતા. 'આ વિદુરને સાચી રીતે સમજશો તો એમની સાથે જીવ્યાનું - એમનાં સમકાલીન હોવાનું તમને ગૌરવ થશે.' ભગવાન વેદવ્યાસે કુંતીના ક્ષોભનું નિવારણ કરતાં કહ્યું હતું, 'ભદ્રે, વિદુર તમે બધાં માની બેઠાં છો એવો કોઈ શૂદ્ર દાસીપુત્ર નથી. મૂળે એ ધર્મનો અવતાર છે અને આ સૃષ્ટિમાં એના અવતરણનું નિમિત્ત સ્વયં હું છું - એ મારો પૂર્ણપુત્ર છે. ધૃતરાષ્ટ્ર અને પાંડુ પણ મારા જ આત્મજ છે પણ એમને હું પૂર્ણપુત્રનો દરજ્જો ન આપી શકું. વિદુરની માતાએ મારી પ્રખરતા ઉલ્લાસપૂર્વક ઝીલીને મારા નિયોગ કર્મને સાર્થકતા બક્ષી હતી. એ દાસી હતી એથી પ્રસ્થાપિત વ્યવસ્થા મુજબ એની કૂખે અવતરેલા બાળકને શૂદ્રનો સિક્કો લાગી ગયો. આમ જુઓ તો આ હળાહળ અન્યાય છે. હું પોતે પણ મત્સ્યગંધાની કૂખે પાંગરેલો જીવ છું. ધીવરકન્યાની કૂખે જન્મેલા બાળકને એના ઋષિ પિતાના કુળનો ગણી બ્રાહ્મણ માની લેવાયો હોય તો દાસીના પેટે પ્રગટેલા એ જ ઋષિપુત્રના પુત્રને શૂદ્ર ગણવામાં કયો તર્ક છે? એ પણ બ્રાહ્મણ જ ગણાવો જોઈતો હતો. પરંતુ રાજવંશમાં રાણીની કૂખ ઊજળી અને દાસીની મેલી. એટલે જે સૌથી વધારે લાયક હતો એને હાંસિયે હડસેલી દેવાયો.'

કુંતી મહર્ષિના પૃથક્કરણથી પ્રભાવિત થયાં હતાં. 'પણ આપ તો પાછા એમને ધર્મના અવતાર તરીકે ઓળખાવી રહ્યા છો.' કુંતીનું કુતૂહલ શાંત પડવાનું નામ નહોતું લેતું. 'એ ધર્મના અવતાર કઈ રીતે છે?' પ્રશ્ન પૂછતાં પૂછતાં એમને એ યૌવનની પળો સાંભરી આવી હતી જ્યારે હાજરાહજૂર ધર્મરાજ એક સંતાનોત્સુક યુવતીના આહ્વાન પર એમનાં બધાં કામ પડતાં મૂકીને દોડી આવ્યા હતા. કુંતીના અંગેઅંગમાં ઝણઝણાટી પ્રસરી ગઈ હતી. એ સુખદ ક્ષણો સંપડાવનાર ધર્મરાજને એક દાસીના પેટે અવતાર લેવો પડ્યો!

પણ વ્યાસ ખોટું થોડું જ બોલે? એ તો શબ્દના સ્વામી છે. એમની જીભે ચડીને શબ્દ બ્રહ્મત્વ પામે છે. ભગવાન છે પોતે જ. એક ભગવાન કૃષ્ણ, બીજા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ. બલકે કૃષ્ણને પણ 'ભગવાન' હોવાનું પ્રમાણપત્ર આ બીજા કૃષ્ણ પાસેથી મેળવવું પડ્યું છે. સાર્ધ શતાબ્દી ઊજવી ચૂકેલા પરમ પ્રતાપી, અખંડ બ્રહ્મચારી ભીષ્મને એ સમ્માન નથી મળી શક્યું.

'તમારે ક્ષુબ્ધ થવાની આવશ્યકતા નથી કુંતી. તમે સૌથી પવિત્ર, સૌથી ઉદાત્ત, સૌથી નીતિમાન સ્વજનના ઘરે જીવનનો કપરો સમયગાળો પસાર કરી દો એ જ ઉચિત છે. એક વાત શિલાલેખના અક્ષરો જેટલી સ્પષ્ટ છે : સૂર્ય ઊગવાનો છે. પરંતુ એના ઉદય પૂર્વે નિબિડ અંધકારભરી રાત્રી જરા નિરાંતે ખેંચી શકો એ મુદ્દો દૃષ્ટિ સમક્ષ રાખી તમને આ વ્યવસ્થા સ્વીકારવા વિનંતી કરાઈ હતી. એમ ન માનશો કે તમારું સુખ વનવાસ પામ્યા પછી સદાકાળ વનમાં જ શમી જવાનું છે. આ બધો વૈભવ વિધાતાએ ગણતરીપૂર્વક વહેંચેલો છે. એની વહીમાં નામજોગ તિથિ, પળ-વિપળનો હિસાબ આગોતરો મંડાઈ ગયેલો હોય. હું ઋષિ એટલે મને એ વંચાય. પણ વિધિના વિધાનથી તો ઋષિ પણ બંધાયેલો હોય એટલે એ ગોપનીય નિર્ણયના ઢોલ ન પીટે. એક વાત નક્કી માનજો કે આજે વનમાં છે તે કાલે રાજભવનમાં હશે અને એમનો એકડો કાઢી નાખવાના કારસા કરનારા રણમાં રગદોળાશે.' ક્યારેક વનવાસીઓ રાજભવન ભોગવશે એવી ભવિષ્યવાણીથી કુંતીના હૈયે શાતા વળી હતી. આ તો ભીંત પાછળનું ભાળનારા સમર્થ દૃષ્ટા. એમણે મહેલમાં વસનારાઓ રણમાં રોળાશે એવી હૈયાધારણ બંધાવી એથી કુંતીના ચિત્તમાં ફરી એક વાર રાધેય સળવળ્યો હતો. શું એની નિયતિમાં ફેરફાર ન થઈ શકે? ભગવાન વેદવ્યાસ પોતે એને સત્ય સમજાવે તો પણ એ કૌરવોનો પક્ષ ન છોડે?

કુંતી પૂછું પૂછું થઈ રહ્યાં હતાં. વ્યાસને ઉચ્ચરિત પ્રશ્ન સાંભળવાની આવશ્યકતા નહોતી. એ દુખિયારી જનેતાનું ચિત્ત વાંચી શકતા હતા. ચહેરા પર મ્લાન મલકાટ લાવી એમણે કુંતીને આશ્વસ્ત કરવાની કોશિશ કરી હતી. 'પુત્રી, ખોટો ઉચાટ રાખી જીવ બાળશો નહીં. જેનો વિચાર કરીને વ્યગ્રતા અનુભવી રહ્યાં છો એ તો પરમ દિવ્યતાનો અધિકારી થવા સરજાયો છે. એનાં તેજ શતાબ્દીઓ નહીં, સહસ્રાબ્દીઓ પર્યંત અમર તપવાનાં છે. સમય મને અને તમને વિસારી મૂકે તે બનવાજોગ; એનો તો કાળ પણ વાળ વાંકો નહીં કરી શકે. મૃત્યુ તો ભગવાન કૃષ્ણનેય છોડવાનું નથી પરંતુ બે મહાત્માઓનાં મંગલમૃત્યુ ઈતિહાસ બની જશે. તમે

પૂછશો એ બે મહાત્મા ક્યા? તો પ્રશ્ન કરો એ પહેલાં જ ઉત્તર આપી દઉં : એકનું સાંસારિક નામ રાધેય છે ને બીજાનું વિદુર. રાધેયને હણવાની ક્ષમતા કોઈ સમકાલીન યોદ્ધામાં નથી. ભીષ્મ પણ એને નહીં હરાવી શકે. પરંતુ મેં પાંડવોના પુનઃસ્થાપનનો દૃઢ સંકલ્પ કર્યો છે. એમાં સૌથી મોટી અડચણ બનીને ઊભો છે સૂતપુત્ર કર્ણ....'

સૂતપુત્ર? ભગવાન, તમે પણ એને સૂતપુત્ર માની બેઠા છો? કુંતીના કાળજે કળેળાટી બોલી ગઈ. શબ્દો હોઠની પાળ ઓળંગી ન શક્યા અને એક હળવું ડૂસકું બની વેરાઈ ગયા.

વેદવ્યાસ તો સર્વજ્ઞ હતા. એ કુંતીને ક્ષોભજનક સ્થિતિમાં મૂકવા નહોતા માગતા. એથી એમણે ઘડીક ખોંખારો ખાવાના બહાને આડું જોઈ લીધું. કુંતી સ્વસ્થ થયાં ત્યારે એમણે અધૂરી કથાનો તંતુ પકડ્યો. 'એ સાધારણ યોદ્ધો નથી, એ સૂર્યવંશી છે કુંતી...પણ પ્રારબ્ધવશ આ અવતાર એને સૂતગૃહે વ્યતીત કરવો પડે છે. તમે એવા કાલજયી પુરુષનાં સમકાલીન છો, એનું તમને ગૌરવ હોવું જોઈએ. એને શત્રુભાવથી નહીં, પુત્રભાવથી જુઓ. સૌ સારાં વાનાં થશે. એક સમય એવો આવશે કે એ તમારાં ચરણ પખાળશે. દુર્યોધને એને રાજાપદે સ્થાપી ઉપકૃત કર્યો છે. કર્ણ જેવો કૃતજ્ઞ માનવી પૃથ્વીપટ પર દીવો લઈને શોધવા નીકળો તોય જડે કે કેમ તે પ્રશ્ન છે.'

રાધેયની પ્રશસ્તિ કરીને મહર્ષિ શું સૂચવવા માગતા હશે? કુંતી નખશિખ રણઝણી રહ્યાં. ધારે તો આ મહાપ્રતાપી મુનિવર શું ન કરી શકે? સીધો કર્ણને દુર્યોધનના પડખામાંથી ઉખાડી યુધિષ્ઠિરના જયેષ્ઠ ભ્રાતા તરીકે સ્થાપી શકે. આ જગતમાં વ્યાસનો શબ્દ ઉથાપવાનું સાહસ તો સ્વયં પિતામહ ભીષ્મ કે વાસુદેવ કૃષ્ણ પણ ન કરી શકે, ત્યાં ગરીબડા મારા કર્ણની શી વિસાત? પરંતુ મહામુનિ પ્રારબ્ધના માર્ગમાં પથરો નાખવા તૈયાર જ ન થાય. એમણે સંકેતમાં જ જય પરાજયની કેટલીક વાતો જણાવી દીધી એનો અર્થ કે યુદ્ધ અનિવાર્યપણે થશે, થશે અને થશે જ. વનવાસ જવા નીકળેલા મારા પાંચેય લાડકા પુત્રો લોહીઝરતી આંખે નીકળ્યા હતા. પુરોહિત તરીકે ધૌમ્ય ઉચ્ચ સ્વરે સામમંત્રો ઉચ્ચારતા બધાને દોરી રહ્યા હતા. શું એ વીર પુરુષો એમનો અધિકાર જતો કરવાના છે? વનવાસ વેઠશે ત્યારે વૈરજ્વાલા વિશેષ પ્રજ્વલિત થશે, એને સતત સંકોરતી રહેશે પેલી યાજ્ઞસેની, ભગવાન વેદવ્યાસનું વચન પણ નિરસ્ત કરે એવી માનુની. એ આગ છે જે કુરુવંશને ભરખીને જંપશે. એને કુંતીપુત્રો પર સૂગ ઊપજી છે. એ બધાને ભરી સભામાં એણે નિર્વીર્ય, બાયલા કહી ભાંડ્યા હતા. એનો પુણ્યપ્રકોપ અનુચિત પણ નહોતો. કૃષ્ણ સિવાય આ કૃષ્ણા કોઈને ગાંઠે એમ નથી. બલકે કૃષ્ણને પણ એ એની શરતે જ ગાંઠે. ખરી વાત તો એ છે કે કૃષ્ણ ઊલટાના એને અનુકૂળ થવામાં જ શ્રેય માનશે. રાધેય અને અર્જુનને ભેગા બેઠેલા સહી જ ન શકે એમની સખી.

કુંતીના હૈયામાં સમરાંગણ આકાર લઈ રહ્યું હતું. એ ઉદ્વેગ વિદુર અને પારશવીનાં સૌમ્ય મુખમંડળ જોતાં જ શમી જતો. વિદુર વિશે ભગવાન વેદવ્યાસે કહેલું વૃત્તાંત યાદ આવી જતું. વિદુર કોઈ સાધારણ મનુષ્ય નથી કુંતી, એ તો છે ધર્મનો અવતાર. તમે પૂછશો, એવી તે શી જરૂર પડી કે ધર્મને વિદુર વેશે, શૂદ્રયોનિમાં અવતરવું પડ્યું? પ્રશ્ન થાય, સ્વાભાવિક છે. વિદુર આમ જુઓ તો તમારા દિયર છે અને પ્રસ્થાપિત વ્યવસ્થા અનુસાર સેવક. કુંતીને ત્યારે પાંડુની સંમતિથી પુત્રપ્રાપ્તિ માટે ધર્મનું આહ્વાન કરેલું તે ઘટના તાદશ થઈ ગઈ હતી. તો શું આ વિદુર જ મારા યુધિષ્ઠિરના મંત્ર પિતા છે? એ મૂંઝારો અનુભવવા લાગેલી. વ્યાસે એની આંતરવ્યથા વાંચી લીધી હતી.

'બધી ઘટનાઓને લૌકિક અને તાર્કિક સંદર્ભો સાથે જોડવા જશો તો કશું નહીં સમજાય. ઊલટાનો ઉચાટ જ વધશે. બુદ્ધિની વાંદરી કૂદાકૂદ કરતી રહેશે ત્યાં સુધી પરમ ચેતના નેપથ્યમાં જ છુપાયેલી રહેશે. પછી તમે કૃષ્ણને વસુદેવના પુત્ર તરીકે જ જોતાં રહેશો. એ પરમાત્મા છે એવું સ્વીકારી જ નહીં શકો. પણ મારી વાણીમાં વિશ્વાસ હોય તો ફરી એક વાર ભાર દઈને કહીશ કે કૃષ્ણ પોતે પરમાત્મા છે, આ પૃથ્વી પર માનવરૂપે હરેફરે છે એ એમનું લીલામય સ્વરૂપ છે. જો એમ ન હોત તો સર્વ શાસ્ત્રોનો જ્ઞાતા, ભૂત-ભવિષ્ય અને વર્તમાનને નરી નજરે જોઈ શકનાર આ સત્યવતીનો જાયો વયમાં નાના વાસુદેવને નમે ખરો? જેમ કૃષ્ણ પ્રગટ પરમાત્મા છે તેમ આ વિદુર ધર્મનો શૂદ્રાવતાર છે. કર્મનો બંધ તો ધર્મને પણ છોડતો નથી.'

એ પછી એમણે વિદુરની રોમાંચક જન્મકથા કહી હતી. કુંતી નાની બાળકીની ઉત્સુકતા સાથે એ સાંભળતાં રહ્યાં હતાં. મહર્ષિના શબ્દમાં ઘટનાને તાદશ કરવાનું સામર્થ્ય હતું. કુંતીની કુતૂહલસભર આંખોએ જોયું :

એક ઋષિ ધગધગતા અંગારા જેવો પ્રશ્ન ફેંકી રહ્યા છે, સર્વ જીવાત્માઓનાં સારાંનરસાં કર્મોનાં લેખાંજોખાં કરી એમનો ન્યાય કરવા બેઠેલા ધર્મરાજ તરફ!

'તમે ન્યાયનાં ત્રાજવાં માંડીને બેઠા છો. ત્રિલોકમાં તમારી મસમોટી પ્રતિષ્ઠા છે. પણ મારા જેવા તાપસનો ન્યાય તોળવામાં તમે થાપ ખાઈ ગયા યમરાજ. મેં એવું તે કયું પાપ કર્યું હતું કે મને જીવનભર શૂળીની અણી દેહમાં ખૂંપેલી રાખી પળેપળ મરણતોલ પીડા સહન કરવાની આકરી સજા કરવી પડી? ધર્મરાજ ઋષિનો પુણ્યપ્રકોપ પામી ગયા છે. તપસ્વી છે, સભાનપણે તો કોઈ જ પાપ નથી કર્યું એ પણ સાચું.

અને છતાં એને કેવી ક્રૂર સજા ભોગવવી પડી હતી! 'તમે ચોરી નહોતી કરી તે હું જાણું છું.' ધર્મરાજના સ્વરમાં કરુણા ભળે છે. 'તમે તો વૃક્ષના મૂળ પાસે બેસી હાથ ઊંચા કરી મૌનવ્રતપૂર્વક તપસ્યા કરી રહ્યા હતા. ચોરલૂંટારાઓ રાજધન ચોરીને નાસતા ફરતા હતા. રાજ્યરક્ષકો

એમનો પીછો કરી રહ્યા હતા. એમનાથી બચવા એમણે ચોરીનો માલ તમારા આશ્રમમાં સંતાડી દીધો. રક્ષકો એમનું પગેરું સૂંઘતા તમારા આશ્રમે પહોંચ્યા. તમને તો એમના આગમનનો ઉદ્દેશ ન જ સમજાયો હોય પરંતુ એમના માટે તો ચોરીનો માલ કબજે લઈ ચોરોને પકડવા, એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. તમને 'અહીં કોઈ ચોરલૂંટારા આવ્યા હતા?' એવું વારંવાર પૂછ્યુંય ખરું પણ તમે મૌન રહ્યા, એટલે એમને શંકા ગઈ. એમણે તમારા આશ્રમની ઝડતી લીધી અને આશ્રમમાં છુપાયેલો માલ કબજે લઈ લીધો. ચોર પણ આશ્રમમાં જ સંતાયા હતા. એ પણ ઝડપાઈ ગયા. તમે અજાણતાં જ ચોરીનો માલ છુપાવવામાં અને ચોરલૂંટારાઓને આશ્રય આપવામાં સહયોગી હોવાની છાપ ઊભી કરી. બોલો, સાચી વાત?' 'તમારું નિરીક્ષણ શતપ્રતિશત સત્ય છે. રાજા પાસે મને પકડીને રજૂ કરાયો હતો, પેલા ચોરલૂંટારાઓની સાથે જ. રાજાએ આખી ઘટનાનું વિવરણ સાંભળી 'આ બધાને શૂળીએ ચડાવી દો' એવો આદેશ કર્યો. 'ઋષિ ચોરોનો સરદાર લાગે છે, એને પણ શૂળીએ ચડાવો' કહી રાજાએ મૃત્યુદંડ ફરમાવી દીધો. મને મૃત્યુનો ભય નહોતો. શૂળી પર ઘણા દિવસો સુધી ટીંગાયેલો રહ્યો, અન્નજળ લીધા વિના પણ આ માણસ જીવી રહ્યો છે તે કયા બળથી? રાજાને પુરોહિતોએ સલાહ આપી હશે કે આ તો નિર્દોષ તપસ્વી છે એને ખોટી સજા થઈ ગઈ છે. એટલે એક દિવસ રાજા સામે પગલે મારી પાસે આવ્યો. એણે હાથ જોડીને ક્ષમા માગી. એણે મને શૂળી પરથી ઉતરાવ્યો અને મારા પેટમાં ઘૂસી ગયેલું શૂળીનું ફણું બહાર કાઢવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ એવું તો સજ્જડ રીતે ચોંટી ગયું હતું કે લાખ પ્રયત્નો છતાં નીકળ્યું જ નહીં. કંટાળીને શૂળી એના મૂળમાંથી કાપી અણી મારા શરીરમાં જ રહી ગઈ. એવી સ્થિતિમાં પણ મારી ઉગ્ર તપસ્યા ચાલુ રાખી હું દુર્લભ સદ્ગતિ પામ્યો છું... મને એ તો સમજાવો કે આટલી ક્રૂર સજા મને કયા ગુનાસર મળી?'

પેટમાં શૂળીની અણી સાથે જીવતા તપસ્વીની જિજ્ઞાસાનો પ્રત્યુત્તર વાળતાં ધર્મરાજે કહ્યું : ઋષિ અણિમાંડવ્ય, તમારી તિતિક્ષાને ધન્યવાદ ઘટે છે. તમે ઉગ્ર થઈ પૂછી રહ્યા છો કે તમને આવું ફળ કયા કર્મનું મળ્યું, તો સાંભળો : તમે બાલ્યાવસ્થામાં એક પતંગિયાની પૂંછડીમાં સળી ખોસી દીધી હતી. તમારું એ કર્મ પડ્યું પડ્યું પાક્યું અને એનું આકરું ફળ તમારે ભોગવવું પડ્યું...

માંડવ્યનો ક્રોધ ભભૂકી ઊઠે છે. 'ધર્મરાજ, એમ ના માનશો કે ન્યાયદેવતા છો એટલે તમને મન ફાવે એવા દંડ દેવાનો અધિકાર મળી ગયો છે. હું તપસ્વી મનુષ્ય છું. મને મારી બાળ બુદ્ધિમાં થઈ ગયેલા અલ્પ અપરાધની આવડી મોટી સજા કરીને તમે પોતે જ અપરાધ કરી બેઠા. બાળક થોડું શાસ્ત્રસંહિતા જાણતું હોય છે? એ અપરાધ કુતૂહલવશ, બાલસહજ પરપીડનવૃત્તિથી થયો ગણાય. એની આવડી મોટી સજા? જાવ, તમને હું શાપ આપું છું : અહીં ભલે ન્યાયદેવતા છો પણ પૃથ્વી પર તમારે શૂદ્રયોનિમાં જન્મવું પડશે...

એ દૃશ્ય જાણે દૃષ્ટિ સામે જ ભજવાઈ ગયું. વ્યાસ અંતર્ધાન થઈ ગયા પછી પણ એ સતત પુનરાવૃત્ત થતું રહ્યું. કુંતીને વિદુરની દયા આવી ગઈ.

*(આગામી મહિનાઓમાં પ્રકાશિત થનાર 'શૂદ્રાવતાર' નવલકથાનું રસપ્રદ પ્રકરણ)*

## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

**(અનુસંધાન : પાના નં.-૭૪ ઉપરથી ચાલુ)**

સંપત્તિ અને (૭) સેવા વિનાની પૂજા.

આ સાત પાપ દરેક દેશના આયોજકો અને અમલકર્તાઓ માટે દીવાદાંડી સમાન છે. ભારતે સમજવાની જરૂર છે કે જ્યાં સુધી મૂલ્ય-આધારિત સમાજનું નિર્માણ કરવાની દિશામાં હરણફાળ નહીં ભરે, ત્યાં સુધી તેનું સમગ્ર વિશ્વનું આધ્યાત્મિક નેતૃત્વ કરવાનું સ્વપ્ન પૂર્ણ નહીં થાય.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ગાંધીજીના સિદ્ધાંતો આધારિત ઘડાવી જોઈએ. દરેક વ્યક્તિ, દરેક વ્યવસાયિક, દરેક માતા-પિતા ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકવા પોતાની ભૂમિકા સમજે તે દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે વ્યક્તિએ પોતે પણ બદલાવું પડશે. સમુદાયે દેશની ચિંતા પોતાના વ્યક્તિગત જીવન જેટલી કરવી પડશે. વ્યક્તિને એવું વિચારવા પ્રેરિત કરીએ કે મેં આજે બીજા લોકો માટે શું કર્યું, મેં આજે મારા સમુદાય અને મારા દેશ માટે શું કર્યું અને આજે મેં કઈ ભૂલો કરી છે. આ રીતે જ વ્યક્તિગત સુધારો થશે અને નાગરિકોમાં નેતૃત્વના ગુણો ખીલશે. ઘર, શાળા અને વ્યવસાય કે નોકરીની જગ્યાએ રચનાત્મક અર્થસભર વાતાવરણ ઊભું કરવાનું કાર્ય શિક્ષણનું છે, ને ગાંધીજીના આદર્શો અને કાર્યો ભારતીયોને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

આજે મીડિયા, ઈન્ટરનેટ અને પ્રચાર માધ્યમોના લીધે વિશ્વમાં બનતી તમામ ઘટનાઓથી વ્યક્તિ માહિતગાર બનતો જાય છે. વિશ્વ સાથે શિક્ષિત વ્યક્તિ તાદાત્મ્યતા ધરાવતો થયો છે, ટેકનોલોજીના કારણે વિદ્યાર્થી વિશ્વ નાગરિક બનતો જાય છે, જેથી શિક્ષણમાં વિદ્યાર્થી વૈશ્વિક રીતે જવાબદાર નાગરિક બની શકે અને તેમનું સંપૂર્ણ વ્યક્તિત્વ ખીલે તેવા પ્રકારના શિક્ષણનો સમાવેશ જરૂરી છે. હવે વિદ્યાર્થીને મોબાઈલ, ઈન્ટરનેટ કે અંગ્રેજી ભાષાથી દૂર રાખી શકાશે નહિ. આ બધાં સાધનો વિદ્યાર્થીઓને જ્ઞાન પ્રાપ્તિ માટે અનિવાર્ય બની ચૂક્યાં છે તેમ છતાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં પ્રાથમિક કક્ષાએ શિક્ષણના માધ્યમની ભાષા માતૃભાષા જ રહેવી જોઈએ. વિશ્વના તમામ દેશોમાં બાળકોને માતૃભાષામાં જ શિક્ષણ અપાય છે. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઘડતાં આપણે માતૃભાષાને સ્થાન નહિ આપીએ તો દેશની પાયાની સંસ્કૃતિથી બાળકોને અલિપ્ત રાખીશું ને લાંબાગાળે તેનું પરિણામ ખતરનાક સાબિત થશે.

***સૌજન્ય : "સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત"***

શિક્ષણ ચિંતન

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ

• ડૉ. મફતલાલ પટેલ •

આજે પ્રાથમિકથી માંડીને યુનિવર્સિટી કક્ષાના શિક્ષણ સામે સૌનો અસંતોષ જોવા મળે છે. આ દેશના કેળવણીકારો, સમાજશાસ્ત્રીઓ, રાજકારણીઓ તેમજ સામાન્ય લોકોએ પણ શિક્ષણમાં સુધારા કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે. સુધારો કેવી રીતે કરવો, ક્યાંથી કરવો તેની દિશાઓ કે માર્ગ સ્પષ્ટ થઈ શક્યા નથી. દેશ આઝાદ થયો ત્યારથી જ આ વિવાદ ચાલી રહ્યો છે. લૉર્ડ મેકોલેએ ઘડેલી શિક્ષણપ્રથાનું માળખું હજી પણ આપણે બદલી શક્યા નથી.

ભારતીય સમાજ આ તબક્કે ઘણા પડકારોનો સામનો કરી રહ્યો છે. ભારતીય નેતાઓ તથા સંતો હંમેશાં સત્ય, જ્ઞાન, માનવતા, હિંમત, અડગતા, વિશ્વબંધુત્વ તથા પ્રેમનાં મૂલ્યોની પડખે રહ્યા છે પણ આ મૂલ્યોનું આચરણ ચરિતાર્થ બને તેવી સમાજમાં વ્યવસ્થા કેવી રીતે ઊભી કરી શકીએ? ગરીબી અને બેકારી કેવી રીતે નાબૂદ થઈ શકે? પર્યાવરણ, આતંકવાદ, ભ્રષ્ટાચાર, રાષ્ટ્રીય ભાવનાનો અભાવ વગેરે જેવા પ્રશ્નો આપણને મૂંઝવી રહ્યા છે. શિક્ષિત વ્યક્તિ પાસે આજે નૈતિકતાના ગુણો ઓછા જોવા મળે છે. વ્યક્તિવાદ વધતો જાય છે. પરિવારો તૂટતાં જાય છે. ટેકનોલોજીનો દુરુપયોગ થવા લાગ્યો છે. આજના શિક્ષણે માનવીના મસ્તિષ્કને માહિતી એકત્ર કરનારું મશીન બનાવી દીધું છે.

અમેરિકાની એક શાળાના સિદ્ધાંતવાદી આચાર્ય દર વર્ષે, શાળાના વાર્ષિક ઉત્સવમાં પોતાના શિક્ષકોને કહે છે, "વહાલા શિક્ષકો, કોઈએ ન જોયું હોય તેવું મારી આંખોએ જોયું છે. હું હિટલરના ગૅસ ચેમ્બરમાંથી બચી ગયેલાઓમાંનો એક છું. મેં જોયું છે કે ગૅસ ચેમ્બરો બનાવનારા ભણેલા એન્જિનિયરો હતા! બાળકોને ઝેરનાં ઇંજેક્શન આપી મારી નાખનારા શિક્ષિત તબીબ હતા! નવજાત શિશુઓને ગળું દબાવી રડતાં બંધ કરનારી તાલીમી નર્સો હતી! સ્ત્રીઓને બંદૂકના નાળચે ફૂંકી દેનાર કે જલાવી દેનાર કૉલેજના ટેલેન્ટેડ સ્ટુડન્ટ હતા!... આથી હું શિક્ષણ વિશે શંકાશીલ બન્યો છું. હે શિક્ષકો! મારી વિનંતી છે કે, આપના વિદ્યાર્થીઓને માણસ બનાવવામાં મદદ કરો. તમારો પુરુષાર્થ ક્યારેય સુશિક્ષિત શયતાનો ઊભા ન કરી મૂકે, તમારી બેપરવાઈ કેળવાયેલા ગુનેગારો પેદા ન કરવા માંડે, ભણેલા આઈકમાન (હિટલરના સૈન્યનો મુખ્ય કમાન્ડર) ન પકવે! વાંચવું, લખવું, ગણવું એ અત્યારે જ મહત્ત્વનું બની રહેશે, જ્યારે તમે તમારા વિદ્યાર્થીઓને વધુ સંસ્કારી માનવ બનાવો." આજે શિક્ષિત લોકો આ પ્રકારના બન્યા છે.

હવે આપણે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ એવી ઘડવા માગીએ છીએ કે શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી દરેક માનવી પાસે વ્યક્તિગત સમુદાયલક્ષી ને રાષ્ટ્રીય તેમજ વિશ્વ બંધુત્વનાં મૂલ્યો, આદર્શો ધરાવતો હોય.

નેલ્સન મંડેલાએ કહ્યું છે કે, "શિક્ષણ સૌથી શક્તિશાળી શસ્ત્ર છે, જેને તમે દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકવા ઉપયોગી કરી શકો છો." નેલ્સન મંડેલાની વાત તદ્દન સાચી અને સ્પષ્ટ છે. યુવાન લોકશાહી રાષ્ટ્ર તરીકે ભારતમાં શૈક્ષણિક ક્ષેત્રમાં કૂદકે ને ભૂસકે વૃદ્ધિ થઈ રહી છે. આપણા યુવાનો પાસે ગજબની તાકાત રહેલી છે, પણ આજની મેકોલે શિક્ષણ પ્રથાએ આપણા યુવાનોની અસાધારણ માનસિક-શારીરિક તાકાતને કોચલામાં બંધ કરી દીધી છે. શિક્ષણ વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર છે અને જીવનકૌશલ્યના તાલીમ કાર્યક્રમ સાથે શાળાના અભ્યાસક્રમને સંવર્ધિત કરીને સમાજના અને રાષ્ટ્રના પડકારોને અસરકારક રીતે ઝીલવા યુવાનોને સક્ષમ બનાવવાની જરૂર છે. દેશના નાગરિક તરીકે બાળકના સર્વાંગી વિકાસ માટે મૂલ્ય આધારિત શિક્ષણ પણ જરૂરી બની ગયું છે.

તેમ છતાં આઝાદી પછી ભારતે શૈક્ષણિક ક્ષેત્રમાં ઘણી લાંબી સફર પસાર કરી છે. ઘણું બધું સિદ્ધ પણ કર્યું છે. ગુજરાતની વાત કરીએ તો ૧૯૬૧માં સાક્ષરતાનો દર ૩૯.૩૩ ટકા હતો તે ૨૦૧૧માં ૭૮.૦૩ ટકા થયો છે. પણ શિક્ષણ દ્વારા આપણે માનવીને માનવ બનાવી શક્યા નથી. દેશની પ્રાચીન સંસ્કૃતિ, મૂલ્યો આધારિત જીવન, નૈતિક શિક્ષણ, ધાર્મિક પરંપરાઓ, પ્રથાઓ, રીતભાત જે દેશના લોકોને એક તાંતણે જોડે છે, તે તમામ બાબતોથી વ્યક્તિ સુમાહિતગાર બને અને શિક્ષણ મેળવ્યા પછી પોતે પોતાનું જીવન બદલી શકે, જન્મથી મૃત્યુ સુધીની યાત્રાથી સચેત બની પોતાનું જીવન ધન્ય બનાવી શકે તેવા પ્રકારની નવી શિક્ષણનીતિ ઘડવી જોઈએ.

કોઈપણ દેશે તેના શિક્ષણનું માળખું કેવું બનાવવું જોઈએ અને તેનો અમલ કેવી રીતે કરવો જોઈએ? અત્યારે તમામ દેશ સ્વીકારે છે કે દરેક દેશના શિક્ષણના માળખાનાં મૂળિયાં તેની સંસ્કૃતિમાં હોવાં જોઈએ અને શિક્ષણના ઉદ્દેશમાં માનવજાતની પ્રગતિ હોવી જોઈએ. ભારતનો પોતાનો અનુભવ છે કે વિદેશી મૂળિયાં ધરાવતી શૈક્ષણિક પદ્ધતિઓથી દેશની ખરા અર્થમાં પ્રગતિ ન થઈ શકે. અંગ્રેજોએ શાસનના નીચલા સ્તરમાં તેમને ઉપયોગી થાય તેવા કારકૂનો પેદા કરવા ભારતમાં શૈક્ષણિક પદ્ધતિ બનાવી હતી. આઝાદી મળ્યા પછી ભારતની સ્વતંત્ર સરકારે આ પદ્ધતિ જાળવી રાખી હતી. હકીકતમાં અંગ્રેજોએ ભેટ ધરેલા શૈક્ષણિક

માળખાનો સંબંધ આપણી સંસ્કૃતિ, આપણા ઇતિહાસ અને આપણી પરંપરાઓ સાથે નહોતો. હકીકતમાં કેટલાંક શાશ્વત માનવીય મૂલ્યો છે, કેટલીક સંસ્કૃતિઓ અને પરંપરાઓ છે, જે લોકોને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. આ મૂલ્યો અને પરંપરા જ ભારતીય ઉપખંડમાં વિવિધતામાં એકતાની મહેક ફેલાવે છે, તમામ ધર્મો અને પ્રદેશને એક તાંતણે બાંધે છે. એટલે આ મૂલ્યો અને પરંપરાઓનું જતન પારસ્પરિક આદાનપ્રદાન મારફતે થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિ, ધર્મ અને પરંપરાનું આદાનપ્રદાન જ એકબીજાના મૂલ્યોને સમજવામાં, તેનો પ્રસાર કરવામાં, એકબીજા વચ્ચેના સંબંધોને ગાઢ બનાવવામાં અને નવો ઓપ આપવામાં મદદ કરે છે. આ માટે માનવીય જીવનને શ્રેષ્ઠ બનાવવા અત્યારે સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ એક જ છે - શિક્ષણ.

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ્ય એક વિસ્તૃત અર્થસભર સંદેશમાં આવી જાય છે. શિક્ષણ માનવીય મૂલ્યો સભર અને ચેતનવંતુ હોવું જોઈએ! જ્યારે સ્વામી વિવેકાનંદે જણાવ્યું છે કે, 'શિક્ષણ મનુષ્યમાં રહેલી સંપૂર્ણતાની અભિવ્યક્તિ છે,' ત્યારે તેઓ માનવીય જીવન, તેના લક્ષ્યાંકો, ઉદ્દેશો, પ્રક્રિયા અને ઉત્પાદનની સમગ્રતાને વ્યક્ત કરે છે. રવીન્દ્રનાથ ઠાકુરે શિક્ષણને મનુષ્ય અને સંસ્કૃતિના સંગમનું માધ્યમ ગણાવ્યું છે. તેમણે કહ્યું છે કે, "સર્વોચ્ચ શિક્ષણ ફક્ત માહિતી જ આપતું નથી, પણ તમામ જીવો સંવાદિતા સાથે પ્રેમપૂર્વક જીવવાનું શીખવે છે." મહાત્મા ગાંધીએ વર્ષ ૧૯૦૯માં 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક લખ્યું હતું અને તેમાં તેમણે શિક્ષણ વિશે જણાવ્યું હતું કે, "તે માણસે જ સાચું શિક્ષણ મેળવ્યું છે, જેનું શરીર તેના પોતાના વશમાં છે, જેનું શરીર શાંતિથી અને સરળતાપૂર્વક સુપરત કરેલું કામ કરી શકે છે. તે માણસે જ સાચી કેળવણી મેળવી છે, જેની બુદ્ધિ શુદ્ધ, શાંતિ અને ન્યાયી છે. તેણે જ સાચું શિક્ષણ મેળવ્યું છે, જેનું મન કુદરતના કાયદાને સ્વીકારે છે અને જેની ઇન્દ્રિયો તેના પોતાના વશમાં છે, જેના મનમાં શુદ્ધ ભાવનાઓ છે, જેને નીચ કાર્યો પ્રત્યે ઘૃણા છે અને જે બીજાને પોતાના સમાન માને છે એવો માણસ જ ખરા અર્થમાં શિક્ષિત છે. તે જ કુદરતનો શ્રેષ્ઠ ઉપયોગ કરશે અને કુદરત તેના વડે તેનાં ઉત્તમ કાર્યો પાર પાડશે."

સમગ્ર વિશ્વમાં આ પ્રકારના શિક્ષણની પદ્ધતિ વિકસાવવી જોઈએ અને આ પ્રયાસો જ સંસ્કૃતિના વિકાસનો સારો સંકેત છે. હકસલીએ શિક્ષણની ઉત્કૃષ્ટતાના પરિણામનો સંકેત આપતાં કહ્યું છે કે, "સુસભ્ય વ્યક્તિત્વ જ ઉત્ક્રાંતિનું શ્રેષ્ઠ પરિણામ છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "માનવીય પ્રકૃતિ અને તેની સંભવિતતાઓનું સંશોધન હજુ શરૂ જ થયું છે. હજુ વણખેડાયેલી અનેક શક્યતાઓથી સભર નવી દુનિયા તેના કોલંબસની રાહ જુએ છે."

ડૉ. રાધાકૃષ્ણને વિસ્તૃત શિક્ષણની સંપૂર્ણતા આ શબ્દોમાં વ્યક્ત કરી હતી :

'શિક્ષણની અંતિમ નીપજ મુક્ત રચનાત્મક માણસ હોવો જોઈએ, જે ઐતિહાસિક સ્થિતિ, સંજોગો અને કુદરતનાં વિપરીત પરિબળો સામે લડી શકે છે." હાલના વૈશ્વિકીકરણના, સંવર્ધિત કનેક્ટિવિટીના, સાંસ્કૃતિક આદાન-પ્રદાનના અને પારસ્પરિક આર્થિક નિર્ભરતાના યુગમાં કોઈ પણ વ્યક્તિ કહી શકે કે અત્યારે દુનિયા જ્ઞાનરૂપી મૂડી પ્રત્યે પૂરતી સભાન નથી અને નાણાકીય સ્રોતો પેદા કરવા જ ધ્યાન કેન્દ્રિત કરે છે, પણ જે પોતાની આ મૂડીનું સંવર્ધન કરશે તે જ વ્યક્તિ પ્રગતિ કરશે. અત્યારે દુનિયા કુદરતે આપેલા સંસાધનોનો વિવેકસભર ઉપયોગ કરવાની સમજણ ધરાવતી નથી. આપણે આવા વિકાસને મૂલ્યવિહીન કહીએ છીએ, જે કુદરતી જળ સ્રોતો, નદીઓનો નાશ કરે છે અને તેમાં આપણે આપણી ગંગામૈયાને પણ બાકાત રાખી નથી! આ મૂલ્યોનું આ ધોવાણ છે, જે મનુષ્યની સંપૂર્ણ પ્રજાતિના અસ્તિત્વ માટે ખતરનાક નથી? દુર્ભાગ્ય એ છે કે ભારત સહિત આખી દુનિયા સાક્ષરતાનો દર વધારવા અને પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણની મોટી સિદ્ધિઓ ધરાવવા પ્રયાસરત છે, ત્યારે આવી સ્થિતિ ઊભી થઈ રહી છે. આ સ્થિતિ શિક્ષણની પદ્ધતિને સુધારવાની અને તેના સંપૂર્ણતાના ઉદ્દેશને હાંસલ કરવાની તાતી જરૂરિયાત સૂચવે છે. નેલ્સન મંડેલાએ ટૂંકમાં આ વાતને સારી રીતે વ્યક્ત કરી છે : "તમારે દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકવો હોય તો શિક્ષણ સૌથી અસરકારક માધ્યમ છે." દુનિયામાં પરિવર્તનનો પવન ફૂંકાવા શિક્ષણ તન અને મનના વિકાસનું માધ્યમ બનવું જોઈએ તેમજ વ્યક્તિમાં હકારાત્મક જુસ્સો પ્રેરિત કરે તેવું હોવું જોઈએ. વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ માટે પારિવારિક, સામુદાયિક અને શૈક્ષણિક સ્તરે પહેલ જરૂરી છે.

નવી શિક્ષણનીતિ ઘડવી હોય ત્યારે આપણે મહાત્મા ગાંધીજીને ભૂલી શકાય નહિ. આજે પણ ગાંધીજી પ્રત્યે લોકોને અપાર શ્રદ્ધા છે. ગાંધી એ ભારતીય માનવીઓનું પ્રેરણાબળ હૃદય છે. તેઓએ પોતાના જીવન મારફતે કરોડો ભારતીયોને મૂલ્ય આધારિત પ્રેરણા આપી હતી. જરૂરિયાતમંદોને સેવા કરવાની ભાવના જગાવી હતી. દેશ અને દેશવાસીઓ માટે સર્વસ્વ ત્યાગ કરવા તૈયાર રહેવાનો જુસ્સો જગાવ્યો હતો. તે વખતે સાક્ષરતા ઓછી હતી ને પ્રિન્ટ મીડિયા ને પ્રચાર-પ્રસારનાં સાધનો નહિવત્ હોવા છતાં ગાંધીવાદી વિચારો અને મૂલ્યોનો સંદેશ દેશના ખૂણે ખૂણે પહોંચાડવાનું કાર્ય શિક્ષકોએ કર્યું હતું.

મહાત્મા ગાંધી મહાન દીર્ઘદ્રષ્ટા હતા અને સમાજને મૂલ્યોના ધોરણનું શું પરિણામ ભોગવવું પડશે તે જોઈ શકતા હતા. તેમણે વર્ષ ૧૯૨૫માં 'યંગ ઇન્ડિયા' માં સાત સામાજિક પાપ વિશે જણાવ્યું હતું. જે નીચે મુજબ છે : (૧) નૈતિકતા વિનાનો વેપાર, (૨) ચરિત્ર વિનાનું શિક્ષણ, (૩) વિવેક વિનાનો આનંદ, (૪) સિદ્ધાંતો વિનાનું રાજકારણ, (૫) માનવતા વિનાનો સમાજ, (૬) મહેનત વિનાની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૨ ઉપર)**

સંસ્કૃતિ

## પાંડવો સાથે જોડાયેલું - પાટણવાવ ગામ
# જ્યાં ઓસમ ડુંગર પર માત્રી માતા બિરાજે છે

• જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ' •

પાટણવાવ ખાતે ઓસમ ડુંગર પર બિરાજમાન છાયા અવટંકનાં કુળદેવી માત્રી માતાજીનાં દર્શન કરવા માટે આજે વાહન વ્યવહારની પૂરતી સુવિધા છે. ડુંગર પર ચડી શકવા સમર્થ ના હોય એમના માટે ડોલીની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. જ્યાં સુધી છાયાઓ, પોરબંદર પાસેનાં છાયા ગામે, ઉપરાંત જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વસતા ત્યાં સુધી ઓસમ જવું બહુ મુશ્કેલ ન હતું. ઇ.સ. ૧૭૮૦માં વડનગરથી નાગરો ધંધાર્થે સ્થળાંતરિત થઈને જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જેઠવાની રાજધાની છાયા (પોરબંદર) વગેરે સ્થળે વસ્યા. છાયા ગામથી પાટણવાવ નજીક. એટલે પ્રસંગોપાત કુળદેવીના દર્શન કરવા જવાની પ્રથા પરંપરા સાચવવી પ્રમાણમાં સરળ જણાતી.

સમયાંતરે, છાયા ગામની ઓળખ સાથે રાખીને કેટલાક નાગરો કચ્છ અંજાર, ભુજ, માંડવીમાં સ્થાયી થયા. પણ એ સમયમાં કચ્છના છાયાઓને ઓસમ યાત્રા કરવી બહુ કઠિન પડતી. છાયા પરિવારોમાં બાળ મુંડન, જનોઈ, છેડાછેડી છોડવા ઓસમ માત્રી માતા કુળદેવીના મંદિરે જવાની પ્રથા છે. કચ્છના છાયાઓને એ પ્રથા જાળવવી બહુ મુશ્કેલ બની જતી. વિકલ્પે, છાયાઓ માતાજીના હુકમ અને કૃપાથી માતાજીની આંગી કચ્છમાં લઈ આવ્યા અને અંજાર નજીકનાં જળુ ગામે એની પ્રતિષ્ઠા - સ્થાપના કરી, મંદિર બનાવ્યું અને ઓસમ માત્રી માતાના વિકલ્પે જળુ બહુચરાજીને કુળદેવી માન્યા.

૨૦૦૧ના ભૂકંપ વખતે મંદિર ધરાશાયી થઇ ગયું પણ માતાજી મંદિરના પ્રાંગણમાં આવી ગયા હતા. એટલે ભાવિકોની એ મૂર્તિમાં આસ્થા વિશેષ દૃઢ થઈ. કચ્છનાં જળુ ગામનું મંદિર ઓસમમાત્રી માતા વિકલ્પ તરીકે કચ્છના છાયાઓએ માન્ય કર્યું છે. પણ હવે બદલાતા યુગ સાથે પાટણવાવ પહોંચવું સરળ થઈ ગયું છે. એટલે છાયાઓ જળુ મંદિરે તો નિયમિત જાય છે, અનુકૂળતાએ ઓસમ માત્રી માતાજીનાં દર્શને પણ જાય છે. આમ, બંને મંદિરોનો મહિમા જળવાઈ રહ્યો છે. હાલમાં, ઓસમ માત્રી માતાજી મંદિરના મહંતપદે શ્રી જયવંતપુરી ગુરુ શ્રી રમેશપુરી બિરાજે છે. દૂરથી આવતા યાત્રાળુઓ માટે ડુંગર પર ભોજન સહિતની સુવિધા મળી શકે છે. જો કોઇ ભાવિક ડુંગર પર ચઢી ના શકે અને ડોલીથી પણ જઇ શકે તેમ ના હોય તો મહંતશ્રી પોતાના ઘરે રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપે છે. માત્રી માતા છાયાઓ ઉપરાંત બ્રહ્મક્ષત્રિય, પ્રજાપતિ, સોની, બ્રાહ્મણ સહિત કેટલીક જાતિઓનાં પણ કુળદેવી છે.

આ વિષય પર જીતુભાઈ ઠકરાર વિશેષ પ્રકાશ પાડતાં લખી જણાવે છે કે સૌરાષ્ટ્રમાં ધોરાજી પાસે ઓલું પાટણવાવ ગામ પાંડવો સાથે જોડાયેલું છે. ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે આવેલા ઓસમ પર્વત અને તેની આસપાસનાં પૌરાણિક સ્થળોની આ વાત છે.

માન્યતા પ્રમાણે ધોરાજીના પાટણવાવ ગામ પાસે આવેલા આ ઐતિહાસિક ઓસમ પર્વત પર મહાભારત વખતના અનેક અવશેષો મોજૂદ છે. પાંડવો વનવાસ દરમિયાન ઓસમ પર્વત પર રહ્યા હતા. રસપ્રદ માન્યતા મુજબ પાંડવોના વનવાસ દરમિયાન હિડિમ્બા પણ આ જ ઓસમ પર્વત પર રહેતી હતી. તેથી ભીમની આંખ તેની સાથે મળી ગઈ હતી. બંનેના પ્રેમાલાપ દરમિયાન ભીમે હિડિમ્બાને હીંચકો જોરથી નાખતા, હિડિમ્બા ઓસમ પર્વત પરથી છેક નીચે તળેટીમાં ઉછળીને પડી હતી. તળેટીમાં પડતા હિડિમ્બાના હાડકા ભાંગી ગયેલાં અને તેથી જ આ જગ્યા પર ગામનું નામ હાડફોડી પડેલું. જે ગામ આજે પણ તળેટીમાં મોજૂદ છે.

ઓસમ પર્વત પર આજે પણ પાંડવો સમયના અવશેષો મોજૂદ છે. જેમાં પાંડવોએ બાંધેલું ટપકેશ્વર મહાદેવનું મંદિર તેમજ તેની પાસે આવેલો પાણી ભરેલો હોજ – જેમાં સતત પાણી ડુંગર પરથી ટપક્યા જ રાખે છે. આ ઉપરાંત પટાંગણમાં આવેલી ભીમ થાળી જેમાં ભીમ ભોજન લેતો, તે થાળી આજે પણ મોજૂદ છે. સમયાંતરે આ ભીમ થાળી આડી થઈ ગઈ છે. ઓસમ પર્વત મહાભારતના સમયકાળ દરમિયાન માત્રી માતાજી છત્રેશ્વરી માતાજીના નામથી પ્રચલિત હતા. આ પર્વતની શિલાઓ સીધી સપાટ અને લીસ્સી હોવાથી એ માખણિયા પર્વત તરીકે ઓળખાતો હતો. સમયાંતરે વિહંગાવલોકન કરતાં ...ઓમ... આકારનો પર્વત દૃષ્ટિમાન થતાં ઓમ + સમ = ઓસમ પર્વતના નામથી આજે ઓળખાય છે. બ્રિટીશ શાસન સમયે પાટણવાવ ગોંડલ રજવાડા હેઠળ આવતું હતું અને કિલ્લેબંધ શહેર હતું. ધોરાજી તાલુકાના પાટણવાવ ગામે આવેલા ઓસમ પર્વત પર દરસાલ ભાદરવી અમાસથી ત્રિ-દિવસીય મેળો માત્રી માતાજીના સાનિધ્યમાં યોજાય છે. આ મેળાનું પાટણવાવ ગ્રામ પંચાયત દ્વારા આયોજન કરવામાં આવે છે. ધોરાજીમાં સફુરા નદીના કાંઠે આવેલું પંચનાથ મહાદેવ મંદિરમાં જેમ ૧૨ જ્યોતિર્લિંગનો મહિમા છે, એ જ રીતે ધોરાજીના સફુરા નદીના કાંઠે આવેલ શ્રી પંચનાથ મહાદેવ મંદિરનો પણ મહાભારત કાળ જેટલો જૂનો મહિમા છે. ■

કેળવણી

# જીવનલક્ષી શિક્ષણના ઉપદેશક શ્રીકૃષ્ણ

• ડૉ. લીલાબેન મહેન્દ્રકુમાર સ્વામી •

હિંદુ જીવન પદ્ધતિ અને ફિલસૂફી ઉપર શ્રીકૃષ્ણના જીવન અને ઉપદેશની ગાઢ અસર પ્રવર્તે છે. વિષ્ણુ ભગવાનના આઠમા અવતાર તરીકે શ્રીકૃષ્ણના માનવ સહજ જીવનના વિવિધ પ્રસંગો, ક્રિયા કલાપો અને માયાવી ગુણો તથા ગીતાસારરૂપી દિવ્ય સંદેશને પરિણામે શ્રીકૃષ્ણ, એ લોકહૃદયમાં દિવ્યમહાનાયક તરીકે બિરાજે છે. ભગવદ્ગીતાના માધ્યમથી શ્રીકૃષ્ણે અર્જુનને આપેલ ઉપદેશ અને જ્ઞાન એ માત્ર હિંદુ ધર્મ જ નહીં પરંતુ વિશ્વના તમામ ધર્મ અને સંપ્રદાયના લોકોને પ્રેરણાદાયી બની રહે તેમ છે. શ્રીકૃષ્ણનો ઉપદેશ સમગ્ર માનવજાત માટે સર્વકાલીન ઉપયોગી બની રહે છે.

શ્રીકૃષ્ણના અસંખ્ય જીવન પ્રસંગો, પરાક્રમો, કાર્યો, વિચારો, નામો અને સ્વરૂપોમાંથી મનુષ્ય અસીમિત બોધ અને માર્ગદર્શન મેળવી શકે છે. યુગપુરુષ મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે જ્યારે પણ તેમને કોઈ મુંઝવણ ઉદ્ભવે અને તેનો સરળ ઉકેલ ન જણાય ત્યારે તેઓ ભગવદ્ગીતા વાંચીને તેમાંથી મૂંઝવણનો ઉકેલ મેળવે છે. કૃષ્ણ જીવનમાંથી મળતાં પ્રેરક બોધપાઠ શાશ્વત સ્વરૂપના છે અને તેથી વર્તમાન સમયમાં પણ જીવનને સફળ, ધન્ય અને સાર્થક બનાવવા માટે ઘણા બોધપાઠ કૃષ્ણના જીવનમાંથી મળી શકે તેમ છે.

૧. શ્રીકૃષ્ણનું બાળપણ ખૂબ જ પરાક્રમી અને નીડર હતું. ઘણા અસુરોનો વધ અને કાળીનાગ દમનના પ્રસંગો બાળકોને હિંમત, નીડરતા અને લોક હિતાર્થે પરાક્રમો કરવાની પ્રેરણા આપે છે.

૨. શ્રીકૃષ્ણે સામાન્ય લોકોના ભલા માટે હંમેશાં કાર્યો કર્યાં છે. તેમનું જીવન લોકોને ઉપયોગી થવામાં પસાર થયું છે. માનવસેવા એ જ પ્રભુસેવા એ કૃષ્ણના જીવનનો મહત્ત્વનો સંદેશ છે. પ્રભુસેવા જરૂરી છે, ધર્મજરૂરી છે, પરંતુ માનવસેવા પણ અત્યંત જરૂરી છે. એ બોધપાઠ બધા માનવીઓ મેળવે તો પૃથ્વી ઉપર ઘણાં માનવ દુઃખો ઓછાં થઈ શકે.

૩. શ્રીકૃષ્ણને વાંસળીનો ભારે શોખ હતો. જેનાથી તેઓ પોતે આનંદિત રહેતા અને બીજાઓને મોહિત કરી શકતા. સંગીત અથવા આનંદ સાથે તેવી કોઈપણ કલાનો શોખ માણસે કેળવવો જોઈએ. કલા એ મનુષ્યને પોતાને અને બીજાઓને આનંદ આપે છે.

૪. શ્રીકૃષ્ણ વ્રજ છોડીને, વ્રજના મિત્રો (બાળસખા) અને ગોપીઓ સાથેનો સુમધુર સંબંધ છોડીને મથુરામાં પોતાની વધુ મહત્ત્વની જવાબદારી સ્વીકારવા જાય છે અને પછી નવી જવાબદારી પાર પાડવા પ્રવૃત્ત થાય છે. તે નિર્ણયનો બોધ એ છે કે વધુ મહત્ત્વની જવાબદારી દ્વારા કાર્યોને અગ્રતા આપવી અને તે માટે કેટલીક પ્રિય બાબતો ત્યજવી પડે તેનો ત્યાગ પણ કરવો જોઈએ. અહીં Commitment Firstનો સંદેશ રહેલો છે.

૫. બધી ભૂમિકામાં ખરા ઊતરવું એ કૃષ્ણના વિવિધ સંબંધોમાંથી મળતો સંદેશ છે. કુટુંબના સભ્ય તરીકે, ભાઈ તરીકે, પુત્ર તરીકે, પ્રેમી તરીકે, પતિ તરીકે અને વિશેષ મિત્ર તરીકેની વિવિધ ભૂમિકાઓ કૃષ્ણે બખૂબી નિભાવેલી છે. રાધા સાથેનો કૃષ્ણનો પ્રેમ એ દિવ્ય મિત્રતાનો સંબંધ છે. સુદામા સાથેની બાળપણની મિત્રતા દ્વારકાના નાથ બન્યા પછી પણ ઉષ્માપૂર્વક નિભાવે છે. બાળસખા ઉદ્ધવ સાથે તથા અર્જુન સાથે હંમેશાં મિત્રતા જાળવી રાખે છે. રાજા હોવા છતાં મિત્ર અર્જુનના સારથી બને છે અને યુદ્ધ લડવા પાછીપાની કરતાં અર્જુનને પ્રેરક ઉપદેશ પણ આપે છે. મનુષ્યે તેની બધી ભૂમિકાઓમાં બધા સંબંધોમાં ખરા ઊતરવું જોઈએ.

૬. શ્રીકૃષ્ણનું જીવન નિર્બળ લોકોને અન્યાયથી રક્ષણ આપવા તથા દુષ્ટોને દંડિત કરવામાં પસાર થયું છે. શ્રીકૃષ્ણે બાળપણથી પ્રૌઢ અવસ્થા દરમ્યાન ઘણા અસુરો અને દુષ્ટોનો નાશ કર્યો છે. શ્રીકૃષ્ણ હંમેશાં સત્ય અને ધર્મના પક્ષે રહ્યાં છે અને અસત્ય તથા અધર્મનો વિરોધ કર્યો છે. માનવ જીવનની સાર્થકતા સત્ય અને ધર્મના પક્ષે રહેવામાં જ રહેલી છે.

૭. શ્રીકૃષ્ણ ભવિષ્યના જાણકાર હોવા છતાં હંમેશાં વર્તમાનમાં જીવ્યા છે. શ્રીકૃષ્ણના જીવનનો એક અગત્યનો સંદેશ એ છે કે ભૂતકાળને વાગોળીને અને ભવિષ્યની ચિંતા કરીને સમય બરબાદ કરવાને બદલે વર્તમાનમાં જીવો. “Live in present because past is history and future is mystery.”

૮. મનની સમતુલા અને તટસ્થભાવ એ કૃષ્ણના જીવનનો ખૂબ ઉપયોગી સંદેશ છે. ગમે તેવી સુખ સાહ્યબી અને સફળતાઓ તેમજ ગમે તેટલી મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓની સ્થિતિમાં મનુષ્યે મનની સમતુલા જાળવીને તટસ્થ ભાવ કેળવવો જોઈએ.

૯. કર્તવ્યપરાયણતા એ શ્રીકૃષ્ણનો જીવન સંદેશ પણ છે અને ગીતાબોધ પણ

છે. કાલની પરિણામની આશા કે ચિંતા કર્યા વિના પૂર્ણ નિષ્ઠાથી પોતાનું કર્તવ્ય-કર્મ કરવાનો ઉપદેશ શ્રીકૃષ્ણે આપ્યો છે. ફળની ચિંતા કે ફળમાં આસક્તિ રાખ્યા વિના કર્મના ફળની જવાબદારી પરમાત્મા ઉપર છોડવા જણાવે છે. આમ ફળની આસક્તિમાંથી મુક્ત થઈને પરમાત્મામાં શ્રદ્ધા રાખવાનો ઉપદેશ એ ગીતાનો કેન્દ્રવર્તી સંદેશ છે.

૧૦. શ્રીકૃષ્ણ સમાજમાં સામાન્ય લોકોની સાથે અને દુષ્ટ લોકોની સામે હંમેશાં સક્રિય રહ્યા છે. વર્તમાન સમયમાં સજ્જનોની નિષ્ક્રિયતા દુષ્ટ લોકોને પરોક્ષ રીતે પ્રોત્સાહિત કરે છે. સજ્જનોએ ઈશ્વર ભક્તિની સાથે કૃષ્ણની જેમ સામાન્ય લોકોના હિતમાં દુષ્ટ લોકોની સામે સક્રિય થવાનો બોધ લેવો જોઈએ. શાસકો, સત્તાધીશોએ તેમની શક્તિ નિર્બળ લોકોના રક્ષણ માટે અને દુષ્ટ લોકોને ડામવા માટે વાપરવી જોઈએ. તેવો સંદેશ યોગ્ય લોકો સમક્ષ પહોંચે તો રામરાજ્યની સ્થાપના થઈ શકે.

૧૧. રાસ-લીલાના પ્રસંગમાં શ્રીકૃષ્ણ ગોપીઓને તેમનું સાચું કર્તવ્ય સમજાવે છે. કૃષ્ણ મિલન માટે ઉત્સુક ગોપીઓને સમજાવે છે કે તેમના કુટુંબીજનોની સારસંભાળ લેવી એ તેમની ફરજ છે. વળી રાસ-લીલામાં કૃષ્ણ ગોપીઓને એ પણ સંદેશ આપે છે કે ગૃહિણી માટે પરકીયા થવું યોગ્ય નથી. પરમાત્મા સાથે સંબંધ જોડી રાખીને પોતાની સાંસારિક જવાબદારીઓ નિભાવવી જોઈએ.

૧૨. શ્રીકૃષ્ણે સ્ત્રી સુરક્ષા અને સ્ત્રી સન્માનનો દાખલો તેમના જીવનભર પૂરો પાડ્યો છે. દુષ્ટ રાજાઓને શ્રીકૃષ્ણે દંડિત કરીને સત્તાભ્રષ્ટ કર્યા પછી યોગ્ય વ્યક્તિને શાસન આપતાં સાથે કેદમાં પુરાયેલી નારીઓનું મુક્ત કરી તેમની સુરક્ષાની વ્યવસ્થાની દરકાર કરી. દ્રૌપદીએ શ્રીકૃષ્ણની ઘાયલ આંગળી ઉપર સાડીનો છેડો ફાડીને પાટો બાંધ્યો તેમાં ૯૯૯ તાંતણા હતા. આ ઉપકારનું વળતર શ્રીકૃષ્ણે યોગ્ય સમયે અનેકગણું કરીને આપ્યું. ભરી સભામાં જુગારમાં હરાયેલા દ્રૌપદીનું અપમાન કરવાના હેતુથી દુઃશાસન દ્રૌપદીના ચીરહરણ કરે છે ત્યારે ૯૯૯ સાડીઓ વડે દ્રૌપદીના સ્ત્રીત્વનું સન્માન જાળવે છે. વર્તમાન સમયમાં નારીની સુરક્ષા અને નારીનું સન્માન જાળવવાનો બોધપાઠ શ્રીકૃષ્ણે દ્રૌપદીને ચીર પૂરાં પાડવાના પ્રસંગ નિમિત્તે આપ્યો છે.

૧૩. શ્રીકૃષ્ણ જરાસંઘ ઉપર ૧૭ વખત વિજય મેળવી ચૂક્યા હતા. તેમ છતાં જરાસંઘના આક્રમણ સમયે શ્રીકૃષ્ણે યુદ્ધ કરવાને બદલે રણભૂમિ છોડીને દ્વારકા જવાનું પસંદ કર્યું. શ્રીકૃષ્ણે નિર્દોષ લોકોનો ભારે નરસંહાર ટાળવાના હેતુથી યુદ્ધ ભૂમિ છોડવાનો નિર્ણય લીધો. તેથી તેઓ રણછોડ કહેવાયા. પરંતુ સારા હેતુઓ માટે યોગ્ય સમયે કરાયેલી પીછેહઠ નામોશી ગણાતી નથી, પરંતુ વ્યાપક હિતમાં લેવાયેલ યોગ્ય નિર્ણય ગણાય છે. આથી જ શ્રીકૃષ્ણ જય રણછોડ કહેવાય છે.

૧૪. સત્યના જય અને અસત્યના પરાજય એટલે કે સજ્જનને મદદ અને દુર્જનને દંડ કરવા માટે જો છળ કરવું પડે તો તેમાં કોઈ પાપ કે અધર્મ નથી – એ સંદેશ શ્રીકૃષ્ણે ભીમ અને દુર્યોધનના ગદાયુદ્ધમાં દુર્યોધનને ભ્રમિત કરવા તથા ભીમને સહાય કરવાના પ્રસંગો વડે આપ્યો છે. ભીમ સાથે ગદાયુદ્ધમાં દુર્યોધન પરાજય ન પામે તે માટે માતા ગાંધારીની દૃષ્ટિકૃપા વડે પોતાના સમગ્ર શરીરને સુરક્ષા કવચ પૂરું પાડવાના આશયથી દુર્યોધન નિર્વસ્ત્ર માતા પાસે જવા તૈયાર થાય છે. ત્યારે શ્રીકૃષ્ણ બ્રાહ્મણવેશે દુર્યોધનને માતા સમક્ષ નિર્વસ્ત્ર જવામાં મર્યાદાનો લોપ થતો હોવાનું જણાવી પુષ્પો વડે શરીરના ગુહ્ય ભાગોને આચ્છાદિત કરવા જણાવે છે તેથી દુર્યોધનના શરીરનો કેટલોક ભાગ રક્ષાકવચ મેળવી શકતો નથી. વળી ગદાયુદ્ધ વખતે શ્રીકૃષ્ણ ભીમને દુર્યોધનના રક્ષાકવચ સિવાયના અંગ જાંઘ ઉપર ગદાનો વાર કરવા ઈશારો કરે છે. તેથી ગદાયુદ્ધમાં દુર્યોધનનો પરાજય થાય છે. આ પ્રસંગનો સંદેશ એ છે કે વ્યાપક હિતમાં અસત્ય કે છળનો ઉપયોગ કરવામાં કશું જ ખોટું નથી.

૧૫. યોગ્યતાને કે કુશળતાને સન્માન મળવું જોઈએ. પરંતુ યોગ્યતા સાથે માનવતા અને નમ્રતા હોય તો તેને સન્માન ઉપરાંત વળતર પણ મળવું જોઈએ. શ્રીકૃષ્ણને યુદ્ધમાં મદદ મેળવવા માટે દુર્યોધન અને અર્જુન મળવા જાય છે ત્યારે આરામ કરી રહેલા શ્રીકૃષ્ણના મસ્તક બાજુએ દુર્યોધન બેસે છે અને અર્જુન શ્રીકૃષ્ણના પગ પાસે બેસે છે. દુર્યોધન અને અર્જુન બંને શ્રીકૃષ્ણના સગા છે. બંને રાજા છે. બંને કુશળ યોદ્ધા છે, પરંતુ દુર્યોધનમાં સામર્થ્ય હોવા છતાં વિવેક નથી. જ્યારે અર્જુનમાં સામર્થ્ય સાથે વિવેક પણ છે તેથી શ્રીકૃષ્ણ અર્જુનને વિશેષ મળે તેવો ભાવ દાખવે છે.

૧૬. શ્રીકૃષ્ણના મુખે ભગવદ્ગીતામાં યુદ્ધ ભૂમિ ઉપર અર્જુનને અપાયેલ ઉપદેશમાં મનુષ્યને સ્વની ઓળખ મેળવવાનો સંદેશ છે. શ્રીકૃષ્ણ રાજસી, તામસી અને સાત્ત્વિક પ્રકૃતિના લોકોને સમજ આપે છે. મૃત્યુ એ સત્ય છે. મૃત્યુ શરીરનું થાય છે પરંતુ આત્મા શરીરથી અલગ છે અને અજરઅમર છે. આથી મૃત્યુનો બહુ શોક કરવો નહિ. આત્માના કલ્યાણનો વિચાર કરવો અને તે માટે દુન્યવી આસક્તિ ઓછી કરીને પરમાત્મામાં ધ્યાન કેન્દ્રિત કરવું કે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૮ ઉપર)**

કોયડો

# પીપ્પર તે પ્યો ને સા ઉડી વ્યો

• જગદીશચંદ્ર ચં. છાયા 'શ્રેયસ' •

એક કાઠિયાવાડી, એક અમદાવાદી અને એક કચ્છી મિત્રો જલેબી - ફાફડાની જયાફત ઉડાવી રહ્યા હતા. એમને વિચાર આવ્યો કે કોઈ એકસમાન મુદ્દા પર ચર્ચા કરીએ.

અમદાવાદીએ કહ્યું, ચાલો, નવો વિષય છેડીએ. કાઠિયાવાડીએ સમર્થન આપ્યું. કચ્છીએ વિષય સુઝાડ્યો. ચાલો, કોના પિતાજીનું મરણ કેમ થયું એ કહો.

શરૂઆત અમદાવાદી કરે.

અમદાવાદીએ વિગતવાર વાત કહેવી શરૂ કરી.

પિતાજીને રોગ થવાનું કારણ, કઇ હોસ્પિટલ, કેટલા દિવસની સારવાર, અને છેવટે કોઈ કારી ના ફાવી વગેરે...

પછી કાઠિયાવાડીનો વારો આવ્યો.

એણે પણ વિગતે વર્ણન કર્યું.

એ બંને મિત્રો ભાવુકતાથી બોલતા ગયા ત્યારે કચ્છીએ પોતાનું કામ, અલબત્ત, નાસ્તો ઝાપટવાનું ચાલુ રાખ્યું. એ બંને મિત્રોને પછી જ્ઞાન થયું કે આપણે જ્યારે વિગતે વાત કરતા હતા ત્યારે આ કચ્છી માડુ તો જલેબી - ગાંઠિયા રીતસર ઝાપટતો હતો. ચાલો, જે થયું તે... વાંક આપણો જ ગણાય. આપણે જ ભાવુક બની ગયા હતા... જવા દો... હવે એનો વારો છે ને... જેટલી કસર કઢાય એટલી કાઢી લઈશું.

હવે મિત્રોએ કચ્છીને પૂછ્યું, દોસ્ત, હવે તારો વારો... તારા પિતાજીનું અવસાન કેમ થયું એનું વિગતે વર્ણન કર ચાલુ...

કચ્છી મિત્ર તો તૈયાર જ હતો.

એણે ફક્ત એક જ વાક્યમાં જવાબ આપ્યો.. મુંજો પે...ત... પીપ્પર તે પ્યો ને સા નીકરી વ્યો...

અર્થાત્ મારા પિતાજી તો પીપળાના ઝાડ પરથી પડ્યા ને શ્વાસ ઉડી ગયો...!!

અને આટલું બોલી, તરત નાસ્તો ઝાપટવા મંડી પડ્યો.

આ જોઈ એના મિત્રો અવાક જ બની ગયા...!! કાપો તો લોહી ના નીકળે!!

---

## જીવનલક્ષી શિક્ષણના ઉપદેશક શ્રીકૃષ્ણ

(અનુસંધાન : પાના નં.-૭૭ ઉપરથી ચાલુ)

જેથી મોક્ષની પ્રાપ્તિ થાય. અહીં મોક્ષની પ્રાપ્તિને આધ્યાત્મિક બાબત ગણીએ તો પણ આ ફિલસૂફીથી મનુષ્ય શાંતિ અને સમતા પ્રાપ્ત કરે છે. શ્રીકૃષ્ણના જીવન પ્રસંગો, વિચારો અને ઉપદેશોમાંથી જુદા જુદા પ્રકારે પ્રેરણા મળતી રહે છે. વ્યક્તિએ વ્યક્તિએ સંજોગો અનુસાર શ્રીકૃષ્ણના જીવનમાંથી નવા નવા બોધપાઠ મળતા રહે છે. આ પૈકી ભગવદ્‌ગીતાના માધ્યમથી શ્રીકૃષ્ણે આપેલ ઉપદેશના સારરૂપ મુખ્ય ત્રણ સંદેશ માનવ જીવનને સાર્થક બનાવવા માટે ખૂબ જ ઉપયોગી ગણી શકાય : (૧) ધ્યાનયોગ, (૨) ભક્તિયોગ અને (૩) કર્મયોગ. શ્રીકૃષ્ણનું એટલે કે પરમાત્માનું ધ્યાન ધરવું અને તેની સાથે એકાકાર થવું, શ્રીકૃષ્ણની ભક્તિમાં લીન થવું એટલે કે પરમાત્માને પૂર્ણ સમર્પિત થવું અને ફળની આસક્તિથી મુક્ત થઈ પોતાનું કર્તવ્યપાલન નિષ્ઠાપૂર્વક કરવું.

૧૭. શ્રીકૃષ્ણે પ્રભુભક્તિ અને પ્રભુપ્રાપ્તિ માટે સંસાર ત્યાગની વાત કરી નથી. શ્રીકૃષ્ણ પોતે સંસારી હતા. તેમણે ગૃહસ્થ જીવન ભોગવ્યું હતું. શ્રીકૃષ્ણને પત્નીઓ અને પુત્રો પણ હતાં. શ્રીકૃષ્ણે જીવનના બધા જ રસ માણ્યા છે અને ભરપૂર જીવન જીવ્યા છે. શ્રીકૃષ્ણના જીવનનો સંદેશ છે કે પરમાત્માની ભક્તિ સંસારમાં રહીને પણ શ્રેષ્ઠ રીતે થઈ શકે છે તેથી સાંસરિક ફરજો યોગ્ય રીતે બજાવવા સાથે પ્રભુભક્તિ કરવાથી જીવન ધન્ય અને સાર્થક બની શકે છે.

***A good teacher teaches***

***A good teacher explains***

***A superior teacher demonstrates and***

***A great teacher inspires***

અર્થાત્ સામાન્ય શિક્ષક શીખવે છે, સારો શિક્ષક ખુલાસાપૂર્વક સમજાવે છે, વધુ સારો શિક્ષક પ્રાયોગિક રીતે નિદર્શન કરીને શીખવે છે અને મહાન શિક્ષક શીખવાની પ્રેરણા આપે છે.

શ્રીકૃષ્ણ તો સૌથી મહાન (Greatest) શિક્ષક છે. કારણ કે તેઓ પ્રેરણા આપતા નથી પરંતુ લોકો તેમનામાંથી પ્રેરણા લે છે.

***સૌજન્ય : "અચલા"***

*પોતાની જાત પાસેથી કામ લેવામાં બુદ્ધિનો ઉપયોગ કરવો પડે અને બીજાની પાસેથી કામ લેવામાં હૃદયનો ઉપયોગ કરવો પડે.*

★

*કુટુંબમાંથી લક્ષ્મી વિદાય લેવાની હોય ત્યારે પરિવારમાં કલેશ શરૂ થાય છે.*

બાળ વાર્તા

# વેર ઝેર ભુલાઈ ગયાં... ખાધું, પીધું અને રાજ કીધું....

એની રાજધાની ઉજ્જન.

ત્યાં રાજા માનસારનું રાજ છે.

કુમાર રાજવાહન અને મદારી ગુણોજા મદારી ઉજ્જન નગરીમાં આવ્યા છે અને નગર બહાર એક બાગમાં ઊતર્યા છે. ગુણોજા મદારી નગરમાં ખેલ કરવા જાય છે. સાથે કુમાર રાજવાહન પણ જાય છે. મદારીનો વેશ લઈ લીધો છે. એમ ખેલ કરતા કરતા એક દિવસે કોઈ એક શેરીમાં ગયા. રાજવાહનનો એક ભાઈબંધ પુષ્પમિત્ર હતો. રાજવાહનને શોધતો શોધતો તે અહીં આવી પહોંચ્યો હતો. નગરમાં રહ્યો. રાજગુરુની સાથે ઓળખાણ થઈ. પુષ્પ મિત્રના ગુણ જોઈને રાજગુરુએ પોતાની દીકરી બાલચન્દ્રિકા તેને પરણાવી દીધી. એ તો ખાય છે, પીએ છે અને મોજ કરે છે. એની જ શેરીમાં રાજવાહન અને ગુણોજા મદારી ખેલ કરવા ગયા હતા. બધા જોવા આવ્યા. તેમાં પુષ્પમિત્ર પણ હતો. તેણે રાજવાહનને ઓળખી લીધો. કુમાર પણ તેને ઓળખી ગયા. બંને મળ્યા પણ આ વાત કોઈને જાણવા ન દીધી. પુષ્પ મિત્ર છાનો જાય છે અને રાજવાહનને મળે છે.

ઉજ્જનનો રાજા માનસાર પોતાનો શત્રુ છે એ વાત રાજવાહને મનમાં રાખી. પોતાના બાપનું રાજ મગધદેશ માનસાર રાજાએ જીતી લીધો હતો. એ વાત કોઈને જાણવા દેવી નહોતી.

માનસાર રાજા ઘરડો થયો હતો. મગધમાં તેનો સૂબો રાજ કરતો હતો. પોતે ઉજ્જનમાં રહેતો હતો. તેનો બનેવી ચંડ હતો. તે બધું રાજકાજ કરતો હતો. આ ચંડ ભારે કપટી હતો. રાજમાં પોતાની સત્તા જમાવી દીધી હતી.

રાજા માનસારને દીકરો નહોતો, એક કુંવરી હતી. રાજાએ નક્કી કર્યું હતું કે કુંવરીને પરણાવીશું. જમાઈને રાજગાદી આપી દઈશું.

કુંવરીને પરણાવવી છે પણ કોઈ રાજકુમાર મળતો નથી. રાજાએ સ્વયંવર ગોઠવ્યો. દેશ પરદેશના રાજાઓને કંકોત્રીઓ મોકલી કે જે કોઈ રાજકુમાર સ્વયંવરમાં જીતશે તેને અમારી કુંવરી પરણાવીશું. અમારું રાજપાટ તેને મળશે.

સ્વયંવરનો દિવસ નક્કી થઈ ગયો. દેશના અને પરદેશના ઘણા ઘણા રાજકુમારો આવી પહોંચ્યા.

નગર બહાર મોટું મેદાન તૈયાર કર્યું. સ્વયંવરને દિવસે રાજા માનસાર ત્યાં જઈને બેઠા. રાજકુમારો પણ ગોઠવાઈ ગયા.

હવે હરીફાઈ ચાલી.

એક હાથી ઊભો રાખ્યો. તેના ગળામાં દોરડું નાખ્યું હતું. તે દોરડાના છેડા પાછળ હતા. તે છેડા ખેંચવાના અને હાથીને એક પગલું પણ આગળ જવા દેવો નહિ.

આવું બળ હોય કે હાથીને રોકી દે! તોય બળિયા રાજકુમારો તૈયાર થઈ ગયા. એક પછી એક આવ્યા. દોરડું ખેંચ્યું. પણ કોઈ હાથીને રોકી શક્યું નહિ. ત્યારે પુરપાટ કરતો એક ઘોડો મેદાનમાં આવ્યો. ઘોડા પર એક સવાર બેઠો હતો. તેના મોઢા ઉપર લાલ રંગનો ટોપો હતો. મોઢું અને માથું ઢંકાઈ ગયા હતા. તેણે રેશમી પીતાંબર પહેર્યું હતું. તે ઘોડા પરથી નીચે કૂદી પડ્યો. તેણે હાથીના દોરડા પકડી લીધા. હાથી ચાલવા ગયો. તેણે દોરડા ખેંચી રાખ્યા. હાથી જરા પણ ચસ્કી શક્યો નહિ. પરંતુ તે અજાણ્યા માણસે દોરડાં જોરથી ખેંચ્યાં કે હાથી બે પગલાં પાછળ ખેંચાઈ ગયો.

લોકોએ તાળીઓ પાડી.

રાજા અને બીજા માણસો પણ વાહ વાહ બોલી ઊઠ્યાં.

હવે બીજી હરીફાઈ.

ઊંચો ઊંચો વાસ.

વાંસની ઉપર ચાર છેડાની ચકરડી ફરે. તેને ચારછેડે ચાર રંગનાં લખોટા ચોંટાડ્યા હતા. તેમાં એક લખોટો લાલ રંગનો હતો. તે ચકરડી ફરે અને તે લાલ રંગનો લખોટો વીંધી નાખવાનો.

ભારે અઘરું કામ. અર્જુને મચ્છવેધ કર્યો હતો. તેમાં તો એક માછલી જ ફરતી હતી. પરંતુ આમાં તો ચાર છેડાની ચકરડી ફરે છે. તેના ચાર છેડા પર ચાર લખોટા છે. તેમાંથી એક લખોટાને વીંધી નાખવાનો. એ કામ તો મચ્છવેધ કરતાં પણ અઘરું.

તોય કેટલાય રાજકુમારો ઊભા થયા. ધનુષ્યબાણ લઈને લખોટો વીંધવા સાહસ કર્યું. કોઈથી લખોટો વીંધાયો નહિ. ત્યારે પેલા લાલ બુરખાવાળા માણસે બાણ લીધું. તીર ચડાવ્યું અને નિશાન તાક્યું. તીર છોડી દીધું. લખોટો વીંધાઈ ગયો. વાહ વાહ બોલાવા માંડી. એ બુરખાવાળો રાજવાહન હતો.

ઘણી હરીફાઈઓ થઈ. તે બધામાં રાજવાહન પહેલો આવ્યો. તેને કોઈ જીતી શક્યું નહિ.

રાજા માનસાર ઘણા રાજી થયા. તેમણે ઊભા થઈને કહ્યું કે આ શૂરવીર માણસે બધાને હરાવ્યા છે. તેની જીત થઈ છે. અમારી રાજકુંવરી તેને પરણાવીશું. હવે તે શૂરવીર પોતાનું મોઢું બતાવે કારણ કે એક શરત એવી હતી કે જીતનાર રૂપાળો હોવો જોઈએ.

રાજવાહને પોતાના મોઢા ઉપરથી બુરખો હટાવી દીધો. તેનું રૂપ પણ બધામાં ચડે એવું હતું. રાણીજી તો ઘણાં રાજી થયાં કે જેવો શૂરવીર છે એવો જ રૂપાળો વર મારી કુંવરીને મળ્યો છે.

હવે નિયમ પ્રમાણે રાજકુંવરી ફૂલમાળા લઈને આવી. તે ફૂલમાળા રાજવાહનને પહેરાવવાની હતી.

રાજા માનસારનો બનેવી અને રાજનો પ્રધાન ચંડ ભારે કપટી હતો. તેણે વિચાર કર્યો કે, આ શૂરવીર જુવાન રાજાનો જમાઈ થશે તો રાજમા મારું કશું ચાલશે નહિ. કોઈ પણ રીતે તેને રાજકુંવરી ન પરણે એવું કરવું જોઈએ. તેવો ઉપાય મળે તો કામ બને. ચંડ ભારે કપટી નીકળ્યો. રાજકુમારી માળા લઈને રાજવાહન પાસે પહોંચી ગઈ હતી.

ત્યાં ચંડ ઊભો થયો અને બોલ્યો : રહેજો. માળા ન પહેરાવશો.

રાજા કહે : કેમ?

ચંડ બોલ્યો : એક નિયમ બાકી છે.

રાજા કહે : શું?

ચન્ડ કહે : એક નિયમ એવો છે કે હરીફાઈમાં ઊતરનાર અને જીતનાર રાજકુમાર હોવો જોઈએ. આ જુવાન કોણ છે તે આપણે જાણતા નથી. રાજા ચૂપ થઈ ગયા. વાત સાચી હતી.

રાજાએ રાજવાહનને પૂછ્યું : કહો જુવાન! તમે કોણ છો?

રાજવાહન મુંઝાયો. કહે કે, પોતે મગધનો રાજકુમાર છે તો તો રાજાને રીસ ચડી જાય. મગધના રાજા હંસવાહન પોતાના શત્રુ હતા. તે જીવતા છે કે મરી ગયા છે તે પણ કોઈ જાણતું નહોતું.

રાજવાહન બોલ્યો : આ પ્રશ્નમાં મારું અપમાન છે. એ નિયમ તો સૌ કોઈ જાણે છે કે રાજકુમાર હોય તે જ હરીફાઈમાં ઊતરે તે નિયમ હું જાણું છું. જો હું રાજકુમાર ના હોઉં તો આ હરીફાઈમાં ઉતરું જ નહિ.

ચંડ બોલ્યો : તો કહો કે તમે ક્યાંનાં રાજકુમાર છો?

હવે રાજવાહન વિચારમાં પડ્યો. પોતે ક્યાનાં રાજકુમાર છે તે કહેવું તો જોઈએ જ.

રાજવાહન બોલ્યો : રાજા વચન આપે કે પોતે રીસ નહિ કરે. ક્યાંનો રાજકુમાર છું એ જાણ્યા પછી પોતાનું વચન ફોક ન થવા દે.

રાજા કહે : હું સોગન ખાઉં છું.

રાજવાહન બોલ્યો : હું મગધનો રાજકુમાર છું. મારું નામ રાજવાહન છે. આ વાત સાંભળતા જ રાજા ચમકી પડ્યા. પણ પોતે વચન આપી દીધું છે.

ચંડ બોલી ઊઠ્યો : મગધના રાજા તો હવે શ્રીમાન માનસાર છે. રાજા હંસવાહન જીવતા હોય તો પણ તે મગધના રાજા ન ગણાય. માટે રાજવાહન રાજકુમાર ન ગણાય.

ચંડના માનીતા લોકોએ પણ આ વાતમાં હા પુરાવી.

ત્યાં તો રાજકુમારીએ રાજવાહનના ગળામાં માળા પહેરાવી દીધી. તરત જ ત્યાંથી રાજકુમારી ચાલી ગઈ. રાણી માતાને એક વાત કહી. રાણી માતાએ જાહેર કર્યું કે, મગધના મૂળ રાજા તો હંસવાહન જ ગણાય. તેથી તેના કુમાર રાજકુમાર કહેવાય એ વાત તદ્દન સાચી છે. હવે અમારી કુંવરી તેને જ પરણાવીશું.

ચંડ ચૂપ થઈ ગયો. ધામધૂમથી રાજકુંવરીને રાજવાહન સાથે પરણાવી.

રાજા માનસાર વેર ભૂલી ગયા. રાજવાહનના પિતા હંસવાહનને સમાચાર મોકલ્યા. તેઓ આવી પહોંચ્યા. તેમને મગધનું રાજ પાછું આપ્યું. ઉજ્જનની રાજગાદી રાજવાહનને આપી. રાજા માનસાર અને રાણી તીરથ કરવા ચાલ્યા ગયા.

રાજવાહને ચારે દિશામાં માણસો મોકલ્યા. પોતાના બધા ભાઈબંધોને શોધી કાઢ્યા.

ખાધું, પીધું ને રાજ કીધું. ■

## દાલ રોટી ખાઓ - પ્રભુકે ગુણ ગાઓ

**(અનુસંધાન : પાના નં.-૮૧ ઉપરથી ચાલુ)**

ઉત્તર પ્રદેશના કાનપુરમાં સપ્ટેમ્બર ૧૯૮૩માં સ્થપાયેલી ભારતીય કંઠોળ સંશોધન સંસ્થા છે જે દાળની નવી નવી જાતોના પાક તૈયાર કરવાના કામમાં લાગેલી છે. આવી બીજી એક રાષ્ટ્રીય સંસ્થા મધ્ય પ્રદેશના ભોપાલમાં માર્ચ ૨૦૧૩ માં સ્થપાઈ છે. આજે આવશ્યકતા છે કે, આ પ્રકારની વધુ સંસ્થાઓની શરૂઆત થાય, જેથી વધુ ને વધુ કૃષિ વૈજ્ઞાનિકો દાળના ઉત્પાદન વધારવાની રીતોને પ્રકાશમાં લાવી શકે. વધુ ઉત્પાદન આપતી દાળની નવી જાતો સંશોધન સંસ્થાઓ તૈયાર કરે છે, તેને ખેડૂતોમાં લોકપ્રિય બનાવવાની પણ જરૂરત છે અને દાળને વધુ વિસ્તારમાં ઉગાડવા ખેડૂતોને પ્રેરિત કરવા માટે સરળ લોન અને સરળ સહાય ઉપલબ્ધ કરાવવાની જરૂરત છે. દાળોનું ઉત્પાદન ઘટીને ૧૭ મિલિયન મેટ્રિક ટન થઈ ગયું છે, જ્યારે જનસંખ્યા સતત વધતી જ રહે છે. દાળ ન માત્ર સ્વાદ અને સ્વાસ્થ્યને માટે શ્રેષ્ઠ છે, બલકે એમાં એટલા પ્રકારના વ્યંજન બનાવવાની શક્યતાઓ છે કે એ આપણા ખાદ્ય ઉદ્યોગ માટે પણ એક મજબૂત આધાર છે. દાળની કેટલીક જાતો તો ફક્ત એક પ્રદેશમાં જ મળે છે અને બીજા પ્રદેશ સુધી પહોંચવા પણ પામતી નથી. આજે ફરીથી દાળ અને એના મહત્ત્વને જાણવા માટે સમગ્ર વિશ્વ એક સાથે છે અને ભારતે આ સમયે નેતૃત્વની ભૂમિકા ભજવવાની છે. વિશેષ વર્ષ ભારતીય કૃષિ વૈજ્ઞાનિકો માટે એક પડકાર પણ છે, તો અવસર (તક) પણ છે.

'જવાર ભાટા' ફિલ્મ (૧૯૭૩) નું રાજિન્દર ક્રિશ્નને લખેલું અને કિશોરકુમાર - લતામંગેશકરના ખંઠે ગવાયેલું આ ગીત પુનઃ પ્રાસંગિક થઈ ગયું હોય તેમ નથી લાગતું? "યે સમજો ઔર સમજાઓ, થોડીમેં મૌજ મનાઓ/દાલ-રોટીખાઓ, પ્રભુ કે ગુણ ગાઓ!"

*બી/૧, પ્લોટ નં. ૧૭૨, ઓધવવિલા,*
*આઇયાનગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩*
*મો. : ૯૪૨૮૮૧૯૪૫૩*

માહિતી

# દાલ રોટી ખાઓ – પ્રભુ કે ગુણ ગાઓ....

• સંજય પી. ઠાકર •

*'એક ટકાઉ ભવિષ્ય માટે પોષક બીજ' ના સૂત્ર સાથે સંયુક્ત રાષ્ટ્રો (યુએન) એ ૨૦૧૬ ના વર્ષને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ તરીકે જાહેર કર્યું છે અને યુએનની સંસ્થા 'ખાદ્ય અને કૃષિ સંગઠન' ને તેની ઉજવણી અને તેના અમલીકરણ માટે નેતૃત્વ સોંપાયું છે ત્યારે આ વિશેષ વર્ષના ઉદ્દેશો, કાર્યક્રમો અને પૌષ્ટિક તથા સ્વાસ્થ્યવર્ધક કઠોળ-દાળની દાસ્તાન પેશ છે...!*

ડિસેમ્બર ૨૦૧૩માં સંયુક્ત રાષ્ટ્રો (યુએન) ની ૬૮મી સામાન્ય સભાએ ૨૦૧૬ના વર્ષને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ તરીકે જાહેર કર્યું છે. 'એક ટકાઉ ભવિષ્ય માટે પોષક બીજ' સૂત્ર સાથે આ વર્ષ ઉજવાઈ રહ્યું છે. યુએનના એક અંગ ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) ને આ વિશેષ વર્ષનું નેતૃત્વ સોંપાયું છે, જે સભ્ય દેશોની સરકારો, સંબંધિત સંગઠનો, બિનસરકારી સંગઠનો અને બીજા બધા સંબંધિત પક્ષકારો સાથે મળીને અમલીકરણ કરે છે.

આ ખાસ વર્ષનો ઉદ્દેશ એ છે કે, ખાદ્ય સુરક્ષા અને પોષણ મૂલ્યના મુદ્દાને ધ્યાનમાં રાખીને ટકાઉ ખાદ્ય ઉત્પાદનના ભાગ તરીકે કઠોળના પોષક લાભો અંગે ઉચ્ચત્તમ લોકજાગૃતિ ઊભી કરવી. આ વર્ષની ઊજવણી, કઠોળ આધારિત પ્રોટીનના બહેતર ઉપયોગવાળી ખોરાક સાંકળના સમગ્ર જોડાણોને પ્રોત્સાહન પૂરું પાડવા, કઠોળના વધુ વૈશ્વિક ઉત્પાદન, પાક ફેરબદલાવના સારા ઉપયોગ અને કઠોળના વેપાર પડકારોને ઉજાગર કરવાની અનન્ય તક પૂરી પાડે છે.

આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષની અપેક્ષા છે કે, પ્રોટીનના એક પ્રાથમિક સ્રોત અને અન્ય આવશ્યક પોષક તત્ત્વો તરીકે કઠોળ પ્રતિષ્ઠિત થશે. આ વર્ષ વ્યાપક ચર્ચાને પ્રોત્સાહન આપીને રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈશ્વિક કક્ષાએ જાગૃતિ આણશે તથા કઠોળ પકવતા ખેડૂતો જે પડકારોનો સામનો કરી રહ્યા છે તેને સમજશે. ભલે તે મોટા પાયે ખેતી કરતા ફાર્મ ધરાવતા હોય કે નાના જમીનધારકો હોય. આ ઉપરાંત નૂતન અભિગમ (નવાચાર), બજાર વૃદ્ધિ અને ટકાઉપણું, ઉત્પાદકતા અને પર્યાવરણીય ટકાઉપણું જેવી બાબતો આ વર્ષ સાથે સંકળાયેલી છે.

કઠોળ એ સ્વસ્થ અને સમતોલ આહારનો એક ભાગ છે અને કેન્સર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી બીમારીઓથી બચવા તેની મહત્ત્વની ભૂમિકા દેખાય છે. કઠોળ પ્રોટીનનો ઓછી ચરબીવાળો સ્રોત છે. આ વર્ષની સત્તાવાર ઊજવણી જનજાગૃતિ ઊભી કરવા અને કઠોળ, ચણા, મસૂર અને અન્ય કઠોળની વિશ્વસ્તરે ખોરાકમાં મહત્ત્વની ભૂમિકાને ઉજાગર કરવાની તક પૂરી પાડે છે.

એ વાતને નજરઅંદાજ પણ ન કરી શકાય કે, આજે આપણા દેશમાં દર ત્રીજી વ્યક્તિ ગરીબીની રેખાથી નીચે જીવી રહી છે અને હાલ તો આપણી પ્રાથમિકતા એ વ્યક્તિને રાહત દેવાની અને એને સ્વમાનભેર દાળ-રોટી ખાવામાં મદદ કરવાની છે. એમાં સૌથી મોટી કસોટી છે, વધતી જતી મોંઘવારી પર અંકુશ મેળવવાની. એક બાજુ દાળોના ભાવ આકાશને આંબી રહ્યા છે તો બીજી તરફ લાગે છે કે, સામાન્ય માણસને દાળ-રોટીનો સાથ છોડવો પડશે. ધનિક વર્ગની પસંદગીના ઉત્પાદન (જેવા કે કાર, સોનું વગેરે) સસ્તા થઈ રહ્યા છે પરંતુ ગરીબોની પસંદગીનું ઉત્પાદન કઠોળ મોંઘું થઈ રહ્યું છે. જો આ જ રીતે દાળના ભાવ વધતા રહ્યા તો દાળને લોકો કેસરની જેમ વાપરશે અને 'દાળ-રોટી' ધનવાનોનું ભોજન બની રહેશે. વર્ષ ૨૦૧૬ આંતરરાષ્ટ્રીય વર્ષ છે કઠોળનું; કહો કે દાળનું. આખી દુનિયામાં દાળનો સૌથી વધુ ઉપયોગ - ઉપભોગ આજે પણ ભારતમાં જ થાય છે. કયું કારણ છે દાળના ભાવમાં સતત વધારાનું? અફસોસ એ છે કે, દાળનું ઉત્પાદન ઓછું થઈ રહ્યું છે, કારણ કે દાળની જગ્યાએ ખેડૂત અન્ય વ્યવસાયિક પાકોને ઉગાડવા લાગ્યા છે. દાળનો વપરાશ પણ ઓછો થઈ રહ્યો છે.

૧૯૫૧માં વ્યક્તિદીઠ લગભગ ૬૦ ગ્રામનો પ્રતિદિનનો વપરાશ હતો, જે હવે ઘટીને અડધો રહી જવા પામ્યો છે. દાળનો વપરાશ ઓછો થવાના બે કારણ છે : વધતા ભાવ અને બદલાતો વપરાશ. ગયા વર્ષે દાળના ઉત્પાદનમાં ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો. તેને લીધે આયાતને વધારવી પડી. ભારતમાં અલગ અલગ જગ્યાએ અલગ અલગ જાતની દાળની ખેતી થાય છે અને અલગ અલગ પ્રકારની દાળના વપરાશનું ચલણ છે. પૂર્વીય ભારતમાં મસૂરની દાળ, દક્ષિણમાં અડદ દાળ, મધ્ય ભારતમાં ચણા અને મગદાળ, ઉત્તરીય ભારતમાં તુવેરદાળ તો પશ્ચિમી ભારતમાં મઠ વધુ પ્રચલિત છે. નવી પેઢીમાં દાળ પ્રત્યે લગાવ ઓછો થઈ રહ્યો છે. આપણને દાળને ફરીથી લોકપ્રિય બનાવવી પડશે. એક સમયે દાળ લોકોના ભોજનનો ચોથા ભાગનો હિસ્સો હતી. હવે દાળની જગ્યાએ અન્ય ખાદ્ય પદાર્થનો ઉપયોગ થઈ રહ્યો છે. પરંતુ દાળની પૌષ્ટિકતા અને સ્વાસ્થ્યવર્ધક ગુણોનો કોઈ મુકાબલો કરી શકે તેમ નથી.

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૦ ઉપર)

# ભણતર

(લઘુકથા)

**– નટવર આહલપરા**

મેડિકલના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા એકના એક પુત્ર મયંકે ગળા ફાંસો ખાધો. પથ્થરો પીગળ્યા. શોકનો સાગર ઊછળ્યો. પિતા પ્રાધ્યાપક, માતા શિક્ષિકા. બંને અવાચક.

મયંકનું બેસણું. તેનાં માતા-પિતાની એક જ રટણા : "અમે ક્યાં કોઈનું બગાડ્યું છે? કુદરતનો આ તે કેવો ન્યાય?' ચાર-પાંચ દિવસ પસાર. મયંકનાં મા-બાપ સંત આશ્રમમાં. સંતના ચરણે. સંતે સાંત્વના આપતાં કહ્યું : 'આખરે ભણતરનો અર્થ તો એ છે કે માણસ જીવનના સંકટોમાંથી હેમખેમ પાર ઊતરે અને એવી રીતે નીકળે કે કોઈનું બૂરું ન કરે.'

આ અભણ, આ ભણેલા, આ પાસ, આ નાપાસ એના ધોરણ પણ કેટલા તુચ્છ અને તકલાદી છે!

નિશાળની અંદર આવું કેમ? ઔરંગઝેબ ૧૭૦૭ની સાલમાં મરી ગયો. તે હકીકતની ઈતિહાસમાં કિંમત છે, તે હું જાણું છું, સૌ જાણે છે. પણ એ એટલી મોટી કિંમત નથી કે, જેને કારણે વિદ્યાર્થીની આત્મશ્રદ્ધાનો નાશ કરી નાખવામાં આવે! એને ૧૭૦૭ની સાલ ન આવડી તેથી કાંઈ એ જીવનમાં હારી નથી બેઠો. બે અક્ષર ન આવડતા હોય, તો માણસ જીવનમાં નાપાસ થતો જ નથી. શું જીવન શબ્દોનું ગુલામ છે? 'જીવન ટકે છે આત્મશ્રદ્ધા, સામાજિકતા અને વિનય ઉપર.' સંતની વાત પૂરી. છાનાં ધ્રુસકે-ધ્રુસકાં. મયંકનાં માતા-પિતા સંતના ચરણમાં, 'મહારાજ, અમારા પેટને મેડિકલ લાઈનમાં નહોતું જાવું છતાં અમે...!?'

*લાકડામાં રહેલો અગ્નિ લાકડાને બાળે છે તેમ પોતામાં રહેલી ઈર્ષ્યા અને ક્રોધ પોતાને જ બાળે છે.*

## દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરતી ડ્રગબેંક

**(અનુસંધાન : પાના નં.-૬૩ ઉપરથી ચાલુ)**

પણ બંને વચ્ચેની કડી નબળી રહી જાય છે. જો કે મુંબઈથી કુલીનભાઈ લુઢિયા જેવા દાતાઓ સમયાંતરે પોતાના ખર્ચથી પાર્સલ કરી દવાઓ મોકલી દર્દીઓની જરૂરિયાતોને સમજે છે. આથી ડ્રગબેંકથી માનવ જ્યોત ઝળહળે છે.

ડ્રગ બેંકમાં દવા લેવા આવતા દર્દીઓને જૂના પ્રિસ્ક્રિપ્શન મુજબની દવાઓ અપાતી નથી પરંતુ ભગવાનનું કામ પૂજાભાવથી થાય છે. તેથી ૧૧ વર્ષમાં એક પણ દર્દીને દવાનું રિએક્શન આવ્યાનું જાણમાં નથી. કોઈ દર્દીને દવા જોઈતી હોય ત્યારે જ કોઈ દાતા દવાઓ લઈ આવે તેવા ચમત્કારિક સત્યનું દર્શન અહીં વારંવાર થાય છે. ડ્રગબેંક એટલે સ્વાસ્થ્યનું અન્નકૂટ.

રૂા. ૫૫૦૦/-ની પડતર કિંમત ઉપરની દવાની એમઆરપી રૂા. ૨૫૫૦૦/- છપાય છે અને બીમાર માણસના ખિસ્સાનો ૪૦ ટકા હિસ્સો સરકારી વહીવટના નિભાવ માટે કાયદાના નામે ખેંચાઇ જાય છે.

આવી બેધારી કલ્યાણ નીતિ સામે ભાવનગરની સેવાભાવી સંસ્થા શરીરના રોગીઓને ઈશ્વરભક્તિના ભાવથી મદદરૂપ થાય છે. સાથે પર્યાવરણ જાળવણીનું કામ પણ કરે છે. ડ્રગબેંકના સેવા કર્મીઓની ભાવના છે કે એક પેથોલોજી લેબોરેટરી દ્વારા દર્દીઓને પ્રામાણિક અને વાજબી સેવા મળે.

ધર્મપદમાં ભગવાન બુદ્ધે કહ્યું છે, માનવશરીરને બે જ દુઃખ પહોંચે છે : એક શરીરનું અને બીજું ભૂખનું. બાકી દુઃખ મનનાં હોય છે. આ સત્ય-તત્ત્વને સમજી શ્રી હર્ષદભાઈ અને તેમના સ્વર્ગવાસ પછી સેવાભાવી સાથીઓ યજ્ઞવાસ થકી ઈશ્વરના પ્રસાદ સમા માનવ શરીરની કાળજી લેવાનું કામ કરે છે જે બીજા શહેરમાં પણ થવું ઘટે.

*(સૌજન્ય : પંગુ મિત્ર)*

## NanoNine™ Sudoku

***શરતો :***

*(૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*

*(૨) ૧થી ૯ના આંકડા ૩ X ૩ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

*એપ્રિલ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૨ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | શ્રેયા છેડા | - અમદાવાદ |
| ૨. | ઝરણા પારેખ | - અમદાવાદ |
| ૩. | નીના ગોરજી | - અમદાવાદ |
| ૪. | જયસુખ સંઘવી | - અમદાવાદ |
| ૫. | ધર્મિષ્ઠા શાહ | - અમદાવાદ |
| ૬. | આરતી મૈશેરી | - અમદાવાદ |
| ૭. | ભાવના શાહ | - અમદાવાદ |
| ૮. | શાંતિલાલ શાહ | - અમદાવાદ |
| ૯. | મુકુંદ શાહ | - અમદાવાદ |
| ૧૦. | જયેશ મહેતા | - અમદાવાદ |
| ૧૧. | દિનેશ વોરા | - અમદાવાદ |
| ૧૨. | અલ્કા વોરા | - અમદાવાદ |
| ૧૩. | વિનોદ મહેતા | - અમદાવાદ |
| ૧૪. | જયંતીલાલ મહેતા | - અમદાવાદ |
| ૧૫. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૧૬. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૧૭. | ચંદ્રા શાહ | - અમદાવાદ |
| ૧૮. | હર્ષ પરીખ | - અમદાવાદ |
| ૧૯. | કશિશ શાહ | - અમદાવાદ |
| ૨૦. | સરોજ શાહ | - અમદાવાદ |
| ૨૧. | કલ્પના પાલાણી | - અમદાવાદ |
| ૨૨. | પ્રભા શેઠિયા | - વલસાડ |
| ૨૩. | હેમલતા દેઢિયા | - અડાલજ |
| ૨૪. | નયન મોમાયા | - અંકલેશ્વર |
| ૨૫. | સંકેત મહેતા | - ભુજ |
| ૨૬. | હર્ષદ ગાંધી | - બેંગ્લોર |
| ૨૭. | ઉષા સંઘવી | - રાઉરકેલા |
| ૨૮. | ચંદન શાહ | - અગાસ |
| ૨૯. | સરોજ ચંદુરા | - સુરત |
| ૩૦. | ત્રિશા પારેખ | - સિકંદ્રાબાદ |
| ૩૧. | કેતકી ગાલા | - મુંબઈ |
| ૩૨. | લતા મોમાયા | - પૂના |
| ૩૩. | મૂલકુમારી લાલકા | - ગદગ |

*ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. ત્રિશા પારેખ - સિકંદ્રાબાદ

૨. જયસુખ સંઘવી - અમદાવાદ

૩. કેતકી ગાલા - મુંબઈ

# પૃથ્વીનાં અદ્‌ભુત રહસ્યો

• સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ •

૧. બ્રહ્માંડમાં આપણા માટે રહેવાલાયક કોઈ ગ્રહ હોય, તો તે છે પૃથ્વી. તારામંડળમાં એવા કરોડો ગ્રહો છે જ્યાં સંભવિત પૃથ્વી જેવી જ માનવ વસવાટ લાયક પરિસ્થિતિ હોય. પરંતુ તેમના સુધી પહોંચવું એ હજી માનવ પહોંચની બહાર છે. વળી, શું આ બ્રહ્માંડમાં આપણે એકલા છીએ કે અન્ય ગ્રહો પર પણ માનવ વસતિ છે? જેને ઍલિયન તરીકે વારંવાર સંબોધાય છે, તે ખરેખર અસ્તિત્વ ધરાવે છે કે કેમ એ કોયડો પણ ઉકેલવાનો બાકી છે. નાસાના વૈજ્ઞાનિકોનો એવો દાવો છે કે હાલ થઈ રહેલા રિસ્ચ અને ડેવલપમેન્ટ દ્વારા વર્ષ ૨૦૨૫ સુધી પણ આ વાતનો નિર્ણય થઈ જશે. આપણો પૃથ્વી ગ્રહ પણ અનેક રહસ્યોથી ભરપૂર છે.

૨. એવી ધારણા છે કે પૃથ્વીની ઉત્પત્તિ ૪.૫ બિલિયન વર્ષ પહેલાં થઈ છે (૧ બિલિયન એટલે ૧ અબજ). શરૂઆતમાં પૃથ્વી પણ મંગળ કે અન્ય ગ્રહો જેવી વેરાન પરિસ્થિતિ ધરાવતી હતી. પૃથ્વી પર સૌપ્રથમ જીવસૃષ્ટિના રૂપમાં આશરે ૩.૫ બિલિયન વર્ષ પહેલાં બેક્ટેરિયાની ઉત્પત્તિ થઈ. આ પ્રજાતિ આગળ જતાં વિકસિત થઈ પ્રકાશ સંશ્લેષણની ક્રિયા દ્વારા પૃથ્વી પર ઑક્સિજન અને સજીવોને રહેવાલાયક વાતાવરણનું નિર્માણ કરતી થઈ. પ્રથમ જીવ સ્વરૂપ આ બેક્ટેરિયા ક્યાંથી આવ્યા એ પણ રહસ્ય છે. કેટલાક વૈજ્ઞાનિકોનું માનવું છે કે પૃથ્વી પર સજીવ સૃષ્ટિની રચના કરવા પાછળ અન્ય ગ્રહો જવાબદાર છે. અર્થાત્ અન્ય ગ્રહો પર જીવો કે જેને આપણે ઍલિયન તરીકે ઓળખીએ છીએ, તેઓએ પૃથ્વી પર જીવસૃષ્ટિ મોકલી.

૩. પૃથ્વી પર મનુષ્ય અવતારની શરૂઆત ૧.૮ મિલિયન વર્ષની આસપાસ થઈ હતી. માનવીની શરૂઆત પણ પરગ્રહવાસીઓની દેન છે એવી એક થિયરી વિકસિત થઈ રહી છે. કેટલાક સંશોધકોનું એવું માનવું છે કે આપણે આ પૃથ્વીના નથી. બીજા કોઈક ગ્રહ પરથી આપણને અહીં લાવવામાં આવ્યા છે. તો અન્ય એક માન્યતા મુજબ આપણી પૃથ્વીની અંદર અન્ય બીજી એક પૃથ્વી છે, જ્યાં શરૂઆતથી સજીવ સૃષ્ટિ હતી અને આપણે તેમાંથી જ બહાર આવ્યા છીએ. આજ દિન સુધી ન તો આપણે પૃથ્વીના પેટાળમાં જઈ શક્યા છીએ, અને ન તો અન્ય એવા ગ્રહ શોધી શક્યા છીએ કે જ્યાંથી સંભવિત આપણી ઉત્પત્તિ થઈ હોય. આમ છતાં, બ્રહ્માંડમાં એવા કેટલાક ગ્રહો જોવા મળ્યા છે કે જેની રચના અને વાતાવરણ પૃથ્વી જેવા જ હોય અને કદાચ ત્યાં આપણા જેવા જ લોકો રહેતા હોય.

૪. પૃથ્વીનું કેન્દ્ર સૂર્યની સપાટી જેટલી જ ગરમી ધરાવે છે. પૃથ્વીના કેન્દ્રનું તાપમાન ૫,૪૩૦ ડિગ્રી સેલ્સિયસ છે. તેના પેટાળમાં સમગ્ર દુનિયામાં જેટલા સમુદ્રો છે તેના કરતાં પણ અનેકગણું પાણી છે અને અતિશય ઊંચા તાપમાનને કારણે અહીં પાણીમાંથી સોનું પણ બનતું જાય છે. પેટાળમાં એટલું સોનું રહેલું છે કે જો તેને પૃથ્વીની ફરતે વીંટાળવામાં આવે તો સંપૂર્ણ પૃથ્વીની ફરતે ૧.૫ ફૂટ જાડાઈ ધરાવતી સોનાની ચાદર વીંટાળી શકાય.

૫. સોવિયટ યુનિયન (રશિયા) દ્વારા પૃથ્વીમાં સૌથી ઊંડું ડ્રીલિંગ કરવામાં આવ્યું છે. કોલા સુપરડીપ બોરહોલ નામથી જાણીતું આ ડ્રીલિંગ ૧૯૭૦થી ૧૯૮૯ સુધી ચાલ્યું હતું. આ ડ્રીલિંગ દ્વારા ૧૨,૨૬૨ મીટર (૪૦,૨૩૦ ફૂટ) ઊંડી ટનલ ખોદવામાં આવી છે. પરંતુ એટલી ઊંડાઈ પર ૧૮૦ ડિગ્રી સેલ્સિયશ જેટલું તાપમાન હોઈ ડ્રીલિંગ બીટ ચાલી શકે તેમ ન હતી અને ડ્રીલિંગ બંધ કરવામાં આવ્યું.

૬. પૃથ્વી પર એક દિવસ પૂરા ૨૪ કલાકનો નથી પરંતુ પૃથ્વીને પોતાની ધરી પર ફરતાં ૨૩ કલાક, ૫૬ મિનિટ અને ૪.૧ સેકંડ લાગે છે.

૭. પૃથ્વી પર દરરોજ ક્યાંક ને ક્યાંક ૧૦થી ૨૦ જેટલા જ્વાળામુખી ફૂટે છે. પૃથ્વી પર દર વર્ષે ૫,૦૦,૦૦૦ જેટલા ભૂકંપ સર્જાય છે જે પૈકી ૧,૦૦,૦૦૦ જેટલા ભૂકંપ અનુભવી શકાય છે અને તે પૈકી ૧૦૦ જેટલા ભૂકંપ નુકસાન પહોંચાડે છે.

૮. પૃથ્વી પર સૂકો પ્રદેશ જો કોઈ હોય તો એ છે ચીલીનો એટકમાં રણ છે, જ્યાં ક્યારેય વરસાદ નથી પડ્યો. જ્યારે સૌથી વધુ વરસાદ ધરાવતા પ્રદેશ તરીકે ભારતના મેઘાલયનો મોસિનરમ ગામ છે જ્યાં વાર્ષિક ૧૧,૮૭૨ મિ.મિ. વરસાદ પડે છે. પૃથ્વી પર સૌથી વધુ ઠંડો પ્રદેશ એન્ટાર્કટીકાનો ઊંચાઈવાળો ભાગ છે જેનું તાપમાન માઈનસ ૯૩.૨ સેલ્સિયસ સુધી પહોંચે છે. પૃથ્વી પર સૌથી વધુ ગરમ પ્રદેશ યુ.એસ.એ.ના કેલિફોર્નિયાની ડેથ વૅલી છે જ્યાંનું તાપમાન ૫૬.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. કેટલાક વૈજ્ઞાનિકોના અનુસાર નાસાના સેટેલાઈટ દ્વારા ઈરાનના લટ રણ પ્રદેશમાં ૭૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું તાપમાન નોંધાયું છે.

૯. પૃથ્વીની ત્રિજ્યા ૬,૩૭૧ કિ.મી. છે જ્યારે સૂર્યની ત્રિજ્યા ૬,૯૬,૩૪૨ કિ.મી. છે. મતલબ કે સૂર્યની અંદર ૧.૩ મિલિયન પૃથ્વી સમાઈ શકે. પૃથ્વીની સપાટીનો વિસ્તાર ૫૧૦ મિલિયન ચોરસ કિ.મી. છે જે પૈકી ૩૬૧,૧૩૨,૦૦૦ ચો.કિ.મી. (૭૦.૮%)માં પાણી છે અને ૧૪૮,૯૪૦,૦૦૦ ચો.કિ.મી. (૨૯.૨%) ભાગમાં ખેતી અને રહેવાલાયક જમીન ભાગ, જંગલો, ગ્લેશિયર્સ અને રણ પ્રદેશો છે.

૧૦. માર્ચ ૨૦૧૬ની દૃષ્ટિએ પૃથ્વી પર માનવ વસતિ અંદાજિત ૭.૪ અબજ છે. યુનાઈટેડ નેશન્સની આગાહી છે કે આ સદીના અંત સુધી એટલે કે વર્ષ ૨૧૦૦ સુધી પૃથ્વીની કુલ વસતિ ૧૧.૨ અબજ થઈ જશે. માર્ચ ૨૦૧૬ સુધીના વિકીપેડિયાના આંકડાકીય સર્વે મુજબ હાલ સૌથી વધુ વસતિ ધરાવતા દસ દેશોમાં ચીન (૧.૩૭૫ અબજ), ભારત (૧.૨૮૬ અબજ), યુનાઈટેડ સ્ટેટ્સ (૩૨.૩૧ કરોડ), ઈન્ડોનેશિયા (૨૫.૭૯ કરોડ), બ્રાઝીલ (૨૦.૫૮ કરોડ), પાકિસ્તાન (૧૯.૨૬ કરોડ), રશિયા (૧૪.૧૮ કરોડ) અને જાપાન (૧૨.૬૭ કરોડ)નો સમાવેશ થાય છે.

*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

# JNUનો ઘટનાક્રમ શું સાબિત કરે છે?

• મહેન્દ્ર સાકરચંદ દોશી •

JNU માં ઘટેલી ઘટનાઓના ઘટનાક્રમના મુદ્દાઓ સામે ચાર્જશીટ મૂક્યા વગર શું સાબિત કરી શકાય? એટલે સૌપ્રથમ તો JNU શું છે, તેનું પૂરું નામ અને દેશના મીડિયાના માધ્યમમાં JNU કેમ છવાયેલું રહે છે? — જેવા પ્રશ્નો ઉપરાંત JNU માં ઘટેલી ઘટનાઓ કેવા પ્રકારની છે અને આ ઘટનાઓ JNU માટે લાયક કે પોષક છે — આવા પ્રશ્નોના પ્રત્યુત્તર મેળવવા માટે JNU માં ઘટેલી ઘટનાઓના ઘટનાક્રમ પર દૃષ્ટિપાત કરવો પડે, જાણવું પડે.

JNU — પૂરું નામ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (દિલ્હી). જેની સ્થાપના ૧૯૬૯માં દિલ્હી ખાતે થયેલ. આ યુનિવર્સિટી દેશની ઉચ્ચકક્ષાના દરજ્જાની શિક્ષણ સંસ્થા છે. નેશનલ એક્રેડિશન કાઉન્સિલે આ સંસ્થાને કુલ શ્રેષ્ઠતાના ૪ ગુણમાંથી ૩.૯ ગુણ આપી અને યુનિવર્સિટીને સન્માનિત કરેલ છે. આ યુનિવર્સિટીએ દેશના સૌથી વધુ આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. કેડરના વિદ્યાર્થીઓ આપેલ છે.

તો મહત્ત્વનો બીજો પ્રશ્ન — એવી તો કેવી ઘટનાઓ બની કે જે શિક્ષણ સંસ્થાનું નામ દેશના દરેક દૈનિકપત્રના પ્રથમ પાનાના હેડલાઈનનું સ્થાન પામી? આના જવાબ માટે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસના પાના ફેરવવા પડે અને ત્યારબદ તેના આધારે JNU માં ઘટેલી કેટલીક ઘટનાઓનું મૂલ્યાંકન કરવું પડે.

ભારતમાં લેનિનની સામ્યવાદી વિચારધારામાંથી જન્મેલી ડાબેરી વિચારધારાના ડાકલા આજદિન સુધી ધૂણતા રહ્યા છે. છેલ્લા કેટલાંય સમયથી સમગ્ર દેશના રાજકીય પરિષદમાં સાવ હાંસિયામાં ધકેલાઈ ગયેલી રાજનીતિની વામપંથી વિચારધારામાં રાષ્ટ્રના સીમાડા ઓળંગીને બહારની શ્રમપ્રધાન - માનવવાદી વિચારસરણીને પોષવા માટે દાયકાઓથી ડાબેપી તત્ત્વોને ઉત્સાહિત કરવા માટે JNU કેમ્પસને અડ્ડો બનાવ્યો છે. તો પછી પ્રશ્ન થાય, ડાબેરી એટલે કોણ? એ છે શું?

રશિયામાં લેનિને ઝારના આપખુદ શાસન સામે બગાવત કરી અને બોલ્શેવિક ક્રાંતિ સર્જી. કાર્લ માર્કસના અભિનવ રાજકીય વિચારને જગત સામે શોષણ અને અવ્યવસ્થા સામે શસ્ત્રો ઉઠાવવા પડ્યા. આ લેનિનની વિચારધારાએ ક્રાંતિ સર્જી અને સમગ્ર જગતમાં પ્રસરી ગઈ.

ભારતમાં આ સમયે બ્રિટિશ રાજ્ય હતું. અહિંસક લડતનો ગાંધી વિચાર પૂરેપૂરો વ્યાપક ન હતો. અસહકારની ચળવળ પાછી ખેંચવા માટે મજબૂર કરવાના પ્રયત્નો થયા. આ ઘટના આડકતરી રીતે ભારતમાં સામ્યવાદની હવા ઊભી કરવા માટે નિમિત્ત બની. આ સમયગાળા દરમિયાન ડાબેરી સામ્યવાદના પ્રભાવ હેઠળ આવવા લાગ્યા અને અતિ માનવતાવાદના પુરુષકર્તા મન્મથરાય રોયે લેનિનના સામ્યવાદ - માર્કસવાદને ભારતમાં સુગ્રથિત કરવાનો પ્રયત્ન કર્યો.

આ સમયની સાથોસાથ એ પણ જાણવું રસપ્રદ છે, કોંગ્રેસની સ્થાપના ૨૮મી ડિસેમ્બર, ૧૮૮૫ અને ૨૫મી ડિસેમ્બર, ૧૯૨૫ના રોજ સામ્યવાદી પક્ષની સ્થાપના થઈ. ભાજપ આ બંને પક્ષોના કટ્ટર દુશ્મન છે. ભાજપ કે જનસંઘ તેમની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો આઝાદીની લડાઈમાં કોઈ રોલ નહોતો — એ પણ નોંધવા જેવી હકીકત છે અને એ જાણવું પણ જરૂરી છે કે કોંગ્રેસ કે ડાબેરીઓ સ્વાતંત્ર્ય સંગ્રામના મુખ્ય સૂત્રધાર હતા.

ગાંધીજીએ સમયની માંગને ધ્યાનમાં રાખીને તેમણે હરિજન ઉદ્ધાર, ગ્રામ સુધારણા, શ્રમનું મહત્ત્વ જેવા કાર્યક્રમોને આઝાદીની લડાઈ સાથે જોડીને કોંગ્રેસના આંદોલનને છેવાડાના સ્તર સુધી વ્યાપક સમર્થન મેળવ્યું. જ્યારે સામ્યવાદી વિચારધારા બૌદ્ધિક વર્ગ પૂરતી જ સીમિત રહી. હકીકત એ પણ છે કે ભાજપ પોતાને રાષ્ટ્રવાદી ગણાવી, જમણેરી તરીકે ઓળખાવે છે. મૂળ વાત રાજકીય ચડસાચડસીની છે. જેમાં JNU જૂથના ડાબેરી પક્ષો પ્રેરીત વિદ્યાર્થી સંગઠનો સંકળાયેલા છે. કમનસીબે ભારતમાં રાજકીય તકવાદનું ઝેર છોડવામાં એકેય રાજકીય પક્ષ બાકાત નથી કે જેનો JNUના હોનહાર છાત્રોનો લાભ ઉઠાવવામાં પાછળ રહ્યા હોય.

રાજનીતિ એક એવો ભસ્માસુર છે, જ્યાં હાથ મૂકે ત્યાં કટુતા પ્રસરી જાય. JNU પર રાજનીતિની કુદૃષ્ટિ પડી છે, જેની શરૂઆતની ઘટના, મૂળ કાશ્મીરી આતંકવાદી અફઝલ ગુરુની મૃત્યુતિથિએ યોજાયેલ શ્રદ્ધાંજલી કાર્યક્રમનો JNU ના કેમ્પસમાં આયોજન કરે જેની સામે કેટલાક વિરોધ પ્રદર્શનો થયા.

અહીં આ અફઝલ ગુરુનો ઇતિહાસ જાણવા જેવો છે. દેશની સંસદસભા પર આત્મઘાતી હુમલા કરવાની સાજીશનો રચયિતા હતો. આથી દેશની સર્વોચ્ચ અદાલતે આતંકવાદી જાહેર કરેલ અને ફાંસીની સજા પણ કરેલ હતી.

આ ઘટના બાદ JNU કેમ્પસમાં રાષ્ટ્ર વિરોધી ઘટેલી કેટલીક ઘટનાઓનું સંક્ષિપ્તમાં વિહંગાવલોકન કરીએ તો —

૧. ૧૯૯૦માં JNU ના કેમ્પસમાંથી શાહબુદ્દીન ઘોરી - આતંકવાદી પકડાયો.

૨. ૧૯૯૬માં AISA (એ.આઈ.એસ.એ.) JNU ના વિદ્યાર્થીઓને સંબોધવા કાશ્મીરથી આતંકવાદીઓને બોલાવેલ હતા. આલબત્ત, R.S.S. એ JNU ના કેમ્પસમાં

આ કાર્યક્રમ થવા ન દીધો.

૩. ૨૦૦૦માં ડાબેરીઓએ JNU કેમ્પસમાં ભારત વિરોધી શાયરીની રજૂઆત કરવા માટેના મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું. આને અટકાવનાર, લશ્કરના બે જવાનોને માર મારીને ઘાયલ કર્યા.

૪. ૨૦૦૯માં છત્તીસગઢના દંતેવાડામાં ત્રાસવાદી જૂથોએ માર્કસવાદી કોમ્યુનિસ્ટોએ JNU ના કેમ્પસમાં રાષ્ટ્રધ્વજને બાળીને ઉજવણી કરી હતી.

૫. JNU કેમ્પસની દીવાલો પર નાગાલેન્ડ, મણિપુર, આસામ, કેરાલા અને કાશ્મીરને આઝાદી આપવાના સમર્થન કરતાં પોસ્ટર લગાડવામાં આવ્યા.

૬. શિક્ષણ ક્ષેત્રમાં સંઘે શાળાઓના પાઠ્યપુસ્તકોમાં પોતાની વિચારધારાના પ્રસારણ કરવા માટે પાઠ્ય પુસ્તકોમાં ભગવા રંગનો પીંછડો માર્યો. એટલું જ નહીં પણ શાળાઓ અને યુનિવર્સિટીમાં શક્ય હોય ત્યાં પ્રિન્સિપાલો અને વાઈસ ચાન્સેલરોની નિયુક્તિ સંઘના સ્વયંસેવકો હોય તેવા સેવકોની કરી. ગુજરાતમાં પણ લગભગ દસ કોલેજ અને યુનિવર્સિટીઓમાં આવી નિયુક્તિ પક્ષના પ્રચાર અર્થે કરવામાં આવી છે.

૭. હૈદ્રાબાદ યુનિવર્સિટીમાં દલિત વિદ્યાર્થીના આપઘાતનો મામલો કે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી કે લખનૌ યુનિવર્સિટીના બનાવોમાં સંઘના ઘુસવાના પ્રયાસના પુરાવા મોજૂદ છે.

૮. સંઘનું સંઘપ્રેરિત A.B.V.P., BJP, VHP વગેરે વકીલોનું સંગઠને કન્હૈયાકુમાર સામે સક્રિય કરીને તેનું વરવું સ્વરૂપ આપેલ છે.

૯. JNU પર કબજો મેળવા સંઘ તડપી રહ્યો છે એના પુરાવા સંઘનું મુખપત્ર સાપ્તાહિક 'પાંચજન્ય'ના મુખપૃષ્ઠ પર JNU નો ફોટો પણ છપાયેલ છે.

આટલા ઘટનાક્રમની સાથોસાથ મૂળ હીરો કન્હૈયાકુમારની પણ ભૂમિકાને નજરઅંદાજ કરી ન શકાય.

કન્હૈયાકુમારનું અત્યંત ગરીબ કુટુંબ, માતા આંગણવાડીમાં અને પિતાએ ખેતી કરી છે. બેગુસરાઈ જિલ્લાના બેહાટ ગામનો વતની. આ ગામને લેનિનગ્રેડ તરીકે ઓળખાવવામાં આવે છે. કન્હૈયાકુમાર માર્કસવાદી હોવાનું ગૌરવ અનુભવે છે. JNU માં સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્કીલમાં આફ્રિકા ઉપર Ph.D. કરવા માટે JNU માં એડમિશન લીધેલ છે. કન્હૈયાકુમાર JNU ના વિદ્યાર્થી યુનિયનનો ૨૦૧૫ની સાલનો પ્રમુખ છે.

કન્હૈયો, ભાષણબાજીમાં માહેર ગણાય છે. JNU માં વાણી સ્વાતંત્ર્યના નામે ગમે તેમ બોલવાની છૂટ સ્વયં પોતે સ્વિકારી લીધેલ છે અને વાણી વિલાસને કારણે કન્હૈયા પર વકીલો દ્વારા હુમલો, આતંકવાદીનું સંબોધન, એનો પ્રતિભાવ, કન્હૈયાને ગોળી મારો તો અગિયાર લાખ અને જીભ કાપો તો પાંચ લાખ રૂપિયાનું ઇનામની જાહેરાત, કન્હૈયાના પોતાના ભાષણના અંતે 'લાલ સલામ' અને 'જય ભીમ'ના નારા, કન્હૈયાની ભૂમિકા સ્પષ્ટ કરવા માટે પૂરતા છે.

### *ઉપરોક્ત ઘટનાક્રમથી શું સાબિત કરી શકાય?*

૧. મૃતપ્રાય ગણાતી સામ્યવાદી વિચારધારા પુનઃ ચર્ચામાં લાવનાર JNU એ ડાબેરી નેતાઓને -વિચારધારાને ઑક્સિજન આપી રહી છે?

૨. JNU ઘટનાક્રમના અનુસંધાને સર્જાયેલ વિવાદો ડાબેરી પક્ષ માટે વકરો એટલો નફો તો નથીને?

૩. JNU નો ઘટનાક્રમ શિક્ષણ ક્ષેત્રનું ભગવારંગ કરણ કરવાની સંઘની તેમને પુષ્ટી તો નથી કરતીને?

૪. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા JNU ઉપર કબજો કરવાનો સંઘ (RSS)નો મનસુબો તો નથીને?

૫. JNU માં વાણી સ્વાતંત્ર્યના નામે ગમે તેમ બોલવાની છૂટ - એવું અર્થઘટન તો નથીને?

૬. JNU અત્યાર સુધી ડાબેરીઓનો અખાડો હતી જેને હવે સંઘે ભગવા રંગનો અખાડો બનાવવા માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો દુરુપયોગ તો નથી કરતા ને?

૭. શિક્ષણ ક્ષેત્રમાં સંઘનો પગપેસારો અને તેની વિચારધારાના પ્રસારણ માટે મુખ્ય કેન્દ્ર JNU ને બનાવવાની નેમ તો નથીને?

- **ઉપસંહાર :**

ઉપરોક્ત વર્ણવેલ ઘટનાક્રમ સંઘ અને ભાજપની મનોવૃત્તિ શિક્ષણ સંસ્થા પર કબજો કરી, સંઘના વિચારોની પ્રસારણ માધ્યમ બનાવી તેને પ્રચાર કરવા માટેનો અડ્ડો બનાવવાની મનીષા ધરાવે છે. એટલું જ નહીં પણ આ ઘટનાક્રમ સંઘનો રાજકીય ઇરાદાની પુષ્ટિ કરવા માટે યુવાનોને હાથા બનાવી અને ખોટી દિશામાં દોરી જવા માટેનો રસ્તો બનાવે છે. આ બદ્‌ઇરાદો બાઇનોક્યુલર વગર ઘટનાક્રમના આધારે સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ બદ્ ઇરાદાને રોકવા માટે શૈક્ષણિક સંસ્થામાં રાજકીય દબાણ અને પ્રવૃત્તિથી યુવાનોને દૂર રાખવા માટે તટસ્થ અભિપ્રાય બાંધી અને પુનઃ તક્ષશિલા - નાલંદાની શિક્ષણ પધ્ધતિને સ્થાપિત કરી અને સ્વાયત્ત સંસ્થાનું નિર્માણ કરવાનો મનસુબો દરેક જાગૃત શિક્ષણ - હિતેચ્છુ નાગરિકે પ્રગટ કરી અને સ્વાયત્તતા સ્થાપવા માટે કૃતનિશ્ચયી બનવું પડે.

આ લેખ લખાયા પછી પણ કેટલીક ઘટનાઓ શરમથી માથું નમી જાય એવી ઘટી છે, અને ઘટતી રહેશે. આ લેખ પૂરો થતો નથી અને પૂર્ણ વિરામ પણ નથી.

*એફ/૧, સનપાવર ફ્લેટ્સ,*
*ગુરુકુળ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨.*
*ફોન : ૨૭૪૫૨૧૮૦*

હાસ્યની ક્ષણોમાં

# મેરેજની બસ ચૂકી જવાય તો...?

• મધુસૂદન પારેખ •

મારો એક મિત્ર છે મકરંદ. પચીસી વટાવી ચૂકેલો. મને યુવા મિત્રોની સોબત ગમે છે. એમના મનની ઝંખનાઓ, એમના અરમાનો, એમનું રોમેન્ટિસીઝમ (રંગરાગપણું) એ બધું મને ગમતું છે. મકરંદમાંય મને એટલા માટે જ રસ હતો. એની સાથે ફ્રેન્ડશિપ કેવી રીતે થઈ ગઈ તે મને ય યાદ નથી. પણ એને હું એક વડીલ તરીકે પસંદ પડી ગયો હતો. જેમ પ્રેમનાં કારણો સાથે સંબંધ નથી તેમ અમારી ફ્રેન્ડશિપને ય કોઈ કારણો નહોતાં. એ મને ગુડ અન્કલ કહીને જ સંબોધતો. એ એના મનની ઘણી વાતો, કદાચ એનાં મમ્મી પપ્પાને ય નહિ કહેતો હોય તે મને કહેતો. એણે જ મને વાત નીકળતાં કહેલું તે પરથી મને ખબર પડી કે એને પરણવાની બહુ હોંશ છે.

પરણવાની કયા યુવાનને કે કઇ યુવતીને હોંશ હોતી નથી? પરણવું એટલે યાહોમ કરીને પડો, ફતેહ છે આગે.

મારા એક સંબંધીની દીકરી હતી, શોભના. એ અઢાર વર્ષની થઈ ત્યારથી જ પરણવા માટે થનગનતી હતી. પણ એનાં માબાપને મન હજી ‘બેબી’ નાની હતી. એમ કરતાં ‘બેબી’ વીસની થઈ. એની લગ્ન માટેની તડપન વધવા માંડી. પણ મમ્મી પપ્પાને હજી ‘બેબી’ વીસ વર્ષની જ હતી.

એક દિવસ એ મને ખૂબ ઉકળાટમાં કહી રહી હતી : ‘અંકલ, મારા પપ્પાને અને મમ્મીને એમની ‘બેબી’ બાવન વર્ષની થશે તોય એ નાની જ લાગશે.

મને વિનંતી કરતી હતી કે તમે મારાં મમ્મી-પપ્પાને સમજાવોને. એમની તો ઊંઘ જ ઊડતી નથી. આ ‘સાપના ભારા’ ને ક્યાં સુધી સંઘરી રાખશે? ગુસ્સામાં ને ગુસ્સામાં એ પરણવાની લાલસામાં ખુદને ય સાપનો ભારો કહી રહી હતી.

‘બેબી’ બાવીસ વટાવી ગઈ ત્યારે મેં ‘બેબી’ નું કલ્યાણ થાય અને મને પુણ્ય કર્યાનો સંતોષ થાય એમ સમજીને શોભનાના પપ્પાને વાત કરી : ‘તમે શોભના માટે મુરતિયો શોધતા નથી? એને ક્યાં સુધી રાહ જોવડાવવી છે?’

‘કેમ, એને ઉતાવળ છે? હવે તો છોકરીઓ મોટી ઉંમરે પરણે છે.’ એમનું એ બહાનું હતું. કોઈ માબાપ છોકરી બાવીસની ઉંમર વટાવી જાય તો રાતે ઊંઘે નહિ.

માબાપ બેબી સામે કોઈ રાજકુંવર જાન લઈને આવે તેની રાહ જોતાં હશે.

શોભનાની બહેનપણીઓ પરણી પરણીને બાબા-બેબીની મમ્મીઓ બની ગઈ. શોભનાનો જીવ બળીને ખાખ થઈ જતો.

શોભનાને થતું કે લગ્નની બસ એ ચૂકી જશે... કેટલીય બસ દોડતી હતી. છેવટે શોભના દોડીને એની એક જાણીતી બસમાં ચડી ગઈ. મમ્મી-પપ્પા ખિજાઈ ઊઠ્યાં : ‘બેબલીને ધાડ આવી ગઈ!’

મકરંદને ય લગ્નનાં અરમાન હતાં. એણે કંઈ કંઈ સપનાં સંસાર માટે સજાવ્યાં હતાં. એના મમ્મી પપ્પાએ તે ચોવીસેક વરસનો થયો એટલે એને પૂછીને એની પસંદની છોકરી સાથે વિવાહ નક્કી કર્યા. માગશર હવે પછી લગ્નના આનંદમાં વીતી ગયો.

મહા મહિનાની મકરંદ આતુરતાથી કાગડોળે નહિ વાઘડોળે વાટ જોતો હતો. એની ભાવિ પત્ની સાથે આનંદભરી સાંજો વીતતી હતી.

મકરંદની અધીરાઈ વધતી જતી હતી. ભાવિ પત્નીની એને એવી માયા લાગી ગઈ હતી કે એને શિયાળાના ટૂંકા દિવસો પણ ઉનાળાના મે મહિનાના દિવસો જેવા લાગવા માંડ્યા. માગશર વીત્યા પછી પોષ મહિનો તો ખૂટે જ નહિ. કેટલાય યુવાનોના વરઘોડા અને વરઘોડામાં ખુદ વરરાજાને ય એમની ફૂલે સજાવેલી કારમાંથી નાચતા જોઈ એનું અંગ ડોલી ઊઠતું.

મને એક દિવસ એ ઓચિંતો મળી ગયો. મને કહે : ‘અંકલ! મારી તો એવી મહેચ્છા માગશરમાં જ ઝુકાવવાની હતી. પણ પપ્પા મમ્મી કહે - માગશરમાં વિવાહ કર્યા, હવે લગ્ન મહા મહિનામાં...અંકલ, પપ્પાને પોષ કેમ સૂઝ્યો નહિ હોય?

મને એની વાત પર હસવું આવ્યું. મને કહે : ‘અંકલ, મહા મહિનો નક્કી છે. ચોક્કસ આવવાનું હોં!’

હું ય એને કારણે મહા માસની રાહ જોતો થઈ ગયો. પણ મહાની તિથિ આવે ત્યાં એનાં દાદીમાં ગુજરી ગયાં. એ મને બસસ્ટેન્ડ પર મળ્યો, અંકલ! દાદીમા ગુજરી ગયાં. એમને ય રહી રહીને મહા મહિનો જ મરવા માટે પસંદ પડ્યો?’

મેં એને કહ્યું : ‘તું તો ભારે અધીરો. હજી વૈશાખ ધમધમતો છે જ ને!’

‘અંકલ! ચૈત્ર શું ખોટો? પણ પપ્પાને તો બધી વાતમાં ડીલે (ઢીલ) ની નીતિ જ ગમે. અને જોશીય બેવકૂફ-એણે વૈશાખ જ શોધ્યો.’

મેં મનમાં જ આશીર્વાદ આપ્યા. મકરંદનો વૈશાખ ફળજો. પણ લગ્ન અને વિઘ્નનો પ્રાસ બહુ ત્રાસ આપે છે. વૈશાખમાં છોકરીના દાદા ગુજરી ગયા.

મકરંદ બિચારો એવો નાસીપાસ થઈ ગયો, પણ છોકરીના દાદા માટે ઘસાતું બોલાય નહિ.

જોશી કહે જેઠમાં છોકરીની વર્ષગાંઠ છે...એટલે જેઠમાં લગ્ન નહિ.

મકરંદ મને હકે : ‘અંકલ! વેરી અન લકી આઈ એમ. હું નસીબનો બુંધિયાળ છું. મેરેજની બસ હું ચૂકી ગયો! હવે બીજી બસ તો ક્યારેય આવશે?

મેં કહ્યું : ભઈલા, ધીરજ રાખ, બસ ચૂક્યો છે; જિંદગી તો ચૂક્યો નથી ને! બેટર લેટ ધેન નેવર.

*સૌજન્ય : “તમન્ના”*

# તમે ડૉક્ટર થઈને....?!

• ડૉ. નલિની ગણાત્રા •

હું સામાન્યતઃ સીઝન વગર કે રીઝન વગર બીમાર પડવાનું પસંદ જ નથી કરતી. કારણ કે અમે ડૉક્ટર લોગ બીમાર પડીએ એટલે બુધ્ધિના બિસ્માર લોકો 'બ્રાન્ડેડ બૉગસ' આશ્ચર્ય પ્રગટ કરે જ કે, 'લે, તમે ડૉક્ટર થઈને બીમાર પડ્યા?!" કેમ જાણે 'ડૉક્ટર એન્ડ ડૉક્ટર કંપની' પાસેથી બીમાર પડવાનો પરવાનો છીનવી લેવામાં આવ્યો હોય અને એ ગેરકાયદે બીમાર પડી ગયાં હોય! મને તો એ લોકો આવો રોગવર્ધક સવાલ પૂછે ત્યારે કહેવાનું મન થઈ જાય કે, શું ડૉક્ટરો રોજેજ બધા રોગની રસીના બાટલા ગટગટાવીને સૂઈ જાય છે, તે એમને જોતાંવેત રોગ ભડકીને ભાગી જાય? પણ પછી મને એમ થાય કે આવો રમૂજી જવાબ આપીને એ પ્રશ્નકર્તાને શું કામ હસાવવો? એટલે હું ચૂપ રહીને જ એને ચૂપ કરું. પણ મેં જોયું કે આપણે બોલીએ નહીં એટલે લોકો ફાવે થાય છે. હા, જ્યારે હું નિયમિત કોલમ લખતી'તી એ વખતે "ડૉક્ટર્સ ડે" પર મેં ડૉક્ટર વિશે લેખ ન લખ્યો એમાં તો મૂળચંદ મને કહે કે, લે, તમે ડૉક્ટર થઈને 'ડૉક્ટર ડે' વિશે લખવાનું ભૂલી ગયા? મેં કહ્યું કે, હું એક પ્રોફેસર પણ છું. તો કાન પકડીને કહે, સોરી હોં... એ હું ભૂલી ગયો!!! હવે પ્રોફેસર કંઈ ભૂલી જાય એ તો પ્રોફેસરની ફરજમાં આવે, પણ જે પોતે પ્રોફેસર નથી એ પોતે બીજું કોઈ પ્રોફેસર છે એવું ભૂલી જાય એવાને તો પેલા ભૂલભુલામણીનાં 'પાંજરામાં' જ છૂટા મૂકી દેવા પડે ને?

ઘડીક તો મારું ભેજું ફ્રાય થઈ ગયું કે અમે શું આવું બધું સાંભળવા માટે ડૉક્ટર થયા છીએ? પછી જોકે મેં મારા સ્વભાવ વિરુદ્ધ જઈને શાંતિથી એ સંવાદદાતાને સમજાવ્યું કે અમે ડૉક્ટર એટલે અમારે તો રોજ 'ડૉક્ટર્સ ડે' જ કહેવાય. હા, કોઈ શિક્ષિત બેકાર યુવાન માટે એવું કહી શકાય કે "એ તો આજે છે ને કાલે નથી" મતલબ કાલે એને નોકરી મળી જાય તો ઈચ્છવા છતાં એ બેકાર ન રહે. જ્યારે ડૉક્ટરને એકેય પેશન્ટ ન આવે એ દિવસે પણ ડૉક્ટર તો ડૉક્ટર જ રહે. અરે ખુદ પોતે દર્દી હોય ત્યારેય એ ડૉક્ટર તરીકે નાબૂદ ન થાય. કહેવાનો મતલબ 'ડૉક્ટર્સ ડે' નાં ઓશિયાળાં થવું અમારા માટે ફરજિયાત નથી. 'બકવાસ બારેમાસ' ની જેમ અમે ડૉક્ટર તો ડૉક્ટર વિશે ગમ્મે ત્યારે લખી જ શકીએ. અને આ લખ્યું લો... વાંચો હવે!!

સમાજમાં ડૉક્ટરનો દરજ્જો 'મોટા' શબ્દ કરતાં પણ મોટો છે. અરે, 'તુલા' રાશિવાળા તો ડૉક્ટરને ભગવાન સાથે ત્રાજવે તોલે છે. તુલા રાશિવાળાની આ સરખામણી સાચીયે છે. એક દર્દનો ડૉક્ટર છે તો બીજો કર્મનો ડૉક્ટર છે. એ બંને બરાબર તપાસીને જ 'ટ્રીટમેન્ટ' આપે છે. બંને મહારથી શરીર રચનાનાં જાણભેદુ છે. અને એને કેમ 'ઉકેલવું' એ પણ તેઓ જ જાણે છે. ડૉક્ટર અને ભગવાન બંને પર લોકો ભયથી જ ભરોસો અને ભયથી જ પ્રીતિ રાખે છે. ડૉક્ટરને નાજુક દર્દીની અને ભગવાનને નરસિંહ મહેતા જેવા ભાવુક ભક્તોની ઈમર્જન્સી આવી પડે તો તેઓ સામે ચાલીને વિઝિટ પણ મારી આવે છે. આ બંને ઉચ્ચ અધિકારી છે. વિપત્તિ પડે જનગણ એમના ગુણગાન ગાય છે. પરંતુ આ બંને ગુણીજન બધાને દૂરથી જ સારા લાગે છે. એમની નજીક જવા મતલબ ડૉક્ટરના દવાખાને કે ભગવાનના દરબારે જવા કોઈ રાજી નથી હોતું. જોકે અન્ડરવર્લ્ડનો ડોન હોય કે આપણી સગ્ગી બોન હોય (બહેન હોય)...જીવનમાં એકવાર તો દરેકે એ બંને પાસે જવું જ પડે છે. જય જલારામ!

અમદાવાદની પાડાની પોળમાં એક પહોળા બહેન રહે છે (પોળ કે પહોળાઈ કશું બદલ્યું નથી). હોંશીલા લોકો જેમ જીવતા જગતિયું કરતા હોય છે એમ આ બહેનને જીવતાનો ખરખરો કરવાની ભારે હોંશ!! કીડીના પગ જેવી અને જેવડી નાજુક ઘટનાને ક્રિટિકલમાં તબદીલ કરી દેવાની એ ગજબની આવડત ધરાવે છે. આશ્વાસન આવકાર્ય છે એવું આપણે કહેવડાવ્યું ન હોય તો પણ, આપણા ઘરમાં કોઈ બીમાર પડ્યું છે એવી ગમ્મે ત્યાંથી ખબર પડતાં જ એ 'પીપળું' એમની પહોળાઈ સાથે આપણી 'ખબર લેવા' આવી જ પહોંચે. અને પોતાના સંપૂર્ણ ચહેરાની સંપૂર્ણ રેખાઓ તંગ કરીને ફિક્સ લંચ જેવા એમના ફિક્સ ડાયલોગ બોલવા માંડે..." હાય હાય ભ'ઈ સા'બ, આ ડૉક્ટર અને દવાખાનું તો ભગવાન દુશ્મનનેય ન દેખાડે. એક તો પૈસાનું પાણી અને ઉપરથી પીડા ભોગવવાની. તમારે તો ભ'ઈસા'બ, જોને અકાળે વગર જોઈતી ઉપાધિ આવી ગઈ નંઈ?" એમાં એ ભ'ઈસા'બ તો એવી રીતે બોલે કે આપણને એમ થાય કે સાંભળ્યા જ કરીએ...સાંભળ્યા જ કરીએ...! મને તો પાક્કી શંકા છે કે - ઉપાધિના બે પ્રકાર : જોઈતી અને વગર જોઈતી - આ પહોળા બેને જ બહાર પાડ્યા છે અમારા આયુર્વેદમાં કીધું છે કે ચિંતાથી શરીરમાં વાયુ વધે છે. એ હિસાબે આ બહેનનું શરીર લોકોની ઉપાધિની ચિંતા કરી કરીને જ વાયુ થકી ફૂલી ગયું હશે.

આ પોળીબહેનનું (પોળમાં રહેતા) નું સચિત્ર જેવું વર્ણન કરીને હું કહેવા એ માગું છું કે જો પૂર્વમાં રહેતા પોળવાસીઓને ડૉક્ટર અને દવાખાનું ન ગમતાં હોય તો પશ્ચિમ વિસ્તારના લોકોને પણ શેના ગમે? અને પૂર્વ-પશ્ચિમિયાને ન ગમે તો ઉત્તર દક્ષિણિયાને પણ શું કામ ગમે? તો અત્રે મારી લાગણી એવી છે કે ચારેય દિશાના લોકોને ડૉક્ટર્સ વહાલા લાગે એ માટે સરકારે અને સ્વૈચ્છિક સંસ્થાઓએ કંઈક કરવું જોઈએ! લોકપાલ બિલ જેટલી જ ડૉક્ટર બિલ વિશે વિચારણા જરૂરી છે. શું કહેવું?!

- **છમ્મવડું :**

ડૉક્ટર લોકો ખરેખર કરુણાસાગર છે. લોકોની બીકમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય એટલે જ તેઓ ડૉક્ટરમાંથી 'ક્ટર' કાઢી નાખીને ફક્ત 'ડૉ." લખે છે!

*મો. ૯૪૨૮૩૫૧૧૨૦*

# સાસરીમાં ધામા!

• ચિત્રસેન શાહ •

એક ન્યુઝપેપરમાં સમાચાર વાંચ્યા કે રાજસ્થાનનું એક ગામ જમાઈરાજાને એટલું ગમી જાય છે કે લગ્ન બાદ તેઓ ત્યાં જ રહી જાય છે! આવા ચારસો જમાઈરાજોથી એ નાનકડું ગામ આજે ઊભરાઈ રહ્યું છે! જ્યાં નજર કરશો ત્યાં જમાઈરાજનાં દર્શન થશે. મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલા કોટા જિલ્લાનું એ ગામ છે જ્યાં જમાઈરાજોએ ધામા નાખ્યા છે. એટલે કન્યાના લગ્નપ્રસંગે 'કન્યાવિદાય' વખતે જોવા મળતાં કરુણ દૃશ્યો અહીં સર્જાતાં નથી, પરંતુ તેને બદલે ગામની 'જમાઈવસતિ' માં વધારો - એવાં ઉલ્લાસભર્યા દૃશ્યો સર્જાય છે!

એક જગ્યાએ એક સરસ વાક્ય વાંચેલું - 'સપનાં જોવા ઊંઘવું જરૂરી છે અને તે સાકાર કરવા જાગવું જરૂરી છે!' અમને લાગે છે કે યુવકો કે જેઓ પાછળથી કોઈકના જમાઈરાજ બન્યા છે તે લોકો ઊંઘતા ઝડપાયા છે!

એ લોકો સોનેરી સ્વપ્નોમાં ખોવાયેલા હતા અને કન્યાઓ કે જેઓ પોતાનાં સ્વપ્નાં સાકાર કરતી જાગતી બેઠી હતી તેમની 'જાળ'માં ફસાઈ ગયા અને બની ગયા ઘરજમાઈ! આમ ઘેરઘેર ઘરજમાઈઓને કારણે ગામ-આખું બની ગયું 'ગામજમાઈ!' હવે અમારી કલ્પના પ્રમાણેની કથા આગળ વધે છે.

આ જમાઈરાજોને શરૂશરૂમાં તો બહુ જ માનપાન મળવા લાગ્યાં. પાણી માગે ત્યાં 'બિસલેરી' હાજર! વીસીડી માગે તો ડીવીડી મળી જાય! આમ આ જમાઈરાજોને તો જલસા પડી ગયા. એ લોકોએ એ ગામ ન છોડવાની 'જમાઈપ્રતિજ્ઞા' પણ લઈ લીધી!

પરંતુ પાછળથી 'અંધેરીનગરી ગંડુરાજા'વાળી વાર્તામાં આવે છે તેવું જ થયું! તે વાર્તામાં જેમ ચેલો 'ટકે શેર ભાજી ટકે શેર ખાજા'વાળા ગામમાં જલસા કરવા રોકાઈ ગયો અને પાછળથી ફાંસીના માંચડે ચડવાની નોબત આવી, તે જ રીતે જમાઈરાજોની મુશ્કેલી દિનપ્રતિદિન વધતી રહી. શરૂઆતમાં તો જમાઈરાજોને રાજાની જેમ જ રખાતા હતા, પરંતુ જેમજેમ દિવસો વીતતા ગયા તેમતેમ આ રાજાઓ રંકમાં ફેરવાતા ગયા - સાલિયાણાવાળાં જૂનાં રજવાડાંઓની માફક જ! ધીમેધીમે આ જમાઈરાજોની પત્નીઓ તેમ જ સાસુ-સસરાના ત્રાસ સુનામીની ઝડપે વધતા ગયા. આ જમાઈરાજો એટલા ત્રસ્ત થઈ ગયા કે તેઓને એક 'જમાઈરાજ એસોસિએશન' બનાવવું પડ્યું!

આ એસોસિએશને તેમના સભ્યો માટે એક 'ચાર્ટર ઑફ ડિમાન્ડ્ઝ' તૈયાર કર્યું. જેમાં નીચે પ્રમાણેની ડિમાન્ડ્ઝ મૂકી :

(૧) જમાઈને વારંવાર 'ઘરજમાઈ - ઘરજમાઈ' એવું સંબોધન કરી અપમાનિત કરવા નહીં. કારણ કે ઘણી વાર સાસરીપક્ષવાળાઓ પોતાના સંબંધીઓ સાથે જમાઈની ઓળખાણ કરાવતાં એમ કહે છે - 'આ અમારા ઘરજમાઈ છે!'

(૨) ઘરઘાટી જ્યારે 'ખાડા' પાડે ત્યારે ઘરજમાઈ પાસેથી ઘરઘાટી જેવું કામ લઈ શકાશે નહીં.

(૩) પત્નીને સ્કૂટર કે કાર શીખવવા માટે બીજી કોઈ જગ્યા મળે નહીં ત્યારે એરપોર્ટના રન-વે પર સ્કૂટર કે કાર શીખવવા માટેની જીદ સાસરીપક્ષે કરવાની રહેશે નહીં! કારણ કે આપણા 'એરપૉર્ટ' નું તંત્ર તો બધા જાણે જ છે! (આ કલમ એટલા માટે રાખી છે કે તાજેતરમાં એક બનાવ બન્યો છે કે જેમાં દિલ્હીમાં ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ ઍરપોર્ટના રન-વે પર એક વ્યક્તિ એક યુવતીને સ્કૂટર શીખવતો હતો ત્યારે સ્કૂટર અને હવાઈજહાજ અથડાઈ પડ્યાં હતાં!)

(૪) સુમો પહેલવાન જેવી દેખાતી પત્નીને 'ફૂલ' ની જેમ સાચવવાની લગ્ન વખતે લેવાયેલી ખાતરીમાંથી મુક્તિ આપવી! સુમોને સુમોની માફક જ સચવાશે!

જો આ માગણીઓ સંતોષવામાં નહીં આવે તો અમે 'જમાઈરાજ મેમૉરિઅલ' ઊભું કરીશું, કે જેની ડિઝાઈન હિમાચલપ્રદેશના 'ધરમશાળા' માં આવેલ 'વૉર મેમૉરિયલ' જેવી જ હશે!

(ધરમશાળાનું 'વૉર મમૉરિયલ' એક બહુ જ સુંદર અને કલાત્મક મમૉરિયલ છે, જેના પર ભારતની આઝાદીના દિવસથી માંડી તાજેતરનાં વર્ષોમાં કાશ્મીરમાં આતંકવાદની સામે લડતાં શહીદ થયેલા વીર સપૂતોનાં નામ સુવર્ણાક્ષરે લખાયેલાં છે.)

'જમાઈરાજ એસોસિએશન' ની આ વાત ફિલૉસોફીથી ભરપૂર નથી લાગતી?! કારણ કે લગ્ન એક યુદ્ધ છે ને! અને તેથી જ લગ્નની વેદી પર માથું મૂકનાર જમાઈરાજ શહીદ જ ગણાય ને?!

વ્યવહારકુશળ ગામલોકોએ 'જમાઈરાજ એસોસિએશન' નાં બે-ત્રણ હોદ્દેદારોને પાણીના ભાવે મળતા 'મોબાઈલ' ગિફ્ટમાં આપ્યા - અનલિમિટેડ ટૉકટાઈમની સગવડ સાથે!

અને તેમની માગણીઓ અંગે ત્રણ મહિનાની અંદર ઘટતું કરવામાં આવશે તેવા 'સરકારી ટાઈપ' આશ્વાસન સાથે આંદોલન સમેટાઈ ગયું.

આ રીતે જમાઈરાજાએ ત્રણ મહિના સુધી જાગતા રાખી સાસરીપક્ષવાળા ઊંઘી ગયા! ■




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ મેં ૧૩ નંબરજી રૂમમેં રેંતા સે ગીધુકાકા પંઢજી ઘરવાળી ભેરા બહાર વ્યા તે તેર ચોંધા વ્યાતે આંઉ ગધેડીજો ઇલાજ કરેલા કુઠે વેનાંતો... સે જરા તપાસ ત કર ક કાકાજો મગજ તા ભરાભર આય ન... હી પંઢજી ઘરવાળી કે જીં તીં કુલા ચ્યાંતે?

બચુડો : (તપાસ કે ને ચેં) કાકાજો મગજ ત ભરાભર આય ને કાકા પંઢજી ઘરવાળી કે પણ જીં તી ચ્યાં નતે પણ કાકીકે વડી ઉધરસ - ઉંટાટિયો થ્યો આય. અતરે અનીંકે કુઠેને કાને કુંભારજે ઘરે ગધેડીજો દૂધ પીયારેલા વ્યાતે... તે વો ગધેડી જો ઇલાજ.

## ખિલજા મ ભલા

મંગળદાસ: (ફોન પર - જમનાદાસને) તારા બેન છે? ક્યારે મળશે?

જમનાદાસ: મારા બહેન નથી અને તે અહિંયા રહેતા નથી એટલે ક્યારેય મળશે નહીં.

☺ ☺ ☺ ☺ ☺

જયંતીલાલ : આજકાલ મચ્છર બહુ વધી ગયા છે. રાતના ભરઊંઘમાં હોઈએ ત્યારે કરડે તો ઊંઘ બગડી જાય. પછી આવે જ નહીં. પણ મોતીલાલ, તમને ઊંઘમાં મચ્છર કરડે તો તમે શું કરો છો?

મોતીલાલ : જો ભાઈ જયંતીલાલ, મચ્છર તો ગમે ત્યારે ને ગમે ત્યાં કરડે એ એમનું કામ છે. કરડે એટલે એને પકડીને એની પાસેથી માફી તો ન મંગાવી શકીએ? ખંજવાળીને ચૂપચાપ સૂઈ જવાનું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલો જોઇએ, સૌથી હિંમતવાળો કોણ હોય?

શ્રેય : જેને ઝાડા થયા હોય છતાં તે ગેસ છોડવા તૈયાર હોય...

☺ ☺ ☺ ☺ ☺

રોમિયો : વાહ, વાહ... તારા સ્મિતમાં જબરદસ્ત ચમક છે. દાંત હીરાની માફક ચમકે છે... શું વાત છે...?

છોકરી : ભઈલા, વખાણ રહેવા દે... આ તો મીઠાવાળી ટુથપેસ્ટની કમાલ છે.

☺ ☺ ☺ ☺ ☺

કેશુભાઈ : અલ્યા મેં કારની હેડલાઈટ ચાલુ બંધ કરી તને સાઈડમાં જવાનું કીધું હતું તો પણ ભટકાયો?

હસુભાઈ : વાઈપર ચાલુ કરી મેં ના પાડી હતી એ તને દેખાયું નહીં...? સામે જ આવી ગયો....

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : તમને જોયા વગર લગ્ન કર્યા એટલે આવા દિવસો જોવાનો વારો આવ્યો.

પતિ : આ બાબતમાં તારે મને દાદ આપવી જોઈએ... તને જોયા પછી પણ મેં તારી સાથે લગ્ન કર્યા હતા.

☺ ☺ ☺ ☺ ☺

આદિત્ય : (પૃથ્વીને) હું આખી ABCD બોલી ગયો... A થી Z સુધી. પણ આમાં 1 અક્ષર આવતો નથી. તો તે કયો હશે?

પૃથ્વી : ત્રણ ચાર વાર વિચાર કરી આખી ABCD બોલી ગયા પછી પણ ખબર ન પડી કે શું ખૂટે છે...

આદિત્ય : આટલું પણ ન આવડ્યું. ABCD માં 1 આવતો જ નથી.

☺ ☺ ☺ ☺ ☺

જનક : અરે નવાઈ જેવી વાત છે. બે દિવસમાં મનકને બે વાર હાર્ટ ઍટેક આવ્યો.

રમેશ : પણ આ કેવી રીતે થયું?

જનક : મનકની પ્રેમિકાએ કહ્યું આપણે આજથી છૂટા પડીએ છીએ એટલે પહેલો ઍટેક આવ્યો. બીજા દિવસે ફરી મેસેજ આવ્યો કે આગલો મેસેજ તારા માટે નહોતો એટલે ફરી બીજો ઍટેક આવ્યો.

☺ ☺ ☺ ☺ ☺

મહેશ : (લાઈબ્રેરિયનને) સાહેબ, આપની લાઈબ્રેરીમાંથી મને આપઘાત કરવા વિષેની ચોપડી મળશે?

લાઈબ્રેરિયન : જરૂર મળશે... પણ પછી વાંચ્યા પછી પાછી આપવા કોણ આવશે?

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : મારે હવે તને ધક્કો મારવો પડશે.

મોન્ટુ : કેમ... ધક્કો મારવા માટે કોઈ કારણ ખરું?

ચીન્ટુ : અરે હું અડધા કલાકથી જોયા કરું છું તું કાનનામાં ચાવી નાખી ફેરવ્યા કરે છે પણ કશું થતું નથી. એટલે મને લાગ્યું કે કાંઈક સ્ટાર્ટિંગ સમસ્યા હશે.

☺ ☺ ☺ ☺ ☺

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલય

જૂના કટારિયા (તા. ભચાઉ) સ્થિત શ્રી વર્ધમાન જૈન બોર્ડિંગ અને વિદ્યાલયના અમૃત મહોત્સવની ઉજવણી રૂપે તા. ૨૩ તથા ૨૪-૪-૨૦૧૬ના બે દિવસીય યુવા મહોત્સવ યોજાઈ ગયો.

આ પ્રસંગે સમગ્ર જૈન સમાજના યુવાનોને ઉદ્યોગ સાહસિકતા અંગે મેનેજમેન્ટના તજજ્ઞો, જાણીતા ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

યુવા મહોત્સવના સમારંભનું પ્રમુખપદ શ્રી લહેરચંદભાઈ મહેતાએ સંભાળેલ હતું. અતિથિ વિશેષ તરીકે શ્રી કમલભાઈ મહેતા અને શ્રી જયસુખભાઈ પૂજ, ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા વગેરેએ ઉપસ્થિત રહીને આશીર્વચન તેમજ યુવાનોને વેપાર ઉદ્યોગના પ્રોજેક્ટ્સ અંગે માર્ગદર્શન આપેલ હતું.

અમૃત મહોત્સવના પ્રથમ દિવસે દીપ પ્રાગટ્ય કરી, સરસ્વતી વંદના બાદ કાર્યક્રમનો આરંભ કરવામાં આવેલ હતો. ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતાએ કચ્છમાં કૃષિ આધારિત ઉદ્યોગોમાં વિકાસની તક તથા શ્રી લલીતભાઈ ચંદેએ તેમજ સંજયભાઈ રાવલે યુવાનોને ઉદ્યોગ સાહસિકતા માટે જરૂરી ઉત્સાહ પ્રેરક પ્રવચન કરી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.

બીજા દિવસનો આરંભ મેરેથોન દોડથી કરવામાં આવ્યો હતો. ભગવદ્‌ગીતા પર પરીક્ષિતભાઈ જોબનપુત્રાનું વક્તવ્ય, બાલાજી વેફર્સ ગ્રુપના પ્રણેતા શ્રી ચંદુભાઈ વિરાણીની પોતાના વેપારમાં મળેલ સફળતાની ચાવીરૂપ પ્રેરણાત્મક વક્તવ્ય ઉપરાંત માર્કેટિંગ અને સોશિયલ મીડિયા તથા વિવિધ વિષયો પરની અભિવ્યક્તિ જુદાજુદા વક્તાઓએ સહજ અને સરળતાથી કરેલ હતી. શ્રી જય વસાવડાએ ટીમ વર્ક પર ભાર મૂકી, તેમણે વક્તવ્ય આપેલ હતું.

કાર્યક્રમના અંતે સંગીતકાર શ્રી દશરથભાઈ જોશીના સંગીતથી સૂરીલા અમૃત મહોત્સવનું સમાપન થયેલ હતું.

## શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ

શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૮-૪-૨૦૧૬ને શુક્રવારે ચૈત્રીબીજ - દરિયાલાલ જયંતિ મહોત્સવનો કાર્યક્રમ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટી, શાહીબાગ, અમદાવાદ ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કુ. પરી સુનીલભાઈ દાવડા દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કુ. પરીને સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ અનમ તરફથી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ ‘સેતુ’ના સભ્યો દ્વારા કાર્યક્રમમાં સમયસર પધારેલ સભ્યોના ઈનામ કૂપનોનો લક્કી ડ્રો યોજાયેલ હતો. જેમાં રૂા. ૧૩,૦૦૦/-ના કિચન એપ્લાયન્સિસના ૧૦ ઈનામો વિજેતાઓને આપવામાં આવેલ હતાં.

ત્યારબાદ પ્રમુખ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ હતું. જેને સમાજના સર્વે સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવેલ હતું. ત્યારબાદ મંત્રી શ્રી જયેશભાઈ ઠક્કર દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવેલ હતો.

કાર્યક્રમ દરમ્યાન જ્ઞાતિજનોએ ખૂબ જ ઉત્સાહભેર આગામી પ્રસંગોના દાતા તરીકે નામ નોંધાવીને સમગ્ર વાતાવરણને ભાવવિભોર બનાવી દીધું હતું. (જેની વિગતો અલગથી દર્શાવેલ છે.)

કાર્યક્રમના અંતમાં ૧૨ વર્ષથી નાનાં બાળકોને સરપ્રાઈઝ ગિફ્ટનું વિતરણ ‘સેતુ’ના સભ્યો દ્વારા સૌજન્યદાતા શ્રી ચમનલાલ વલમજી પલણ પરિવાર વતી કરવામાં આવ્યું હતું. મહોત્સવની આભારવિધિ સહમંત્રી શ્રી ઉમેશભાઈ માણેક દ્વારા કરવામાં આવી હતી.

*જયેશભાઈ એસ. ઠક્કર - મંત્રીશ્રી*

## દેવદ્રવ્ય એ ભગવાનને અર્પણ કરાયેલો છે. તેનો ગેરઉપયોગ શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ખાનાખરાબી સર્જે

**માંડવીમાં મૂળ કચ્છી વિદ્વાન સંત શ્રી જયશેખરસૂરિશ્વરજી મહારાજનું માર્ગદર્શન : તીર્થો, ગૌચર જમીન, સમાજ - સાધુઓમાં એકતાનો અભાવ તેમજ અછત વગેરે પ્રશ્ને જૈન સમૂહ સાથે પરામર્શ : કચ્છીય જૈન સંતની કચ્છની પ્રથમ મુલાકાત.**

મૂળ કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકાના વાંકી ગામના ક્રાંતિકારી અને વિદ્વાન સંત આચાર્યશ્રી જયશેખર સૂરીશ્વરજી શ્રી મહારાજ સાહેબ સાથે માંડવી તપાગચ્છ ઉપાશ્રયના હોલમાં જૈન સમાજના વરિષ્ઠ અગ્રણીઓ સાથે ચર્ચાસભામાં આચાર્યશ્રીએ સામાજિક આધ્યાત્મિક - ધાર્મિક અને વર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરીને સમાજના અગ્રણીઓને આશીર્વાદ સાથે માર્ગદર્શન આપીને સમાજને નવી દિશા બતાવી હતી.

આચાર્યશ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબે જૈન સમાજના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ ધારાસભ્ય શ્રી જયકુમાર સંઘવી, તેરા પંથના અગ્રણી અને માંડવી ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખશ્રી વાડીલાલ દોશી સાથે પરામર્શ કરતા જણાવેલ કે,

દેવદ્રવ્ય એ ઈશ્વરને અર્પિત કરાયેલો દ્રવ્ય છે. તે ભગવાનને ધરાયેલો છે તેથી તે દેરાસરના જીર્ણોધ્ધાર વગેરે ધાર્મિક ઉત્થાન માટે વાપરવા માટે છે. તેનો દુરુપયોગ કરવામાં આવે તો શાસ્ત્રો અને જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે ગેરઉપયોગ કરનારા પરિવારને માટે ખાનાખરાબી સર્જનાર બની શકે તેમજ તેનું અનુમોદન કરનારને પણ ભોગ બનવું પડે છે. તેટલું માર્ગદર્શન આપીને દેવદ્રવ્યનો ભગવાન-ઈશ્વર માટે જ સદુપયોગ કરવા પર શાસ્ત્ર પ્રમાણે ભાર મૂક્યો હતો. વધુમાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું જૈનોના પવિત્ર તીર્થ શત્રુંજય તીર્થ અને શંખેશ્વર તીર્થની આજુબાજુના વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વર્તમાનકાળમાં પ્રત્યેક માણસ સંપત્તિ પાછળ દોડે છે તે જરૂરી પણ છે પરંતુ તેની પાછળ શુદ્ધીકરણનો સિદ્ધાંત હોવો જોઈએ. સન્મતિ અને સંપત્તિ સાથે તેમાં સંસ્કાર હોવા જોઈએ.

તેમણે કચ્છની ભૂમિની ભારોભાર પ્રશંસા કરીને જણાવ્યું હતું કે, કચ્છમાં સ્વચ્છ વાતાવરણને કારણે કચ્છીઓ કચ્છમાં આવે છે. પરંતુ કચ્છમાં હાલે વાતાવરણ બદલતું જાય છે. સંતોની ભૂમિકા અંગે આ ક્રાંતિકારી સંતે જણાવ્યું હતું કે સંતોમાં એકતાનો અભાવ છે. ગાય અને ગૌવંશને વેચવામાં આવે નહીં તો આપોઆપ ગૌ-હત્યાના કિસ્સા અટકશે તેવું જણાવીને જીવદયા, સામાજિક એકતા અને આધ્યાત્મિકતા પર ભાર મૂક્યો હતો.

જૈન સમાજના અગ્રણી શ્રી જયકુમાર સંઘવીએ કચ્છમાં ગૌચર જમીન ઔદ્યોગિકની આંધળી દોટમાં વેચી મારવામાં આવી છે. પરિણામે ગૌધન રખડતું-ભટકતું થઈ રહ્યું છે. મહાજન સાર્વજનિક કામમાં મોખરાનું સ્થાન ધરાવે છે છતાં સુસ્તી અને ઉપેક્ષાને કારણે રાજકીય પ્રભાવ પડતું નથી. પરિણામે સમાજને ભોગવવું પડે છે તેનો પડઘો પાડ્યો હતો.

માંડવી ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ અને જૈન અગ્રણી શ્રી વાડીલાલ દોશીએ કચ્છમાં વર્તમાન કપરી પરિસ્થિતિને કારણે પશુધનને બચાવવા કાળઝાળ ગરમીમાં કાર્યકરો અને દાતાઓની જીવદયાને કારણે ભગીરથ કામ ઉપાડ્યું છે જેના કારણે જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે જીવદયાનું મોટું કામ પાર પડે છે.

## લોકપ્રિય સાહિત્યકાર ડૉ. ગુણવંત શાહને સર્વોચ્ચ 'સાહિત્ય રત્ન' એવોર્ડ

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા જાણીતા સાહિત્યકાર ડૉ. ગુણવંત શાહને પ્રથમ 'સાહિત્ય રત્ન' ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને પૂ. મોરારિબાપુની નિશ્રામાં આયોજિત આ વિશિષ્ટ સાહિત્ય સમારોહનું આયોજન ટાગોર હૉલ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતના નામાંકિત સર્જકોએ હાજરી આપી હતી.

## માત્ર રૂા. ૫૦/- માં કેન્સરની સારવાર તેમજ માત્ર રૂા. ૧૦૦/- ના ટોકન ચાર્જમાં ડાયાલિસીસ સેન્ટર ચલાવતી કચ્છ માંડવીની જનકલ્યાણ મેડિકલ સોસાયટી (કેન્સર હોસ્પિટલ)

કેન્સરના ગરીબ દર્દીઓને હોસ્પિટલમાં રહેવાનું, બપોરે બે વ્યક્તિઓને જમવાનું, ડૉક્ટરની ફી, નર્સીંગ ફી વગેરે માત્ર રૂા. ૫૦/- માં સારવાર કરી આપતું ભારતનું એકમાત્ર સેન્ટર

ભારતનું એક માત્ર રૂા. ૧૦૦/-ના ટોકન ચાર્જમાં ચાલતું ડાયાલિસીસ સેન્ટર

દર્દીઓને હાલમાં દવાઓ ખૂબજ મોંઘી હોવાથી ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકો સારવારથી વંચિત રહી જાય છે. એક વ્યક્તિની માંદગીના કારણે પાંચ-સાત લોકોનો પરિવાર સમગ્ર રીતે નીચવાઈ જાય છે અને એક તબક્કો એવો આવે છે કે આંખમાં આંસુ લઈને અમારી પાસે અરજ કરે છે કે સાહેબ દવા માટે રૂપિયા નથી. આવા સમયે સંસ્થા તરફથી ખૂબ જ ગરીબ કે જેની પાસે કશું જ નથી તેને ઓછાવતા અંશે કે પછી ફ્રી ટ્રીટમેન્ટ પણ કરી આપવામાં આવે છે. તેમ છતાં આવા પરિવારોને વધારે ઉપયોગી થવા માટે સંસ્થાના ઉપપ્રમુખશ્રી કિરણકુમાર વાડીલાલ સંઘવી ને વિચાર આવ્યો કે કેમ આપણે પણ દવાના બીલમાં ૫૦% રાહત આપી ના શકીએ??? આ વિચાર સંસ્થાના કારોબારી સભ્યો સમક્ષ રજૂ કરતા કારોબારીના સર્વે સભ્યોએ આ બાબતમાં વિચારણા કરી દરિદ્રનારાયણોને ઉપયોગી થવાના પ્રયાસરૂપે સૌએ સાથે મળી સંકલ્પ કર્યો. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ સંઘવીના અથાગ પ્રયત્નોથી તા. ૧-૬-૨૦૧૬ થીજ આ હિસાબીય વર્ષ એટલે કે ૨૦૧૬-૨૦૧૭ માટે દવાઓના બીલમાં ૫૦% રાહત આપવાનું નક્કી કર્યું અને દરિદ્રનારાયણોની સેવાના દીપકમાં નીચે મુજબના દાતાઓએ દાનરૂપી દીવેલ પુરવાનું કામ કર્યું.

આપ પણ આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી કેન્સર તથા કિડની ફેલ્યોરના દર્દીઓને જીવતદાન આપી આપણા સેવાના આ યજ્ઞમાં લક્ષ્મીરૂપી દીવેલ પૂરી સેવા દીપને જલતો રાખવા માટે "પ્રેરણાસ્ત્રોત" બની રહેશો એજ પ્રાર્થના.

દવાના બીલમાં ૫૦% રાહત આપવા માટે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ના નાણાકીય વર્ષ માટેના રૂપિયા ૨,૦૦,૦૦૦ (બે લાખના) પાંચ દાતાઓને ભૂરી ભૂરી વંદના.

(૧) શ્રીમતી સરોજીનીબેન વિનોદભાઈ ભણસાળી - માંડવી હાલે મુંબઈ

(૨) માતુશ્રી મણિબેન રતનશી ગડા - ગઢશીશા હાલે મુંબઈ (નિરાલી ગ્રુપ પરિવાર)

(૩) શ્રીમતી રમોલાબેન કિરીટભાઈ વાડીલાલ નરસંગ શાહ - માંડવી હાલે મુંબઈ

(૪) શ્રી મુલચંદભાઈ તથા અરવિંદભાઈ શામજી છેડા - ડોણ હાલે મુંબઈ (પ્રિન્સ પ્લાસ્ટિક)

## શ્રી વિદર્ભ કચ્છી વિસા ઓસવાલ સમાજ
## શ્રી નાગપુર કચ્છી વિસા ઓસવાલ સમાજ


સહર્ષ જણાવવાનું કે શ્રી વિદર્ભ કચ્છી વિસા ઓસવાલ સમાજ અને શ્રી નાગપુર કચ્છી વિસા ઓસવાલ સમાજના સંયુક્ત તત્વાવધાનમાં ૧૮થી ૩૨ વર્ષની વયજુથના અપરીણિત યુવક - યુવતીઓનું અખિલ ભારતીય પરિચય સંમેલનનું આયોજન કરેલ છે. સપ્ટેમ્બર ૨૦૧૬, શનિવાર તથા રવિવાર તા. ૧૦ અને ૧૧ના નાગપુર મધ્યે કચ્છી ભવનમાં આ આયોજન રહેશે.

શ્રી નાગપુર કચ્છી વિસા ઓસવાલ સમાજની પહેલ થકી લોક-લાગણીને માન આપી આ પ્રવૃત્તિના ષષ્ઠમ સોપાનનું આયોજન જાહેર કરતાં અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

આપના ગામ, શહેર કે પરિચયમાં વિવાહ યોગ્ય યુવક - યુવતીના પરિવારોનાં નામ, ફોન / મોબાઈલ નંબર મોકલવા વિનંતી છે. તેમને આ સંમેલનમાં સક્રિય ભાગ લેવા માર્ગદર્શન, પ્રેરણા આપી આપનો અમૂલ્ય સહયોગ આપશો.

પરિચય સંમેલનના ફોર્મ ટૂંક સમયમાં આપને મોકલાવી રહ્યા છીએ. વેબસાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી શકાય તે માટેના પ્રયત્નો ચાલુ છે. ખબર પત્રિકા દ્વારા આ બાબત જાહેર કરવામાં આવશે.

આપના સક્રિય અને અમૂલ્ય સહયોગની અપેક્ષા સહ... ■




### અંગદાન અને ધર્મ

ધર્મ એ ખૂબ જ ઊંડો, અભ્યાસુ, ગહન અને શ્રદ્ધાનો વિષય છે. તેને સમાજ કે સંસારના અને આપણા સ્વાર્થ સિદ્ધ કરવાના હેતુસર ન વિચારવો જોઈએ. તેમાંય જૈન ધર્મ કે જેના તીર્થંકરોએ ભવ્ય કે અભવ્ય જીવોના ઉત્થાનની ભાવના ભાવિ હોય એમણે શું માનવ વિશે કશું વિચાર્યું નહીં હોય? સાધુ સંતો જે આત્માના ઉત્થાનની અને અધ્યાત્મની ઊંચી વાતો કરતા હોય એમની પાસે આવા નાની બાબતોના ઉપદેશની વાતો કહેવડાવવી એ એક કરોડપતિ પાસે રૂ. ૧૦/- ની માંગણી કરવા જેવી લાગે છે.

જૈન સાધુ સંતોની વાત જવા દો, કયા ધર્મના સંતે કે આચાર્યોએ રક્તદાન, કે અંગદાનના ઉપદેશ આપ્યા અને કેટલા સંતોએ રક્તદાન કે દેહદાન કર્યું? મફતમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજી એકત્ર કરાયેલું લોહી ખૂબ જ મોંઘા ભાવે વેચવામાં આવે છે અને કિડનીના તો વેપાર થાય છે આ દેશમાં! જે દાન પ્રશંસા માટે કે પ્રસિદ્ધિ માટે હોય એ દાનની કિંમત કેટલી? કહે છે દાન એને કહેવાય કે એક હાથ આપે અને બીજાને ખબર પણ ન પડે. પરંતુ આમાં તો મને નકરી પ્રસિદ્ધિ જ દેખાય છે. પેપરમાં આવશે ૧૦૧મી વાર રક્તદાન કર્યું - દેહદાન કર્યાના ફોટા આવશે. આને દાન કહેવાય? જો દાન કરવું જ હોય તો ગુપ્ત રીતે કરો. તેની પ્રસિદ્ધ શા માટે? અને છેલ્લે આપણે આપણી જાતને પૂછીએ કે આપણા પરિવારમાંથી કેટલાયે રક્તદાન કર્યું? અને કેટલાયે અંગદાન?

ઉપદેશક બનતાં પહેલાં આચારક બનવું ખૂબ જરૂરી છે આ ધર્મી કહે છે. લાગણી દુભાઈ હોય તો ક્ષમા.

*નીતિન એચ. સંઘવી - ગાંધીનગર*

★

અનેક વર્ષોથી મંગલ મંદિરના વાચક તરીકે, સતત વાતો કરતા આ મનગમતા બે-ચાર લેખકો વિષે નહીં લખું તો વસવસો રહી જશે.

વિગતવાર, ખુલાસાવાર લખાણ થાય તેવું આજે (૮૩મું ચાલે છે) — શક્ય નથી. એટલે થોડાને ઝાઝું કરીને વાંચવા વિનંતી છે.

પણ એ મિત્રોની વાત કરતા પહેલાં, તંત્રી મંડળમાં થયેલા ફેરફારની વાત. મંગલ મંદિરનું તંત્રીપદુ શોભાવીને ગયેલા સૌ તંત્રીશ્રીઓને શુભેચ્છાઓ અને નવા આવેલા તંત્રીને પ્રેમભર્યો આવકાર. માજી તંત્રીઓમાં ખાસ, પ્રેમીલાબેન અને ચંદ્રિકાબેનને ખાસ સલામ.

પહેલા તો 'બાલુંડે જ્યું ગાલિયું' મારી પહેલી પસંદગીના લેખકશ્રી - સંપાદકશ્રી ગુલાબચંદભાઈ રાંભિયાને વંદન.

'જાણવા જેવું' કૉલમના સંપાદક શ્રી રજનીકાંત પારેખની મહેનત માટે તેમને પણ ધન્યવાદ.

અને છેલ્લે, શાંતિભાઈ સંઘવી, મારા મુરબ્બી મિત્રને ઉત્તમ કૃતિઓ આપવા માટે બે હાથે સલામ.

છેલ્લે, મંગલ મંદિર અને કચ્છી જૈન ભવનના નાના મોટા સૌ સાથીદારોએ સદાય સાથ આપ્યો છે, હસીને આવકારો આપ્યો છે, એટલે તેમને કેમ ભૂલાય?

જે થોડા વર્ષો મંગલ મંદિરની મજા માણી તે માટે ફરીવાર સૌ કોઈનો આભાર.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

## NanoNine™ શબ્દ રમત-૧૧૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | ૭ | | ■ |
| ૮ | ■ | ૯ | | | ૧૦ | ■ | ■ | ૧૧ | | ■ | ૧૨ |
| ૧૩ | | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | |
| | ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | | |
| ■ | ૨૧ | | | ■ | ૨૨ | | ■ | ૨૩ | | ■ | |
| ૨૪ | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | |
| ૨૯ | | ■ | ૩૦ | | ૩૧ | ■ | ૩૨ | | ■ | ■ | |
| | ■ | ૩૩ | | ■ | ૩૪ | | ■ | ૩૫ | | ૩૬ | ■ |
| ૩૭ | ૩૮ | | ■ | ૩૯ | | ■ | ૪૦ | | ■ | ૪૧ | ૪૨ |
| ૪૩ | | ■ | ૪૪ | | ■ | ૪૫ | | ■ | ■ | ૪૬ | |
| | ■ | ૪૭ | ૪૮ | ■ | ■ | ૪૯ | | ૫૦ | ૫૧ | ■ | |
| ■ | ૫૨ | | | | | ■ | ૫૩ | | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૬-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. પતંગિયું (ફા) (૪)
૫. કતલ થતી હોય તે જગ્યા (૫)
૯. જયાપ્રદાનું રીષી કપૂર સાથેનું પ્રથમ પિક્ચર (૪)
૧૧. સત્ય, સાચું (૨)
૧૩. નામ, મંત્ર ઇત્યાદિનું રટણ (૨)
૧૪. કિસ્મત, આફત, મોત, અશુભની આશંકા (અ.) (૨)
૧૫. પાણી ભરવાનું વાસણ, ગાગર (૨)
૧૬. ક્યારે (૨)
૧૭. આજ્ઞાપાલન, મલાજો, મર્યાદા (૩)
૧૯. અટકળ, બજારનું વલણ, અભિપ્રાય (૨)
૨૦. ત્રણ કલાક, પ્રહર (૩)
૨૧. તોડવું તે, રદિયો આપવો તે (૩)
૨૨. _____ વીરસ્ય ભૂષણમ્ (૨)
૨૩. બગલો (૨)
૨૫. તપવું તે, તાપ (૩)
૨૬. લીટી, રેખા (હિં) (૩)
૨૮. _____ આવે ત્યારે સોગઠી મારવી (૨)
૨૯. જમાઈને _____ પણ કહે છે (૨)
૩૦. મેળાપ, સંયોગ (૩)
૩૨. લીન, મગ્ન, આસક્ત (૨)
૩૩. અવાજ, ઘોષ, ધ્વનિ (૨)
૩૪. એક દિવસની મજૂરી (૨)
૩૫. રક્ષણ કરનાર, બચાવનાર (૩)
૩૭. _____ સરી એટલે વૈદ વેરી (૩)
૩૮. અણુ, ધૂળનો કણ (૨)
૩૯. _____ વગર વેલો ન ચઢે (૨)
૪૦. ક્ષમા કરેલું, જવા દીધેલું (૨)
૪૧. _____ કે મારી પાંચ વરસમાં પહોંચી નથી એકે પાઈ (૨)
૪૩. ખરાબ, હીન (૨)
૪૪. નાનો તંબુ, ફાગણ સુદ-૧૩ના દિવસે શત્રુંજય પર બાંધવામાં આવે છે (૨)
૪૫. વેલ (૨)
૪૬. નમેલું (૨)
૪૭. હોડી, વહાણ (૨)
૪૯. મહેક, સુગંધ (૪)
૫૨. વચન ન પાળવું તે (૫)
૫૩. હડકાયેલું કૂતરું કરડતાં થાય (૪)

### ઊભી ચાવીઓ

૨. કેરીનો કાઢવામાં આવે (૨)
૩. અઠવાડિયાના સાત _____ છે (૨)
૪. નાગની કન્યા, પરમ સુંદર સ્ત્રી (૪)
૬. આ કંદ ખાવાથી મોઢામાં વાસ આવે, હૃદયરોગ માટે ઉપયોગી કંદ (૩)
૭. ખોદેલું (૨)
૮. પ્રકાશ, તેજ (૩)
૧૦. આનંદ, લહેર (૨)
૧૨. આવવું જવું તે (૬)
૧૩. જશ, યશ (૨)
૧૪. કુંવારી છોકરી, એક રાશિ (૨)
૧૫. મોઢા પરથી _____ પણ ઉડતી નથી (૨)
૧૬. '_____ ના પ્યાર હૈ' – ઋતિક રોશનની પ્રથમ ફિલ્મ (૨)
૧૭. દલાલી (૩)
૧૮. મનને ગમતું (૫)
૧૯. મારી સગી નણંદના વીરા _____ મારો લેતા જજો (૩)
૨૦. _____ ઘૂંઘરું બાંધ મીરા નાચી થી... (૨)
૨૩. નોકરીમાંથી કાઢી મૂકેલું (૫)
૨૪. હનુમાન (૬)
૨૭. પર્વત (૨)
૩૧. અક્ષરનો આકાર (૩)
૩૩. લાડ, નખરા (ફા), અપને વતન પર _____ હૈ (૨)
૩૬. કળી જવું, સમજવું, કેલ્ક્યુલેસ (૩)
૩૮. નકામું, બાત્તલ કરેલું (૨)
૩૯. એક કઠોળ (૨)
૪૦. માતાના પિતા (૪)
૪૨. ખેલ _____, પૈસા હજમ (૩)
૪૪. પવિત્ર (૩)
૪૫. પીડા, ઉપાધિ (૨)
૪૭. નૃત્ય (૨)
૪૮. જંગલ, અરણ્ય, રાન (૨)
૫૦. ચીસ, બૂમ (૨)
૫૧. ટંકાવાથી થતો ઘા (૨)

*વંદનીય ન બનાય તો વાંધો નહિ પરંતુ નિંદનીય ન બનાય તેનું ધ્યાન રાખજો.*

## NanoNine™ શબ્દ રમત-૧૧૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્ર | ક | ર | ણ | | વા | તા | ય | ન | | ઘા | |
| ગ | ર | મી | | પા | વ | ડી | | વા | મા | | ખ |
| તિ | | | પો | પ | ટો | | રા | બ | ડી | દે | વી |
| | ફો | જ | | ડી | | સા | ફ | | | ર | સ |
| સ | ર | કા | ર | | ફૂ | લ | ડો | લ | | ગ | |
| | મ | ત | ફે | ર | | ગી | | ગા | વ | ડ | લી |
| પ | | | દ | | કા | રી | ગ | ર | | | લો |
| સી | | સ | ફે | દ | | | હ | | | સં | ત |
| નો | ક | ર | | ગો | વ | ર્ધ | ન | | સુ | ગ | રી |
| | લા | ભ | | | | | | આ | | મ | |
| એ | ક | ર | | | મ | ગ | દ | ળ | | | લે |
| ક | | | અ | ર | સ | પ | ર | સ | | વ | ખ |

*માસ એપ્રિલ-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૧૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. કશિશ શાહ - અમદાવાદ
૩. હર્ષ પરીખ - અમદાવાદ
૪. ચંદ્રા શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૫. ચંદ્રા શાહ - ભટ્ઠા, અમદાવાદ
૬. સ્મિતા શાહ - અમદાવાદ
૭. વર્ષા પારેખ - અમદાવાદ
૮. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૯. શાંતિભાઈ શાહ - અમદાવાદ
૧૦. ઝરણા પારેખ - અમદાવાદ
૧૧. સરોજ શાહ - અમદાવાદ
૧૨. વિનોદ મહેતા - અમદાવાદ
૧૩. ધ્રુવી મહેતા - અમદાવાદ
૧૪. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૫. જશવંત કોઠારી - અમદાવાદ
૧૬. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૭. સરોજ ચંદુરા - સુરત
૧૮. સરોજ શાહ - અગાસ
૧૯. પ્રભા શેઠિયા - વલસાડ
૨૦. દિનેશ મોમાયા - પૂના
૨૧. નવીન લાલકા - ગદગ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. શાંતિભાઈ વ. શાહ - અમદાવાદ
૨. ચંદ્રા શાહ - ભટ્ઠા, અમદાવાદ
૩. સરોજ વી. શાહ - અગાસ

## જાણવા જેવું

**(અનુસંધાન : પાના નં.-૯૬ ઉપરથી ચાલુ)**

**ઋતુ પરિવર્તનની બીમારી** (Seasonal Affective Disorder – SAD) : ઋતુ પરિવર્તનને કારણે થતી બીમારીમાં કેળા ઉપયોગી છે કારણકે કેળામાં મૂડ એનહેન્સર કરતું 'ટ્રેપ્ટોફેન' કુદરતી સ્વરૂપમાં ઉપલબ્ધ છે.

**ધુમ્રપાન :** જે લોકો ધૂમ્રપાન છોડવા માગતાં હોય તેમના માટે કેળા અદ્ભુત રીતે મદદરૂપ થઈ શકે છે કારણ કે કેળામાં વિટામિન B6, B12 ઉપરાંત પોટેશિયમ અને મેગ્નેશિયમ પણ છે જે શરીરમાંથી નિકોટિન ઘટાડીને વ્યસન મૂક્ત થવામાં ઉપયોગી છે.

**માનસિક તાણ :** કેળામાંનુ પોટેશિયમ એક શક્તિશાળી મિનરલ છે, જે હૃદયના ધબકારાને સમતોલ કરે છે, મગજને પુરતું ઑક્સિજન પૂરું પાડે છે અને શરીરમાં પાણીને સપ્રમાણ કરે છે. જ્યારે આપણે માનસિક રીતે તાણમાં હોઈએ ત્યારે શરીરમાં પોટેશિયમનું લેવલ ઘટે છે. કેળાં શરીરમાં ઘટતા પોટેશિયમની પૂર્તિ કરે છે.

કેળાં ઘણી બધી બીમારીઓમાં અદ્ભુત સારવાર છે.

કેળાની સફરજન સાથે સરખામણી કરીએ તો સફરજન કરતાં ચારગણું પ્રોટીન, બે ગણું કાર્બોહાઈડ્રેટ, ત્રણ ગણું ફોસ્ફરસ, પાંચ ગણું વિટામિન-એ અને લોહતત્ત્વ બે ગણાં. બીજાં વિટામિન અને મિનરલ ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં પોટેશિયમ અને સૌથી વધારે મહત્ત્વનું – પ્રમાણમાં ખૂબ સસ્તાં. ■

## ૮૩ વર્ષ સફેદ રણની ફી ની જરૂર નથી

પ્રવાસન ક્ષેત્રે દેશ-વિદેશના લોકોના આકર્ષણનું કેન્દ્ર બની ચૂકેલા ધોરડો નજીકના મીઠાના રણ માટે ઉઘરાવાતી ફી સ્વરૂપે વર્ષ ૨૦૧૨થી ૨૦૧૫ સુધી રૂા. ૫.૩૫ કરોડ ઉપરાંતની રકમની આવક જમા થઈ છે. જ્યારે જાળવણી ખર્ચ વાર્ષિક રૂા. ૬ લાખની રકમ થતી હોવાથી આગામી ૮૩ વર્ષ સુધી કોઈ જ ફી ઉઘરાવવાની જરૂર નથી. આ બાબતે માંડવી તેમજ ભુજના બે વકીલોએ દલીલો સાથે જિલ્લા કલેક્ટરને નોટીસ પાઠવી ફી ઉઘરાવવાનું બંધ કરવાની રજૂઆત કરેલ છે. વ્યક્તિ દીઠ રૂા. ૧૦૦/-ની ફી ઉઘરાવવાનું બંધ કરવા તેમજ વ્યક્તિ દીઠ રૂા. ૨/-ની ફી રાખવા જણાવેલ છે. આ ફી દ્વારા વાર્ષિક છ લાખનો ખર્ચ નીકળી આવે તેમ છે, તેવી દલીલ તેમણે કરેલ છે. ■

## NanoNine™ Sudoku

એપ્રિલ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૨ના ઉકેલ મોકલનાર તથા વિજેતાઓના નામ માટે જુઓ

**પાના નંબર - ૮૦**

## પથ્થર થજો બાપુ!

*– નાનુભાઈ નાયક*

શતાબ્દી જન્મની આ દેશમાં ઉજવાય જો બાપુ!
અનોખી અંજલિ આજે જરા સ્વીકારજો બાપુ!

અમે આજે છુરી મારી હજારો લાશ ઢાળી છે
અમારા આ બધા પ્રાક્રમ તણા સાક્ષી થજો બાપુ!

જુઓને જીવતી બાળી છે સંખ્યાબંધ ઓરતને
તમારા મસ્તકે એ ભસ્મ ચોળીને જજો બાપુ!

અહીં નાદાન બાળકના અમે ટુકડા કરી નાખી
તમોને અંજલિ આપી તમે રાજી થજો બાપુ!

તમારા રેંટિયાની ત્રાકની છુરી સજાવી છે
હવે છૂપા કરીશું ઘાવ જોવા આવજો બાપુ!

તમે નોઆખલીમાં એકલા ઘૂમવા ગયા'તા ને?
હવે નોઆખલીને પણ તમે ભૂલી જજો બાપુ!

તમે જીવ હાથમાં લઈને હવે ના ઘૂમશો આંહી
નકામા જીવથી જાશો જરા ડાહ્યા થજો બાપુ!

તમારા જન્મને સો સો વરસ વીતી ગયાં તો પણ
અમે તો ઠેરના ઠેર જ રહ્યા તે જાણજો બાપુ!

તમે તો હુલ્લડોમાં સોંસરા પેસી જતા કિંતુ
અમે તો ઘેરના ઘેર જ રહ્યા બિરદાવજો બાપુ!

અમારી અંજલિની રીત પણ હંમેશ જુદી છે
લઈ લો હાડકાં-લોહી અને ચાલ્યા જજો બાપુ!

તમારું નામ લઈને કામ ઊલટાં જે કર્યાં તેથી
તમારું લોહી ઊકળે 'નંગ' તો પથ્થર થજો બાપુ!

*સૌજન્ય : "સંવેદન"*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૭૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓગસ્ટ-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૭૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | 1 | | | | 7 | | 9 |
| 4 | 6 | | 3 | | 1 | 8 | | |
| | | | | 9 | | | | 1 |
| 3 | | 4 | 9 | | | | | |
| | 9 | | 4 | | 5 | | 2 | |
| | | | | | | 9 | 3 | 4 |
| 8 | | | | 6 | | | | |
| | | 6 | 1 | | 7 | | 8 | 3 |
| 2 | | 3 | | | | 6 | 1 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 8 | | 2 | | 3 |
| | 1 | 6 | 5 | | | 7 | | |
| | | 3 | | | 1 | | | 6 |
| 4 | 7 | | | 5 | 3 | | | |
| | 2 | | | 9 | | | 3 | |
| | | | 6 | 2 | | | 9 | 1 |
| 1 | | | 4 | | | 3 | 6 | |
| | | 8 | | | 2 | | 7 | |
| 3 | | 7 | | 1 | | | | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 4 | | | 6 | | |
| 7 | | | 6 | | | | 8 | |
| | 2 | 3 | | 9 | | 4 | | |
| 4 | | | | | 1 | 5 | 7 | |
| | 5 | | 2 | | 4 | | | |
| | 1 | 6 | 9 | | | | | 2 |
| | | 8 | | 4 | | 9 | 2 | |
| | 6 | 1 | | | 2 | | | |
| | | 4 | 5 | | 9 | | | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | | | 4 | | | | |
| | | 2 | 8 | 5 | 7 | | | 4 |
| | 7 | | 2 | | | | 5 | |
| | 6 | 5 | 1 | | | | | 2 |
| | | 8 | 5 | 6 | 3 | 7 | | |
| | | | | | 2 | 5 | 6 | |
| | 2 | | | | 4 | | 7 | |
| 4 | | | 3 | 8 | 5 | 6 | | |
| | | | | 2 | | | 4 | 3 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૭૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 6 | 5 | 8 | 3 | 1 | 7 | 9 |
| 7 | 3 | 1 | 2 | 4 | 9 | 5 | 8 | 6 |
| 8 | 5 | 9 | 7 | 6 | 1 | 3 | 2 | 4 |
| 2 | 6 | 5 | 9 | 1 | 7 | 8 | 4 | 3 |
| 9 | 8 | 3 | 6 | 2 | 4 | 7 | 5 | 1 |
| 1 | 7 | 4 | 3 | 5 | 8 | 6 | 9 | 2 |
| 6 | 9 | 7 | 8 | 3 | 2 | 4 | 1 | 5 |
| 3 | 4 | 8 | 1 | 9 | 5 | 2 | 6 | 7 |
| 5 | 1 | 2 | 4 | 7 | 6 | 9 | 3 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 9 | 6 | 3 | 4 | 5 | 1 | 8 |
| 3 | 8 | 5 | 9 | 1 | 2 | 4 | 7 | 6 |
| 4 | 1 | 6 | 7 | 8 | 5 | 3 | 2 | 9 |
| 7 | 3 | 8 | 5 | 4 | 6 | 1 | 9 | 2 |
| 9 | 6 | 4 | 1 | 2 | 8 | 7 | 3 | 5 |
| 1 | 5 | 2 | 3 | 7 | 9 | 8 | 6 | 4 |
| 8 | 4 | 7 | 2 | 9 | 1 | 6 | 5 | 3 |
| 6 | 9 | 3 | 8 | 5 | 7 | 2 | 4 | 1 |
| 5 | 2 | 1 | 4 | 6 | 3 | 9 | 8 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 4 | 2 | 5 | 1 | 8 | 3 | 7 | 6 |
| 7 | 5 | 6 | 9 | 4 | 3 | 8 | 2 | 1 |
| 3 | 8 | 1 | 6 | 7 | 2 | 9 | 5 | 4 |
| 4 | 9 | 5 | 1 | 2 | 6 | 7 | 8 | 3 |
| 2 | 6 | 8 | 3 | 5 | 7 | 1 | 4 | 9 |
| 1 | 3 | 7 | 4 | 8 | 9 | 2 | 6 | 5 |
| 5 | 2 | 4 | 7 | 9 | 1 | 6 | 3 | 8 |
| 8 | 1 | 3 | 2 | 6 | 4 | 5 | 9 | 7 |
| 6 | 7 | 9 | 8 | 3 | 5 | 4 | 1 | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 9 | 1 | 5 | 2 | 4 | 8 | 7 |
| 7 | 5 | 8 | 3 | 4 | 9 | 2 | 1 | 6 |
| 1 | 4 | 2 | 6 | 8 | 7 | 5 | 3 | 9 |
| 8 | 3 | 7 | 4 | 2 | 5 | 9 | 6 | 1 |
| 5 | 9 | 6 | 7 | 1 | 8 | 3 | 2 | 4 |
| 4 | 2 | 1 | 9 | 3 | 6 | 7 | 5 | 8 |
| 2 | 7 | 5 | 8 | 9 | 1 | 6 | 4 | 3 |
| 9 | 8 | 3 | 5 | 6 | 4 | 1 | 7 | 2 |
| 6 | 1 | 4 | 2 | 7 | 3 | 8 | 9 | 5 |

Nano 9™
Insulated Stainless Steelware

Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com

Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ મુકેશજીએ હિંદી સિનેમામાં અદ્ભુત હાલરડાં બાળકો માટે ગાયેલા છે જેમાં 'લલ્લા લલ્લા લોરી દૂધ કી કટોરી', 'ચંદા કે દેશ મેં રહતી ઇક રાની' 'એ મેરી આંખો કે પહલે સપને, રંગીન સપને માસૂમ સપને', 'ઝિલમિલ તારે કરેં ઈશારે સો જા રાજ દુલારે' મુખ્ય છે.

★ આજથી ૧૦૪ વરસ પહેલાં યુ.એસ.એ ટેલિગ્રામ મોકલીને શરૂઆત કરી હતી. ૨૦ ઑગસ્ટના દિવસે તેમણે મોકલેલ સંદેશો ૨૮ હજાર માઈલનું અંતર કાપીને ૧૬ ઑપરેટરની મદદથી સંદેશો રિલે કર્યા પછી સાડાસોળ મિનિટ પછી ન્યૂર્યોક ખાતેના તે સ્થળે પાછો ફર્યો હતો. ૧૮૫૪માં ભારતની જનતા માટે શરૂ થયેલી ટેલિગ્રામ સેવાને જુલાઈ ૨૦૧૩ માં બંધ કરવામાં આવી હતી.

★ આપણા દેશના છ મોટાં મંદિરોમાં વાર્ષિક ૩૨૮૭ કરોડ રૂપિયાનું દાન આવે છે. એટલે કે રોજનું દસ હજાર કરોડનું. આ મંદિરોમાં તિરુપતિ, તિરુમાલા, શીરડી સાંઈબાબા, સિદ્ધિ વિનાયક, કાશી વિશ્વનાથ, વૈષ્ણોદેવી અને જગન્નાથ મંદિર - પુરી. સૌથી વધુ આવક તિરૂપતિ મંદિરની આશરે ૧.૩૦ લાખ કરોડ છે.

★ મુસ્લિમ અથવા બિનમુસ્લિમ દેશ જ હોય તેવી માન્યતા ધરાવતી અસિયા અંદ્રા બી એટલી કટ્ટર છે કે કાશમીર ખીણ પ્રદેશમાં જે સ્ત્રી બુરખો ન પહેરે તેના ચહેરા પર કાળી મેશ લગાવે છે. કાશમીરમાં તે મલ્લિકા-એ-મોત તરીકે ઓળખાય છે.

## કેળા

★ કેળા વિષે જાણ્યા પછી તમે કેળાને જુદી રીતે જોતા થઈ જશો.

★ કેળામાં ત્રણ પ્રકારની કુદરતી સાકર (સુગર) છે : સુક્રોઝ, ફ્રુકટોઝ અને ગ્લુકોઝ. ઉપરાંત પુષ્કળ ફાઈબર જે શરીરને તાત્કાલિક લાંબા ગાળાની શક્તિ પૂરી પાડે છે.

★ સંશોધનથી પુરવાર થયું છે કે ફક્ત ૨ કેળાં ૯૦ મિનિટ સુધી જોરદાર શારીરિક શ્રમ માટે પૂરતા છે અને એટલા માટે દુનિયાભરના રમતવીરો માટે કેળાં એ એક નંબરનું ફળ છે.

★ જુદા જુદા રોગોમાં કેળાં કેવી રીતે કામ કરે છે તે જોઈએ:

**ડિપ્રેશન** : હમણાં 'માઈન્ડ' નામની સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ સર્વે મુજબ જે લોકો ડિપ્રેશનથી પીડાય છે તેમને કેળાથી રાહત થાય છે કારણ કે કેળામાં ટ્રીપ્ટોટીન નામનું પ્રોટીન છે. તેને શરીર સેરોટોનિનમાં રૂપાંતર કરે છે. આ સેરોટોનિન વ્યક્તિનો મૂડ હળવો કરી આનંદમાં રાખે છે. આ ઉપરાંત કેળામાંનું વિટામિન B6 લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ જાળવી વ્યક્તિને મૂડમાં રાખે છે.

**એનેમિયા (નબળાઈ)** : કેળામાં મોટા પ્રમાણમાં લોહતત્ત્વ (આર્યન) હોય છે જે લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ વધારીને નબળાઈ હટાવી શકે છે.

**બ્લડ પ્રેશર** : કેળા એકમાત્ર એવું ફ્રુટ છે કે જેમાં ઉચ્ચતમ માત્રામાં પોટેશિયમ અને ઓછામાં ઓછી માત્રામાં સોલ્ટ છે જે બ્લડપ્રેશરના કંટ્રોલ માટે પૂરતું છે. અમેરિકાની યુએસ ફુડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન વિભાગે કેળાં બ્લડ પ્રેશર અને સ્ટ્રોક રોકનાર હોવાનો દાવો કરવાની ભલામણ કરી છે.

**બ્રેઈન પાવર (મગજ શક્તિ)** : અમેરિકાની ટ્વીકન હામ સ્કૂલના ૨૦૦ વિદ્યાર્થીને સવારના નાસ્તા અને રિસેસમાં કેળાં આપી પ્રયોગ હાથ ધરતા માલુમ થયું કે કેળાંમાં ભરપૂર માત્રામાં પોટેશિયમ હોવાથી વિદ્યાર્થીઓમાં જાગૃતતા વધી.

**કબજિયાત** : પ્રચુર માત્રામાં ફાઈબર હોવાથી કબજિયાત મટાડે છે તેમજ આંતરડાનું હલનચલન કરે છે. ઉપરાંત કેળા રેચક હોવાથી આંતરડાં સાફ રાખે છે.

**પેટમાં લોચા વળવા** : કેળાંનું મિલ્કશેક બનાવી તેમાં મીઠાશ તરીકે મધ ઉમેરી પીવાથી હેંગઓવર — પેટમાં લોચા વળવાનું બંધ થાય છે.

**છાતીમાં બળતરા** : કેળામાં કુદરતી એન્ટાસિડ છે. એટલે જ્યારે પણ છાતીમાં બળતરા થતી હોય એક કેળું ખાવાથી તુરંત રાહત થાય છે.

મગજની નસોને શાંત પાડે છે - કેળામાં વિટામીન બી ની માત્રા પુષ્કળ હોવાથી મગજની નસોને શાંત પાડે છે.

**મચ્છર કરડવું** : મચ્છર કરડવા પર કેળું ઘસવાથી ખંજવાળ કે સોજો આવતો નથી

**પેટનું અલ્સર** : પાચનતંત્ર અને આંતરડાની અનિયમિતતા માટે કેળાં ઉપયોગી છે કારણ કે કેળાંનું સુંવાળાપણું અને મુલાયમતા આંતરડાની દીવાલ પર એક ક્રિમની જેમ પડ બનાવે છે. પેટનાં ચાંદાં કે અલ્સરમાં ઓછું એસિડ ઉત્પન્ન થવા દઈ અલ્સરને ઝડપથી રૂઝ લાવવામાં મદદરૂપ થાય છે. કેળા એકમાત્ર કાચું ફળ છે જે પેપ્ટિક અલ્સરમાં ફાયદારૂપ પરિણામ આપી શકે છે.

**તાપમાન કંટ્રોલ** : કેળાંથી શારીરિક અને માનસિક તાપમાન કંટ્રોલમાં રહે છે. થાઈલેન્ડમાં ગર્ભવતી સ્ત્રીને કેળાં ખવડાવવામાં આવે છે, જેથી આવનાર બાળકનું તાપમાન સમતોલ રહે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૯૪ ઉપર)**



સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **ભુજ - નલિયા બ્રોડગેજ રેલવે :** રાજકોટ રેલવે વિભાગમાં ડિવિઝનલ ઑપરેશન યુવા મેનેજર મિત્તલે પોતાની રેલવે વિભાગ - ભુજની મુલાકાત દરમિયાન જણાવેલ હતું કે ભુજ - નલિયા બ્રોડગેજ રૂપાંતરણનો મહત્ત્વાકાંક્ષી રૂા. ૪૫૦ કરોડના પ્રોજેક્ટનું કામ ઝડપથી અને સમય મર્યાદામાં થાય તેવા મારા પ્રયત્નો ચાલુ છે તેમજ પ્રવાસીઓને રેલવે વિભાગ તરફથી સારી સુવિધાઓ મળે તેવા પ્રયાસની ખાતરી આપી હતી.

★ **મહાવીર કલ્યાણક ઉત્સવ :** કચ્છભરમાં જૈન - જૈનેતરો દ્વારા તા. ૨૦-૪-૨૦૧૬ બુધવારના રોજ ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજ પતાકા, બેન્ડવાજા, શરણાઈના સૂર, મહાવીર પ્રભુના જીવનની ઝાંખી કરાવતા વિવિધ ફ્લેટ્સ સાથે નીકળેલ શોભાયાત્રાએ પ્રભુ મહાવીર પ્રત્યે અહોભાવની લાગણી બતાવી હતી. સમગ્ર કચ્છના જિનાલયોમાં પ્રભુજીની સુંદર અંગરચના કરવામાં આવી હતી.

★ **બિદડા સર્વોદય ટ્રસ્ટ :** તાજેતરમાં સ્થાનિક ક.વી.ઓ. પ્રમુખ હરખચંદભાઈ દેઢિયાના પ્રમુખપણા હેઠળ બોલાવાયેલ પત્રકાર પરિષદમાં બિદડા સર્વોદય ટ્રસ્ટ તેમજ તેમના ચેરમેન સામે મૂકેલા નાણાંકીય ગેરવહીવટ અને ગોલમાલ સહિત મૂકેલા તહોમત સામે ઉગ્ર પ્રતિભાવ તેમજ તે બાબતને વખોડતા જણાવાયું હતું કે નિઃસ્વાર્થ અને સમર્પિત ભાવે કરાતી માનવ સેવામાં પ્રવૃત્ત આ ટ્રસ્ટની શાખને ખરડવા અને તે અંગે ચૂપકીદી બદલ પ્રમુખે ચેતવણી આપતા કહ્યું હતું કે આવી પ્રવૃત્તિથી જરૂરિયાતમંદોને ભોગવવું પડશે. તે સમયે સંસ્થાના વરિષ્ઠ ટ્રસ્ટી હેમંતકુમાર રાંભિયાએ તેમના પિતા અને તત્સમયના ચેરમેન સ્વ. બચુભાઈ રાંભિયાને પણ આ અંગે બદનામ કરવાનો પ્રયાસ થયો હતો.

★ **દુષ્કાળ :** મહારાષ્ટ્રના દુષ્કાળગ્રસ્તોની વહારે પં. ચંદ્રશેખરજી મહારાજ સાહેબ પ્રેરિત 'વર્ધમાન સંસ્કારધામ' દ્વારા લાતુર, ઔરંગાબાદ, સંગમનેર, માલેગાંવ, ચાલીસગાંવ, ધુલિયા અને બલસાણા તીર્થમાં માનવ તેમજ પશુ રાહત કાર્યો શરૂ કરવામાં આવ્યા છે.

★ **કચ્છમાં અદ્યતન પશુ મેડિકલ કોલેજ :** કચ્છમાં કામધેનુ યુનિવર્સિટીની પશુ સારવારની અદ્યતન મેડિકલ કૉલેજ સ્થાપનાથી આગામી દિવસોમાં પશુ સારવારની વધુ સુવિધા ઉપલબ્ધ થશે તેવું રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડાએ ભુજના સુપાર્શ્વસેવા મંડળના રજત જયંતિ પ્રસંગે જણાવ્યું હતું. આ પ્રસંગે ગૌસેવા બોર્ડ દ્વારા એમ્બ્યુલન્સ અને દાતા તરફથી ટુ-વ્હીલર સેવાનો પ્રારંભ કરવામાં આવેલ.

★ **કચ્છી પ્રતિનિધિ - રેડક્રોસ સોસાયટી :** ગુજરાત રેડક્રોસ સોસાયટીની તાજેતરમાં થયેલ ચૂંટણીમાં કચ્છના ડૉ. ભાવેશ આચાર્ય ૧૬ જેટલા મતોથી ચેરમેનપદ માટે વિજયી ઘોષિત થયેલ હતા. જ્યારે તેમના હરીફ ડૉ. નરોલાને ૧૩ મત મળેલ હતા. આ સોસાયટીના પ્રમુખ તરીકે રાજ્યના રાજ્યપાલ તથા ઉપપ્રમુખ તરીકે રાજ્યના આરોગ્ય પ્રધાન હોય છે.

★ **કચ્છના પશુધન માટે રૂા. ત્રણ કરોડ :** માનવસેવા અને જીવદયા ક્ષેત્રના કાર્યો માટે મુંબઈની જાણીતી સંસ્થા વર્ધમાન પરિવાર દ્વારા તા. ૨૩-૪ શનિવારના રોજ, દાદર ખાતે આવેલ યોગી સભાગૃહમાં એક સાંસ્કૃતિક ડાયરાના કાર્યક્રમમાં એકઠી થયેલ ૪ હજારની મેદની દ્વારા કચ્છના માલધારીઓ અને પશુધનને ઉગારી લેવા તેમજ અન્ય દુષ્કાળ રાહત અંગે રૂા. ૩.૫ કરોડનું દાન એકઠું થયેલ હતું. છેલ્લા પાંચ વરસથી કચ્છમાં રાહત કામ કરતી આ સંસ્થા દ્વારા ગયા મહિનામાં કચ્છના ઢોરો માટે રૂા. ૬૦ લાખનું ઘાસ મોકલાવેલ હતું. આ વખતે કચ્છમાં રૂા. ૩ કરોડના ખર્ચે જીવદયા ક્ષેત્રે સેવા કરશે.

★ **પાણી માટે હિજરતની નોબત :** કચ્છના ખાવડા વિસ્તારના ધોરાવર અને જુણા પંચાયતોના છ જેટલા ગામોમાં પાણીની વિકટ પરિસ્થિતિ ઊભી થઈ છે. ત્યાં પાણીની તીવ્ર અછતના કારણે તે ગામના લોકોમાં હિજરત કરવાની ભીતિ છે. આ ગામોમાં કૂવામાં જે પાણી બચ્યું છે તે પીવાલાયક નથી. ઉપરાંત પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી પહોંચાડવાની આનાકાનીના કારણે ૩ કિ.મી. દૂરથી લોકોને પાણી ભરવા જવું પડે છે.

★ **અમદાવાદથી ભુજ સીધી એર ફ્લાઈટ સેવા :** કેન્દ્રના ઉડ્ડયન મંત્રાલય દ્વારા મંજૂરી મળતાં, ઈન્ટ્રા સ્ટેટ કનેક્ટિવિટી ધરાવતી વિમાની સેવા ડાયમંડ એરોનોટિક્સ કંપની દ્વારા અમદાવાદથી ભુજ, કંડલા, સુરત, કેશોદ અને પોરબંદર માટે તેમજ સુરતથી રાજકોટ, ભાવનગર અને જામનગર માટે વિમાની સેવા શરૂ કરવામાં આવશે.

★ **આગઝરતી ગરમીથી કચ્છડો લાલચોળ :** તા. ૨૮-૪-૨૦૧૬ના રોજ અગનજ્વાળા વરસાવતા સૂર્યનારાયણે દોટ મૂકતાં ભુજ ૪૩.૯ ડિગ્રી સે.ના તાપમાને શેકાયું હતું. ગયા વર્ષે તા. ૧લી મે, ૨૦૧૫ના રોજ ભુજનું વધુમાં વધુ તાપમાન ૪૪.૮ ડિગ્રી સે. પહોંચ્યું હતું. માથે મે મહિનો

(વૈશાખ મહિનો) છે અને આ અગન જ્વાળાનો દોર હજુ ચાલુ રહેશે તેવો વરતારો હવામાન ખાતાએ રજૂ કરેલ છે. સૂર્યનારાયણનો આવો પ્રચંડ પ્રકોપ ભૂતકાળમાં સારો વરસાદ નોંધાવી ગયો હતો. તેથી આ વખતે પણ કચ્છના લોકો આ ભયંકર તાપના કારણે સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

★ **ટિમ્બર ઉદ્યોગ - કચ્છ** : વેટનું ભારણ, રૂપિયાનું અવમૂલ્યન, ડોલરના વધતા ભાવ, વૈશ્વિક મંદી સહિતના પ્રશ્નોથી ઘેરાયેલ પ્રવર્તમાન સમયમાં કચ્છમાં ચાર તાલુકામાં કાર્યરત ૧૧૦૦ જેટલા ટીમ્બર એકમો બંધ પડી જવાની ભીતિ સેવાય છે. આના કારણે લાકડાની આયાતમાં ૧૦ ટકા ઘટાડો થયેલ છે. અને તે એકમો ૫૦ ટકા જેટલો હાલમાં ધંધો કરે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં લાકડાની આયાતનો આંકડો ૩૯.૫૨ લાખ ઘનમીટરે પહોંચ્યો, તે વર્ષ ૨૦૧૫-૧૬માં ૩૫.૧૨ લાખ ઘનમીટર જેટલો થયો હતો.

★ **વિસ્તાર - વસતિની નજરે કચ્છ** : કચ્છ જિલ્લો કુલ ૪૫,૬૧૨ ચો.કિ.મી. જેટલો વિસ્તાર દરાવે છે. જિલ્લાના ૧૦ તાલુકાઓમાં કુલ ૮૮૦ વરસાદી ગામો અને ૬ શહેરો છે. ગ્રામ્ય વિસ્તારની ૧૬.૧૬ લાખ અને શહેરી વિસ્તારની ૬.૫૪ લાખ સહિત કુલ ૨૨.૭૦ લાખની માનવ વસતિ તથા ૧૮.૭૬ લાખ પશુધનની વસતિ છે. જ્યાં ગ્રામ્ય વિસ્તાર માટે ૧૬૨ એમ.એલ.ડી. પાણી, શહેરી વિસ્તાર માટે ૯૨ એમ.એલ.ડી. પાણી અને ઔદ્યોગિક એકમોની ૧૦૨ એમ.એલ.ડી. પાણી મળી કુલ ૪૧૨ એમ.એલ.ડી. પાણીની જરૂરિયાત રહે છે.

★ **કન્યા કેળવણી** : ગયા વર્ષે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે ભુજની દીપક ચા કંપની તથા કચ્છમિત્રની સહિયારી પહેલ સાથે શરૂ થયેલ 'ઘર ઘર દીપક' શિષ્યવૃત્તિને કચ્છવાસીઓએ ઉમળકાભેર વધાવેલ હતી અને તે અંગે ૧૩,૦૦૦ જેટલી અરજીઓ આવેલ હતી. જેમાંથી ૨૫ વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિનો લાભ મળેલ હતો. આ વર્ષે શિષ્યવૃત્તિની સંખ્યા વધારીને ૫૧ જેટલી કરવામાં આવી છે. જેમાં દરેક વિદ્યાર્થીઓને રૂા. ૫,૦૦૦/- જેટલી રકમ મળશે. આ શિષ્યવૃત્તિના રજિસ્ટ્રેશન બાબત ત્રણ વિકલ્પ આપવામાં આવેલ છે : (૧) ૦૮૦૩૦૬૩૬૨૦૪ નંબર ઉપર મિસ્ડ કોલ આપવો. (૨) 'દીપક ટી'ના ફેસબુક પેજબુકને લાઈક કરો અથવા (૩) ૯૯૦ ૯૯૬ ૬૨૪૪ ઉપર વૉટ્સ ઍપ કરો.

★ **સ્થાનિક રોજગારી - શૌચાલય અભિયાન** : ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા કચ્છ કલેક્ટરના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલ 'સંવાદિતા પ્લાન્ટ, પ્રક્રિયા અને લોકો'ના થીમ સાથેના એચ.આર. કોન્કલેવ - ૨૦૧૬માં ઉદ્યોગોને સ્થાનિક રોજગારી અને શૌચાલય નિર્માણમાં આગળ આવવાનું જણાવેલ હતું. યુ.જી.સી. દ્વારા ૨ કરોડની સ્કીલ ડેવલપમેન્ટ અંગે કચ્છના પ્રતિભાશાળી છાત્રોને વિવિધ ક્ષેત્રના કાર્ય માટે ટ્રેનિંગ દ્વારા કાર્યક્ષમ બનાવવા, તે ઉદ્યોગોની ફરજ છે તેવું આ 'કોન્કલેવ - ૧૬'માં જણાવાયું હતું.

★ **કન્યા કેળવણી** : ભુજ સ્વામિનારાયણના નરનારાયણ મંદિર દ્વારા માંડવી - પીયાવા ખાતે ઓછી ફીએ કન્યા કેળવણી અંગે કન્યા વિદ્યામંદિરનું સ્વામિનારાયણના સંતો દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવેલ હતું. જેમાં એક જ દાતા પરિવાર અ.નિ. લાલજી કેસરા વેકરિયા તરફથી રૂા. ૧૨ કરોડની મિલ્કતનું દાન કરવામાં આવ્યું હતું. આ વિદ્યા મંદિરમાં ૫૫,૦૦૦ ફૂટનું છાત્રાલય, ૩૩,૦૦૦ ફૂટનું પ્રાર્થના ખંડ, ૬૦ ઓરડા, ૪૦,૦૦૦ ચો.ફૂટમાં ૩૪ શાળા ખંડો વગેરેનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ હતું.

★ **ઘડુલી સાંતલપુર માર્ગ** : ૧૯૭૦ના દાયકામાં ચર્ચામાં રહેલા અને ૧૯૮૩માં નિમાયેલી બન્ની કમિટીના અહેવાલ બાદ ૧૯૮૯માં જેનો રાજ્ય સરકારે અગ્રતાક્રમે અમલ કરવાની ભલામણ કરેલ આશરે ૨૫૫ કિ.મી. પૈકીનો માર્ગ — ઘડુલી - ઝારા, હાજીપીર - લુણા - ભીંટારા, ખાવડા - કુનરિયા, ધોળાવીરા - બાલાસર - મોવાણા અને વૌવા - સાંતલપુર સુધીનો ૧૩૨.૬૭ કિ.મી.નો માર્ગ રૂા. ૧૪૫ કરોડના ખર્ચે તૈયાર થઈ ગયેલ છે. આ માર્ગના કારણે કચ્છના પ્રવાસન ક્ષેત્રને વેગ મળશે. જેથી વિશ્વભરના અતીતના અભ્યાસુઓ હડપ્પન યુગના અવશેષોથી સમૃધ્ધ ધોળાવીરા નજીક થઈ જશે. એ ઉપરાંત ઐતિહાસિક ઝારા, હાજીપીર, ખાવડા, કાળા ડુંગર સુધી ઓછા સમયમાં પહોંચી શકશે. આશરે પાંચ દાયકાથી અટકેલો આ માર્ગ સમગ્ર રાષ્ટ્રને કચ્છ નજીક લાવવા મદદરૂપ સાબિત થશે.

★ **ગગને પલટ્યો મિજાજ** : અગન વરસાવતા તાપ અને બળબળતી લૂની વચ્ચે અરબી સમુદ્રમાં સર્જાયેલા હળવા હવાના દબાણથી પૂર્વ કચ્છના રાપર, ગાંધીધામ, અંજાર થઈને ભુજ અને પાવરપટ્ટીના ગામડાંઓમાં વરસાદી ઝાપટા સાથે કરાઓનો વરસાદ થયેલ હતો. ભુજમાં ૧૧ મિ.મિ. જેટલો વરસાદ પડેલ હતો. આના કારણે એરંડા, રંજકો અને કેરીના પાકને નુકસાન થયેલ. પાલામાં પડેલ ખેડૂતોનો માલ તથા માર્કેટિંગ યાર્ડમાં પડેલ અનાજ પણ ભીંજાઈ ગયેલ. આવો માહોલ બે દિવસ ચાલેલ.

★ **કચ્છની પાંજરાપોળો** : ઘાસચારા અને પાણીની અછતના કારણે કચ્છની પાંજરાપોળોની હાલત ઘણી દયનીય થઈ ગઈ છે. એકલા કંઠીપટ્ટમાં ૧૯,૪૯૮ પશુઓ પાંજરાપોળમાં આશરો લે છે. જેનો રોજનો ઓછામાં ઓછો ખર્ચ રૂા. ૭,૮૦,૦૦૦ છે — વહીવટી ખર્ચ તો અલગ. આવી સ્થિતિ કચ્છની દરેક પાંજરાપોળોની છે. કચ્છમાં પાણીના ભાવે મેળવેલ જમીનો ઉપર કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગો પોતાના

સી.એસ.આર. ફંડ અન્ય સ્થળે વાપરતા હોવાથી કચ્છને તેનો લાભ મળતો નથી તેવી વ્યાપક ચર્ચા છે.

★ **'બેટી બચાવ'** : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્લોગન 'બેટી બચાવ, બેટી પઢાવ'થી પણ એક કચ્છી દિલેર મુંબઈના કાંતિલાલ પ્રેમજી મારુ (ગીજુભાઈ)એ એક ડગલું આગળ વધી 'બેટી બસાવ' સૂત્ર સાર્થક કરેલ છે. તેમણે લખનૌમાં નિરાધાર અને ગરીબ પરિવારની ૬૩ દીકરીઓના સમૂહ લગ્ન કરાવી આપેલ છે. જેમાં બધી દીકરીઓને પૂરી ઘરવખરી પણ આપેલ છે. આ પહેલાં પટના (બિહાર)માં ૫૧ દીકરીઓના લગ્ન કરાવ્યા હતા. તેમની મુંબઈમાં આવેલ ક્લાસિક સ્ટીલની પ્રોડક્ટ્સનું મુખ્ય વેચાણ ઉત્તર પ્રદેશમાં થાય છે. બન્ની પચ્છમમાં પણ પશુઓ ઘાસ પાણી વિના બેહાલ દશામાં જોવા મળે છે.

★ **કચ્છના મહેસૂલી મેપ્સની એપ્સ** : ભુજના યુવાન વિશાલ ભાટિયાએ એશિયાની પ્રથમ ઇન્ડિયન ગ્રાઉન્ડ સર્વે (આઈ.જી.એસ.) રેવન્યુ મેપ એપ્લીકેશન વી મોસ તૈયાર કરી છે જે ઍન્ડ્રોઇડના પ્લે સ્ટોર પર ઉપલબ્ધ બનશે. આ ઍપ્સ દ્વારા કચ્છ, બનાસકાંઠા, રાજકોટ અને જામનગરના રેવન્યુ સર્વે નંબર સહિતના નકશા, મુક મહેસૂલી વિગતો, બિનખેતી જમીન, ગામતળ, સીમતળ, જંત્રીના ભાવ વગેરેની વિગતો આ ઍપ્સમાં મળી રહેશે. જેથી લોકો જમીન ખરીદવા - વેચવા અંગે પૂરતી વિગતો મેળવી શકશે.

★ **રેલવે** : મુસાફરોનો ધસારો વધતાં રેલવે તંત્ર દ્વારા ભુજ - બરેલી - ભુજ, આલા હઝરત એક્સપ્રેસ ટ્રેનમાં કાયમી ધોરણે વધારાના કોચ જોડવાની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેનમાં ૮ મે, ૨૦૧૬થી એક થર્ડ એ.સી. કોચ અને એક સ્લીપર કોચ જોડવામાં આવશે. જ્યારે ૧૦ મે, ૨૦૧૬થી બે જનરલ કોચ જોડવામાં આવશે. જેના પગલે આ ટ્રેન હવેથી ૨૨ કોચ સાથે દોડશે.

★ **ગુજરાતના જૈન સમાજનો લઘુમતીમાં સમાવેશ** : ગુજરાતના જૈન સમાજને લાંબા સમયના વિલંબ પછી આખરે રાજ્ય સરકારે જૈન સમાજને લઘુમતીમાં સમાવેશનો નિર્ણય કરેલ છે. જેના કારણે જૈન સમાજને લઘુમતીને મળતા રોજગાર સહાય, સ્કોલરશીપ, સંસ્થાઓને ગ્રાન્ટ સહિતના તમામ લાભો મળશે. તુરંતના સમયમાં જ તે અંગેનું નોટીફિકેશન રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવશે અને તેનો તરત જ અમલ કરવામાં આવશે. કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપવાનું નોટીફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જેને અનુસરીને દેશના ૧૫ જેટલા રાજ્યોએ તેનો અમલ શરૂ કર્યો હતો. હવે ગુજરાત રાજ્યે તે વલણ અપનાવ્યું છે તેમજ દેશ-વિદેશમાં પથરાયેલી જૈનોની ધાર્મિક, શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓને ખાસ બંધારણીય હક્કની સ્વાયત્તતા મળી જશે. લઘુમતીના ધોરણે કોઈ હસ્તક્ષેપ નહીં કરી શકે. જેથી જૈન સંસ્થાઓનો વધુ ઝડપથી વિકાસ થશે. આમ જોઈએ તો ગુજરાતમાં જૈનોની વસતિ માત્ર ૧% છે તેમજ જૈનોમાં શિક્ષણનું પ્રમાણ સૌથી વધુ ૯૬% છે.

★ **જલ છે તો જીવન છે** : મહારાષ્ટ્રના લાતુર - વિદર્ભ સહિતના પ્રદેશોમાં દુષ્કાળના કારણે અભૂતપૂર્વ અછત સર્જાઈ છે. આ પરિસ્થિતિના દારુણ કહાની - દશ્યો નિહાળી ૧૨-૧૨ વર્ષના બે બાળકો વંશ શાહ અને જય શાહે મહારાષ્ટ્ર સરકારના 'જલયુક્ત શિવાર અભિયાન'માં ઉદાર હાથે ફાળો આપવાનું લોકોને જણાવતા ટૂંકા ગાળામાં રૂા. ૪.૦૫ લાખ એકઠા કરી મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને તેનો ચેક અર્પણ કરી સરકારના ડૅમ - ચેકડૅમ અને તળાવો બનાવવા માટેના કાર્યમાં નાની વયમાં સમજદારી દાખવેલ છે. મહારાષ્ટ્રને દુષ્કાળમુક્ત કરવાની તેઓની નેમ છે.

★ **શિક્ષણ** : અંજાર - કચ્છમાં દસ કરોડના ખર્ચે નવનિર્મિત પામેલ ઔદ્યોગિક કેન્દ્રને શ્રમ અને રોજગારમંત્રી દિલીપકુમાર વિશનજી ઠાકોરે ઉદ્ઘાટન પ્રસંગે જણાવેલ કે રાજ્યભરમાં યોજાયેલ ૪૨ જેટલા રોજગાર મેળામાં ૨૫,૬૦૨ જેટલા લોકોને રોજગારી આપવામાં આવશે. તેમજ જણાવેલ કે તાલુકાના રતનાલ ગામને આઈ.ટી.આઈ.ની મંજૂરી મળેલ છે. જેથી ઔદ્યોગિક કેન્દ્રની કચ્છમાં સંખ્યા ૧૧ જેટલી થશે.

★ **રતનાલ ક્રિકેટ સ્ટેડિયમ** : ઘણાં વર્ષો પહેલાં કચ્છમાં ઇફકોના મેદાનમાં રણજી ટ્રોફીની મેચો રમાતી હતી. હવે અંજાર તાલુકાના રતનાલ ગામમાં રૂા. ૫૫ લાખના ખર્ચે એક આધુનિક ક્રિકેટ સ્ટેડિયમ 'સંતશ્રી વલ્લભદાસજી સ્ટેડિયમ'નું લોકાર્પણ તાજેતરમાં ભારતીય ક્રિકેટ બોર્ડના સેક્રેટરી અનુરાગ ઠાકુરે કરેલ હતું. આ મેદાનમાં રણજી ટ્રોફી કક્ષાની મેચો રમાય તે માટે તેઓ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. સાથે વાત કરશે તેમ જણાવેલ હતું. કચ્છમાંથી ધોની જેવા ક્રિકેટર ભારતને મળી રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

★ **બિદડા સર્વોદય ટ્રસ્ટ અધ્યક્ષને એવોર્ડ** : આરોગ્ય ક્ષેત્રે બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા દર્દીઓને ઉત્કૃષ્ટ સેવા અને સારવાર માટે તેમજ અધ્યક્ષ વિજયભાઈ છેડાની વિવિધ સંસ્થાઓમાં સામાજિક સેવા બદલ 'અમેરિકન સોસાયટી ઑફ ક્વોલિટી હચન્સ ઍવોર્ડ - ૨૦૧૬' એનાયત કરવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ વિજયભાઈ છેડાને જૈન રતન, જૈન વિભૂષણ, સમાજરત્ન, કચ્છ ગૌરવ વગેરે ઍવોર્ડોથી નવાજવામાં આવેલ છે તેમજ બિદડા સર્વોદય ટ્રસ્ટને પણ વિકલાંગોની ઉમદા સારવાર બદલ તેના 'જયા રીહેબી સેન્ટર'ને રાષ્ટ્રીય ઍવોર્ડ મળી ચૂકેલ છે. હચન્સ ઍવોર્ડ મેળવનાર શ્રી વિજયભાઈ છેડા બીજા કચ્છી છે. અગાઉ આ ઍવોર્ડ બિદડા સર્વોદય ટ્રસ્ટના અમેરિકા સ્થિત ટ્રસ્ટી નવીનભાઈ દેઢિયાને પણ મળેલ છે. ■

## "સરસ્વતી સન્માન"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન પાઠવે છે. બાળવર્ગથી ઉચ્ચ શિક્ષણ સુધીના ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીને સમાજના નિયમાનુસાર પુરસ્કાર આપવામાં આવે છે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને વિશિષ્ટ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે. જેની કાર્યવાહી પુરસ્કાર સમિતિ દ્વારા થાય છે.

**આ વર્ષે "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ તા. ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૬ને સ્વામિવાત્સલ્યના દિવસે જ રાખવામાં આવેલ છે. જેની સમાજના દરેક સભ્યોએ નોંધ લેવા વિનંતી.**

આ અંકમા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવા માટેના ફોર્મ અન્યત્ર છાપવામાં આવ્યા છે. ફોર્મ ભરતી વખતે સૂચનાઓ વાંચવા વિનંતી. ધોરણ બાળવર્ગથી ૭મા ધોરણ સુધી અને ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટે અલગ અલગ ફોર્મ છે. તો જે તે ધોરણ મુજબ ફોર્મ ભરવા વિનંતી.

**આ વર્ષે સમાજમાં ભણતા, ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવશે. ટકાવારીનો કોઈ જ બાધ નથી જેની નોંધ લેવી. આ નિયમ ફક્ત આ વર્ષ પૂરતો જ મર્યાદિત રહેશે.** દરેક વિદ્યાર્થીની માહિતી મળી રહે એ હેતુસર આ વર્ષે દરેક વિદ્યાર્થીને પુરસ્કાર આપવાનું નક્કી કરેલ છે. ***(જ્યાં માર્કશીટની આવશ્યક્તા છે ત્યાં માર્કશીટનું અવશ્ય બીડાણ કરવું.)***

***ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧-૭-૨૦૧૬ સુધીની છે તે જાણશો.***

ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટે માર્કશીટનું બીડાણ જરૂરી છે. માર્કશીટ જો મોડી આવવાની હોય તો પણ ફોર્મમાં નોંધ લખીને ફોર્મ સંસ્થાની ઓફિસે - પાલડી પહોંચતા કરશો. માર્કશીટ પછીથી મોકલી આપશો.

બાળવર્ગથી ધોરણ-૭ અને ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટેના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે આપવામાં આવશે. તો સભ્યોને ખાસ વિનંતી કે તે જ દિવસે પોતાના પુરસ્કાર મેળવી લેવા. પછીથી ક્ષમા.

***પુરસ્કાર સમિતિ***
***કન્વીનર : પંકજ મેઘજી ગોગરી***

***નોંધ :*** ફોર્મમાં નોંધણી ક્રમાંકમાં A લખેલ છે તે બાળવર્ગથી ધોરણ-૭ સુધી અને B લખેલ છે તે ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગના વિદ્યાર્થીઓ માટેના ફોર્મ છે.

Aમાં માર્કશીટની જરૂર નથી.

Bમાં માર્કશીટની અવશ્ય જરૂર છે.

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ" દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ સમાજની વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવા માંગે છે. સમાજની કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ ક્ષેત્રે એટલે કે વ્યાપાર, ઉદ્યોગ, તબીબી, શિક્ષણ, રમતગમત, સમાજસેવા, લેખન, ચિંતન, અધ્યાત્મ, શોધખોળ, ડિઝાઈનિંગ તથા અન્ય કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ કાર્યવાહી કરેલ હોય અને તેણે કોઈ પણ નામી સંસ્થા તરફથી વિશિષ્ટ સન્માન / ઍવોર્ડ / મેડલ / ઈનામ / સર્ટિફિકેટ / શિલ્ડ વગેરે મેળવેલ હોય તેઓએ અમને વિગતવાર માહિતી સાથે તરતમાં જાણ કરવાની રહેશે.

સમિતિના નીતિ નિયમો અનુસાર એ વિગતોની ચકાસણી કર્યા બાદ યોગ્ય પ્રતિભાઓનું સ્વામિવાત્સલ્ય કાર્યક્રમના દિવસે જાહેર સન્માન કરવામાં આવશે.

***કન્વીનર : શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

## શ્રી કચ્છી જૈન મહિલા ઉત્કર્ષ સમિતિ

**● આગામી કાર્યક્રમ ●**

### MY VILLAGE ની મુલાકાત

*વિવિધ વ્યંજનોનો સ્વાદ માણવા*
*અવનવી ગેમ્સની મજા લેવા*
*અને સાથે*
*સરપ્રાઈઝ કાર્યક્રમનો આનંદ*
*લેવા માટેનો કાર્યક્રમ.*

- ✦ ***તારીખ/વાર :*** મંગળવાર, તા. ૨૧-૦૬-૨૦૧૬
- ✦ ***સમય :*** બપોરે ૧૨.૦૦થી ૩.૦૦
- ✦ ***સ્થળ :*** હિમાલયા મૉલ, ડ્રાઈવ-ઈન.
- ✦ ***રજિસ્ટ્રેશન ફી :*** રૂા. ૧૦૦/-
- ✦ ***રજિસ્ટ્રેશન માટેનું સ્થળ :*** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

### સફળતાનો પરિવાર

*મહેનત સફળતાનો જનક છે.*
*મહત્ત્વાકાંક્ષા એ સફળતાની માતા છે.*
*સૂઝ એ સૌથી મોટો પુત્ર છે.*
*સ્થિરતા અને ખંત એ અન્ય પુત્રો છે.*
*ઉલ્લાસ, વફાદારી, સંભાળ, વિવેક, કરકસર, પ્રામાણિકતા અને સંવાદિતા એ અન્ય પુત્રો છે.*
*તક એ સૌથી નાનું બાળક છે.*
*પિતાને બરાબર ઓળખો એટલે આપોઆપ પરિવારના સભ્યોનો પરિચય થઈ જશે.*

વાલીનું પૂરું નામ અને અટક ______________________________
(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૬ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

**★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદ્દબાત્તલ થશે.**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૭-૨૦૧૬**

**તા. ૩૧-૭-૨૦૧૬** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબીડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

વાલીનું પૂરું નામ અને અટક ______________________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : ______________ મોબાઈલ : ______________

કચ્છમાં ગામ ______________ તાલુકો ______________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ______________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________________ પીન ______________ ફોન ______________

તા. – – ૨૦૧૬ વાલીની સહી ______________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |

**★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદબાત્તલ થશે.**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૦૭-૨૦૧૬**

**નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૫થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૫) આ વર્ષે ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવશે. કોઈ જ ટકાવારી બાધ નથી. આ નિયમ ફક્ત આ વર્ષ પૂરતો જ મર્યાદિત રહેશે.

(૬) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

# સમાજ દર્પણ

## પુત્ર જન્મ

- તા. ૭-૪-૨૦૧૫
  ચિ. દર્શ ઊર્જા જય ચેતન ધરોડ (પત્રી - અમદાવાદ)

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૧,૧૧૧/- શ્રીમતી રાગીણીબેન જયેન્દ્રભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી નરેન્દ્ર એચ. સંઘવી - અમદાવાદ

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી નીલુબેન રાયશી કારિયા - મુંબઈ
રૂા. ૫૦૦/- શ્રી નરેન્દ્ર એચ. સંઘવી - અમદાવાદ

### 'મંગલ મંદિર' ભેટ ખાતે

રૂા. ૧,૧૫૧/- શ્રી જય ચેતન દામજી ધરોડ - અમદાવાદ (પુત્ર ચિ. દર્શના જન્મ નિમિત્તે)

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ - અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- શ્રી દામજી પ્રેમજી નીસર - અમદાવાદ
રૂા. ૨,૦૦૦/- શ્રી શાંતિલાલ રતનશી શાહ - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રદ્ધાંજલી

'મંગલ મંદિર' સાથે લાગણીથી જોડાયેલા અને 'આંજો કાગર' વિભાગમાં નિયમિત પ્રદાન કરતા રહેલા તથા ઉત્તમ પત્ર પારિતોષિકથી નવાજાયેલા વયોવૃદ્ધ સ્વજન **શાંતિલાલ વ. શાહે** તા. ૧૮-૫-૨૦૧૬ના દિવસે ચિરવિદાય લીધી છે. સ્વર્ગસ્થનો જન્મ મુંબઈમાં થયો હતો અને જીવનનો અર્ધશતક મુંબઈમાં વિતાવી નિવૃત્ત જીવન દરમિયાન અમદાવાદમાં સામાજિક ન્યાય કેન્દ્ર તથા સંભવનાથ ટ્રસ્ટમાં સેવાઓ આપી હતી. એમને વાંચન અને પર્વતારોહણનો શોખ હતો. તેમણે 'બાલ્કન જી બારી' સાથે જોડાયા હતા. માથેરાનનો ડુંગર એમની પર્વતારોહણની પ્રિય જગ્યા હતી.

સૌથી નોંધપાત્ર બાબત એ છે કે મૃત્યુ પછી દેહદાન કરીને એમણે સમગ્ર સમાજને એક અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

'મંગલ મંદિર' અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, દિવંગત પુણ્યાત્માને હાર્દિક શ્રદ્ધાંજલી પાઠવે છે.

## એક મૌલિક વિચાર

### મલ્ટીપલ ઈન્ટેલિજન્સ વર્કશોપ
### બહુઆયામી બુદ્ધિ પ્રતિભાને પિછાણો

☞ *શું આપનું બાળક હંમેશાં અવ્વલ નંબરનું કામ કરે છે?*

☞ *શું આપ આપના બાળકની શક્તિઓને પૂર્ણપણે ઓળખો છો?*

☞ *શું આપ એને હંમેશાં સાચું માર્ગદર્શન આપી શકો છો?*

'હોવર્ડ ગાર્ડનર'ના મત અનુસાર દરેક બાળક આઠ વિભિન્ન પ્રકારની વિદ્વતાઓ સાથે જન્મે છે.

Visual (દૃશ્ય), Logical (તાર્કિક), Musical (સંગીતમય), Linguistic (ભાષાકીય), Bodily kinesthetic (શારીરિક કાઈનેસ્થેટીક), Interpersonal (આંતર વૈયક્તિક), Intrapersonal (પરસ્પર) અને Naturalistic (કુદરતી અથવા સાહજિક).

'Knowing my Child' – 'મારા બાળકને જાણવું છે' – આ વર્કશોપમાં જોડાઓ અને તમારા બાળકની શક્તિ, ક્ષમતા અને વિદ્વતાને ઓળખી એના શ્રેષ્ઠ માર્ગદર્શક બનો. તમારા બાળકનું ભવિષ્ય ઉજ્જવળ કરો.

***DO NOT MISS...***

✦ *તારીખ : ૧૯મી જૂન, રવિવાર*
✦ *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*
✦ *સમય : બપોરે ૪.૩૦ વાગ્યાથી.*
✦ *ટોકન ચાર્જ : રૂા. ૪૦/-*
✦ *સંચાલક : સાઈકોલોજિસ્ટ કુ. દિશા છાડવા*

***કન્વીનર, ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા

# 'મંગલ મંદિર'માં સહભાગી કચ્છનાં સાહિત્ય સર્જકો તથા પત્રકારો સાથે ભુજ ખાતે વિચાર ગોષ્ઠિનું આયોજન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાના મુખપત્ર 'મંગલ મંદિર'માં સહભાગી કચ્છનાં સાહિત્ય સર્જકો તથા પત્રકારો સાથે ગત તા. ૨૨-૫-૨૦૧૬ના રોજ મંગલમ્ હોટલ - ભુજ ખાતે એક વિચાર ગોષ્ઠિનું આયોજન કરેલ હતું. આ આયોજનનો મુખ્ય હેતુ 'મંગલ મંદિર'ના વાચકોને સતત વૈવિધ્યસભર વાંચન પીરસાતું રહે તે માટેનાં પ્રયત્નો કરવા માટેનો છે. આ હેતુ સાથે કચ્છ જિલ્લાનાં નામાંકિત સાહિત્ય સર્જકો અને પત્રકારો સાથે વિચાર વિમર્શ ગોઠવી, વાચકોને ગમતું વૈવિધ્યસભર વાંચન પીરસાય તેવા સૂચનોને આવકારવામાં આવ્યા હતા. આ ગોષ્ઠિમાં કચ્છનાં નામાંકિત લગભગ ૩૦ જેટલા સાહિત્ય સર્જકોએ ભાગ લીધેલ હતો.





આ ગોષ્ઠિની શરૂઆત સંસ્થાનાં સભ્ય તથા મંગલ મંદિર સમિતિનાં સભ્ય શ્રી મહેન્દ્રભાઈ દોશીના આવકાર પ્રવચનથી કરવામાં આવી હતી. તેઓએ પધારેલ સૌ મહાનુભાવોને આવકાર આપેલ હતો તથા મંગલ મંદિરની અત્યારની ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપેલ હતી.

સંસ્થા વતી મંગલ મંદિરના પરામર્શક તથા મંગલ મંદિર સમિતિના સભ્ય ડૉ. શ્રી કેશુભાઈ દેસાઈએ જણાવેલ કે આજની સભાનો મુખ્ય હેતુ વાચકોને ગમતું વૈવિધ્યસભર વાંચન પીરસતા રહેવું એ જ મુખ્ય લક્ષ્યાંક છે. તેઓએ અત્યાર સુધી લેખકોએ આપેલ સહકાર બદલ આભાર માન્યો હતો અને હજી વધારે વૈવિધ્યસભર લેખો તેઓ 'મંગલ મંદિર'ને આપતા રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી.

સંસ્થાના પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી તથા હોદ્દાની રૂએ 'મંગલ મંદિર'ના તંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે 'મંગલ મંદિર'ની ભૂમિકા અંગે જણાવેલ હતું કે ૪૦ વર્ષ અગાઉ સંસ્થાનાં તે સમયનાં માનદ્ મંત્રી શ્રી પ્રભુલાલ સંઘવીના તંત્રીપદે ચાર પાનાનું ચોપાનિયું "પ્રેરણા" શરૂઆતમાં આવેલ. પણ જ્યારે તે નામ રજિસ્ટ્રેશન માટે મોકલવામાં આવ્યું ત્યારે બીજા કોઈએ એ નામ રજિસ્ટ્રેશન કરાવી લીધેલ હોવાથી નવા નામ "મંગલ મંદિર" સાથે આ પ્રકાશન આજ સુધી ચાલુ રહેલ છે. વખતોવખતનાં તંત્રીઓએ અથાગ મહેનત કરી 'મંગલ મંદિર'ને આજના શિખરે પહોંચાડેલ છે. આજે દેશ અને દુનિયામાં વસતા કચ્છી સમાજના વાચકોમાં લોકપ્રિયતા મેળવેલ છે. તેઓએ 'મંગલ મંદિર'ને હજી વધારે સમૃદ્ધ અને લોકપ્રિય બનાવવા માટેના સૂચનો, પધારેલ સૌ સાહિત્યકારો પાસેથી માંગેલ હતા અને આ કાર્ય બદલ સૌને સાથ સહકાર આપવા માટે અપીલ કરી હતી.

આ બેઠકમાં જાણીતા સર્જક શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા, શ્રી હરેશભાઈ ધોળકિયા, ડૉ. શ્રી કાંતિભાઈ ગોર તથા અન્ય મહાનુભાવોએ પોતાનાં વિચારો દર્શાવ્યા હતા તથા ખૂબ જ સુંદર સૂચનો કરેલ હતા.

આજની સભામાં 'કચ્છમિત્ર'ના ભૂતપૂર્વ તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, વર્તમાન તંત્રી શ્રી દીપકભાઈ માંકડ, ડૉ. ધીરેન્દ્રભાઈ મહેતા, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, પત્રકાર શ્રી નવીન જોષી, બાબુલાલ ગોર, નીતાબેન કિશોર જોષી, ભરત'કુમાર' ઠાકર તથા મદનકુમાર અંજારિયા સહિતના સર્જકો - લેખકો હાજર રહ્યા હતા.

સમગ્ર બેઠકનું આયોજન તથા સંચાલન, સંસ્થાના સભ્ય તથા 'મંગલ મંદિર' સમિતિના સભ્ય શ્રી મહેન્દ્રભાઈ દોશીએ કરેલ હતું. સભાના અંતે તેઓએ આભારવિધિ કરી હતી. ■

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

*વિદ્યાર્થી મિત્રો,*

પરીક્ષામાં આવતા માર્કસ અને જિંદગીમાં મળતી સફળતા વચ્ચે ખાસ કોઈ સંબંધ હોય તેવું હજી સુધી જણાયું નથી. પરંતુ એક હકીકત એ પણ છે કે વિદ્યાર્થી અવસ્થામાં તો માર્કસની ઊંચાઈ એ જ હોંશિયારપણું સાબિત કરવાનો એકમાત્ર માપદંડ છે.

દિવસ-રાત તમામ વિદ્યાર્થીઓ ખૂબ વધારે વાંચવામાં રચ્યાપચ્યા હોય છે. પરંતુ અમુક અપવાદને બાદ કરતાં ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી કે મા-બાપ એવા હશે કે જે એમ કહે કે "હા, અમે ધાર્યું પરિણામ મેળવ્યું છે અને આનાથી વધારે ટકા લાવવાની કોઈ જ ગુંજાઈશ નહોતી." આનો સીધો અર્થ એ થાય કે હજી વધારે ટકા આવી શકત, પણ કેવી રીતે લાવવા એ ખબર નથી!!!

મિત્રો, "વધારે ટકા લાવવા માટે વધારે અને વધારે વાંચવું જોઈએ" આ વાત સાથે તમે સહમત છો? આ વાત તદ્દન ખોટી છે કારણકે ઘણીવાર જુલાઈ મહિનાથી વાંચવાનું ચાલુ કરી દેતો અને સતત વાંચવાંચ કરતો છોકરો અને પરીક્ષાના માંડ ૨ અઠવાડિયા પહેલાં ચોપડી પકડતો છોકરો એ બંને એક સરખી પરીક્ષા આપે ત્યારે ૨ અઠવાડિયા પહેલા વાંચતા છોકરાનું પરિણામ પેલા ભણેશ્રી વેદિયા ભાઈ કરતા ઘણું સારું આવે છે, એવું જોયું છે ને? તો પછી વધારે વાંચન એટલે વધારે ટકા એ વાત ખોટી ને?

તો પછી સવાલ એ થાય કે વધારે ટકા લાવવા કરવું શું?

મિત્રો, તમને આટલા ભર ઉનાળામાં ઠંડક પહોંચે એવા સમાચાર એ છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા **રવિવાર, તા. ૨૩-૭-૨૦૧૬**ના રોજ બપોરે ૪ થી ૭ દરમિયાન, ખાસ તમારા માટે એટલે કે ધોરણ ૮-૯-૧૦ના મિત્રો માટે એક ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં તમારા ભણતર, ભણતરની સમજણ, માર્કસ અને ટકાને લગતી તમામ સમસ્યાનું સમાધાન એક્સપર્ટ દ્વારા આપવામાં આવશે.

### *આ વર્કશોપમાં તમે શું શીખશો?*

★ કેવી રીતે વાંચવું જેથી વારંવાર વાંચવું ના પડે અને ઓછા વખતમાં યાદ રહી જાય?

★ કેવી રીતે પરીક્ષામાં પ્રેઝન્ટ કરવું જેથી પરીક્ષકની નજરમાં તમે અલગ તરી આવો?

★ કયા સમયે વાંચવું જેથી ઓછી મહેનતે વધારે માર્કસ આવે?

★ કઈ પોઝીશનમાં વાંચવું જેથી શરીર અને આંખો દુઃખે નહીં?

★ લખતી વખતે પેન ક્યાંથી પકડવી જેથી આંગળી પર પ્રેશર ન આવે?

★ કોણે લાઈબ્રેરીમાં વાંચવું? કોણે અગાસીમાં વાંચવું? અને કોણે રૂમ બંધ કરીને વાંચવું?

★ તમને કાનમાં હેડફોન લગાવીને વાંચવાની આદત છે? તો આ આદતનો મહત્તમ ફાયદો કેવી રીતે લેવો?

★ કયા વિષયને કેવી રીતે વાંચવો?

★ એવી કઈ મેથડ છે કે વિષય વાંચીએ જ નહીં અને છતાં માર્કસ આવે?

★ રીવીઝન એટલે એક્ઝેટલી શું? કેવી રીતે કરવાનું? કેટલી વાર કરવાનું? ક્યારે કરવાનું?

★ યાદશક્તિ એ ખરેખર શું છે? એ વધી શકે ખરી? કોઈપણ વસ્તુ કે વિષય યાદ રાખવાની ટેકનિક કઈ કઈ?

★ વૉટ્સ ઍપ, ટી.વી., આઈ.પી.એલ., ફેસબુક, સીરિયલ જેવા પ્રલોભનોથી સાવ અળગા થવાને બદલે તેનો શક્ય તેટલો ક્વોટા ઘટાડવો કેવી રીતે?

★ વહેલી સવારે વાંચવું સારું કે મોડી રાત્રે કે બપોરે? મારા માટેનો શ્રેષ્ઠ સમય કયો?

★ ગ્રુપ સ્ટડી સારું કે સોલો?

★ અણગમતા વિષયને કેવી ટ્રીટમેન્ટ આપવી?

★ પરીક્ષા આવે ત્યારે વાંચવું કે ૩ મહિના પહેલા વાંચવું? કે સ્કૂલ ચાલુ થાય ત્યારથી વાંચ વાંચ કરવું? કે વેકેશન પણ ના ભોગવવું અને વાંચ્યે જ રાખવું?

★ અને અંતે પરીક્ષામાં ખુલ્લેઆમ ચોરી કરવા માટે પોઝીટીવ વે માં કાપલી કેમ બનાવવી એ પણ શીખવાડવામાં આવશે!!!

આ સિવાય તમારા ભણતરને લગતા કોઈ પણ પ્રશ્નો હોય તો તેનું સમાધાન આ વર્કશોપમાં આપવામાં આવશે.

*હવે એ પણ જોઈ લઈએ કે આ વર્કશોપમાં શું નહીં મળે :*

★ અણગમતો વિષય ગમતો નહીં થઈ જાય.

★ "વાંચ્યા વગર કે પૂરતી મહેનત કર્યા વગર જોરદાર ટકા કેવી રીતે લાવવા" — એવા શેખચલ્લી જેવા પ્રશ્નોનું સમાધાન નહીં મળે.

★ જે વિષય સમજાતો જ નથી એ અચાનક સમજાતો નહીં થઈ જાય.

★ પાયો જ કાચો હોય (દા.ત. ધોરણ ૫-૬-૭નો ગણિતનો પાયો) તો આવી અનેક વર્કશોપ કરશો તો પણ કોઇ ફાયદો નહીં થાય.

**રવિવાર, તા. ૨૩-૭-૨૦૧૬ના રોજ બપોરે ૪ થી ૭ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે આ વર્કશોપ યોજવામાં આવનાર છે. જેનું સંચાલન શ્રી દીપકભાઈ મકવાણા દ્વારા કરવામાં આવનાર છે.**

*રજિસ્ટ્રેશન માટે સંપર્ક : નિશાબેન મહેતા*
*શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (બપોરે ૧૨ થી ૫ સુધીમાં)*

*હીરેન કે. શાહ - કન્વીનર*

# વયસ્ક સમિતિ



*શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહનું બહુમાન કરતા ડાબેથી શ્રીમતી લક્ષ્મીબેન વીરા, શ્રીમતી સરલાબેન શાહ, શ્રીમતી વિમળાબેન શાહ, શ્રીમતી દમયંતીબેન દંડ અને શ્રીમતી મીનાક્ષીબેન પારેખ.*



*શ્રીમતી દમયંતીબેન દામજીભાઈ નીસર અને શ્રી દામજીભાઈ નીસરનું બહુમાન કરતાં ડાબેથી શ્રી જશવંત કોઠારી, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી દામજીભાઈ નીસર, શ્રીમતી દમયંતીબેન નીસર, શ્રી રજનીકાંત પારેખ, શ્રી દિલીપકુમાર દંડ અને શ્રી નીતિન સંઘવી*



*શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ અને શ્રીમતી દક્ષાબેન ધનસુખલાલ શાહનું બહુમાન કરતાં ડાબેથી શ્રી રમણિકલાલ ગોસર, શ્રી દામજીભાઈ નીસર, શ્રી ધનસુખભાઈ શાહ, શ્રીમતી દક્ષાબેન શાહ, શ્રીમતી વિમળાબેન શાહ, શ્રીમતી અલ્પા શાહ અને શ્રીમતી દમયંતીબેન નીસર.*



*કલાકાર શ્રી વસંતભાઈ છેડાનું બહુમાન કરતાં. ડાબેથી શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી વસંતભાઈ છેડા, સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી દિલીપકુમાર દંડ.*

સમિતિ તરફથી તા. ૩-૫-૨૦૧૬ના રોજ કવિતાની હાઉસી અને ફિલ્મી ગીતોનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.

કન્વીનરશ્રીએ સૌ વડીલોને આવકાર્યા હતા. આજના કલાકાર શ્રી વસંત છેડાનો શ્રી રમણિકલાલ ગોસરે ઉપસ્થિત સૌને પરિચય કરાવ્યો હતો.

ત્યારબાદ વસંતભાઈએ યુવાનાવસ્થામાં પગ મૂકતાં વિવાહ લગ્ન અને લગ્નજીવન તેમજ વૃદ્ધાવસ્થા વિશેના પ્રાસંગિક ફિલ્મી ગીતો દ્વારા સૌનું મનોરંજન કરાવ્યું હતું. ત્યારબાદ ગામ મુંદ્રાના શ્રી વાલજી ભટ્ટીએ કચ્છ અને વાગડનાં લોકગીતો ગાયાં હતાં.

આજના દિવસે શ્રી દામજીભાઈ પ્રેમજી નીસર, શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહના જન્મદિન નિમિત્તે તથા શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ અને શ્રીમતી દક્ષાબેન ધનસુખલાલ શાહના લગ્ન જીવનના પચાસ વરસ પૂર્ણ કરેલ હોવાથી તમામ વડીલોના શુભ અવસર નિમિત્તે કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.

આજના કાર્યક્રમ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી અનુદાન મળેલ હતું. જેની કાર્યક્રમમાં નોંધ લેવાયેલ હતી તથા તમામ દાતાશ્રીઓનું વયસ્ક સમિતિના સભ્યો તરફથી શાલ

ઓઢાડી બહુમાન કરવામાં આવેલ હતું. અંતમાં આજના કલાકાર શ્રી વસંત છેડાનું સંસ્થાના પ્રમુખશ્રી તથા સમિતિના સભ્યો તરફથી બહુમાન કરવામાં આવ્યુ હતું.

*૧. શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું સૌજન્ય*

*૨. શ્રી દામજીભાઈ પ્રેમજીભાઈ નીસર તરફથી રૂા. ૧૧,૦૦૦/-નું સૌજન્ય*

*૩. શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ તરફથી રૂા. ૭,૦૦૦/-નું સૌજન્ય*

*૪. શ્રી શાંતિલાલ રતનશી શાહ તરફથી રૂા. ૨,૦૦૦/-નું સૌજન્ય.*

ત્યારબાદ જાગને જાદવા, જળકમળ છાંડી જાને બાળા, મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ... જેવી કવિતાઓની હાઉસીમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

અંતમાં સૌ વડીલો, ભોજનને ન્યાય આપી છૂટા પડ્યા હતા.

### આગામી કાર્યક્રમ

તા. ૧૫-૬-૨૦૧૬ને બુધવારે ડૉ. ઉપેન્દ્ર શાહ નેચરોપથી વિશે કાર્યક્રમ આપશે. તો સૌ વડીલોએ સાંજે ૪.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે. સાથે નોટબુક તેમજ પેન લાવવા વિનંતી છે.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

## સમાજ સુરક્ષા સમિતિ

### અગત્યની જાહેરાત

સૌ સભ્ય પરિવારોને જણાવવાનું કે સમાજના તમામ નોંધાયેલા સભ્યોના આકસ્મિક મૃત્યુ તથા કાયમી અપંગતાનો રૂા. ૫ લાખનો વીમો સમાજ તરફથી લેવામાં આવેલ છે, જેમાં નીચે મુજબના સભ્યો બાદ ગણવા :

૧. જેમની ઉંમર ૬૯ વર્ષની થઈ ગઈ હોય.

૨. એવા સભ્યો જેઓએ શ્રાવક આરોગ્યમમાં વ્યક્તિગત આરોગ્ય વીમો લીધેલ હોય તથા પરિવારો જેઓએ ફ્લોટર વીમો લીધેલ હોય તે પરિવારની મુખ્ય વ્યક્તિ, જેઓને આવો વીમો, એ યોજનામાં જ મળે છે.

૩. અમદાવાદ - ગાંધીનગર જિલ્લા બહાર વસતા સભ્યો.

આ વીમો, વીમા કંપનીના નિયમો અનુસાર જ મળશે. એટલે કંપનીના બધા નિયમો લાગુ પડશે.

ઉપરાંત આ સાથેના લિસ્ટ મુજબના સભ્યોની જન્મ તારીખ, જે વીમા માટે જરૂરી છે એ ન હોવાથી વીમો લઈ શકાયો નથી. જેથી તેઓને વિનંતી કે પોતાની જન્મ તારીખ તથા મોબાઈલ નંબર (હોય તો) તાત્કાલિક સમાજની ઑફિસે મોકલી આપે. સમાજના રેકોર્ડ માટે પણ આ જરૂરી છે.

૧. અનિલ મધુકાંત શાહ
૨. અનિલકુમાર બાબુલાલ મહેતા
૩. ભાનુમતી હંસરાજ ગણશી સતરા
૪. ભોગીલાલ છગનલાલ શાહ
૫. ચંપકલાલ મણિલાલ વોરા
૬. ધનલક્ષ્મી હરિલાલ દોશી
૭. ધર્મેન્દ્ર હિંમતલાલ ધનજી પોલડિયા
૮. હરીશ અમૃતલાલ શાહ
૯. હરીશ ભાણજી મહેતા
૧૦. જયંતીલાલ વેલજી દામજી ગઢેચા
૧૧. જ્યોત્સનાબેન મણિલાલ નેણશી મૈશેરી
૧૨. જીવીબેન નરપતલાલ મણિલાલ મોથાળિયા
૧૩. કાંતિલાલ ચુનીલાલ વાઘજીભાઈ સંઘવી
૧૪. કરમચંદ રવજી અદેસીંગભાઈ વોરા (જૈન)
૧૫. કેશવલાલ ભુરાલાલ દોશી
૧૬. લહેરચંદ ભોગીલાલ સંઘવી
૧૭. લાલજી જેઠાભાઈ નંદુ
૧૮. લીલાવંતી અમૃતલાલ પોલડિયા
૧૯. મણિબેન મણિલાલ નાનજી પ્રેમજી શાહ (ગાલા)
૨૦. નાનજી કેશવજી શાહ
૨૧. નાનજીભાઈ કાનજીભાઈ દેવરાજ ગાલા
૨૨. નટવરલાલ જયસુખલાલ સંઘવી
૨૩. નટવરલાલ ઝવેરીલાલ શાહ
૨૪. નવીન બાબુલાલ સંઘવી
૨૫. નવીન મણિલાલ શાહ
૨૬. નવીનચંદ્ર તારાચંદ સંઘવી
૨૭. નેમચંદ જીવરાજ ગાલા
૨૮. પવન કિશોર રવજી રાંભિયા
૨૯. રાજેન્દ્ર મણિલાલ વસા
૩૦. સુશીલ કીર્તિભાઈ નેણશી મોમાયા
૩૧. વસંત ભવાનજી શાહ (સંગોઈ)

★

***સભ્યોના આકસ્મિક મૃત્યુ અને કાયમી અપંગતા બાબત આ અગાઉની જાહેરાતોને રદ ગણવી.***

*મગનલાલ સંઘવી - કન્વીનર*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં બાળ રોગ વિભાગમાં નીચે પ્રમાણે ડોક્ટરો મળે છે**

| દિવસ | સમય | ડોક્ટર |
|---|---|---|
| સોમથી શુક્ર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. કૃપેશ શાહ |
| શનિવાર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. પરેશ શાહ |
| સોમથી શનિ | સાંજે ૫ થી ૬.૩૦ | ડૉ. કોશા શેઠ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## એપ્રિલ / મે - ૨૦૧૬

- **તા. ૨૨-૪-૨૦૧૬**

★ આજરોજ સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી કે.આર. શાહે લાયન ફેસિલિટીઝ મેનેજમેન્ટ સર્વિસીસવાળા નીલેશ રાઠોડ અને વિજય પરમાર સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીમાં હાઉસ કિપીંગ માટે વાતચીત કરી હતી અને સોમવાર, તા. ૨૫-૪-૨૦૧૬ના રોજથી શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

★ આજરોજ વયસ્ક સમિતિના સભ્યો રજનીકાંત પારેખ અને દિલીપ દંડે અંધજન મંડળના ઑરકેસ્ટ્રાને મળીને ૩જી મે ના કાર્યક્રમ માટે વિચારણા કરી હતી.

- **તા. ૨૩-૪-૨૦૧૬**

★ આજરોજ શૈક્ષણિક લોન સમિતિના સભ્યો આણંદજીભાઈ વીરા અને રજનીકાંત પારેખે આગામી વરસ માટે શૈક્ષણિક લોન આપવા માટે ફોર્મ છાપવા તેમજ ટ્રસ્ટ મંડળમાંથી મંજૂરી મેળવવા માટે અરજી તૈયાર કરીને ટ્રસ્ટ મંડળને મોકલી આપી હતી.

- **તા. ૨૬-૪-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૦ વાગે રીનોવેશન સમિતિની મિટિંગ મળેલ હતી જેમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી આશિષ મહેતા, શ્રી દિનેશ મણિલાલ શાહ તથા શ્રી પીયૂષ પારેખ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ તથા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના લીકેજના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પછીથી આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ પણ ચર્ચામાં જોડાયા હતા અને પાલડી ભવનના ૪થા માળે રિનોવેશન અંગે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેઓએ અઠવાડિયામાં પાલડી ભવન રિનોવેશન અંગેના પ્લાન દોરી આપશે તેમ જણાવ્યું હતું તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે બે દિવસ બાદ રૂબરૂ મુલાકાત લઈ સલાહ આપશે તેમ જણાવ્યું હતું.

- **તા. ૨૭-૪-૨૦૧૬**

★ વયસ્ક સમિતિના સભ્યો રજનીકાંત પારેખ, દિલીપ દંડ, આણંદજીભાઈ વીરા, કે.ડી. શાહ અને રમણિકલાલ ગોસરે મળીને ૩-૫-૨૦૧૬ના કાર્યક્રમ માટે ભોજન વ્યવસ્થા અંગે નિર્ણયો લીધા હતા.

- **તા. ૨૮-૪-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે રિનોવેશન સમિતિની એક બેઠક મળી હતી. જેમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી આશિષ મહેતા, શ્રી દિનેશ મણિલાલ શાહ, શ્રી પીયૂષ પારેખ તથા શ્રી દીપ દંડ હાજર રહ્યા હતા. આ મિટિંગમાં આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્રીજા તથા ચોથા માળના રૂમ નં. ૨૦૨-૨૦૩ અને ૩૦૨-૩૦૩ તથા રૂમ નં. ૨૧૬-૨૧૭માં બાથરૂમો તથા રૂમોના રિનોવેશન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મિટિંગમાં આર્કિટેક્ટશ્રીના એન્જિનિયર શ્રી છબીલભાઈ મુખી પણ હાજર રહ્યા હતા. શ્રી મુકુલભાઈ શેઠે શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ઉપરોક્ત રૂમોના પ્લાન ફરીથી બનાવીને અઠવાડિયામાં આપશે તેમ જણાવ્યું હતું.

★ આજરોજ ભવન સમિતિની મિટિંગમાં સભ્યો શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીકાંત પારેખ ઉપસ્થિત રહ્યા હતા અને શાહીબાગમાં રૂમના ભાડા માટે ટ્રસ્ટ મંડળમાં દરખાસ્ત મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

- **તા. ૨૯-૪-૨૦૧૬**

★ આજે સાંજના ૫ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ શાહ ઉસ્માનપુરા ખાતે મ્યુ. કોર્પો.ની ઑફિસમાં શ્રી ભાવેશભાઈને મળવા ગયેલ. શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઇમ્પેક્ટ ફી બાબતે ચર્ચા કરેલ તથા તેઓએ જણાવેલ કે સોમવારે નકશાઓ આપશે.

- **તા. ૩૦-૪-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મુંબઈ અતિથિ ગૃહના બિલ્ડરના પ્રતિનિધિ શ્રી પંકજ બાબરિયા તથા શ્રી પારસ બાબરિયા સાથે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી હસમુખભાઈ શાહ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતા હાજર રહ્યા હતા. મુંબઇ અતિથિ ગૃહ પ્રોજેક્ટની હાલની સ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા ભવિષ્યમાં આ પ્રોજેક્ટ આગળ કેવી રીતે વધારવો તે અંગેની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. એકંદરે મિટિંગ સંતોષકારક રહેવા પામેલ.

- **તા. ૨-૫-૨૦૧૬**

★ આજે સાંજે ૫ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ અમદાવાદ મ્યુનિ. કોર્પો.ની ઉસ્માનપુરા સ્થિત ઑફિસમાં શ્રી ભાવેશભાઈને મળ્યા હતા તથા શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની

ઈમ્પેક્ટ ફી અંગે બનાવેલ નકશાઓ જોઈને તે અંગે વાતચીત કરી હતી. મજકુર નકશાઓ બરાબર જણાતાં સહી સિક્કા કરી મ્યુનિ. કોર્પો.માં દાખલ કરી દેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

● **તા. ૩-૫-૨૦૧૬**

★ આજે સવારના શ્રી કે.આર. શાહે પાલડી ભવનની ઈમ્પેક્ટ ફી અંગેના નકશાઓમાં સહી સિક્કા કરી મ્યુનિ. કોર્પોરેશનમાં દાખલ કરવા માટે મોકલાવી આપેલ હતા. તથા આ નકશાઓ તાત્કાલિક મંજૂર થઈ જાય તથા ઈમ્પેક્ટ ફી ભરવા માટેનું ચલણ જલ્દી મળી જાય તે માટે મ્યુનિ. કોર્પો.માં લાગતા વળગતા અધિકારી સાથે ચર્ચા કરી હતી.

★ આજરોજ વયસ્ક સમિતિનો એક કાર્યક્રમ ૧૨૫ વડીલોની હાજરીમાં કવિતાઓની હાઉસી સાથે યોજાઈ ગયો.

● **તા. ૪-૫-૨૦૧૬**

★ આજરોજ સભ્યપદ સમિતિના સભ્ય શ્રી કે.ડી. શાહ, રમણિકલાલ ગોસર અને રજનીકાંત પારેખે અવસાન પામેલ અથવા તો અમદાવાદ છોડી ગયેલા મેમ્બર્સની યાદી બનાવી, તેમને સભ્યપદમાંથી કમી કરવા માટે કાર્યવાહી કરી હતી.

● **તા. ૫-૫-૨૦૧૬**

★ આજ રોજ 'જીઓ'ના ડાયરેક્ટર શ્રી પ્રતાપભાઈ જૈન અમદાવાદ પધારેલ હતા. તેઓ સાથે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી કે.ડી શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ જીઓની પ્રવૃત્તિઓ અંગે ચર્ચાઓ કરી હતી. આ મિટિંગમાં શ્રી જશવંત કોઠારી પણ હાજર હતા. તેઓને સંસ્થાનું મેડિકલ સેન્ટર બતાવવામાં આવેલ હતું તથા સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાં આવ્યા હતા.

● **તા. ૬-૫-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી મગનલાલ સંઘવીએ તા. ૮-૫-૨૦૧૬ના રોજ મળનાર ટ્રસ્ટ મંડળની મિટિંગ અંગે તથા સામાજિક સુરક્ષાની કાર્યવાહી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી.

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી રજનીભાઈ પારેખે અમદાવાદની સામાજિક સંસ્થા 'આદર્શ - અમદાવાદ'ના હોદ્દેદારો શ્રી કિરીટભાઈ શાહ તથા શ્રી દિનેશભાઈ સાથે નવનીત ભવન ખાતેના ગૃહ ઉદ્યોગ કેન્દ્ર ખાતે સીવણ તથા કોમ્પ્યુટર ક્લાસ શરૂ કરવા અંગે ચર્ચા વિચારણા કરી હતી. તેઓએ સ્થળ ઉપર જગ્યાની ઉપલબ્ધતા જોઈને કઈ રીતે ઉપરોક્ત ક્લાસીસ ચલાવી શકાશે તે બદલ માર્ગદર્શન આપશે તેમ તેઓએ જણાવ્યું હતું.

★ આજે સવારના ૧૧.૩૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ સાથે ઈમ્પેક્ટ ફી ભરાઈ ગયા બાદ ગ્રાઉન્ડ ફ્લોર ઉપરની જગ્યાનું વ્યવસ્થિત પ્લાનિંગ કરી ઉપયોગમાં લેવા અંગે ચર્ચા વિચારણા કરી હતી.

★ આજે સવારના ૧૨ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ મેડિકલની પ્રવૃત્તિઓ વધારવા માટે સી.ટી. સ્કેન, એમ.આર.આઈ તથા મેમોગ્રાફીના વિભાગો ચાલુ કરી શકાય કે નહીં તેની શક્યતા તપાસવા માટે ચર્ચા વિચારણા કરી હતી.

★ આજરોજ સભ્યપદ સમિતિના કે.ડી. શાહ, રમણિકલાલ ગોસર અને રજનીકાંત પારેખે સભ્યપદ માટે આવેલ ફોર્મની ચકાસણી કરી, ટ્રસ્ટ મંડળની મંજુરી માટે મોકલી આપેલ.

● **તા. ૯-૫-૨૦૧૬**

★ આજરોજ શ્રી રજનીકાંત પારેખ અને શ્રી રમણિકભાઈ ગોસરે ભવન માટે જરૂરી સરસામાનની ખરીદી કરી હતી.

● **તા. ૧૩-૫-૨૦૧૬**

★ આજરોજ શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને રજનીકાંત પારેખે વિવિધ સીવણ મશીનના વેપારીઓ પાસે પૂછપરછ કરીને ગૃહઉદ્યોગ માટે પાંચ સીલાઈ મશીનોની ખરીદી કરી હતી.

● **તા. ૧૮-૫-૨૦૧૬**

★ આજરોજ રજનીકાંત પારેખે ગૃહ ઉદ્યોગ માટે જરૂરી સીવણ મશીન માટે બેસવાના સ્ટેન્ડની ખરીદી કરી હતી.

● **તા. ૧૯-૫-૨૦૧૬**

★ આજરોજ રજનીકાંત પારેખ અને રમણિકલાલ ગોસરે ભવન માટે ડોલ, ગ્લાસ, મગ, ડસ્ટબીન વગેરેની ખરીદી કરી હતી.

● **તા. ૨૦-૫-૨૦૧૬**

★ આજરોજ કે.ડી. શાહ, રમણિકલાલ ગોસર અને રજનીકાંત પારેખે મેડિકલ કાર્ડ માટે આવેલ અરજીઓનો નિકાલ કરી કાર્ડ બનાવવા માટે મેડિકલ સેન્ટરમાં મોકલી આપેલ. ■

**"સરસ્વતી સન્માન", શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ તથા**
**શ્રી કચ્છી જૈન મહિલા ઉત્કર્ષ સમિતિના સમાચારો માટે**
**જુઓ પાના નંબર : ૧૦૦**

# ઊડતી નજરે....

**માસ એપ્રિલ-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૧૨,૯૮૭ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૫૮૬ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૧૧૩ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... ૨૩ | |
| | ● | સોનોગ્રાફી .......... ૧,૩૨૮ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... ૩૮ | |
| | ● | બોડી ચેક-અપ .......... ૪૯૧ | |
| | ● | અન્ય .......... ૧૦,૪૦૮ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૯૫૨ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૨,૮૯૬ | ૩,૮૪૮ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૨,૦૨૭ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૫,૪૯૨ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૧,૨૨૦ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... ૧,૦૬૪ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ . ૪૩૭ | ૧૦,૨૪૦ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૪૬૭ | ૪૬૭ |
| | | માસ એપ્રિલ - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ.......... | ૨૭,૫૪૨ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પ્લેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

**Since 1958** **Leading. Innovating. Growing.**







Winner of
Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

**ISO 9001 : 2008**

# V-Trans offers unmatched service edge to all its customers

- **Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates**
- **Expertise in multi point door pickup and door delivery**
- **Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations**
- **Geographical presence across India at 400 locations in 26 states - further expanding**
- **Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof**

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

